સ્મરણયાત્રા

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ



કાકા કાલેલકર

स्मरणयात्रा

[नानपणनां केटलांक संस्मरणो]

दत्तात्रेय बालकृष्ण कालेलकर

नवजीवन प्रकाशन मंदिर
अमदावाद

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

પહેલી આવૃત્તિ : ૩,૦૦૦, '૩૪
બીજી આવૃત્તિ : ૨,૦૦૦, '૪૦
પુનર્મુદ્રણ : ૨,૦૦૦, '૪૧

દોઢ રૂપિયો

જુલાઈ, ૧૯૪૧

प्रयोजन अने परिचय

१

આ સ્મરણયાત્રા આત્મચરિત્ર નથી, એ તો છૂટાંછવાયાં સંસ્મરણો જ છે. જીવનનાં મહત્ત્વનાં પરિવર્તનો કે ઊંડા અનુભવો આપવાનો અહીં ઇરાદો નથી. બાળકો અને યુવાનોના પવિત્ર સહવાસમાં જેના ઘણા દિવસો ગયા છે તે જાણે છે કે, બાળકો તેમ જ યુવાનો સાથે સમભાવ કેળવવાનાં, તેમની ભૂમિકા ઉપર ઊભા રહી તેમને આગળ પાછળનું જોવાની અને આત્મપરીક્ષણ કરવાની કળા શીખવવાનાં અનેક સ્વાભાવિક સાધનોમાં, પોતાના બાળપણનો નિખાલસ, નિઃસંકોચ અનુભવ રજૂ કરવો, એ વખતનાં આશા-નિરાશા, મુગ્ધ મૂંઝવણો અને કાવ્યમય પ્રસંગોનું યથાર્થ વર્ણન કરવું, પોતાના ગુણદોષ, જયપરાજય અથવા ક્ષુદ્ર અહંકાર અને સહજ સ્વાર્થત્યાગ વગેરે વસ્તુઓનો આબેહૂબ ચિતાર આપવો એ એક ઉત્તમ સાધન છે. કેમ કે, તેમ કરવાથી સાંભળનારની યુવાસ્થાને આપણા તરફથી એક પ્રકારની સ્વીકૃતિ (રેકોગ્નિશન) મળે છે.

યુવાનો આગળ પોતાનો અનુભવ રજૂ કરી કેટલાંયે મુગ્ધ હૃદયોને મારા પૂરતાં હું ઉઘાડી શક્યો છું. અને બીજી કંઈ નહિ તો સહાનુભૂતિની કીમતી મદદ કરી શક્યો છું. દરેક સંસ્મરણમાં ભારે બોધ કે ગાંભીર્ય અથવા કાવ્યમય ચમત્કૃતિ હોવી જ જોઈએ એમ નથી. દરેક સંસ્મરણથી એક પણ મુગ્ધ હૃદયનો તાર છેડી શકાય, અને એની પાસેથી 'હા, મને પણ એમ જ થયું હતું,' એવો ભીની આંખનો એકરાર મળી શકે તો બસ છે.

આ સ્મરણયાત્રા લખવામાં મને એક કીમતી અનુભવ મળ્યો. આપણા દેશમાં ચરિત્રલેખન ઝાઝું નથી. આત્મચરિત્રનું તો નામ જ નથી. સંત તુકારામે પોતાના વિષે દસપાંચ અભંગ લખતાં કેટલો કંટાળો અને સંકોચ બતાવ્યો છે ? હું એમ માનતો કે ચરિત્રલેખન એ આપણા લોકોની વૃત્તિમાં નથી. પણ સ્મરણયાત્રા પરત્વે

કેટલાક મિત્રોની ટીકા જ્યારે સાંભળી ત્યારે હું જોઈ શક્યો કે, આત્મચરિત્રલેખન એ આપણી સંસ્કૃતિથી અને આપણા વિવેકના આદર્શથી જ વિરુદ્ધ મનાય છે. ભર્તૃહરિએ એક શ્લોકમાં લોભી માણસને સહજ એવાં પાપોની પરંપરા ગણાવતાં છેલ્લા અને અત્યંત હીન પાપને સ્થાને 'निजगुणकथापातक'ને બેસાડ્યું છે. એ પણ એ જ વખતે યાદ આવ્યું. આત્મચરિત્ર લખાય કે ન લખાય એ વિષે ગાંધીજીએ ચુકાદો આપ્યો જ છે. હું પોતે માનું છું કે શ્રેષ્ઠ અથવા અસાધારણ વિભૂતિ જ નહિ પણ અત્યંત સાધારણ, નિર્વિશેષ, પ્રાકૃત માણસ પણ નિખાલસપણે અને અમુક વિવેક જાળવીને આત્મચરિત્ર લખે તો તે ઇષ્ટ જ છે. દરેક માણસ પાસે સૌથી કીમતી વસ્તુ હોય તો તે એનો અંગત અનુભવ છે. એ જો કોઈ સહૃદયતાથી આપણને આપવા માગે તો આપણે એને કેમ ન વધાવી લઈએ ? સો પચાસ ઇતિહાસ અને ચરિત્રો વાંચવા કરતાં એક સાચું આત્મ-ચરિત્ર વાંચવાથી આપણને વધારે બોધ મળે છે. અને આપણી અભિરુચિ કૃત્રિમપણે કેળવાયેલી ન હોય તો નવલકથા કરતાં એમાં આપણને ઓછો રસ ન પડવો જોઈએ. દુઃખની વાત એ છે કે, ઘણાખરા પોતાનો અનુભવ, બીજા સમજી શકે એ રૂપમાં, આપી જ શકતા નથી.

પણ મારે સ્મરણયાત્રાનો એટલો પણ બચાવ કરવાપણું નથી રહેતું, કેમ કે શરૂઆતમાં કહ્યું છે તેમ એ આત્મચરિત્ર છે જ નહિ.

કેટલાક લોકોને આ સ્મરણયાત્રામાં અમુક ઠેકાણે આત્મપ્રૌઢીની ગંધ આવશે. એ કારણે તેઓ મારા પર નારાજ થાય તે પહેલાં તેમને એટલું જ કહું છું કે, હું જાણું છું કે આત્મપ્રૌઢીથી માણસની પ્રતિષ્ઠા વધતી નથી પણ ઘટે છે. માણસ પોતે જ પોતાને વિષે સારું સારું લખે ત્યારે એની છાપ સારી તો પડતી જ નથી, પણ લોકો તરત જ સાશંક થઈ વિચાર કરે છે કે, અન્તે આ પોતે જ પોતાને આપેલું પ્રમાણપત્ર છેને ? આવું જાગૃત ભાન હોવા છતાં મેં જો કંઈ લખ્યું હોય તો તે આંધળાપણાને લઈને નહિ પણ સ્પષ્ટ જોખમ વહોરી લઈને. તેઓ સૂક્ષ્મતાથી તપાસે તો તેમના ધ્યાનમાં આવશે કે જે પ્રસંગમાં આવું બનવા પામ્યું હશે તે પ્રસંગો અત્યંત સામાન્ય છે. મારે મારા શ્રોતાઓ સુધી પહોંચવા સારુ જેટલી સ્વાભાવિકતા જરૂરની જણાઈ તેટલી મેં છૂટથી અખત્યાર કરી છે. આ સંસ્મરણો

બોધ આપવાના ઇરાદાથી લખ્યાં નથી, પણ સમભાવ કેળવવાના એકમાત્ર ઉદ્દેશથી પ્રેરાઈને લખેલાં છે. ઘણી વાર નીતિબોધ કરતાં હૃદયપરિચય એ વધારે મદદગાર અને સંસ્કારક નીવડે છે.

જેટલાં સંસ્મરણો લખાવ્યાં છે તે જુવાનો માટે જ છે. બીજાઓ જો તે વાંચે અને તેમાંનું આપબોલાપણું તેમને ન રુચે, તો આ બધા કાલ્પનિક પ્રસંગો છે, એવી ધારણા કરીને વાંચવાનું તેમને હું સૂચવું છું.

ચિંચવડ, તા. ૬-૮-'૨૬

૨

માંદો પડીને જ્યારે જીવનયાત્રાનો વેગ ખોટકો પડ્યો ત્યારે મનોવિનોદ તરીકે આ સ્મરણયાત્રા લખી કાઢવાનું સૂઝ્યું હતું. મારા તરુણ મિત્ર અને સાથી શ્રી. ચંદ્રશંકર શુક્લે આમાં મને ઉત્સાહ ન આપ્યો હોત અને ચીવટપૂર્વક મારી પાસેથી આ પ્રકરણો ન લખાવ્યાં હોત, તો આ ચોપડી હું લખવા ન પામત. આ ચોપડીનું શ્રેય જેટલું શ્રી. ચંદ્રશંકર શુક્લને છે તેટલું જ મારી માંદગીને પણ છે. માંદગીની નવરાશ ભોગવવાનું માથે ન આવી પડત, તો આવા આત્મલક્ષી લખાણ પાછળ વખત ગાળવાનો મને હક ન પહોંચત. કુલ પ્રકરણો લગભગ ૧૦૮ કે ૧૧૨ થયાં હતાં. એક બે દુર્દૈવી ઘટનાઓને કારણે એમાંનો સારો સરખો ભાગ ખોવાઈ ગયો. બચી ગયેલાં પ્રકરણો શ્રી. બચુભાઈ રાવતે પોતાના 'કુમાર'માં ક્રમશઃ છાપી કાઢ્યાં. છેલ્લે એ બધાં પ્રકરણો મારા વિદ્યાપીઠના સાથી શ્રી. જેઠાલાલ ગાંધીએ ભેગાં કરી પુસ્તકાકારે ગોઠવી આપ્યાં અને આવી ખંડિત લેખમાળા છાપવાનું નવજીવન પ્રકાશન મંદિરે સ્વીકાર્યું.

સ્મરણયાત્રાની આ આવી વિચિત્ર ઇતિહાસવાળી પહેલી આવૃત્તિ છપાયા પછી કેટલાંક પ્રકરણો જડી આવ્યાં. એક બે પ્રકરણો હિંદી અનુવાદ રૂપે બચવા પામ્યાં હતાં તેમનું પણ પાછું ગુજરાતી કરી 'કુમાર'માં છપાવ્યું. બીજી આવૃત્તિનો લાભ લઈ વિખૂટાં પડેલાં આ ભાંડુઓને ગ્રંથ-ઘરની અંદર આણી મૂક્યાં છે.

ખોવાયેલાં પ્રકરણો ફરી લખી કાઢવાં એ અશક્ય ન હોય તોયે અઘરું તો ખરું જ. પ્રથમ તો, એક જ વસ્તુ બીજી વાર

લખતાં, પહેલાં જેટલો રસ ન આવે. કેટલાંક સ્મરણો લિપિબદ્ધ થયા પછી, શરદઋતુનાં વાદળાંની પેઠે, હળવાં થઈ ઊડી જાય છે; અને છતાં પ્રયત્નપૂર્વક એ સંસ્મરણો તાજાં કરી લખવા જ બેસીએ, તો એ બયાન પહેલાં જેટલું હળવું પણ ન રહે. સ્મરણસંસ્કારો ફરી ફરી ઘૂંટવાથી તેમાં અંતર્મુખતા જ વધારે પડતી આવી જાય છે.

જ્યારે જ્યારે આ પ્રકરણો વાંચું છું અથવા આને વિષે મિત્રોને બોલતા સાંભળું છું, ત્યારે ત્યારે આવા જ જુદા જુદા અનેક પ્રસંગો યાદ આવે છે. જો એ બધા લખવા માંડું તો આ સ્મરણ-યાત્રા સાથે સમાંતર એવી બીજી એક સ્મરણયાત્રા સહેજે તૈયાર થઈ જાય. જીવનના એ જ ગાળા વિષે આ નવાં સંસ્મરણો આજની મનોવૃત્તિમાં લખી કાઢવાથી એક નવીન વસ્તુ સહેજે ધ્યાનમાં આવી શકે એમ છે. એક જ જીવનનાં એક જ કાળનાં બે પ્રામાણિક બયાનો ભિન્ન ભિન્ન કાળે અને ભિન્ન ભિન્ન વૃત્તિથી લખાયેલાં હોય તો, તેમાં એકતા હોવા છતાં કેટલી ભિન્નતા આવી શકે છે, એ જોવાને મળવાથી એ એક આશ્ચર્યનો વિષય થઈ શકે એમ છે. અને સાહિત્યમાં સોના કરતાં સોનીની અસર કેટલી હોઈ શકે છે એનો કંઈક ખ્યાલ આવી શકે છે.

જીવનના જે કાળના પ્રસંગો અહીં ટાંક્યા છે તે કાળનું જીવન મોટે ભાગે કૌટુંબિક હતું. સામાજિક તો નહિ જેવું. સામાજિક જીવનનો સ્પષ્ટ ખ્યાલ કૉલેજમાં ગયા પછી જ પ્રગટ થયો હતો. એ ચાર પાંચ વરસના ગાળામાં વ્યાપક જીવનનું આકલન થયું એટલું જ નહિ, પણ જીવનના અનેક અંગઉપાંગોના આદર્શો પણ ઓછાવત્તા પ્રમાણમાં ચોક્કસ થયા. એ વખતની ગડમથલ અને જીવનદર્શનનું નાવીન્ય અને કુતૂહલ શબ્દબદ્ધ કર્યું હોય, તો એ જ ગાળામાંથી પસાર થનારાઓને કંઈક તો ઉપયોગી થશે જ. પણ એ બધું કાળના ગર્ભમાં છે. એવું કંઈક લખવાનો સંકલ્પ કરવાની પણ અત્યારે હિંમત નથી થતી.

મૂળ લખાણ કાલક્રમે લખાયું ન હતું. જુદા જુદા પ્રસંગો જેમ જેમ સૂઝતા ગયા તેમ તેમ લખાયા હતા. એ પ્રકરણો પુસ્તક માટે કાળક્રમે ગોઠવતાં એક અગવડ ઊભી થઈ છે: કેટલેક સ્થળે

સ્થાનોના અને માણસોના ઉલ્લેખો આદિ પ્રથમ આવે છે અને તેમના વિષેના પ્રાથમિક પરિચયના ફકરાઓ કોક કોક વાર પાછળથી આવે છે. એ બધુ સુધારવાનો અને જરૂર પડયે ફરી લખી કાઢવાનો વખત પહેલી આવૃત્તિને પ્રસંગે ન હોવાથી વાચકોની ક્ષમા માગી હતી. આ આવૃત્તિમાં એવી ક્ષમા માગવાનો મને અધિકાર નથી, છતાં મારે કહેવું તો પડે જ છે કે, આ વખતે પણ એ આવશ્યક સુધારા હું નથી કરી શક્યો. ઉમેરેલાં નવ પ્રકરણો સાધારણ રીતે કાલક્રમે જ્યાં બેસવાં જોઈએ ત્યાં બેસાડી દીધાં છે. મારો વિચાર આ તમામ પ્રકરણોમાં સહેજસાજ કાપકૂપ કરી અમુક ભાગ તો કાઢી જ નાખવાનો હતો, તે પણ કરી શક્યો નથી. માળીની કઠોરતા અને કુશળતા જ્યારે હાથમાં આવશે અને જ્યારે એની ઋતુ આવશે, ત્યારે આમાંનું કેટલુંક લખાણ કાપી નાખવાની દાનત હજીયે સેવું છું. પણ એ થાય ત્યારે ખરું.

પહેલી આવૃત્તિ વખતે મેં લખ્યું હતું — 'પ્રત્યયશૂન્ય હૃદયે હવે આ સ્મરણયાત્રાને પુસ્તકાકારે સમાજયાત્રા કરવા મોકલું છું.' ત્યાર પછી ઘણાં વરસો વીતી ગયાં, વાચકોનું કૌતૂહલ ઓસરી ગયું. પુસ્તકને અગ્નિદાહનું દુઃખ પણ વેઠવું પડયું. હવે વાચકોની અને વિદ્યાર્થીઓની કૃપાથી આને નવેસર જીવિતદાન મળ્યું છે, એટલે આની ઉપયોગિતા વિષે વિશ્વાસ ન વધ્યા છતાં ઓછા સંકોચથી, મારા જીવન સાથે સંકળાયેલા આ પુસ્તકને ફરી વાર એક નવી જ પેઢીની સેવામાં મોકલું છું.

વર્ધા, ગુડી પડવો — **दत्तात्रेय बालकृष्ण कालेलकर**

તા. ૮–૪–'૪૦

संतोष

જીવનયાત્રાનું એક વાર સ્મરણ કરી સ્મરણયાત્રા લખી, અને એ રીતે જીવનરસ બેવડાવવાનો આનંદ મેળવ્યો. હવે એ સ્મરણ-યાત્રા ફરી વાર છપાવતી વખતે એ સ્મરણયાત્રાનું ફરી સ્મરણ કરતાં મન રસિક બનવાને બદલે સમાલોચક બની જાય છે, અને મારે તો આ બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં સમાલોચક બનીને કશું લખવું નથી.

છતાં એક વિચાર અહીં નોંધવો જોઈએ. આવા સાહિત્યનો ખરેખર કાંઈ ઉપયોગ છે ખરો? આનો જવાબ લેખક પણ આપી શકે છે અને વાચકો પણ આપી શકે છે. લેખક પ્રધાનપણે પોતાના આત્માની પ્રવૃત્તિ પ્રમાણે જવાબ આપી શકે છે. વાચકો પોતાને આમાંથી કાંઈ રસ મળે છે કે નહિ, માહિતી મળે છે કે નહિ, તે ઉપરથી પોતાનો અભિપ્રાય કહી શકે છે. જો સાહિત્ય દ્વારા ભાષા ખેડાતી હોય અને માનવી અનુભવ, લાગણી, કલ્પના કે અનુમાન વ્યક્ત કરવાની ભાષાની શક્તિ વધતી હોય, તો ભાષા-ભક્તો તેટલા માટે પણ એવા સાહિત્યને જરૂર વધાવી લે.

હું તો કેવળ સમાજશાસ્ત્રના અભ્યાસક તરીકે તટસ્થપણે આ પ્રશ્નનો વિચાર કરું છું.

કહેવાય છે કે, શ્રી. બૉસવેલે અંગ્રેજ પંડિત જૉન્સનનું જીવન-ચરિત્ર લખ્યું તેમાં એણે ભક્તની પેઠે ઘણી વિગતો એમાં ભરી દીધી. આજે પંડિત જૉન્સન વિષેનું કુતૂહલ ઘણું ઓછું થયું છે. બૉસવેલના સ્વભાવમાં રહેલી અંધભક્તિની અને વિભૂતિપૂજાની ટીકા કરીને પણ સમાજ થાકી ગયો છે. આજે જો લોકો બૉસવેલ-લિખિત જૉન્સનનું ચરિત્ર વાંચતા હોય, તો તે જૉન્સનને વધુ સારી રીતે જાણવા માટે નહિ અથવા બૉસવેલની મનોવૃત્તિ સમજવા માટે પણ નહિ, પણ ચરિત્રલેખનકળા કેમ ખીલવી શકાય એનો નમૂનો જોવાની દૃષ્ટિથી એ ચોપડી વંચાય છે. અને એથીય વિશેષ, અઢારમી સદીનો ઇંગ્લંડનો સમાજ કેવો હતો એની તાદૃશ્યતા

મેળવવા માટે જ એ ચોપડી વંચાય છે. આજનું ચિકિત્સક માનવી મન કોકે ઘડી કાઢેલો ઇતિહાસ વાંચવા કરતાં, એવો ઇતિહાસ જેના પરથી તારવી શકાય એવા કાચા દસ્તાવેજોનો મસાલો તપાસી જઈ પોતાની મેળે સ્વતંત્ર ઇતિહાસ તારવી કાઢવામાં માને છે. આ પ્રવૃત્તિને પરિણામે, રૂઢ થયેલી અનેક માન્યતાઓ બદલાઈ છે. અને ઇતિહાસના તેમ જ સમાજશાસ્ત્રના, ધર્મશાસ્ત્રના તેમ જ માનસ-શાસ્ત્રના અનેક સિદ્ધાંતો છૂટી જઈ એમને ઠેકાણે નવા વધારે બંધબેસતા સિદ્ધાંતો બંધાઈ ગયા છે. આમ રહસ્ય ઉકેલવાની કળા વધતી જ જાય છે. ખેડાણ વધે તેમ જમીનનો કસ જેમ સુધરે છે, તેમ જ મૌલિક સાધનોનું અધ્યયન વધે તેમ જીવનનું રહસ્ય વધારે સ્પષ્ટતાથી માણસ પામી શકે છે.

જીવનચરિત્ર કરતાં આત્મચરિત્રની કિંમત આ દૃષ્ટિએ વધારે હોય છે. માણસનો અનુભવ એકાંગી હોય કે વિવિધ, ઊંડો હોય કે છીછરો, જ્યાં સુધી એ મૌલિક છે ત્યાં સુધી એની કિંમત અસાધારણ હોય જ છે. કશું સિદ્ધ કે અસિદ્ધ કરવાના સંકલ્પ કે આગ્રહ વગર માણસ જ્યારે પોતાનાં સંસ્મરણો આપી દે છે, ત્યારે સમાજસ્થિતિના અધ્યયનની દૃષ્ટિએ એનો ઉપયોગ, જેમ જેમ વખત જતો જાય તેમ, વધતો જાય છે. આ થઈ કાલક્રમની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતી વસ્તુની વાત. પણ કેટલીક વસ્તુઓ કાલ-નિરપેક્ષ હોય છે. મનુષ્યહૃદયની લાગણીઓ, એના રસો અને એની મૂંઝવણો જેવી પ્રાચીન કાળમાં હતી તેવી જ આજે પણ છે. આ સનાતન વૃત્તિનો ચિતાર જો સમર્પક રીતે થયો હોય, તો મનુષ્યહૃદયને એ અસાધારણ તૃપ્તિ આપે છે. રામાયણ વાંચતી વખતે તે વખતનો — શ્રીરામચંદ્રના વખતનો, વાલ્મીકિના વખતનો અથવા તુલસીદાસના વખતનો — સમાજ કેવો હતો એ શોધવા તરફ આપણું મન નથી દોડતું, પણ વાલ્મીકિ કે તુલસીદાસનું હૃદય મનુષ્યહૃદયને કઈ રીતે ચીતરે છે એ જોઈ આપણું હૃદય એ જ રાગમાં નાચવા માંડે છે, અને દેશકાળનો ભેદ વટાવી જાય છે.

એવા એ ગુણને કારણે જેમ પશ્ચિમના લોકો પણ રામાયણમાંથી રસ મેળવી શકે છે, તેવી જ રીતે આપણે 'ઇલિયડ' વાંચી

ગ્રીક અને ટ્રોજન લોકોની લાગણીઓ સાથે એકરૂપ થઈ શકીએ છીએ.

પણ એ જમાનો શૂરવીરો, રાજ્યકર્તાઓ અને બાહોશ મુત્સદ્દીઓનો હતો. સાથે સાથે એમની દુનિયાથી સમાંતર ચાલતી, પણ એ દુનિયાથી અસ્પૃષ્ટ રહેતી, એવી ત્યાગવીરોની બીજી દુનિયા પણ તે વખતે ખીલેલી હતી. દિગ્વિજય અને મારવિજય એ જ વસ્તુ તે વખતના લોકોને આકર્ષતી હતી. આજનો રસ જુદો છે. આજે પ્રકૃતિવિજય અને જ્ઞાનના વિજય પાછળ માણસ પડેલો હોવા છતાં, સાહિત્યમાં એ ખાસ કરીને આત્મપરિચયનો ભૂખ્યો છે. અને એ દૃષ્ટિએ જ આત્મચરિત્રો અને સંસ્મરણોની ઉપયોગિતા મપાય છે. ઉદાત્તભવ્યની શોધ ઓછી કરી આત્મીય-તાની ઉત્કટતા વધારવાનું માણસને હવે સૂઝવા માંડ્યું છે. મારા જેવો જો આની પાછળ અહિંસાવૃત્તિનો ઉદય જુએ, તો વાચકોએ આશ્ચર્ય ન માનવું જોઈએ.

આવા બધા વિચારો જ્યારે મનમાં ઊઠે છે, અને એમના વાતાવરણમાં સ્મરણયાત્રાનો વિચાર કરું છું, ત્યારે પ્રશ્ન ઊઠે છે કે, આ સંસ્મરણો કાલપ્રવાહમાં કાંઈ ટકશે ખરાં? મહાત્માઓના સત્યના પ્રયોગો અજરામર થઈ શકે છે. અશોકના વિજયના અને અનુતાપના એકરારો હજારો વર્ષ પછી પણ તાજા ને તાજા રહી શકે છે; સેંટ ઑગસ્ટાઈનના 'કનફેશન્સ' સાધકવૃત્તિને નવી નવી સૂચનાઓ આપી શકે છે; રુસોનો આત્મપરિચય મનુષ્યહૃદયને હચમચાવી મૂકે છે; ટૉલ્સ્ટૉયના બાળપણના ચિતારો સાહિત્યકળાને નવી પ્રેરણા આપી શકે છે; અને સમાજમાં બધી રીતે ફજેત થયેલા ઑસ્કર વાઈલ્ડનું 'ડી પ્રોફન્ડિસ' પણ કલ્પનાપ્રાણ એવા માનવીના હૃદયના વલોપાતને માણસ રસપૂર્વક વાંચી શકે છે. પણ આ સ્મરણયાત્રાનો પ્રવાહ સખી માર્કણ્ડીના સૌમ્ય પ્રવાહ જેવો છે. એમાં નથી કશું ભવ્ય, નથી ઉદાત્ત, અને નથી લલિત. એમાં ગભીર ખાઈઓ નથી અને ઉત્તુંગ શિખરો નથી. હું તો સામાન્ય કોટીના માણસનો પ્રતિનિધિ છું, એવો જ રહેવા માગું છું અને એ જ દૃષ્ટિ મનમાં રાખીને મારા અનુભવો મેં અહીં સંભાર્યા છે. સામાન્ય માણસને અદ્ભુત અને અસાધારણ જોવા-જાણવાની ઇચ્છા મુખ્યત્વે હોય છે;

એવો રસ એને અવારનવાર મળે પણ છે. છતાં સામાન્ય માણસ નિત્ય વિચાર કરે છે પોતાનો જ. સામાન્ય માણસને જો દુનિયામાં સ્થાન હોય તો એનાં સંસ્મરણોને પણ સાહિત્યમાં સ્થાન હોવું જોઈએ: શરત એક જ કે એણે કંટાળો ન આણવો જોઈએ.

આ દૃષ્ટિએ જ્યારે વિચાર કરું છું ત્યારે મારી ચોપડી વિષેની ચિંતા ઓગળી જાય છે. કેમ કે સામાન્ય માણસે સ્મરણયાત્રાની બીજી આવૃત્તિ માગી લીધી અને પોતાનો જવાબ આપી દીધો. મને એથી સંતોષ છે.

તા. ૨૬-૩-'૪૦ **दत्तात्रेय बालकृष्ण कालेलकर**

અનુક્રમણિકા

(* વાળાં પ્રકરણો નવાં ઉમેરેલાં છે.)

શ્રી. ચંદ્રશંકર શુક્લને

સ્મરણયાત્રા

૧

મારું નામ

આપણાં નામોના આદ્યાક્ષરો આપણા જન્મનક્ષત્ર ઉપરથી નક્કી થાય છે. પંચાંગમાં અવકહડા ચક્ર નામનો એક ગોળ કોઠો હોય છે. એ ચક્રની વાટ ઉપર ગ્રીક વર્ણમાળાના અક્ષરો ગોઠવેલા હોય છે. એક એક નક્ષત્રને ભાગે ચાર ચાર અક્ષર આવે છે. એ અક્ષરોને આદ્યાક્ષર ગણી ગમે તેવાં નામ પાડવાનો રિવાજ હોય છે. એ કામ મોટે ભાગે ગોર લોકો કરે છે.

પણ મારું નામ આ જૂના ચીલા પ્રમાણે ન પડ્યું. હું જન્મ્યો તેના થોડા દિવસ પહેલાં કોઈ સાધુ અમારે ત્યાં આવ્યો હતો. એણે મારા પિતાશ્રીને કહ્યું કે આ ફેરે પણ તમારે ત્યાં છોકરો જ અવતરવાનો છે. એનું નામ દત્તાત્રેય રાખજો, કેમ કે એ ગુરુ દત્તાત્રેયના પ્રસાદરૂપે છે. મારા પિતાશ્રીએ એને કંઈક આપવાની વાત કરી ત્યારે એણે કશું લેવાની ના પાડી અને ઉમેર્યું, 'પણ તમારે ત્યાં છોકરો અવતરે ત્યાર પછી દર ગુરુદ્વાદશીને દિવસે બાર બ્રાહ્મણોને જમાડજો.' મારા પિતાશ્રી જીવ્યા ત્યાં સુધી દર વર્ષે અમારે ત્યાં બાર બ્રાહ્મણોની આ સમારાધના થતી.

હું માનું છું કે દરેક માણસને પોતાનું નામ પોતે પસંદ કરવાનો હક હોવો જોઈએ. કેટલાયે લોકોને પોતાને ન રુચતું એવું નામ આખો જન્મારો ખમવું પડે છે. છોકરીઓનાં નામ પરણ્યા પછી બદલાય છે એ ખરું; પણ ત્યાં પણ નવું નામ પસંદ કરવાની છૂટ એમને હોતી જ નથી. મને પોતાને પોતાનું નામ પસંદ કરવાનું કહેવામાં આવત તો હું કેવું પસંદ કરત તે જાણતો નથી. પણ મને એટલું તો સમાધાન છે કે, મારું નામ આકાશના તટસ્થ તારાઓના હાથમાં ન રહેતાં મારાં પ્રેમાળ માબાપના હાથમાં રહ્યું, અને તેમણે ફલજ્યોતિષ ઉપર આધાર ન રાખતાં એક વિરક્ત ભક્તનું વચન માન્યું.

મોટપણમાં એક જણે મારા નામનું મહત્ત્વ સમજાવતાં નીચેની લીટી ટાંકી હતી :

आपणासि करि आपण दत्त
श्रीपती म्हणति यास्तव दत्त ।

પોતાની જાતને અર્પણ કરી દેવાથી જ દત્ત નામ સાર્થક થશે એ તે ઉપરથી મેં જાણ્યું. પોતાનું સર્વસ્વ અર્પણ કરવું, કશાનો લોભ ન રાખવો, એટલી વૃત્તિ જો હું કેળવીશ તો જ દત્ત નામ સાર્થક થશે એ હું જાણું છું. તે પ્રમાણે જીવન ગાળી શક્યો છું અથવા ગોઠવી શક્યો છું એમ ન કહી શકું. અને તેથી નામ સાથે હંમેશનો વિષાદ રહ્યો જ છે.

દત્ત અત્રેય મળીને દત્તાત્રેય થાય છે. અત્રિ ઋષિનો દીકરો તે અત્રેય દત્ત. ત્રિ એટલે ત્રિગુણ — સત્ત્વ, રજસ, તમસ. એ ત્રણે ગુણ જે વટાવી ગયો છે, ત્રિગુણાતીત થયો છે, તે અત્રિ ઋષિ. એનો દીકરો પોતાની જાતને અર્પણ કરવામાં જ જીવનની કૃતાર્થતા માને.

પણ નામ જેવાં ગુણ દુનિયામાં ક્યાં બધે હોય છે?

૨

જમણો કે ડાબો ?

માબાપનો જે સૌથી નાનો છોકરો હોય છે તે જલદી મોટો થતો નથી. મારી દશા એવી જ હતી. હાથે જમવાનું પણ શીખવાનું હોય છે એનો ખ્યાલ સરખો મને આવ્યો ન હતો. આઈ ખવડાવે, આક્કા ખવડાવે, અથવા 'વહિની' (ભાભી) ખવડાવે. કેટલીયે વાર બાબા ચિડાઈને કહેતા, 'આટલો મોટો ઘોડા જેવો થયો છે, ને હજી પોતાને હાથે જમતો નથી!' આવી ટીકાથી મને માઠું તો લાગતું, પણ એને પરિણામે પોતાના જીવનમાં કે ટેવમાં ફેરફાર કરવાનું તો મને સૂઝ્યું જ નહિ.

એક દિવસ ઘરનાં બધાં લોકોએ એક કાવતરું રચ્યું. આખો દિવસ કૂદમકૂદા કરીને સાંજે હું ઊંઘી ગયો હતો. ત્યાંથી મને ઉઠાડીને રસોડામાં લઈ ગયાં. મારી આગળ એક થાળી મૂકવામાં આવી. ત્યાં વિષ્ણુએ ચીમાને બોલાવીને કહ્યું, 'ચીમી, આ થાળીમાં ભાતદાળ ભેળવી તૈયાર કર.' ચીમી મારી ભત્રીજી, મારા કરતાં દોઢ વરસે નાની. ચીમાએ ભાતદાળ તૈયાર કર્યાં. પછી વિષ્ણુએ ચીમીને કહ્યું, 'હવે આ દત્તુને જમાડ.' ચીમાએ એક કોળિયો હાથમાં લઈને મારા મોઢા આગળ આણ્યો. મેં ઠંડે પેટે મોઢું ખોલીને કોળિયો લીધો. બધાં હસવા લાગ્યાં: 'ભત્રીજી કાકાને ખવડાવે છે, છતાં એ શરમાતો નથી!' પછી મને ખબર પડી કે મારી ફજેતી થઈ છે! હું શરમાયો અને બીજો કોળિયો લેવાની મેં ના પાડી. તે જ ક્ષણે પોતાને હાથે જમવાનો મેં નિશ્ચય કર્યો.

પણ કયે હાથે જમાય છે એની કોને ખબર? હું મૂંઝાયો. સામે બેઠેલાંના તરફ મેં જોયું. અને તેમનું અનુકરણ કરવા જતાં ડાબો હાથ થાળીમાં નાખ્યો. અરીસામાં જેમ થાય છે તેવું થયું. વિષ્ણુએ બીજી વાર ટીકા કરી, 'જુઓ, આ ઘોડાને જમણો હાથ કયો ને ડાબો કયો એ પણ સમજાતું નથી.' પછી હું પિતાશ્રી

પાસે એમની જોડે બેસીને જમવા લાગ્યો. બે ત્રણ વાર ભૂલો કર્યા પછી મન સાથે નક્કી કર્યું કે એ શાસ્ત્રમાં આપબુદ્ધિ કામની નથી. પછી તો રોજ જમતાં પહેલાં પિતાશ્રીને છડેચોક પૂછતો, જમણો હાથ કયો? એક વાર જમણો હાથ એઠો થયો એટલે આપણે સુરક્ષિત. એક દિવસ અચાનક મેં એક શોધ કરી કે, મારા જમણા કાનમાં બે મોતીની એક વાળી હતી. મેં સિદ્ધાંત તારવી કાઢ્યો કે, જે બાજુના કાનમાં વાળી છે તે જમણી બાજુ; એ બાજુના હાથે જમાય. પછી તો રોજ જમવા બેસતા પહેલાં હાથ બંને કાનને અડકાડી જોતો, ને જે કાનમાં મોતી હાથ આવે તે બાજુના હાથે જમવાનું શરૂ કરતો! જમણા કાનની મારી આ તપાસ કોઈના ધ્યાનમાં ન આવી, કેમ કે બહુ ચાલાકીથી હું એ કામ પતાવી દેતો.

નાનપણમાં અમારે બૂટ પહેરવા પડતા. અમારું ઘર જૂની ખાનદાનીવાળું. તેમાં અંગ્રેજી ફૅશનનો પ્રવેશ થયેલો ન હતો. અંગ્રેજી ફૅશન સાથે જે એક રોફ હોય છે અને ગરીબો પ્રત્યે તુચ્છતાનો ભાવ હોય છે તે અમારા ઘરમાં આણનાર કોઈ હતું નહિ. છતાં દેખાદેખીથી કેટલીક પરદેશી વસ્તુઓ તો આવી જ ગઈ હતી. મારે નસીબે એક રેશમી ફરાક અને વિલાયતી બૂટ પહેરવાનું આવ્યું. ફરાક તો જાણે પહેરતાં ઝાઝી મુશ્કેલી ન પડી, પણ બૂટમાં જમણો ડાબો એવી બે નાતો હતી. (ગુજરાતી 'જમણા' શબ્દનો ધાત્વર્થ જોતાં 'જમણો બૂટ'નો શો અર્થ થાય? જમણો એટલે જે વડે જમાય છે તે ને?) મારે રોજ સવારે ઊઠીને પિતાશ્રીને પૂછવું પડતું કે જમણો કયો ને ડાબો કયો. એમણે કેટલાયે દિવસ સુધી પગ અને બૂટના આકારનું સાદૃશ્ય સમજાવવાનો પ્રયત્ન કર્યો; પણ મારા મગજમાં કેમે કર્યે એ ઊતર્યું નહિ.

હું નથી માનતો કે પિતાશ્રીની સમજાવવાની શક્તિ ઓછી હશે. એમ પણ નથી માનતો કે મારી સમજશક્તિ છેક બૂડી હશે. છતાં એ શાસ્ત્ર હું શીખી ન શક્યો. એમની સમજાવવાની દિશા અને મારી સમજવાની દિશા જુદી પડતી; બેનો મેળ ખાતો નહિ. માનસશાસ્ત્રના અભ્યાસીઓએ આવા દાખલા કેટલાયે જોયા હશે.

કોઈ ગણિતનો વહેવારુ દાખલો બે જણ મોઢેથી ગણતા હોય ત્યારે બંને જણની ગણવાની દિશા જુદી જુદી હોય છે, ત્યારે એક શું કરે છે તે બીજો સમજી શકતો નથી.

પછી તો બંને બૂટ અભેદબુદ્ધિથી ગમે તેમ હું પહેરવા લાગ્યો, અને થોડા જ દિવસમાં એમનો આકાર મેં એવો તો કરી મૂક્યો કે, પછી પિતાશ્રી પણ ઓળખી ન શકે કે કયો જમણો ને કયો ડાબો !

૩

સાતારાનાં સ્મરણો

છેક નાનપણનાં સાતારાનાં છૂટાંછવાયાં સ્મરણો નોંધવાનું મન થાય છે.

અમારા ઘરના ઓટલાનાં પગથિયાં પર ઊભા રહીએ એટલે જમણી બાજુ દૂર 'અજમ તારા' અથવા 'અજિંક્ય તારા'નો કિલ્લો દેખાતો. એક દિવસ મેં શોધ કરી કે પગથિયા પર ઊભો રહી હું ઊઠબેસ કરું એટલે એ ઊંચો નીચો થતો જાય છે! પછી તો મને એ મઝા જોવાનો છંદ લાગ્યો. ઊઠબેસ કરું ને મોઢેથી 'અ...બ' 'અ...બ' બોલ્યા કરું. 'અ...બ' જ કેમ બોલતો હતો તે હવે યાદ નથી. મેં તરત જ આ મારી શોધ ગોંદુ ને કેશુને જાહેર કરી. પછી તેઓ પણ 'અ...બ' 'અ...બ' કરવા લાગ્યા. પડોશના દરજીના છોકરા નાના અને હરિ પણ આ રમતમાં ભળ્યા. આ આનંદનો શોધક હું છું એ ખ્યાલથી હૈયું ફૂલી જતું. શું માનવજાતિના બાલ્યકાલમાં માણસે આવી શોધો કરી હશે ત્યારે તેને આવો જ આનંદ થયો હશે?

મારી બીજી શોધ પણ એટલી જ આનંદદાયક હતી. એક દિવસ બે પગ પહોળા રાખીને ઊભો થયો અને નીચા વળીને બે પગ વચ્ચેથી ઊંધે માથે 'અજમ તારા' જોવા લાગ્યો. માથું ઊંધું હતું એટલે આખી દુનિયા ઊંધી દેખાવા લાગી. દુનિયા ઊંધી દેખાય એની મઝા તો હતી જ, પણ આખું દૃશ્ય વધારે રૂપાળું અને આકર્ષક દેખાતું હતું એ વળી મોટો આનંદ! આપણે રોજ કોઈ દૃશ્ય જોતા હોઈએ એનો ફોટો પાડવામાં આવે ત્યારે તે વધારે સુંદર દેખાય છે. ઊંધે માથે દુનિયા જોઈએ એટલે એ પણ એ જ રીતે કાવ્યમય થઈ જાય છે. 'નવં નવં પ્રીતિકરં નરાણામ્' બીજું શું? ઊંધે માથે લટકનાર ચામાચીડિયાંને દુનિયામાં કંઈ ખાસ કાવ્ય લાગતું હશે એમ દેખાતું નથી. રીતસર આ શોધ પણ મેં જાહેર કરી.

આ આનંદ લૂંટતાં લૂંટતાં મને એક વિચાર સૂઝયો, તે કોઈ તત્ત્વજ્ઞાનીને સૂઝે એવો હતો. આજ પણ મને આશ્ચર્ય થાય છે કે એ ઉંમરે એવો વિચાર કેમ સૂઝયો હશે! ઊંધે માથે દુનિયા જોતો હતો. મનમાં થયું કે આમ દેખાય છે એ અવળું કે ઊભો રહીને જોઉં છું એ અવળું? બધા જ લોકો ઊંધે માથે, પગ ઊંચા કરી, ઝાડ જેવા થઈને ચાલે, તો બધાને દુનિયા આવી ઊંધી દેખાય. પછી કોઈ અવળચંડો માણસ પગ પર ઊભો રહે તો એને, આજે આપણને દેખાય છે તેવી દુનિયા દેખાય, અને પછી એ કહે, 'જુઓ, દુનિયા કેવી ઊંધી છે! માથા તરફ આકાશ ને પગ તરફ ભૂમિ!' આ વિચાર સૂઝયો ખરો, પણ એ જાહેર કરવાનું મન ન થયું. મન કેમ ન થયું એ કહેવું મુશ્કેલ છે. બાળકમાં રહસ્યગોપનની વૃત્તિ રહેલી છે એનું એ પરિણામ હશે; અથવા એ વિચારો વ્યક્ત કરવા જેટલી ભાષાસમૃદ્ધિ તે વખતે મારી પાસે નહિ, તેથી પણ એમ થયું હશે. ભાષાને અભાવે માણસજાત ઓછું દુઃખ વેઠતી નથી.

મારા પિતાશ્રીને ફોટોગ્રાફીનો શોખ હતો. પેટી જેવા બે મોટા કૅમેરા ઘરમાં હતા. અમને ખુરશી પર સામે બેસાડીને એક કાળું લૂગડું માથે ઓઢીને કૅમેરામાં જોતા. એક દિવસ મેં કહ્યું, 'તસવીર ખેંચવાના આ યંત્રમાં શું દેખાય છે એ મને જરા જોવા દેશો?' એમણે મને એક ઘોડી પર ઊભો કર્યો અને માથા પર કાળું કપડું ઓઢાડીને કહ્યું, 'જો, આ દૂધિયા કાચ પર શું દેખાય છે?' પહેલાં તો મને એવો ખ્યાલ હતો કે કાચમાંથી આરપાર જોવાતું હશે. પણ તરત જ મેં જોઈ લીધું કે દૂધિયા કાચ પર જ છબી પડે છે. પણ અરે, આ શું? સામેની ખુરશી ઊંધે પાયે દેખાય છે! અરે, એ જુઓ! કેશુ ખુરશી પર આવીને બેઠો એ પણ ઊંધે પગે ચાલે છે! એ જુઓ, મની પણ પૂછડું ઊંચું કરી કેશુના પગે નાક ઘસે છે! કેશુ જીભ કાઢે છે ને હાથ હલાવે છે. હવે ખબર પડી. સાચી દુનિયા ઊંધી જ છે! આપણે પગ પર ચાલીએ છીએ તેથી આપણને આવું અવળું અવળું દેખાય છે. સાચું તો, આકાશ નીચે છે ને દુનિયા ઉપર છે!

* * *

એક દિવસ એક સુકલકડી ડોસો અમારે બારણે આવ્યો અને કહ્યું, 'થોડે તાક દ્યા. પોટાંત આગ પડલી આહે.' મને થયું કે આ માણસે ભૂલથી અંગારા ખાધા હશે; નહિ તો પેટમાં તે વળી આગ શાની પડે? મેં કહ્યું, 'તને એક લોટો પાણી પાઉં એટલે આગ ઓલવાઈ જશે.' મને તાજુબી તો થતી જ હતી કે કેમ કરીને એણે આગ ખાધી હશે! (શ્રીકૃષ્ણે દાવાનળ ભક્ષણ કરેલો એ વાત તે વખતે હું જાણતો ન હતો.) એટલામાં અંદરથી વિષ્ણુ આવ્યો. એણે ડોસાની વાત સાંભળી અને એને ખાસો એક લોટો છાશ પાઈ. ડોસો આશીર્વાદ દેતો દેતો ગયો. બીજે દિવસે બપોરે આવ્યો ને કહેવા લાગ્યો કે, 'પેટમાં આગ પડી છે; છાશ આપો.' મેં મનમાં નક્કી કર્યું કે, ડોસો લુચ્ચો છે; ગઈ કાલે જ એની આગ ઓલવી નાખી છે ને? મેં એને કહ્યું, 'લુચ્ચા, જા અહીંથી, નહિ તો લાત મારીશ.' પણ વિષ્ણુએ આવીને મને ધમકાવ્યો અને ફરી એને છાશ પાઈ. બીચારો ડોસો! એની સાચી સ્થિતિ હું જાણત તો હું એનું આવું અપમાન ન કરત; અને એ જો મારું અજ્ઞાન જાણત તો એને પણ મારાં વચનનું માઠું ન લાગત. પણ હવે તેનું શું? ડોસો થોડો જ મને હવે ફરી મળવાનો હતો!

* * *

કાશીભાભીનો મારા તરફ ખાસ પક્ષપાત હતો. મને નવડાવે, ચોખ્ખાં કપડાં પહેરાવે, માથાના વાળનો ચોટલો વાળે, ને કપાળે ચાંલ્લો પણ કરે. એ જોઈને કેશુ ગોંદુ મારી મશ્કરી કરે, 'જો, છોકરીની પેઠે ચોટલો વળાવે છે ને ચાંલ્લો કરે છે!' હું રોઈ પડું એટલે કાશીભાભી મને હિંમત આપે ને કહે, 'એ લોકો છો બકતા. તારે એમનું સાંભળવું જ નહિ.' પણ આખરે હું તો કેશુ તરફ ઢળી પડ્યો ને મેં ચાંલ્લો કરવા દેવાની ના પાડી. તે દિવસથી કેશુ મને ગણાનું તિલક કરવા લાગ્યો. અમે સ્માર્ત શૈવ રહ્યા, એટલે અમારું તિલક તો આડું જ હોય. મરાઠીમાં તિલકને 'ગંધ' કહે છે. 'ગંધ' લગાડીને હું આઈ પાસે ગયો, દાદી પાસે ગયો, અને પૂછ્યું, 'મારું ગંધ કેવું દેખાય છે?' એમણે કહ્યું, 'બહુ જ રૂપાળું.' બસ, હું નાચતો કૂદતો દોડ્યો, 'માઝેં ગંધ છાન, છાન.'

ઈશુ ખ્રિસ્તે કહ્યું છે કે પડતા પહેલાં માણસને ગર્વ ચડે છે. તે દિવસે મારું એમ જ થયું. પાછલે બારણે આંગણામાં દોડવા ગયો ત્યાં ખાસ્સી ઠોકર ખાધી ને નીચે પડ્યો. કપાળ પર સરસ ઘા થયો. લોહી વહેવા લાગ્યું. બધાં દોડી આવ્યાં. કોઈ જઈને પિતાશ્રીને બોલાવી લાવ્યું. એમણે ઘા ધોઈ તેના પર મલમપટી ચોડી દીધી. કેશુ કહે, 'જુઓ તો દત્તુનો ઘા. ગુણાકારના ચિહ્ન (×) જેવો છે!' એ પણ જાણે એક બહાદુરી જ. બધાં જ મારી દયા ખાતાં હતાં; પરંતુ કાશીભાભી તો એટલામાં પણ કહેતાં ભૂલ્યાં નહિ, 'જો, ચાંલ્લો છોડી તિલક કરવા ગયો તેનાં આ ફળ.' પણ એક વાર કાશીભાભીનો પક્ષ છોડ્યો તે કંઈ ફરી લેવાય? મેં જરા અક્કડ થઈને કહ્યું, 'ઘા તો શું, પણ માથું ફૂટી જાય તોપણ ફરી ચાંલ્લો ન કરાવું.'

પણ મારી જીદનું કે બહાદુરીનું સરસ ઉદાહરણ તો બીજું જ છે. એક દહાડો ઘરમાં સાંબાર પૂડ નામનો એક મસાલો તૈયાર થતો હતો. એમાં ટોપરું ને ચોખા પણ તવા પર શેકીને તેની ભૂકી નાખવાની હોય છે. વિષ્ણુ રસોડામાં જઈને શેકાઈને લાલચોળ થયેલા ચોખા ખાવા માટે લઈ આવ્યો. છોકરાઓને આવો કર ન મળે તો ઘરનું કોઈ પણ કામ નિર્વિઘ્ને પૂરું થાય નહિ એ વાત દુનિયાની બધી માતાઓ જાણે છે. મેં વિષ્ણુને પૂછ્યું, 'તું શું ખાય છે? મને આપને?' એને શી દુષ્ટ બુદ્ધિ સૂઝી, કોણ જાણે! વિષ્ણુનો સ્વભાવ અટકચાળો ખરો, પણ દુષ્ટ નહિ. પણ તે દિવસે એને સાચે જ દુર્બુદ્ધિ સૂઝેલી. એક કોથળામાં લાલ મરચાંનાં ધોળાં ધોળાં બિયાં પડેલાં હતાં. તે તરફ આંગળી કરી વિષ્ણુ મને કહે, 'એ કોથળામાં જે છે તે હું ખાઉં છું.' મેં ઉતાવળે ઉતાવળે મૂઠી ભરીને મરચાંનાં બિયાં લઈ લીધાં ને મોઢામાં ઓરી દીધાં! વિષ્ણુ આભો બની જોઈ રહ્યો ને કહ્યું, 'કેવાં લાગે છે?' મેં કહ્યું, 'સરસ!' રોવાનું મન તો થયું, પણ મરદ કંઈ એમ હારી જાય? મોઢામાં નાખેલાં બધાં બિયાં, બની શકે તેટલું ઠાવકું મોઢું રાખ્યું, ચાવીને હું ગળી ગયો અને રણ જીત્યો! બીજે દિવસે શૌચ જતાં શી મુશ્કેલી નડી તે તો મારા જેવો મરચાબહાદુર જ જાણી શકે.

* * *

અસ્પૃશ્યતાનો ખ્યાલ મને પહેલવહેલો ક્યારે આવ્યો એનો વિચાર કરતાં નીચેની બીનાઓ યાદ આવે છે. એક દિવસ બપોરે બે વાગ્યે કેશુ નિયમ પ્રમાણે નિશાળે જવા ઊપડ્યો. એ જમાનામાં બધા છોકરા ટોપી પહેરતા નહિ. કેટલાક ફેંટો પણ પહેરે. કેશુનો ફેંટો કાળો હતો ને એમાં સફેદ ટપકાં હતાં. નિશાળે જવા નીકળ્યાને ચાર છ મિનિટ પણ નહિ થઈ હોય એટલામાં એ દફ્તર લઈને પાછો આવ્યો. દાદીએ પૂછ્યું, 'પાછો કેમ આવ્યો?' તો કહે, 'નિશાળે જતાં રસ્તા પર ગધેડું અડી ગયું, એટલે નાહવા પાછો આવ્યો છું.' દાદીએ તરત જ થોડું પાણી ગરમ કર્યું, એનાં કપડાં પલાળ્યાં, અને એને નવડાવ્યો. ગધેડાને અડકાય નહિ, અડાય તો નાહવું પડે, એનો આ મારો પહેલો પદાર્થપાઠ.

તે જ દિવસે સાંજે મને જાંબુ ખાવાનું મન થયું. એટલે આઈએ મને મહાદુના ખભા પર બેસાડી બજારમાં મોકલ્યો. પૈસા મારા હાથમાં તો આપે કોણ? તે તો મહાદુ પાસે જ હતા. જાંબુ પણ ઘેર આવ્યા પછી જ ખવાય, રસ્તામાં નહિ. હું મહાદુના ખભા પર સવાર થઈ બજારે ગયો. મેં જાંબુ પસંદ કર્યાં તે મહાદુએ ખરીદ્યાં. અમે પાછા આવતા હતા એટલામાં રસ્તે વિષ્ણુ મળ્યો. મેં એને કહ્યું, 'મને તરસ લાગી છે.' એ અમને એક ગોળ હોજ આગળ લઈ ગયો. હોજની ચારેકોર જાતજાતનાં પ્રાણીઓનાં મોઢાંમાંથી પાણી વહેતું હતું. એક તરફ માણસ, એક તરફ ગાય, એક તરફ સિંહ, એ પ્રમાણે. મારા મનમાં વિચાર આવ્યો, માણસના મોઢામાંથી પાણી આવે છે એ તો એઠું ગણાય. એટલે મેં આગળ જઈને ગાયના મોઢામાંથી નીકળતું પાણી પીધું. એટલામાં તો વિષ્ણુએ બૂમ પાડી, 'અરે, આ તેં શું કર્યું? એ બાજુએ તો મહાર લોકો પાણી પીએ છે! એ ચકલીને તો અડાય પણ નહિ.' મારી જિંદગીનો એ પહેલો સામાજિક ગુનો! વીલું મોઢું લઈ હું ઘેર આવ્યો. પછી મારે અને મને ઊંચકી લાવનાર મહાદુને બંનેને નાહવું પડ્યું. મેં શીખી લીધું કે જેવાં ગધેડાં તેવા મહાર; બંનેને અડકાય નહિ.

મારો આ રીતે કેળવેલો સ્પર્શાસ્પર્શભાવ પંઢરપુર ગયા પછી મોળો પડ્યો. પણ તેનું વર્ણન અહીં ન કરું.

* * *

અમારી નિશાળને રસ્તે ટપાલ ઑફિસ આવતી હતી. તાર ઑફિસ પણ એની સાથે જ હતી. તાર ઑફિસનો એક તાર પાસેના પાણીના હોજમાં રાખ્યો હતો. ડાંગ્યા કરીને એક મુસલમાન છોકરો અમારે પડખે રહેતો હતો. તેણે મને પહેલવહેલું કહ્યું કે, 'આકાશમાંથી જ્યારે વીજળી પડે છે ત્યારે આ તારમાં ઊતરી પાણીમાં સમાઈ જાય છે. આ તાર ન હોય તો મકાન બળીને ભસ્મ થઈ જાય.'

એક દિવસ શાળામાં કંઈ ઇનામનો મેળાવડો હશે. અમને એકડિયાંવાળાને આવવાની હેડમાસ્તરે મનાઈ કરી હતી. મને થયું, 'આપણને ઇનામ ભલે ન આપે, પણ જોવાની મજા તો મળશે.' હું સરસ રેશમી જામો અને પોપટવાળી ટોપી પહેરીને નિશાળે ગયો. પણ મને કોઈ અંદર જવા જ ન દે. હેડમાસ્તર પોતે જ બારણે ઊભા હતા. મેં કરગરીને એમને કહ્યું, 'મને ઇનામ નહિ મળે તો અંદર રોઈશ નહિ, પણ મને જવા દો!' પણ તેઓ એકના બે ન થયા. મને પાછો કાઢ્યો. પાછા વળતાં હૈયું ભરાઈ આવ્યું, પણ રસ્તા પર રોવાય જ કેમ? ઘેર આવતાં પગ ઊપડતા ન હતા. હેડમાસ્તર અને નિશાળ પર સારી પેઠે ચીડ ચડી હતી. હું ટપાલ ઑફિસને બારણે પગથિયા પર બેસી ગયો. કેટલોય વખત સુધી બેઠો હોઈશ. ચીડ કેમ કઢાય? એક વિચાર મનમાં આવ્યો. અમલમાં મૂકવાનું મન થયું. પણ સાથે સાથે મનમાં બીક પણ એટલી જ હતી. લાંબા કાળ સુધી 'ભવતિ ન ભવતિ' કરી આખરે હામ ભીડી, નિશ્ચય કર્યો, આમતેમ જોઈ લીધું, મનની બધી ચીડ ભેગી કરી નિશ્ચયને ટેકો આપ્યો. પછી ધીમે રહીને રસ્તા પરથી એક કાંકરો ઉપાડી લીધો અને ઝટ દઈને ટપાલની પેટીમાં નાખી દીધો! મરાઠીમાં કહેવત છે: 'ભિત્યા પાઠીં બ્રહ્મ-રાક્ષસ.' મેં કાંકરો નાખ્યો ને રસ્તા પરનો એક માણસ મારી પાસે આવીને ઊભો. એણે મને પૂછ્યું, 'અલ્યા, તેં અંદર શું નાખ્યું?' શો જવાબ આપવો તે મને સૂઝ્યું નહિ. હોઠ હલાવ્યા. એટલામાં ડહાપણ સૂઝ્યું કે આવે પ્રસંગે હોઠ હલાવવા કરતાં પગ હલાવવા એ જ સારું. ત્યાંથી જે દોટ મૂકી, તે કાંકરાબહાદર ઘેર આવીને ઊભા!

૪

'બાબાચી ખોલી'

મારા સૌથી મોટા ભાઈ બાબા અમારી નીતિના ચોકીદાર હતા. તેમની ભણવાની ઓરડી એ તો એક ભારે જાહેર સંસ્થા જેવી હતી. બાબા નિશાળે જતા ત્યારે બધું સૂનું સૂનું થઈ જતું. પણ બાકીનો આખો વખત કાવ્યશાસ્ત્ર અને વિનોદની પિચકારીઓ ચાલતી. બાબાને ચોપડીઓનો શોખ અસાધારણ હતો. એટલે, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને જરૂર હોય તેવી, અને જરૂર ન હોય તેવી પણ, જાતજાતની ચોપડીઓનો ઢગલો એમની ખોલીમાં પડેલો હોય. સ્વાભાવિક રીતે નિશાળના છોકરાઓ, ગોળને માખીઓ ચોટી રહે તેમ, બાબાની એ ઓરડીને ચોટી જ રહેતા. બાબા નિશાળમાં જેટલું ભણે તેટલું ઘેર આવી છોકરાઓને ભણાવે. સંસ્કૃત અને ઊંઘ એ એમના બે ખાસ વિષય! ઊંઘતા ન હોય ત્યારે સંસ્કૃત શ્લોકો ગણગણતા હોય; અને શ્લોકોથી થાકે ત્યારે સોડ તાણીને સૂઈ જાય! એમની ઊંઘ પણ મૂંગી ન હતી. પથારી ભેગા થયા કે તરત જ તેમનું ઘોરવાનું શરૂ થાય.

અણ્ણા, એ બાબાથી નાના ભાઈ. એમને બાબાનું ઘોરવું પસંદ ન પડે. તેઓ સૂતરની નાનકડી દિવેટ વાળી બાબાને 'હવા લગાડતા.' 'હવા લગાડવી' એ અમારો પારિભાષિક શબ્દ. દિવેટ નાકમાં ઘાલે એટલે જોરથી છીંક આવે અને ઊંઘ તૂટી જાય. લોકજાગૃતિની આ સેવાનું 'હવા લગાડવી' એ સાદું નામ હતું.

એક દિવસે મને થયું કે, ચાલો આપણે કંઈક પુણ્ય મેળવીએ. સૂતરની દિવેટ જડે નહિ. એટલે દીવાસળી લઈ લીધી, અને ધીમે રહીને બાબાના નાસિકા-વિવરમાં તેનો પ્રવેશ કરાવ્યો! કહે છે કે, કલિયુગમાં કર્મનું ફળ તરત જ મળે છે. મને એનો અનુભવ ઠીક ઠીક થયો. પુણ્યના ફળ ઉપરાંત 'દ્વાડ' (અટકચાળો), મસ્તીખોર અને 'ખોડકર' એવા ત્રણ ઇલકાબ પણ મને મળ્યા!

ભિસે માસ્તર રાત્રે બાબાને અને અણ્ણાને ભણાવવા આવતા. ભાષા, ગણિત અને ક્રોધ એ 'એમના' ખાસ વિષય. એ ઘરમાં આવે કે તરત અમારે ઉંદર-બિલાડી ન્યાયે ખૂણામાં ભરાઈ રહેવું પડતું. એટલે ભિસે માસ્તર વિષે અમારા નાના છોકરાઓમાં ખાસ અણગમો હોય એ સ્વાભાવિક હતું. એક દિવસ ભિસે માસ્તરને ભણાવવાનો ખૂબ રસ ચડ્યો હતો. મને અદેખાઈ આવી. રંગમાં ભંગ કેમ પડાવાય એ વિચારમાં હું ચડ્યો; — 'પડ્યો' કેમ કહેવાય? આખરે કશું ન સૂઝવાથી બારણા આગળ ઊભા રહી 'કુઉઉઉ...ઉ—ઉ—ઉ—ઉ—' નો મહામંત્ર લલકાર્યો! બસ, ભિસે માસ્તર કાલિનાગની પેઠે ફુત્કારી ઊઠ્યા. એમની નજર મારા ઉપર પડે તે પહેલાં તો હું જીવ લઈને નાઠો. એટલામાં, ગોંદુના દુર્ભાગ્યે એને દોડતો દોડતો ત્યાં આવ્યો. ભિસે માસ્તરે એને પકડી એક લપડાક લગાવી દીધી અને કહ્યું, 'કેમ રે લુચ્ચા, બૂમ શાને મારે છે?' એ બિચારો શું સમજે? એણે તો જોરથી ભેંકડો તાણીને રોવા જ માંડ્યું! ભિસે માસ્તરને થયું, આ વળી બીજી બલા! એ છાનો ન રહે ત્યાં સુધી વર્ગ શી રીતે આગળ ચાલે?

પણ ભિસેનું ભેજું ઉપજાઉ હતું. તેમણે એક દીવાસળી સળગાવી ગોંદુને કહ્યું, 'મોઢું બંધ કર; નહિતર જો, આ મોંમાં નાખું છું!' હું પાછળ રહ્યો રહ્યો આ આખો કરુણ પ્રસંગ જોતો હતો. હું કેવો બચી ગયો તે જ ખ્યાલ પ્રથમ આવ્યો; પછી, ગોંદુની ઠીક ફજેતી થાય છે એ વિચાર મનમાં આવ્યો, મને હસવું પણ આવ્યું. પણ કેમે કરીને ચિત્ત પ્રસન્ન થાય જ નહિ. કંઈક બગડ્યું છે, મેં કંઈક અણછાજતું કર્યું છે, એવો ખ્યાલ મનમાં આવ્યો ખરો; કદી નહિ અનુભવેલી એવી શરમ પહેલવહેલી મેં અનુભવી. પણ શરમ શા માટે લાગે છે એનું પૃથક્કરણ હું તે વખતે કરી શક્યો નહોતો. સજા પૂરી થયે ગોંદુ બહાર આવ્યો. પણ એની આંખ સામે આંખ મેળવવાની મારી હિંમત ન ચાલી. મેં એનો કંઈક અપરાધ કર્યો છે એમ તો કંઈ સ્પષ્ટ લાગતું નહોતું, પણ કંઈક બગડ્યું છે ચોક્કસ, એમ મનમાં — ના, મનમાં નહિ, પણ હૈયામાં — વસી ગયું. તે દિવસે સૂઈ જતાં સુધી ગોંદુ સાથે હું ખાસ કોમળતાથી વર્ત્યો, વગર કારણે મેં એની ખુશામત

કરી. અને છતાં તે દિવસનો પ્રસંગ ભૂલી જવા જેટલી શાંતિ મને મળી જ નહિ.

ઘરમાં કંઈ પણ તોફાન કરીએ અથવા વાંકમાં આવીએ એટલે અમને બાબાની ઓરડીમાં બેસાડી રાખતા. અમને આ સજા તમાચા કે સોટી કરતાં પણ વસમી લાગતી. ઓરડીમાં જઈએ કે એક ખૂણો બતાવી અમને હુકમ થતો કે, 'બસ તિકડે, દેવા સરખા હાથ જોડૂન.' (દેવની પેઠે હાથ જોડીને ત્યાં બેસી જા.) મારું શરીર તો બેસી જતું. પણ મન કંઈ થોડું જ બેસી રહે? મનમાં વિચાર આવતો કે, દેવો કેવા વિચિત્ર કે રમતા પણ નહિ હોય, તોફાન પણ નહિ કરતા હોય, અને હાથ જોડીને બેસી રહેતા હશે! દેવો આમ બેસતા હશે એમાં શંકા ન હતી, કેમ કે ઘરમાં સેવાસન ઉપરના દેવો જોતો તે એમ જ બેસે, બીજા નવડાવે ત્યારે નહાય અને ખવડાવે ત્યારે ખાય.

હું બેઠો બેઠો બાબાની ઓરડીનું ચારે તરફથી નિરીક્ષણ પણ કરતો. સોટી ક્યાં છે, ચોપડીઓ ક્યાં છે, શાહીની શીશી ક્યાં છે, પથારીનો વીંટો ક્યાં છે, વગેરે બધું જોઈ લેતો. દીવાની આસપાસ મંકોડાઓને પ્રદક્ષિણા કરતા જોઈ મને ખૂબ મજા પડતી, અને દીવો એ પ્રત્યક્ષ દેવ છે એ વિષે ખાતરી થતી. બધા મંકોડાઓ એક જ દિશાએ ગોળ ગોળ ફરે, પણ એકાદ મોટો મંકોડો વળી, ધૂમકેતુની પેઠે, ઊલટી જ દિશા લે.

એક વખત આવી રીતે બાબાની ઓરડીમાં મને બેસાડવામાં આવ્યો હતો. અશોકવનમાંથી સીતાને છોડાવવા સારુ રામચંદ્રજી હનુમાન જેવા વીરોને લઈ ગયેલા. પણ મને બાબાની ઓરડીમાંથી છોડાવી લઈ જનાર ભાગ્યે જ કોઈ આવવાનું હતું! એટલે શિવાજીની વાર્તા જાણતા પહેલાં જ મેં શિવાજીનું અનુકરણ કર્યું. પથારીનો વીંટો પડ્યો હતો એની પાછળ થાકીને સૂઈ જવાનો મેં ડોળ કર્યો. બાબાએ મને એ સ્થિતિમાં એક બે વાર જોયો છે એટલી ખાતરી કરી લીધી; અને પછી, કોઈનું ધ્યાન નથી એવો લાગ જોઈ, પેટે ચાલીને પલાયન કર્યું! મને આમ બહાર આવેલો જોઈ કેશુને ભારે આનંદ થયો. એણે મારી પાસેથી બધી વીગત જાણી લીધી અને ગોંદુ આગળ મારાં ખૂબ વખાણ કર્યાં. ગોંદુ પાસે અગમચેતી જરાયે

મળે નહિ. એણે જઈને ભાભીને વાત કરી અને મારી પલાયનકળાનો ભેદ છતો થઈ ગયો! પણ કોઈએ એ પ્રસંગની ચર્ચા કરી નહિ.

મેં મનથી વિચાર્યું કે આ ઇલાજ ઠીક હાથ આવ્યો છે. બીજે વખતે વાંકમાં આવ્યો ને ઓરડીની સજા થઈ ત્યારે પહેલો ઇલાજ ફરી અખત્યાર કર્યો. પણ આ ફેરે મારા કરતાં બાબા જ વધારે ચતુર નીવડ્યા! એમણે મારી તરફ છેક દુર્લક્ષ કર્યું, અને હું સરકતો સરકતો બારણા સુધી માંડ પહોંચ્યો હોઈશ ત્યાં તો એકદમ ગરજી ઊઠ્યા, 'અરે ચોરા, પળતોસ હોય?' હું સપડાયો એનું મને દુઃખ ન થયું; પણ મારી શાખ ગઈ, હવે હમેશાં મને ચોર જ કહેશે, એવી અસ્પષ્ટ બીકને લીધે હું અસ્વસ્થ થઈ ગયો. રાતે જમતી વખતે અણ્ણાએ હસતાં હસતાં મારી વાત બધાંને કહી દીધી. હું તો શરમથી પાણી પાણી થઈ ગયો. તે દિવસે મૂળાનું શાક બનાવેલું હતું. શરમને લીધે એની એક એક ચીર ગળે ઉતારતાં ખૂંચતી હતી એનું સ્મરણ આજે પણ તાજું છે.

બાળકોને પણ આબરૂ હોય છે. ફજેતીથી તેઓ કરમાઈ જાય છે. મોટેરાં કરતાં બાળકોમાં આબરૂની અને સ્વમાનની લાગણી વધારે તીવ્ર હોય છે એનો વિચાર મોટેરાં કેમ નહિ કરતાં હોય?

એ દિવસની જાહેર ફજેતીને લીધે હું કંઈક રીઢો થઈ ગયો. ત્યાર પછી જ્યારે જ્યારે મને બાબાની ખોલીમાં પૂરી રાખતા ત્યારે ત્યારે છટકી જવાનો પ્રયત્ન હું કરતો, અને તેમ કરતાં સપડાઉં તોપણ મને શરમ ઊપજતી નહિ.

એક દહાડો કેશુનો ખડિયો ઢોળાયો. નિશાળે જવાનો વખત થયો હતો. શાહી વગર કેમ જવાય? કેશુ રોવા જેવો થઈ ગયો. એટલામાં મેં તેને કહ્યું, 'કેશુ, બાબાની ઓરડીમાં શાહીની આખી શીશી ભરેલી છે; એમાંથી જોઈએ તેટલી શાહી મળી શકશે.' પછી તો પૂછવું જ શું? કેશુએ ખડિયો ભરીને શાહી લીધી, અને સપડાઈએ નહિ એટલા સારુ તેટલું જ પાણી તેમાં ભરી દીધું! આ શોધ થયા પછી કેશુ અને ગોંદુ બન્ને ખડિયો સાચવવા વિષે બેદરકાર થઈ ગયા. દિવસમાં ચાર વાર ખડિયો ઢોળાય, અને ચાર વાર બાબાની શીશી પાસેથી જકાત લેવાય! થોડા જ દિવસમાં શાહી સાવ પાણી જેવી થઈ ગઈ અને અમે સપડાયા.

બાબા તડૂકીને બોલ્યા, 'કેસ્યા, શાહી ચોરે છે તે તો ચોરે છે, પણ પાછો વળી પાણી રેડી બાકીની બગાડી મૂકે છે!'

આ સાંભળી વળી પાછું મારું વિચારયંત્ર ચાલવા લાગ્યું! મેં કેશુને કહ્યું, 'આપણે કોલસા વતી પાટી ઘસીએ છીએ ત્યારે ખૂબ કાળું પાણી નીકળે છે. તે શીશીમાં ભરી દઈએ એટલે શાહી પાતળી નહિ થાય અને આપણે સપડાઈશું પણ નહિ.' પ્રયોગ અજમાવતાં વાર કેટલી!

બીજે દિવસે શીશીમાંની બધી શાહી ફાટી ગઈ. આને પ્રતાપે કેશુને માર પડ્યો. ગુનામાં મારો 'હાથ' ન હતો, માત્ર ભેજું જ હતું, એટલે મને ગુનો કર્યાનું ભાન થયું જ નહિ. કેશુને માર તો મળ્યો; પણ સાથે સાથે પોતાની પાસે શાહી ન હોય ત્યારે માને કહીને બાબાની શીશીમાંથી શાહી લેવાનો હક પણ મળ્યો.

ગોંદુના ભોળપણથી મારી આવી અનેક યુક્તિઓની શોધ ઘરનાં બધાં વર્તી જતાં, પણ મેં જોયું કે વઢે તોપણ સૌ મને લાડ જ કરતાં. હું સૌથી નાનો અને જે કંઈ કરતો તે કેશુ-ગોંદુને મદદ કરવાની દાનતથી કરતો, એટલે મારી કીર્તિ બાબાની નિશાળના દોસ્તોમાં ફેલાઈ ગઈ. બધા મને એક મજાનું રમકડું ગણતા થયા. પણ આમાંથી અણધાર્યું પરિણામ આવ્યું. અણ્ણાએ કહ્યું: 'યા લબાડાલા આમચ્યા ખોલીતચ નીજૂં દ્યા.' (આ લબાડને અમારી ઓરડીમાં સુવાડતા જાઓ.) બસ, તે જ દિવસથી મારી પથારી બાબાની ઓરડીમાં પાથરવાનો મહાદુને હુકમ થયો અને અણ્ણા રોજ સૂતા પહેલાં મને થોડું થોડું ભણાવવા લાગ્યા.

૫

સીતાફળીનું બી

મેં કહ્યું છે કે સાતારામાં અમારા ઘર પાછળ સીતાફળીનું એક ઝાડ હતું. ફળ આવવાની મોસમ શરૂ થઈ; એટલે રોજ જઈને અમે ફળ તપાસીએ. ફળ તોડવા જઈએ એટલે દાદી કહે, 'આ ફળ હજી આંધળાં છે. એને તોડો મા. એની આંખો જરા મોટી થવા દો. આંખો ખૂલે એટલે ફળ પાકે.' ગોંદુનું મન નાનપણથી યાંત્રિક શોધો કરવા તરફ દોડતું. તેથી જ આગળ જતાં એ રસાયણ, પદાર્થવિજ્ઞાન અને ફોટોગ્રાફીમાં પ્રવીણ થયો. એક દિવસ ગોંદુ કહે, 'આપણી આંખો સારી નથી. એ હાલે છે. એ કાઢી નાખીને તેને ઠેકાણે સીતાફળીની આંખો બેસાડવી જોઈએ!' પિતાશ્રીએ તસ્વીરનું યંત્ર (કેમેરા) ઊભું કર્યું કે તરત જ ગોંદુ કહે, 'આપણા પગ સારા નથી. વાંકાચૂકા હોય છે. એ કાપી નાખીએ ને એને બદલે કેમેરાના સીધાસટ પગ બેસાડી દઈએ. પછી ચાલવાની બહુ મજા આવશે!'

એક દહાડો સીતાફળ ખાતાં ખાતાં એક બી મારા પેટમાં ગયું! મેં જઈને કેશુને કહ્યું, 'હું સીતાફળીનું બી ગળી ગયો. હવે શું થશે?' વાત વિષ્ણુએ સાંભળી. મશ્કરી કરવાની આવી સુંદર તક એ છોડે? એણે મોઢું વીલું કરી કહ્યું, 'અરેરે! આ શો ગજબ કર્યો? હવે તારી દૂંટીમાંથી ઝાડ ઊગશે!' 'અને પછી અમે,' કેશુએ ઉમેર્યું, 'એ ઝાડ પર ચડીને સીતાફળ ખાઈશું. અને જેમ જેમ અમે ફળ તોડીશું તેમ તેમ તારા પેટમાં વેદના થશે. અમે ખાતા હોઈશું ને તું રોતો હોઈશ!'

હું સારી પેઠે ડરી ગયો અને રોવા જેવો થઈ ગયો. મેં મનમાં વિચાર કર્યો, 'શું આવું કોઈ કાળે બનતું હશે?' અંદરથી જવાબ મળ્યો, 'હા હા, એમાં કંઈ શક છે? પેલું ચિત્રશાળાવાળું ચિત્ર છે એમાં સાપની પથારી પર સૂતેલા વિષ્ણુની દૂંટીમાંથી પણ

કમળનું ઝાડ ઊગ્યું છે.' વધુ ખાતરી કરી લેવા માટે ચૂપચાપ દાદી પાસે જઈને મેં પૂછ્યું, 'આજી, કમળનાં બિયાં હોય ખરાં?' આજીએ કહ્યું, 'હાસ્તો. એને કમળકાકડી કહે છે. અપવાસને દિવસે એની લાપશી કરીને ખવાય છે.'

હવે મારી સોળે આના ખાતરી થઈ ગઈ કે, આપણા પેટમાંથી સીતાફળીનું ઝાડ ઊગવાનું ને ગમે ત્યારે કેશુ એનાં ફળ તોડીને ખાવાનો. ત્યાર પછી કેટલાયે દિવસ સુધી હું રોજ મારું પેટ તપાસતો કે ક્યાંયે અંકુર તો ઊગ્યો નથી?

૬

‘વિદ્યારંભ’

મારો જન્મ મહારાષ્ટ્રની રાજધાની સાતારા શહેરમાં થયો. યાદો ગોપાળ પેઠમાં લક્કડવાલાના ઘરમાં અમે રહેતા હતા, એ બીનાથી મારી બાલ્યજીવનની સ્મૃતિનો ઉદય થાય છે. અમારા પડોશમાં નામદેવ કરીને એક દરજી રહેતો હતો. નાના અને હરિ એના બે દીકરા. હરિ નાનો હતો એટલે એની સાથે મારી દોસ્તી જામી.

સાતારાના મહારાજના હાથીઓ રોજ અમારા બારણા આગળથી જતા. સાતારાના મહારાજાને ત્રણ હાથી હતા. એક ઘરડી હાથણ હતી. બીજો એક મોટો હાથી, એનું નામ દંત્યા હતું; કેમ કે એને એક જ દાંત હતો. ત્રીજો હાથી ‘નાના હાતી’ તરીકે ઓળખાતો, કારણ કે તેને એકે દાંત ન હતો. એક દિવસ અમે નામદેવની દુકાનમાં બેઠા હતા; એટલામાં રસ્તા પરથી જતો દંત્યા હાથી દુકાન તરફ આવ્યો, અને એણે સૂંઢ દુકાનમાં ઘાલી. અમે છળી તો ગયા, પણ દુકાનમાંથી નાસી જવાનો રસ્તો હતો જ નહિ. નામદેવે સમયસૂચકતા વાપરીને દુકાનમાં પડેલું એક નાળિયેર હાથીની સૂંઢમાં આપી દીધું, અને હાથી પણ નાળિયેર લઈને ચાલતો થયો. નામદેવની આ બહાદુરીનો કિસ્સો અમે કેટલાયે દિવસ સુધી વર્ણવતા હતા. આજે મને લાગે છે કે હાથી આવ્યો એ કંઈ અકસ્માત ન હતો. નામદેવે જ કોઈ તહેવારને કારણે હાથીને નાળિયેર આપવાની વાત મહાવતને કરી હશે, અને મહાવત હાથીને તેની દુકાન પાસે લઈ આવ્યો હશે. નહિ તો તે જ દિવસે દુકાનમાં નાળિયેર ક્યાંથી હોત? પણ એ તો મારી આજની કલ્પના છે. તે દિવસનો અનુભવ તો ભારે અકસ્માતથી બચી ગયાનો જ છે.

અમારા ઘરની પાછળ એક ઉંબરાનું અને એક સીતાફળીનું એમ બે ઝાડ હતાં. બે વચ્ચે એક મોટો તુલસીક્યારો હતો. આસપાસની જમીન અમે હંમેશાં છાણથી લીંપેલી રાખતા અને

સાંજરે પાંચ વાગ્યે ત્યાં દશમી ખાવા બેસતા. ‘ દશમી ’ સાથે લોકવાર્તાઓનો ખોરાક પણ અમને આ જ ઠેકાણે મળતો. મારી કાશીભાભી પાસે વાર્તાઓનો ભંડાર હતો. કાશીભાભીને નવરાશ ન હોય ત્યારે મારી દાદી પાસેથી હું વાર્તાનો કર ઉઘરાવતો. મહાદેવ-પાર્વતીનું આખું જીવનચરિત્ર મને મારી દાદી પાસેથી જ પહેલવહેલું મળ્યું. આજે પણ જ્યારે જ્યારે મહાદેવનું નામ સાંભળું છું ત્યારે ત્યારે દાદીએ વર્ણવેલા, લાંબી લાંબી જટાવાળા અને લાલ આંખો-વાળા બાવાનું જ ચિત્ર કલ્પના આગળ ઊભું થાય છે.

ઘરમાં અમે રમતા ત્યારે કેશુ હાથી બનતો, ગોંદુ હાથીનો મહાવત બનીને ચાલતો અને હું દત્તુ રાજા થઈ કેશુની પીઠ પર અંબાડીમાં બેસતો, કેમ કે હું સૌથી નાનો. કેશુને માથે એક ગળપટો બાંધી એનો છેડો સૂંઢની જગાએ લટકતો છોડતા અને અમે ઘરની અંદર જ હાથી હાથી રમતા, કેમ કે કોઈ અમને રસ્તા પર જવા ન દે. રસ્તા પર જઈએ તો ખરાબ છોકરાંઓના મોઢાની ગાળો કાને પડે! હું પાંચ વરસનો થયો ત્યાં સુધી સડક પર ગયો જ ન હતો. બજારમાં જાઉં ત્યારે મહાદુના ખભા પર જાઉં. મહાદુ એ અમારો વફાદાર ઘાટી નોકર. તેની હકૂમત અમારા પર પૂરેપૂરી ચાલે. બજારમાં પણ એ અમને પાંચ ડગલાં ચાલવા ન દે. કંઈક ચાલ્યો હોઉં તો દાદી સાથે કાવતરું કરી પાછલે બારણે હનુમાનના મંદિર સુધી,— એટલે કે શેરીના છેડા સુધી.

આવી સ્થિતિમાં ઊછરેલો છોકરો વ્યવહારમાં બાઘા જેવો દેખાય તો નવાઈ ખરી? મારા ભાઈ ગોંદુ અને મારી વચ્ચે ફક્ત દોઢ વરસનું અંતર હતું. એનો સ્વભાવ સાવ ભોળો, એટલે સરખામણીને લીધે હું હમેશાં ડાહ્યો ગણાતો.

હું પાંચ વરસનો થયો એટલે મેં હઠ લીધી કે, મારે નિશાળે જવું છે. ઘરમાં કોઈ મારું માને નહિ. એટલે અઢી ત્રણ વાગ્યે, જે વખતે પિતાશ્રી ઓફિસે ગયા હોય ને મોટાભાઈઓ નિશાળે ભણતા હોય તે વેળા, મા પાસે રઢ લઈને બેસું. આખરે અકળાઈને માએ મને જવા દીધો. ધોળાં ધોળાં ટપકાંવાળો એક લાલ ફેંટો મારે માથે બાંધ્યો અને મને નિશાળે મોકલ્યો. નિશાળના છોકરાઓને એક નવું રમકડું મળ્યું. છોકરાઓ મને વારાફરતી

રમાડે અને રોવડાવે. અત્યારે તો એ વખતના, પેંડે નામના, એક જ માસ્તર યાદ છે. એમના ગજવામાં હમેશાં પતાસાં પડ્યાં રહેતાં. મને જુએ એટલે એકાદ પતાસું આપ્યા વગર રહે નહિ. આ પતાસાંને લીધે શાળાનાં મારાં પ્રથમ સ્મરણો અત્યંત મીઠાં — ગળ્યાં છે.

પણ પહેલે જ દિવસે એક સંકટ ઊપજ્યું. રમતાં રમતાં માથા પરનો ફેંટો છૂટી ગયો. મને તે ફરી બાંધતાં આવડે નહિ, અને એ વાત છોકરાઓ આગળ કબૂલ કરતાં શરમ આવે; એટલે હું ભારે મૂંઝવણમાં પડ્યો. આખરે એક છોકરાએ મને ફેંટો બાંધી આપ્યો, અને પાઘડી-સલામત હું ઘેર આવ્યો.

પછી તો હું રોજ નિશાળે જવા લાગ્યો. ધીમે ધીમે સડક પર ચાલવાની હિંમત પણ આવી અને હવે તો ઘરમાં સૌ ના પાડે તોયે નિશાળે દોડતો જતો. મહાદુ મને પકડવા મારી પાછળ ઘણી વાર આવે, એટલે દોડતાં દોડતાં પણ વારેઘડીએ હું સિંહાવલોકન કરતો. મારી આ શાળાપરાયણતા જોઈ મને એક સુમુહૂર્ત પર નિશાળે મૂકવાનું નક્કી થયું. ઘણું કરીને દશેરાનો દિવસ હશે. આખી શાળા ભેગી થઈ. છોકરાઓ બધા સારાં સારાં કપડાં પહેરીને આવ્યા હતા. જૂના રાજમહેલના એક મોટા ચોકમાં શાળા બેસતી હતી, એટલે મકાનની ભવ્યતા તો હતી જ. બધા છોકરાઓને મીઠાઈ વહેંચવામાં આવી. શાળાના પટાવાળાઓને ધાણીના મોટા મોટા લાડુ આપવામાં આવ્યા. શાળાના માસ્તરને એક ચાંદીની થાળીમાં ખાસ મીઠાઈ આપવામાં આવી. અને હું 'પાટી પર બેઠો.' એક ઘરડા માસ્તર મારી પાસે આવીને બેઠા. એમણે મારી સ્લેટ પર મોટા મોટા મરોડદાર અક્ષરે 'श्री गणेशाय नमः ओ नामा सीधं' લખી આપ્યું. હળદર કંકુ, વગેરે છાંટી મારે હાથે તેની પૂજા કરાવી. પછી મારા હાથમાં એક પેન આપી, મારો હાથ પકડી, મારી પાસે એક એક અક્ષર ઘૂંટાવતા જાય અને બોલાવતા જાય. એક વાર ઘૂંટ્યું એટલે તે દિવસની નિશાળ ખલાસ. મને ઘેર લઈ જવામાં આવ્યો અને હું શાસ્ત્રોક્ત વિદ્યાર્થી બન્યો.

આ ઉત્સવને માટે મારા હાથમાં સોનાની કલ્લી, કાનમાં મોતીની કડીઓ, અને ગળામાં એક સોનાની કંઠી, એટલાં ઘરેણાં ઘાલેલાં હતાં. આવી રીતે નન્દીની પેઠે શણગારીને મને રોજ

મહાદુની સાથે નિશાળે મોકલતા. ત્યાં એક ભારે અગવડ ઉત્પન્ન થઈ. બરાબર દસનો ટકોરો થાય કે છોકરાઓ પાટીપુસ્તક લઈને વાછરડાંની પેઠે ઘેર દોડી જાય. મારા શરીર પર ઘરેણાંનું જોખમ, એટલે અમારા હેડમાસ્તર મને એકલો ઘેર જવા ન દે; અને મહાદુ તો કોક કોક વાર દસ દસ મિનિટની વાર લગાડે. શરૂઆતથી જ મારે આવી રીતે સજા વગરની સજા ભોગવવી પડતી. હું હેડમાસ્તરને કરગરીને કહું કે, 'કંઠી તો પહેરણની અંદર છે. કલ્લી બાંયની અંદર સંતાડી હું દોડતો ઘેર જઈશ. મહાદુ મને રસ્તામાં જ મળશે.' પણ હેડમાસ્તર એકના બે ન થાય.

નવા નિશાળિયાના નવ દિવસ પૂરા થયા અને મારો આ બધો આનંદ આથમી ગયો. ચાંદવડકર કરીને એક નવા માસ્તર અમારી નિશાળમાં આવ્યા, અને તેમને ભોગજોગે અમારો જ વર્ગ સોંપવામાં આવ્યો. એ શરીરે સારા હૃષ્ટપુષ્ટ હતા. ઉંમરે જુવાન હતા. પણ એમને બેઠા હોય ત્યાંથી ઊઠવાનું ભારે આળસ. દરેક છોકરાને પોતાના પાઠ માટે ઊઠીને એમની પાસે જવું પડતું. અમે સૌ એમનાથી દૂર અર્ધવર્તુળ કરીને બેસતા. અમે છોકરાઓ, એટલે તોફાન વિના તો શાના રહીએ? અને તોફાન ન કરીએ તોપણ કંઈ ને કંઈ કારણે વાંકમાં તો જરૂર આવીએ. સાચું કહું તો મારામાં કશું તોફાન હતું જ નહિ. વાંક શાને કહેવાય એ પણ હું જાણતો ન હતો. ઇયત્તા (ધોરણ)ની થોડીક કવાયત સમજું તેનું પાલન કરું, અને જ્યાં ન સમજું ત્યાં શૂન્ય દષ્ટિએ જોયા કરું. તે વખતના મારા ફોટો પરથી જોતાં મને લાગે છે કે, હું બાઘા જેવો તો નહિ જ દેખાતો હોઉં. છતાં કંઈ ને કંઈ કારણે મને રોજ માર પડતો. ચાંદવડકર માસ્તર પાસે ત્રણેક હાથ લાંબી વાંસની સોટી હતી. આસન પર બેઠા બેઠા છોકરાને સજા કરવા માટે આ દિવ્ય શસ્ત્ર તેમને ખૂબ સગવડ ભરેલું હતું. સોટી ખાવા માટે હાથ ધરવાનું તેઓ કહેતા. હાથ ધરવાની મારી હિંમત ચાલતી નહિ. એટલે ગુરુ મહારાજ પલાંઠી વાળીને બેઠેલી મારી ખુલ્લી જાંઘ પર સોટી ચમચમાવતા. આ તાલીમને પ્રતાપે હાથ આગળ ધરવાની હિંમત મારામાં આવી! આ દુઃખ રોજ ચાલતું. પણ બધા જ છોકરાઓ માર ખાતા હોવાથી, આમાં કંઈ અજુગતું છે કે ઘેર

કહેવા જેવું છે એમ મને લાગ્યું જ નહિ. પરંતુ નિશાળે જવાની મારી પ્રફુલ્લતા કરમાઈ ગઈ. હવે તો નિશાળે જવા હું બહુ જ મોડો ઊઠતો અને ઉત્સાહ વગર શાળાનો પંથ કાપતો.

આમ કેટલાયે દિવસ સુધી ચાલ્યું.. એક દિવસ નિશાળેથી ઘેર આવીને હું પેજ (ઘેંશ) ખાવા બેઠો. સોટીના પ્રતાપે હાથ તો લાલચોળ થયા હતા. ગરમ પેજ હાથમાં કેમે કરી લેવાય નહિ. આંખમાં આંસુ આવ્યાં. ભાભીએ પૂછ્યું, 'શાળાના માસ્તરે માર્યો કે શું?' મેં ના પાડી. પણ ભાભી કંઈ એમ માની જાય એવાં ન હતાં. તેમણે આખા ઘરમાં પોકાર કરી મેલ્યો કે દત્તુને માસ્તર મારે છે. મને બાધાને એમ ન લાગ્યું કે, ભાભી મારું ઉપરાણું લઈને આટલો પોકાર કરે છે. મને થયું કે ભાભી મારી ફજેતી કરે છે! માર ખાય એ છોકરો ખરાબ, એટલું નીતિશાસ્ત્ર હું શીખ્યો હતો; એટલે માર ખાઈએ તોપણ કહીએ નહિ. મને ભાભી પર ક્રોધ ચડ્યો. પણ સાંજ સુધીમાં તો હું બધું ભૂલી પણ ગયો.

નિશાળનું અમારું ભણતર (!) હમેશની પેઠે નિયમિત ચાલતું. એક દહાડો એક પોલીસ અમારી નિશાળમાં આવ્યો, અને ચાંદવડકર માસ્તરને બોલાવી ગયો. થોડાક વખત પછી તેઓ પાછા આવ્યા. તેમણે મને પૂછ્યું, 'કેમ રે, તેં ઘેર જઈને કંઈ કહ્યું શું?' મેં મુગ્ધ ભાવે કહ્યું, 'ના.' પણ આજે ચાંદવડકરનો રોફ ઊતરી ગયો હતો. તેઓ ચોભીલા પડી ગયેલા દેખાતા હતા. તેઓ કશું બોલ્યા નહિ, અને તે દિવસે છોકરાઓને માર પણ ન પડ્યો. બીજે દિવસે ચાંદવડકર વર્ગમાં આવ્યા જ નહિ. ઉપલા ધોરણના છોકરાઓ પાસેથી ખબર મળ્યા કે, ચાંદવડકરને પાણીચું મળ્યું છે. તેઓ બીચારા નવા નવા ઉમેદવાર આવેલા હતા. ત્યાર પછી કેટલાયે માસ્તરોના માર મેં ખાધા હશે, પણ બીચારા ચાંદવડકરની જિંદગીની શરૂઆતમાં જ હું નડ્યો! પછી મને ખબર મળ્યા કે, મારાં ભાભીના કહેવાથી મોટા ભાઈએ ક્યાંક રાવ ખાધી હશે, અને તેને પરિણામે નિશાળની નાની દુનિયામાં આવડી મોટી રાજ્યક્રાન્તિ થઈ ગઈ!

આ ઘટનાનું પરિણામ એ આવ્યું કે, આખી નિશાળનું ધ્યાન મારી તરફ ખેંચાયું, અને મારકણા માસ્તરને વિદાય અપાવવાના પુણ્યને લીધે વર્ગના છોકરાઓ મને દુવા દેવા લાગ્યા.

૭

આક્કા

અમે સાતારામાં હતા. એક દિવસ એક ગાડી બારણે આવીને ઊભી રહી. તેમાંથી એક બાઈ, મજાનું ટપકાંટપકાંવાળું ગવન પહેરેલી, નીચે ઊતરી. એની પાસે સામાન પણ ખૂબ હતો. મેં બૂમ પાડી કહ્યું, 'આઈ, કોક ઘરમાં આવ્યું છે.' મારી અપેક્ષા હતી કે, આઈ અંદરથી આવે ત્યાં સુધી આ બાઈ બારણે રાહ જોશે. પણ એ તો સીધી અંદર જ ગઈ, અને ઘરમાં બધે ઘરની જ હોય તેમ ફરવા લાગી! પછી મને ખબર પડી કે એ તો મારી બહેન હતી. ઘણા દહાડા સાસરે રહીને પિયર આવેલી. જમી રહ્યા પછી એણે પોતાનો બધો સામાન ખોલી ખોલીને આઈને બતાવ્યો. એમાંથી પાંચ છ સરસ રંગીન લખોટા નીકળ્યા. એ મને આપી એણે કહ્યું, 'દત્તુ, હેં ઘે તુલા.' હું ખુશ તો થયો, પણ ખુશી કરતાં મને અજાયબી વધારે થઈ. બાબા અમને લખોટાને અડવા ન દે. લખોટાને તો જુગારીઓ જ અડે. લખોટાની મેલી રમત સારા ઘરના છોકરાઓ માટે ન હોય. લખોટા લઈને હું રાજી તો થયો, પણ રમાય કેમ એ હું ક્યાંથી જાણું? દોડતો દોડતો ગોંદુ પાસે ગયો અને એને કહ્યું, 'જો, આ મારા લખોટા.' એને પણ રમતાં આવડે નહિ. એટલે અમે બે જણા સામસામા બેસી લખોટા ગબડાવી ફેંકવા લાગ્યા. લખોટા ટક્કર ખાય ત્યારે મજા પડે. મનમાં બીક ખરી કે, બાબા આવે તો રમત બંધ થાય એટલું જ નહિ, પણ લખોટા પણ જપ્ત થાય!

હું તરત જ જોઈ શક્યો કે આક્કા ઘરમાં બધાંની માનીતી હતી. આઈ તો એના ડહાપણ પર અને હેતાળ સ્વભાવ ઉપર વારી જતી હતી. પિતાશ્રી તો આખો દિવસ બાગુને શું ગમે છે ને શું જોઈએ છે, એ જાણવાને જ ઇંતેજાર દેખાતા. બાબા અને અણ્ણા એની જાત જાતની મજાક કરી એને પ્રસન્ન રાખવાને મથતા.

મારા મનમાં વાત ઠસી ગઈ કે આક્કાનું વર્તન તે આદર્શ વર્તન. પણ એક વાત મનમાં ખૂંચતી હતી. આક્કા હાથમાં ચોપડી પકડે ત્યારે અમને નિશાળમાં બતાવેલું તે રીતે પકડે નહિ, પણ ડાબી બાજુનાં પાનાં ગોળ વાળી બે પૂંઠાં ભેગાં કરે, અને એક હાથે ચોપડી પકડી કડકડાટ વાંચી જાય. એને મોઢે વાર્તા સાંભળવી મને ગમતી, પણ ચોપડી આમ પકડે એ મારાથી કેમે કર્યું સહ્યું જતું નહિ!

તે જ દિવસથી એણે મને ભણાવવું શરૂ કર્યું. હું એકડિયાંમાં હતો. મને વાંચતાં આવડે નહિ તોયે મારા પર ચિડાય નહિ. બહુ જ હેતથી અને કુનેહથી મને ભણાવે. રોજ સાંજે 'રામવિજય' લઈને આઈને વાંચી સંભળાવે. હું પણ ત્યાં જઈને બેસતો.

એક દિવસ આક્કા આઈને કહે, 'ઘરમાં આ પોપટ રાખ્યો છે એને આપણે છોડી મૂકીએ—ઉડાડી દઈએ.' મેં પૂછ્યું, 'કેમ? એ તો બધાનો માનીતો પોપટ છે.' આક્કાએ તરત જ સુસ્વર કંઠે નળદમયંતી આખ્યાન ગાવાનું શરૂ કર્યું. તેમાં જ્યારે, રાજાના હાથમાં સપડાયેલો હંસ છૂટી જવા માટે તરફડિયાં મારે છે, પોતાને છોડી દેવા માટે રાજાને અનેક રીતે કરગરીને વીનવે છે, અને તોયે રાજા છોડતો નથી એમ જોઈ નિરાશ થઈને પોતાની મા, પોતાની માદા અને બચ્ચાંનું સ્મરણ કરી વિલાપ કરે છે, એ પ્રસંગ આવ્યો ત્યારે આક્કા રડી પડી! આંસુ ખાળીને પછી દરેક કડીનો એણે અર્થ કરી બતાવ્યો. સૌનાં હૈયાં પીગળી ગયાં, અને નક્કી થયું કે પોપટને છોડી દઈએ. વિષ્ણુએ સીતાફળીના ઝાડ ઉપર પાંજરું ટીંગાડી રાખ્યું અને ધીમે રહીને એનું બારણું ખોલ્યું. એક ક્ષણ સુધી તો બહાર ઊડી જવાનું પોપટને સૂઝયું પણ નહિ. એ તો હેબતાઈ જ ગયો હશે. બીજી ક્ષણે પાંજરાની સળી પરથી કૂદી પડી બારણામાં બેઠો અને ત્યાંથી ભર્ર્ર્ર્ર્ આકાશમાં ઊડી ગયો. આક્કાની આંખમાં આનંદનાં ઝળઝળિયાં આવ્યાં. થોડા જ વખત પછી પોપટ પાછો આવ્યો, પાંજરા પર બેઠો. વિષ્ણુ કહે, 'એ તો જવાનો નથી. ચાલ, એને ધીમે રહીને પકડી પાંજરામાં પૂરી દઉં.' આક્કાએ ચોખ્ખી ના પાડી. પછી રોજ એ પોપટ સીતાફળીના ઝાડ પર આવીને બેસે, કેળું કે મરચાં આપીએ તે ખાય, અને ઊડી

જાય. આમ એકાદ મહિનો ચાલ્યું હશે. વખત જતાં એ પોપટ બીજા પોપટ સાથે ભળી ગયો, અને પછી તો અમારી પાસે આવતાં ડરતાં શીખ્યો.

થોડા દિવસ પછી બેલગામથી આક્કાના વર અમારે ત્યાં આવ્યા. અણ્ણા જેટલી જ એમની ઉંમર હશે, છતાં પિતાશ્રી એમને નાઈક કહીને માનથી બોલાવતા. તેમને હાથ ધોવા પાણી પોતે આપતા. પિતાશ્રી આવા જુવાનની આટલી ખુશામત કેમ કરે છે એ હું સમજી શકતો નહિ. મને તો બધું અજુગતું જેવું લાગતું. તેમનું નામ પણ હું ભૂલી ગયો છું. તેઓ બહુ બોલતા નહિ, અમારી સાથે ભળતા નહિ, અને જમતી વખતે બહુ ઓછું ખાતા, એટલું યાદ છે.

ચીમી એ બાબાની દીકરી. ખૂબ રમતિયાળ. ઘરનું સર્વસાધારણ રમકડું. એની ઉંમરના પ્રમાણમાં ખૂબ ડહાપણ બતાવે. આક્કા એને રમાડતાં રમાડતાં કોક કોક વખત ખિન્ન થાય, અને આઈને કહે, 'આઈ, શહાણં માણસ લાભત નાહીં. (ડાહ્યું માણસ બહુ જીવે નહિ.) આપણી ચીમી આટલી હોશિયાર છે, તે કેમ કરીને ઝાઝી જીવશે, એ ચિંતા મારા મનમાં પેઠી છે.' પણ આક્કાનાં આ વચન આક્કાને જ લાગુ પડવાનાં હતાં એ તે વખતે ન આક્કાના ધ્યાનમાં આવ્યું, ન આઈના.

અમે શાહપુરમાં આવ્યાં છીએ. ભીસેનું ઘર એ અમારું મોસાળ. ત્યાં અમે રહેવા આવ્યાં છીએ. આક્કા કંઈક માંદી છે. અમારી મોટી મામી રોજ સવારે ઊઠીને પેજ (ચોખાની ઘેંશ) તૈયાર કરતી, અને અમે બધા હારબંધ મોટી પંગતમાં જમવા બેસતા. શાકને બદલે કોળાની બનાવેલી વડી અમને તળીને આપતાં. સાતારામાં હંમેશાં ચોખાના લોટની વડી ખાવાને હું ટેવાયેલો. મને આ પતકાળાની વડી શાની ભાવે? મેં મારો અણગમો નીચે પ્રમાણે મામીને જણાવ્યો: 'અમારે ત્યાંની વડીઓ કાવ્ કાવ્ બોલે છે; તમારે ત્યાંની ચીવ્ ચાવ્ બોલે છે. માટે મને તમારી વડી નથી ગમતી.' આ મારું કાવ્ય બધે ફેલાયું.

થોડા જ દિવસમાં ઘરમાં બધે ગમગીની ફેલાઈ ગઈ. આક્કાને સખત તાવ આવવા લાગ્યો. ડૉક્ટરે કહ્યું કે 'નવજ્વર' (ટાઇફૉઇડ)

છે. સુવાવડ પછીનો ટાઇફૉઈડ. પછી પૂછવું જ શું? એક દિવસ અમને સવારે ઊઠતાંવેંત સામેના ઘરવાળાને ત્યાં જમવાનું નોતરું મળ્યું. અમે બધા છોકરા ત્યાં જમવા ગયા. કોણ જાણે શા કારણે અમને આખો દિવસ ત્યાં ને ત્યાં જ રોકી રાખવાના પ્રયોગો થવા લાગ્યા. હું ઘેર જવાની વાત કરું, એટલે કોઈ મોટો છોકરો રોકીને મને કહે, 'ચાલ તને એક વાર્તા કહું.' વાર્તા પૂરી થાય એટલે કોઈ ગાય. આખરે સાંજ પડવા આવી. હવે મને લાગ્યું કે, આખો દિવસ અમને અહીં ગોંધી રાખવામાં કંઈક ભેદ છે. હું કંટાળીને રોવા લાગ્યો. સમભાવને કારણે ગોંદુ પણ રોવા લાગ્યો. અમારા મેજબાન છોકરાઓ અકળાયા. તેમણે એક નાટક ભજવવાનું નક્કી કર્યું. એક લાંબો ફેંટો માથે બાંધી એનો એક છેડો નાકથી નીચે લટકતો રાખ્યો. આવી રીતે સૂંઢવાળો દુંદાળો દેવ તૈયાર થયો. બેચાર સાવરણીઓ ભેગી બાંધી તેની મોરની કળા બનાવી; મયૂરવાહની સરસ્વતી પણ તૈયાર થઈ. અને પેલા કૂદવા લાગ્યા.

નાટક તો લાંબું લાંબું ચાલ્યું, પણ કેમે કર્યો રસ જામે જ નહિ. એટલામાં પડોશના બીજા એક છોકરાએ આવીને મને કહ્યું, 'તારો બાપ પોક મૂકીને રુએ છે.' મને એ વચન અપમાન જેવું લાગ્યું. મારા પિતાશ્રી વળી રોતા હશે? જનમભરમાં એવું કોઈ કાળે બન્યું નથી. મેં ચિડાઈને એને કહ્યું, 'તું જૂઠો છે.' છેવટે નવ વાગ્યે અમને ઘેર લઈ ગયા. ત્યાં બધે ગમગીનીની શાંતિ હતી. કોઈ કોઈની સાથે વાત ન કરે. સ્મશાનમાંથી પાછા આવેલા ડાઘુઓ ગરમ પાણીએ નહાતા હતા એટલી જ હિલચાલ ઘરમાં દેખાતી હતી. એક ખૂણામાં ચોખાની ભરેલી અડધી ગૂણ ઊભી હતી, તેના પર પિતાશ્રી એક પાતળો ખેસ ઓઢીને બેઠા હતા, છતાં ટાઢે ધ્રૂજતા હોય એમ જ લાગતું હતું. મને ખોળામાં લઈ દુઃખી અવાજે કહેવા લાગ્યા, 'દત્તુ, આપણી ભાગુ (ભાગીરથી) આપણને છોડી દૂર ગઈ.' હું કંઈ સમજું નહિ કે થયું છે શું. દૂર એટલે ક્યાં સુધી? શા માટે? પિતાશ્રી આટલા દુઃખી કેમ છે? ઘરમાં કેમ કોઈ કોઈની સાથે બોલતું નથી? પિતાશ્રી ફરી ફરી એક જ વાત કરે, 'આપણી ભાગુ આપણને છોડી દૂર ગઈ છે.'

હું અંદર ગયો. મેં જોયું કે આઈ સોડ તાણીને સૂઈ ગઈ છે. મને શી ખબર કે, સૂતી નથી, પણ વજ્રાઘાતથી બેભાન થઈ પડી છે! મારી માસી એની પાસે બેઠી હતી. મને જોઈને એ રોવા લાગી. મામા એના પર ચિડાયા. કહે, 'તું રોવા લાગે તો છોકરાઓ શું કરે?'

રાત જેમ તેમ વીતી. બીજે દિવસે આઈ કંઈ ખાય નહિ. કોઈનું કહ્યું માને નહિ. છેલ્લા ઇલાજ તરીકે રામમામા મને આઈ પાસે લઈ ગયા. એમણે મને કહ્યું, 'તારી આઈને કહેજે કે, મારા ગળાના સમ તું ન જમે તો.' હું કહેવા જતો હતો, પણ આઈએ દૃઢતાપૂર્વક કહ્યું, 'દત્તુ, એવું કંઈ બોલીશ મા.' માતૃભક્ત દત્તુની જીભ પછી ઊપડે જ શાની? સૌ મારી પર ચિડાયાં. રામમામાનો મારા પ્રત્યેનો તિરસ્કાર સ્પષ્ટ દેખાતો હતો. પણ હું ન બોલ્યો તે ન જ બોલ્યો.

'શહાણં માણુસ લાભત નાહીં' એ આક્કાનું વચન આખરે આક્કા વિષે જ સાચું પડ્યું. આઈ રોજ એ વચન સંભારે અને રુએ. આક્કા વિષે મારાં પ્રત્યક્ષ સ્મરણો તો આટલાં જ ગણાય. છતાં નાનપણથી એ સ્મરણોનું જ ધ્યાન કરી કરીને તેને હું પોષતો આવ્યો છું. સાધારણ રીતે હિંદુ કુટુંબમાં દીકરીઓ તરફ બેદરકારી જ હોય છે. દીકરા તેટલા વહાલા અને દીકરી તેટલી અળખામણી, એ માન્યતા અનેક પ્રાંતમાં છે. અમારા ઘરમાં આક્કાની સ્થિતિ સ્પૃહણીય હતી. માણસની લગભગ બધી શુભ વૃત્તિઓ કૌટુંબિક વાતાવરણમાં જ ખીલે છે. તેમાં પણ મા પછી જો ભારેમાં ભારે કોઈની અસર થતી હોય તો તે બહેનની છે. માણસનો મા સાથેનો સંબંધ તેમ જ સ્ત્રી સાથેનો સંબંધ એકાંતિક અથવા અસાધારણ હોય છે. દીકરીનો સંબંધ પણ એવો જ હોય છે. પણ જે સંબંધ સહેલાઈથી વ્યાપક થઈ શકે, આખી સ્ત્રીજાતિનો અંતર્ભાવ કરી શકે, એવો સંબંધ તો ભાઈબહેનનો જ. હું સમજણો થયો એના પહેલાં જ મારી બહેન ગુજરી ગઈ, તેથી જિંદગીનો મારો એ વિભાગ શૂન્યવત્ થઈ ગયો છે. સ્ત્રીઓને હું દૂરથી પૂજું છું, પણ તેમની સાથે સ્વાભાવિક રીતે સંબંધમાં આવતાં મને આવડતું જ નથી. ભગિનીપ્રેમની ભૂખ રહી જ ગઈ

છે. જેમ જેમ જીવનની વ્યાપકતા અને સર્વાંગસુંદરતાનો આદર્શ બંધાતો ગયો છે, તેમ તેમ મારે એક બહેન હોય તો કેવું સારું, એવો વિચાર મનમાં આવી મન ઝૂરે છે. એમાં પોતાને બહેન ન હોવાને કારણે નવી બહેન મેળવતાં ન આવડે એ મુશ્કેલી છે જ.

મારા આદર્શ પ્રમાણે પૂજનીય એવી કેટલીયે બહેનો હું જોઉં છું. તેમના પરિચયથી હું જરૂર પાવન અને ઉન્નત થઈશ એવી મનને ખાતરી થાય છે. પણ હૃદયની ભૂખ તો આક્કાના પવિત્ર સ્મરણથી જ શમાવવી રહી.

૮

પૈસા ખોયા

ખરાબ છોકરાઓ પાસેથી અમે ગંદી ભાષા શીખી લઈશું એ બીકથી જેમ અમને કોઈ કાળે ઘરમાંથી રસ્તા પર જવા દેતા નહિ, તેમ કોઈ પણ વખતે કોઈ પણ કારણે અમારા હાથને પૈસાનો સ્પર્શ થવા દેતા નહિ. સારા ઘરના છોકરાઓને જેમ હાડકાને કે બીડીને અડવા ન દે તેટલી જ ચોકસાઈથી અમને પૈસાની આભડછેટ રાખેલી. પૈસા કે રૂપિયાને આપણાથી અડાય નહિ એ વાત અમારી રગેરગમાં ઊતરી ગઈ હતી. છતાં એ જ કારણે ઘણી વાર ગોળ ગોળ સિક્કા હાથમાં લઈને રમવાનું મન થઈ આવતું ખરું.

એક વાર શાહપુરમાં નારાયણમામા સાથે ગાડીમાં બેસી દાક્તરને ત્યાં ગયો હતો. પાછા આવતાં મેં મામાને કહ્યું, 'નારાયણમામા, નારાયણમામા, તમારી પાસે પૈસા છે તે મને જરા હાથમાં લઈને જોવા દોને.' માગવાની હિંમત તો મેં કરી. પણ મનમાં લગભગ ખાતરી જ હતી કે, નાના છોકરાઓથી પૈસાને અડાય જ નહિ એ ચિરપરિચિત સ્મૃતિવાક્ય નારાયણમામા મારા માથામાં મારશે. પણ એવું કશું ન બન્યું. ઊલટું, તેમણે ત્રણેક આનાના પૈસા મારા હાથમાં આપી દીધા. મારા આનંદનો તો પાર ન રહ્યો. મૂઠી ભરાય એટલા પૈસા હાથમાં આવ્યા એ કંઈ નાનીસૂની વાત હતી? એક એક પૈસો હાથમાં લઈને મેં ગોળ ગોળ ફેરવ્યો. બધા પૈસા ફરી ફરી ગણી જોયા. (તે વખતે મને સો સુધી ગણતાં આવડતું હતું.) પછી પૈસા જોવાનો રસ ઊતરી ગયો. છતાં પૈસા મૂઠીમાં જ રાખી, ગાડી પાછળ પગથિયા પર કોઈ ભિખારી છોકરો બેસે નહિ એટલા માટે, પાછો વળીને હાથ ગાડીમાંથી બહાર લટકાવીને, હું જોવા લાગ્યો.

મારુતિના મંદિર સુધી આવ્યા હોઈશું; ત્યાં કેટલાક છોકરા મોઈદંડા રમતા હતા. તે તરફ ધ્યાન ગયું; અને મૂઠી તરફનું ધ્યાન

ઓછું થયું, મૂઠી ઢીલી પડી. હાથમાંના પૈસા નીચે પડી ગયા! આ ભયંકર અકસ્માતથી હું એવો તો દિગ્મૂઢ બની ગયો કે, શું કરવું એ મને સૂઝ્યું નહિ. આપણે કહ્યે ગાડી રોકાય એ તો ધ્યાનમાં આવે એવું હતું જ નહિ. નાનાં છોકરાંઓની ઇચ્છાને માન અપાતું હોય એવું મેં કોઈ કાળે જોયેલું નહિ. મામાને કહું તો તે વઢશે એની પણ મનમાં ખાતરી. એટલે ચૂપચાપ બેસી રહેવું એ બીકણ બાળકોની સાર્વભૌમ નીતિ મેં અખત્યાર કરી! મોઈદંડા રમનાર છોકરાઓમાંથી એક જણે પૈસા પડતા જોયા. એ ધીમે ધીમે ચાલતો રસ્તા પર આવ્યો. એણે પૈસા ઉપાડ્યા. મારા તરફ જોયું, ને પૈસા ગજવામાં નાખ્યા. મેં શૂન્ય નજરે એના તરફ જોયું. એણે એક પળ વાર નજર મારા તરફ નાખી, અને પછી જાણે કશું બન્યું જ ન હોય એમ, ડાવકું મોઢું કરીને ધીમે ધીમે ચાલતો ચાલતો પાછો રમતમાં ભળી ગયો. આસપાસના છોકરાઓએ એના તરફ જોઈને મોં મલકાવ્યાં. એ હાસ્યમાં, પોતાના દોસ્તને ઓચિંતો લાભ થયો એનું અભિનંદન અને પોતાને એ લાગ ન મળ્યો એની અદેખાઈ, બંને સ્પષ્ટ દેખાતાં હતાં. મોઢા પરથી માણસનો આટલો સૂક્ષ્મ ભાવ કળી જવા જેટલી અક્કલ મારામાં હતી. છતાં, આવે પ્રસંગે કંઈક પગલું ભરવાનું હોય છે એટલું ન સમજવા જેટલી બાઘાઈ પણ સાથે સાથે જ હતી!

નાના છોકરા વર્ગમાં ધ્યાન ન દે, ઝટ જવાબ ન આપે, અથવા સાનમાં સમજી કહ્યું ન કરે, ત્યારે ઊકળી પડનાર શિક્ષકો અને માણસોએ મારો આ કિસ્સો ધ્યાનમાં રાખવા જેવો છે. બાલમાનસનો વિકાસ અમુક ચોક્કસ ક્રમમાં થતો નથી. એમાં અનેક સંસ્કારોને લીધે મોટેરાના કળ્યામાં ન આવે એવી વિવિધતા હોય છે. આટલું પણ જો તેઓ ધ્યાનમાં રાખે તો તેઓ પૂરતી ધીરજ કેળવી શકશે અને બાલદ્રોહમાંથી બચી જશે.

ગાડી ઘરને બારણે આવીને ઊભી. મામા કહે, 'દત્તુ, પૈસા લાવ જોઉં.' દત્તુ પૈસા ક્યાંથી લાવે? એ તો ટગર ટગર જોઈ જ રહ્યો. પણ કંઈક જવાબ તો આપ્યે જ છૂટકો. મેં કહ્યું, 'પૈસા હાથમાંથી પડી ગયા!'

'ક્યાં પડી ગયા? કેવી રીતે પડી ગયા?'

'મારુતિના મંદિર આગળ. પેલા છોકરા રમતા હતા ત્યાં.'

'ત્યારે બાઘા, મને તે જ વખતે કેમ નહિ કહ્યું?'

'પણ એક છોકરાએ એ ઉપાડી લીધા તે મેં જોયા.'

મામા તિરસ્કારથી હસ્યા. જવાબમાં મેં શરમાળ અને દીન મુદ્રા તેમને બતાવી. મામા મને વઢ્યા નહિ અને મારા દેખતાં ઘરમાં બીજા કોઈને તેઓ કહેવા પણ ન બેઠા, એ આનંદમાં મારી શરમ તો હું ભૂલી જ ગયો. પોતાની માનીતી બહેનનો સૌથી નાનો ભાણો ઘેર આવ્યો છે, એને કેમ વઢાય, એવો ઉદાર વિચાર કરી મામાએ મનની વાત મનમાં રાખી હશે. છોકરો સાવ બેવકૂફ છે એમ એમણે તોલ બાંધ્યો હશે, અને આખરે તેઓ એ વાત ભૂલી પણ ગયા હશે. પણ મારી નજર આગળ તો તે દિવસનો એ બધો દેખાવ તે દિવસના જેટલો જ આજે તાજો છે. કહો તો મારુતિના મંદિર આગળની એ જગ્યા આજે પણ બરાબર બતાવું.

૯

જામફળ અને જલેબી

સાતારાથી અમે ઘણી વાર શાહપુર આવતા. શાહપુર અને બેલગામ લગભગ એક જ છે. શાહપુર અમારું મોસાળ. એ દિવસોમાં રેલવે ન હતી, એટલે મુસાફરી બળદગાડીમાં થતી. અમે એક વાર બળદગાડીમાં બેસીને સાતારાથી શાહપુર આવેલા તેનું સ્મરણ હજી છે. અમે અમારા વચલા ભાઈ વિષ્ણુના લગ્નપ્રસંગે જતા હતા. વાટમાં એક સુંદર પથરાના પુલ તળે નદીને કાંઠે ઊતર્યાં હતા. પિતાશ્રી સાથે ન હતા. ગાડાંની મુસાફરીમાં વખત ઘણો જાય, અને એમને એટલી રજા મળે એમ ન હતું, એટલે તેઓ પાછળથી ટપાલના ટાંગામાં આવવાના હતા. મારા ભાઈએ નદીને કાંઠે ત્રણ પથરા ગોઠવી મંગાળો માંડી રસોઈ કરવાની તૈયારી કરી. એટલામાં બાએ કહ્યું, 'અહીં રસોઈ ન થાય; ચાલો આગળ જઈએ.' આવો મજાનો પુલ, મીઠી છાયા અને ભૂખનો વખત; એવે સમયે બાએ કૂચ કરવાનો હુકમ કેમ આપ્યો હશે એની કંઈ સમજણ ન પડી. બાએ કહ્યું, 'નદીનું પાણી બધું પરપોટાવાળું છે.' જોઉં તો, સાચે જ પાણી ધીમે ધીમે વહે છે અને ઉપર ગંદાં ફીણ અને પરપોટા ખૂબ છે! મેં દલીલ કરી, 'પણ માંહ્યનું પાણી તો સારું છે ને!' બાએ કહ્યું, 'ના, પણ નદી અપવિત્ર છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, નદીમાં આવા પરપોટા હોય ત્યારે એ પાણીને અડાય પણ નહિ.'

શાહપુર આવ્યા ત્યાં તો નવી જ દુનિયા. જમીન બધી લાલ લાલ, પહેલે દિવસે મેં કેટલાયે લાલ કાંકરા ભેગા કર્યા. મારા મામાની દીકરી મારી સાથે બોલે તે ભાષા હું બરાબર ન સમજું. મારી ભાષા મરાઠી, એમની કોંકણી. બધું જંગલી જંગલી જેવું લાગે. લાડુબહેન મને કહે, 'ચાલ, આપણે મોડકા (ઠૂંઠા) માસ્તરની નિશાળે ભણવા જઈએ.' મોડકા માસ્તર એક

વિચિત્ર વ્યક્તિ હતા. કદમાં ઠીંગણા, સ્વભાવે ઉગ્ર અને બંને હાથે ઠૂંઠા! ધોતિયું બદલવું હોય ત્યારે સ્ત્રીની મદદ લે! પણ ભણાવવામાં એક્કા. એમને ત્યાં ચોકમાં છોકરાઓ હારબંધ બેસતા. મોડકા માસ્તર દરેક છોકરા આગળ વારાફરતી આવીને બેસે. પગમાં પેન ઝાલી સ્લેટ ઉપર સુરેખ અક્ષર લખી આપે અને કહે, ઘૂંટ. કાગળ પણ જમીન પર રાખી, કલમ પગના અંગૂઠા અને પાસેની આંગળી વચ્ચે પકડી, એવા તો સરસ અક્ષરે ઝપાટાબંધ લખતા, કે જાણે આજકાલના રિપોર્ટર!

ચાંદવડકર માસ્તરનો અનુભવ તાજો જ હતો. પણ મોડકા માસ્તરને જોયા પછી મનમાં વિચાર આવ્યો, અહીં તો આપણે સલામત છીએ. જ્યાં હાથ જ નથી ત્યાં સોટીનો ભો શો? પણ મારો એ આનંદ ઝાઝો વખત ટક્યો નહિ. હું જરા આમતેમ જોતો હતો એવામાં મોડકા માસ્તરે આવીને મારી ખુલ્લી જાંઘ પર પગ વતી એવી તો ચૂંટી ખણી, કે હું ચીસ પાડીને નિશાળમાંથી નાસી જ ગયો! બીજે દિવસે આપણે નિશાળે જવાની સાફ ના પાડી. મેં વિચાર કર્યો કે અહીં ક્યાં બાબા છે તે મને ડરાવીને નિશાળે મોકલશે? પણ મારા દુર્ભાગ્યે બાબાનું કામ મારી મોટી મામીએ કર્યું. મને ઉપાડીને કેડે બેસાડી તે નિશાળે લઈ ગઈ. રસ્તામાં જ મેં મનસૂબો કર્યો કે, આજે હાર્યો તો નિશાળની બલા હમેશ માટે કપાળે — અથવા સાચું કહું તો જાંઘે — ચોંટવાની! એટલે નિશાળને બારણે મામી મને જમીન પર મૂકે એટલી જ વાર. બંને પગનો પૂરો ઉપયોગ કરી શેરીનો બીજો છેડો મેં સાધ્યો! મામીનું શરીર કંઈ હળવું નહોતું કે મારી પાછળ પડીને મને પકડી શકે. અંતે મારો વિજય થયો અને શાહપુરમાં હોઉં ત્યાં સુધી નિશાળે ન જવાની મને છૂટી મળી. મારે લીધે લાડુબહેન પણ ઘરમાં જ રહેવા લાગી. અને અમે લોકવાર્તાઓની ઉજાણી શરૂ કરી.

બેળગુંદી એ અમારું મૂળ ગામડું. શાહપુરથી લગભગ આઠ માઈલ પર તે આવેલું છે. એ મજાની ટેકરીની તળે એક બાજુ પર પથરાયેલું છે. અમે એક વાર બેળગુંદી જોવા ગયા અને મામાને ત્યાં રહ્યા. પહેલે જ દિવસે મા સાથે ગ્રામજોશીને ત્યાં

સહેજ ગયા હતા. ત્યાં ગયા કે તરત જ તેમની ઝૂંપડીના નીચ છાપરાની વળી પકડીને આપણે તો હીંચકા ખાવા માંડયા! ગામડાનું છાપરું, એ કંઈ એવાં અટકચાળાં ખમે? એણે તરત જ કરડડ કરડડ અવાજ કરી મારી સામે ફરિયાદ કરી. બધાં મારા પર ચિડાયાં. મને ત્યાંથી યુક્તિથી હાંકી કાઢવા ખાતર મારી નાની મામીએ કહ્યું, 'અમારી આ નાની યેસુને લઈને ઘેર જા. એને ખૂબ સાચવજે હોં. રસ્તામાં ઠોકર ખાઈને બંને પડતાં નહિ.' વીરો બહેનીને લઈને ચાલ્યો તો ખરો, પણ 'મામાનું ઘર કેટલે' તે યાદ ન રહ્યું! બહેનનો હાથ ઝાલીને ચાલ ચાલ કર્યા જ કર્યું. ગામની સામેની બાજુની ભાગોળ આવી, અંત્યજવાડો આવ્યો, તોપણ અમે ચાલ્યાં જ જતાં હતાં. આખરે એક મહેતરાણી ડોસીએ અમને જોઈને કહ્યું, 'આ કોનાં છોકરાં છે? ક્યાં જાય છે?' મારી આગળ આવીને મને પૂછે, 'બાળ, તૂ કોણાચા?' (બેટા, તું કોનો દીકરો?) હું રસ્તો ભૂલી ગયો છું અને મારો પત્તો મેળવવા આ ડોસી મને પૂછે છે એટલુંયે મારા ધ્યાનમાં ન આવ્યું. મેં તરત જ જવાબ વાળ્યો, 'મી આઈચા.' (હું મારી માનો.) રસ્તા પરના બધા લોકો હસવા લાગ્યા. મારો જવાબ કંઈ એટલો બાઘાઈ ભરેલો ન હતો. અમારા ઘરમાં અમારાં સગાંવહાલાંમાંથી કેટલીયે ડોસીઓ આવીને, અમારો પક્ષપાત મા તરફ છે કે પિતા તરફ તે જાણવા સવાલો પૂછતી કે, 'બેટા તું કોનો?' પછી તે દિવસની લહેર પ્રમાણે અમે કહી દેતા, બાનો અથવા બાપાનો. મને થયું કે આ ડોસી પણ એ જ ભાવે લાડ લડાવવા પૂછે છે. એટલે મેં મારો સ્પષ્ટ જવાબ આપી દીધો હતો. ડોશીએ યેસુ ભણી વળીને પૂછયું, 'અને દીકરી, તું કોની?' બહેની કંઈ વીરાને બેવફા નીવડે? એણે પણ તરત જ કહ્યું, 'મી નાનાચી.' એ પોતાના પિતાને નાના કહેતી. અમારી પાસેથી આના કરતાં ઝાઝી હકીકત મળે એમ તો હતું જ નહિ. એટલે ડોશીએ કહ્યું, 'દીકરા, ચાલ મારી સાથે; હું તને ઘર ભેગો કરી દઉં. આ નથી તારો રસ્તો.' અમે ડોશીની પાછળ પાછળ ચાલ્યાં. રસ્તામાં પૂછપરછ કરતી કરતી ડોશી અમને મામાના ઘર સુધી લઈ આવી. ત્યાંથી જ એ પાછી વળી જાત તો હું એને

ઉપકાર આજન્મ ભૂલત નહિ. પણ એ ડાકણે તો અમારા સવાલ-જવાબનો રિપોર્ટ પણ અક્ષરેઅક્ષર મામાને આપી દીધો ! બધાં હસી પડ્યાં. જ્યાં જાઉં ત્યાં મારી ઠેકડી થવા લાગી. જે મને જુએ તે કહે, 'મી આઇચા.' દત્તુ સાવ બાઘો છે, એવી મામાને ઘેર બધાંને ખાતરી થઈ ગઈ. પણ ઈશ્વરકૃપાથી બીજે જ દિવસે મારી લાયકી સિદ્ધ કરવાનો પ્રસંગ મને મળી આવ્યો.

અમારી માશીના બગીચામાં જામફળ બહુ સારાં પાકતાં. અંદરથી પૂરેપૂરાં લાલ હોવા છતાં ઝાઝાં બિયાં નહિ. માશીએ એક મોટો ટોપલો ભરીને મોટમોટી નારંગી જેવડાં જામફળ મોકલ્યાં હતાં. નોકર ટોપલી જમીન પર મૂકે તે પહેલાં તો અમે બધાં છોકરાં ત્યાં પહોંચી ગયાં, અને એકેક જણે એકેક મોટું જામફળ હાથમાં લઈ લીધું. નાનાં બાળકો આખું જામફળ ખાઈ જાય તો માંદાં પડે એવી બધાંની માન્યતા. એટલે મારા મોટા ભાઈ અણ્ણા અને વિષ્ણુ અમારી પાછળ દોડ્યા અને કહે, 'લાવો બધાં જામફળ પાછાં.' છોકરીઓ તો બધી બીકણ. હથિયારબંધીનો કાયદો થયો ત્યારે જેમ હિંદુસ્તાનના લોકોએ પોતાનાં શસ્ત્રો સરકારને સોંપી દીધાં હતાં, તેમ છોકરીઓએ એક પછી એક પોતાનાં જામફળ ટપોટપ પાછાં આપી દીધાં. પણ અમે છોકરાઓ તો બહારવટિયા રહ્યા, એટલે જ્યાં સુધી શ્વાસ ટકે ત્યાં સુધી શરણે ન જવાનો અમારો નિશ્ચય હતો. અમે પલાયનયુદ્ધ શરૂ કર્યું ! અણ્ણા અને વિષ્ણુ અમારી પૂંઠે પડ્યા. કેશુ, ગોંદુ, વગેરે બધા પલાયનયુદ્ધમાં પ્રવીણ હતા. કોઈ હાથમાં ન આવ્યો. હું સૌથી નાનો, મારું શું ગજું હોય ? તરત જ અણ્ણાએ મને પકડી પાડ્યો, પાછળથી આવી મારાં બે પડખાં ઝાલી મને એમણે અધ્ધર ઉપાડી જ લીધો. કેશુ ગોંદુએ હાહાકાર કર્યો. અને કેમ ન કરે ? પોતાના પક્ષનો એક મહારથી (જોકે મહાપગી કહેવું જોઈએ) પડે એ કેમ સહ્યું જાય ? અને જો મારું જામફળ છીનવી લેવામાં આવે તો પછી જામફળ ખાવામાં સ્વાદ કેમ આવે ? એમનાથી મને કશી સહાય કરી શકાય એમ તો હતું જ નહિ. કેશુ કહે, 'ફેંકી દે તારું જામફળ મારા ભણી.' પણ એને શી ખબર કે વિષ્ણુ, પાછળથી આવીને, ક્રિકેટના ક્ષેત્રપાળ (ફીલ્ડર)ની

પેઠે, એની પાછળ જ આવીને ઊભો છે! હું ફેંકું કે એ તરત અધ્ધરથી જ ઝીલી લે. હવે શું કરવું? મારા હૃદયમાં એ ક્ષણે કેટલો વલોપાત થતો હતો! આજે હારી જાઉં તો આખી બેળગુંદીમાં મારી આબરૂ ન રહે. હજી ગઈ કાલે જ આપણી ફજેતી ગવાઈ ગઈ છે. પણ ભગવદ્‌ગીતામાં કહ્યું છે, 'દદામિ બુદ્ધિયોગં તમ્,' એ પ્રમાણે મને યુક્તિ સૂઝી. મારા હાથ છૂટા હતા. મેં જામફળને એક મોટું બચકું ભર્યું અને અણ્ણાને કહ્યું, 'હવે લો આ એઠું જામફળ ખાવું હોય તો.' એમણે મને જમીન પર મૂકી દીધો, અને સાચે જ મારા હાથમાંથી જામફળ લેવા માટે હાથ લંબાવ્યો. મેં મનમાં અભેદબુદ્ધિ રાખી, જામફળના જેટલા જ સ્વાદથી, એમના પહોંચાને બચકું ભર્યું! એ ચિડાય એ પહેલાં જ કેશુ અને ગોંદુએ વિજયધ્વનિ કર્યો. મારી બહાદુરીથી રાજી થઈ વિષ્ણુ પણ મારી કદર કરવા લાગ્યો. એટલે અણ્ણાએ પણ હવે ચિડાવા કરતાં હસી પડવામાં જ ડહાપણ માન્યું.

જામફળ નિરાંતે આરોગી લીધા પછી જમવાની ભૂખ ઓછી હતી. પણ કેશુ કહે, 'જો આજે આપણે ઓછું જમ્યા તો ટીકાને પાત્ર જ થવાના. આપણે તો સિદ્ધ કરવું જોઈએ કે, જામફળ ખાવાં એ તો છોકરાઓ માટે રમતવાત છે.' એટલે અમે પોતાની શાખ બેસાડવા ખાતર તે દિવસે રોજ કરતાં વધારે ખાધું. અમને કોઈને એ ન સૂઝયું કે સાચી શાખ તો માંદા ન પડવામાં છે. એકલા જામફળથી જે ન થાત તે આબરૂના આ ખોટા ખ્યાલથી થયું, અને ગોંદુ ખરેખાત માંદો પડ્યો.

બીજે દિવસે એકાંત સાધી મેં અને કેશુએ ગોંદુને ખૂબ ધિક્કાર્યો. અમે કહ્યું, 'તું સાચો વીર જ નથી. આબરૂ જાળવવા ખાઈએ તેમાં માંદા પડાતું હશે? બે દિવસ પણ તારાથી રાહ ન જોવાઈ?'

ચાર દહાડા પછી ગોંદુ બે લીલાં મરચાં લઈ આવ્યો અને મને કહે, 'ચાલ દત્તુ, આમાંનું એક ખા જોઈએ.' મેં કહ્યું, 'કેમ વારુ?' એ કહે, 'તને ખબર છે? આજે આબા (નાના) કહેતા હતા કે, બાળપણમાં કષ્ટ વેઠશો તો મોટપણે સુખી થશો, નાનપણમાં કડવું ખાશો તો મોટપણે ગળ્યું મળશે. ચાલ, આપણે બંને આજથી

મરચાં ખાઈએ; એટલે મોટપણે આપણને પેંડા જલેબી મળશે.' નાનાની વાત તો મારે ગળે ન ઊતરી, પણ ના પાડું તો કાયરમાં ખપું એ બીકે ગોંદુની આધાઈનો હું ભોગ થઈ પડ્યો! અમે બંને જણાએ એકેક મરચું ખાધું. ગોંદુને આટલું તો સમાધાન હતું કે, આના વ્યાજમાં મોટપણે ગળ્યું ગળ્યું ખાવાનું મળશે. મારી પાસે તો એટલું સમાધાન પણ નહોતું. મારું તો શુદ્ધ નિષ્કામ કર્મ હતું.

થોડા જ દિવસમાં અમે પાછાં શાહપુર ગયાં. કોણ જાણે શાથી, મારામાં અને ગોંદુમાં જેટલી નીતિનિષ્ઠા હતી તેટલી કેશુમાં ન હતી. એ ગમે ત્યારે, ગમે તે વસ્તુ, (બેશક ઘરની હોય તો જ) ગમે તે રીતે ઉપાડી લાવતો. એના નીતિશાસ્ત્રમાં, ચોરીની હદ પારકા ઘર સુધી જ ગણાતી; પોતાને ઘેર ગમે તે થઈ શકે!

લગનગાળો આવ્યો. પિતાશ્રીએ કબાટમાં કંડિયો ભરીને જલેબી રાખેલી હતી. બિલાડીને પણ ખબર પડે તે પહેલાં કેશુને એની ખબર પડી ગઈ! એણે એમાંથી બેચાર ગૂંચળાં કાઢી લીધાં. પણ વહાલા દત્તુ વગર ખવાય કેમ? મને એકાંતમાં બોલાવી કહે, 'લે, આ જલેબી ખા.' આ પહેલાં મેં કોઈ કાળે જલેબી જોઈ કે ખાધી ન હતી. સ્વાદ જાણ્યા વગર એનો આકાર કોઈને ગમે એવો તો નથી જ હોતો. એક કટકો મેં મોઢામાં નાખ્યો, પણ એનો ખટમીઠો સ્વાદ મને ગમ્યો જ નહિ. મેં ખાવાની ના પાડી. પોતાની બહાદુરી એળે જતી જોઈને કેશુને મારા પર ચીડ ચડી. એણે મારો ગાલ પકડી જોરથી અમળાવ્યો અને કહ્યું, 'મ્હારડ્યા (ઢેડા), ખા. ખા નાહિતર મારતો બઘ.' મારની બીકે મેં જલેબી ખાધી અને કસાણું મોં કરી ત્યાંથી નીકળી ગયો. ચાર પાંચ દિવસ સુધી રોજ જલેબી ખાવાની આ જબરદસ્તી મારા પર ચાલી, અને એ 'કેળવણી'ને અંતે મને જલેબી ભાવતાં આવડ્યું!

૧૦

'મને રુક્કો આપો'

અમે કારવાર ગયા હતા. પહેલવહેલો સમુદ્ર જોવાનું કૌતુક કંઈક ઓછું થયું હતું. ઊંચાં ઊંચાં અને ઘટાદાર સરુનાં ઝાડમાંથી સૂસવતો પવન પણ હવે ઓળખીતો થઈ ગયો હતો.

હું મરાઠી નિશાળમાં ભણવા જતો. ઘણું કરીને બીજા ધોરણમાં હોઈશ. રામભાઉ ગોડબોલે કરીને એક છોકરો અમારી સાથે ભણતો હતો. એક દિવસ એણે મને પૂછ્યું, 'કેમ અલ્યા કાલેલકર, તારી પાસે પોતાના કંઈ પૈસા છે કે નહિ?' મેં મુગ્ધ ભાવે કહ્યું, 'ના ભાઈ, છોકરાઓ પાસે પૈસા ક્યાંથી હોય? એક દિવસ લિમયેને ત્યાં હું ગયો હતો, ત્યાં મને મીઠાઈ સારુ આઠ આના આપ્યા હતા. મેં તે તરત જ ઘેર આપી દીધા.' રામભાઉ કહે, 'તેથી શું થયું? એ પૈસા કહેવાય તો તારા જ. આઈ પાસેથી માંગી લેજે. આપણે બજારમાંથી કંઈક સરસ સરસ ખાવાનું લઈશું.' મેં કહ્યું, 'આપણે થોડા જ શૂદ્ર છીએ કે બજારની ચીજ લઈને ખાઈએ?' પેલો કહે, 'તું કંઈ સમજતો જ નથી. પૈસા લઈ તો આવ. પછી તને શીખવીશ, એ પૈસાનું શું કરવું તે. તારા પૈસા તને ન મળે એનો અર્થ શો?'

મને કોઈ ચીજ વેચાતી લઈને ખાવાનું મન તો હતું જ નહિ. પણ ઘેરથી હું પૈસા ન મેળવી શકું એમ ગોઠિયાઓ આગળ કબૂલ કેમ કરાય? એટલે મેં હા તો પાડી. છતાં રામભાઉએ કહ્યું, 'જો બા પૈસા આપવાની ના પાડે તો રડી રડીને પણ લેજે.'

આટલી શિખામણથી સજ્જ થઈ હું ઘેર ગયો. બીજે દિવસે સવારે આઈ પાસે પૈસા માગવા ગયો. મારા પૈસા મને કેમ ન મળે એ ભૂત મગજમાં હતું જ. પણ આઠ આના માગવાની હિંમત કોણ કરે? મેં ફક્ત એક રુક્કો માગ્યો. રુક્કો એટલે અરધો પૈસો —દોઢ પાઈ. એ સિક્કો આજકાલ જોવામાં નથી આવતો.

આઈએ કહ્યું, 'બાપુ, હું જ મારી પાસે પૈસા રાખતી નથી તે તને ક્યાંથી આપું? એમની પાસે જઈને માગી લેજે.'

હું સીધો પિતાશ્રી પાસે ગયો અને કહ્યું, 'મને રુક્કો આપો.'

કોઈ કાળે પૈસાનું નામ ન લેનાર દીકરો આજે રુક્કો કેમ માગે છે એની એમને નવાઈ લાગી. તેમણે પૂછ્યું, 'તારે રુક્કાને શું કરવો છે?'

ગોઠિયાનું નામ તો દેવાય કેમ? બજારની ચીજ લઈને ખાવી છે એમ પણ કેમ કહેવાય? આબરૂ જ જાય. અને મારા મનમાં પણ તેમ કરવાનું તો ન હતું. એટલે મેં કહ્યું, 'તે નહિ કહું. મને એક રુક્કો આપો.'

પિતાશ્રીએ ચોખ્ખેચોખ્ખું સંભળાવ્યું, 'શા માટે જોઈએ છે તે કહ્યા વગર મારી પાસેથી રુક્કો તો શું, પાઈ પણ ન મળે.'

હું પણ જીદે ચડ્યો હતો. શિખામણ પ્રમાણે મેં રડવાનું શરૂ કર્યું: 'મને......રુક્કો આ......પો, મને......રુક્કો આ......પો.' સવારથી અગિયાર વાગ્યા સુધી ચલાવ્યું. થોડા દહાડા પર મારી નાની ભાભીએ બાને મારા પિતાશ્રીને પગાર કેટલો મળે છે તે પૂછેલું. બાએ કહ્યું, 'બસો.' દસ વરસની ભાભીનું કુતૂહલ જાગ્યું. બસો રૂપિયા તે કેટલા થતા હશે? બાએ વહુના કોડ પૂરવા પિતાશ્રીને ખાસ કહેલું, 'આ મહિને નોટો ન લાવતા. બધા રોકડા રૂપિયા જ લાવજો.' રૂપિયા આવ્યા ત્યારે એક ચાંદીની થાળીમાં પાથરી બાએ ભાભીને તે બતાવ્યા હતા. મને મનમાં થયું, 'પારકા ઘરની ભાભી માટે આટલું કરે ને મને રુક્કો ન આપે!'

પિતાશ્રી કચેરીમાં ગયા અને હું રોતો રોતો ઊંઘી ગયો. સાંજ પડી. પાંચ વાગ્યે પિતાશ્રી ઘેર આવ્યા. મેં ફરી શરૂ કર્યું, 'મને રુક્કો આ...પો.' આ રુક્કાગીત રાતના દસ સુધી ચાલ્યું. આખરે મારી ઇચ્છા વગર અને જાણ્યા વગર ઊંઘે મને ઘેરી લીધો અને એ કિસ્સાનો અંત આવ્યો.

બીજે દિવસે નિશાળે જવાનું મન ન થયું. રામભાઉ પૂછે ત્યારે એને જવાબ શો આપવો એ એક જ વિચાર મનમાં ઘોળાતો હતો. મારું ચાલત તો તે દિવસે હું નિશાળે ન જ જાત. પણ હું જાણતો હતો કે, જો જવાની જરા પણ આનાકાની કરી તો

પટાવાળાની ખાંધે ચડીને જવું પડશે. એવું થાય એટલે એવડી ફજેતી : કચેરીમાં પટાવાળાઓ આગળ અને નિશાળમાં આખી દુનિયા આગળ. એટલે નિશાળે તો હું ગયો, અને રામભાઉને બધું વીતક કહી દીધું.

નવ વાગ્યે અમને એકીની રજા મળતી હતી. એ વખતે વિશ્વનાથ વકીલ નામનો એક છોકરો મારી પાસે આવ્યો. એનો ચહેરો હજી દૃષ્ટિ આગળ છે. માથાના લાંબા લાંબા વાળમાંથી એકાદ લઈને મોઢામાં ઘાલવાની તેને ટેવ હતી. વિશ્વનાથ સારા ઘરનો અને રૂપાળો દેખાતો હતો. તેના કપાળ પર પરસેવાનાં સ્વચ્છ બિંદુ ચળકતાં હતાં. એણે મને એક બાજુ પર બોલાવી કહ્યું, 'ભાઈ, ગઈ કાલથી તારી ને રામભાઉની જે વાત ચાલે છે તે હું સાંભળું છું. રામભાઉ નઠારો છોકરો છે. એ તને આજે માગીને પૈસા લાવવાનું કહેશે; તને એને ઘેરથી ખાવાનું લાવીને ખવડાવશે. થોડા દિવસ પછી ઘેરથી ચોરી કરવાનું કહેશે. પછી તો એથીયે વધારે ખરાબ કામો કરવાનું કહેશે. તું એની સોબત રાખીશ મા.'

વિશ્વનાથની શિખામણની મારા પર ભારે અસર થઈ. મેં રામભાઉની સોબત છોડી. આજે વિચાર કરતાં લાગે છે કે, ત્રીજું ધોરણ ભણનાર વિશ્વનાથની શિખામણ કંઈ એના અનુભવની તો નહિ જ હોય. ક્યાંકથી સાંભળેલું કે વાંચેલું એણે મને કહ્યું હશે. પોતાની શિખામણનો પૂરેપૂરો અર્થ સરખો એ ભલે ન જાણતો હોય, પણ એની શ્રદ્ધા પૂરેપૂરી હતી. તે વિશ્વનાથ આજે પણ દૃષ્ટિ આગળ તાજો જ છે. આજે બીચારો ક્યાં છે એ હું જાણતો નથી. એની સાથે મેં એ દિવસ દોસ્તી બાંધી ખરી; પણ એ મારા કરતાં ઉંમરે બે વરસે મોટો, એટલે એ દોસ્તી બહુ પાકી નહિ.

ભલા વિશ્વનાથ, તું ક્યાં છે, શું કરે છે, એ હું જાણતો નથી. પણ તેં મારા જીવન પર એક જ ક્ષણમાં જે અસર કરી તેને માટે તને નમન જ ઘટે છે.

૧૧

સભા

કારવારની વાત છે. એક દિવસ પિતાશ્રીએ કહ્યું, ' આજે સાંજે મારે સભામાં જવું છે.' ' સભા ' એ શબ્દ જ મારે માટે નવો હતો. મેં પૂછ્યું, ' સભા એટલે શું ? ' પિતાશ્રીએ કહ્યું, 'મોટા મોટા લોકો ભેગા થાય છે અને ભાષણો કરે છે, બધા તે સાંભળે છે.'

' ભાષણો એટલે શું ? '

' ભાષણો એટલે માણસ ઊભા થઈને મનમાં જે કંઈ આવે તે બોલી નાખે, અને લોકો બેઠા બેઠા સાંભળે. '

'ગમે તે બોલી નાખે ? '

' હાસ્તો, મનમાં આવે તે જ બોલેને ? '

' તો મારા મનમાં જે આવે તે હું સભામાં બોલી શકું ખરો ? ગમે તે બોલું અને તે ભાષણ કહેવાય ? '

' હા હા. પણ તું નાનો છે.'

મેં કહ્યું, ' મારે સભા જોવા આવવું છે.'

સાંજ પડી અને અમે સભામાં ગયા. જોયું તો સભા અમારી નિશાળમાં જ હતી. માત્ર બેસવા માટે અમારી નિશાળનાં ટાટની જગ્યાએ ખુરશીઓ અને બાંકડા ગોઠવેલાં હતાં. પિતાશ્રી આગળ જઈ ખુરશી પર બેઠા, મને ઇશારો કરી દૂર બાંકડા પર બેસવાનું કહ્યું. નાનપણની અમારી માન્યતા એવી કે, અંગ્રેજી ભણે તે જ બાંકડા પર બેસે; ગામઠી ભણતર તો ટાટ પર જ થાય. એટલે, બાંકડા પર બેસતાં કાંઈ હક વગર અસાધારણ અધિકાર મળ્યો હોય એમ મનમાં થયું. મારા હરખનો પાર ન રહ્યો. હું બાંકડા પર બેઠો છું એ કોણ કોણ જુએ છે એ જોવા માટે હું આસપાસ જોવા લાગ્યો.

એટલામાં સભા શરૂ થઈ. એક જણ ઊભો થાય, કંઈક બોલે અને બેસી જાય. એ બોલતો હોય ત્યાં સુધી બીજા કશું

બોલે જ નહિ. દેવોની પેઠે બેઠા જ રહે! અને પેલો બેસે કે તરત જ બધા તાળીઓ પાડે. મને થયું, આ મોટેરાઓને થયું છે શું કે આવી રીતે વર્તે છે? એક જણ બોલ બોલ કર્યા કરે, અને બીજા એમાં કશું ઉમેરે નહિ! અને વળી તાળીઓ શા માટે પાડતા હશે? ભેગા થયેલા લોકોમાં અમારા હેડમાસ્તર તો છેક એક ખૂણામાં ઉંદરની જેમ ભરાઈ રહ્યા હતા. નિશાળના સમ્રાટ આજે ચોરની માફક આમ ગુપચુપ કેમ ઊભા છે? પેલા પટાવાળા કરતાં પણ વધારે શરમાળ!

વક્તાઓમાં જેમને હું ઓળખું એવા તો એક લક્ષ્મણરાવ શિરગાંવકર જ હતા. તેઓ તો આકાશ તરફ જોઈને જ બોલવા લાગ્યા. શું બોલતા હતા તે તે વખતે જ નહોતો સમજ્યો, તો આજે યાદ ક્યાંથી હોય? થોડોક વખત ગયો ને હું કંટાળ્યો. ઊઠીને આમતેમ આંટા મારવાનું મન થયું. પણ બીજા કોઈ ઊઠે નહિ. એટલે અસ્વસ્થ થઈને હું બેઠો. એક આસને બેસવાની મોટા લોકોની ધીરજ જોઈને મનમાં કંઈક કૌતુક પણ થયું.

આખરે અંધારું થવા આવ્યું. દીવાની કશી વ્યવસ્થા હતી જ નહિ. મારી પેઠે કંટાળેલો પણ વ્યવહારકુશળ કોક માણસ હશે, એણે વચમાં જ ઊઠીને દીવાની માગણી કરી. થયું, બધાનું ધ્યાન ગયું કે, આપણે લાંબા વખતથી ભાષણો કરીએ છીએ. જામેલો રંગ ભાંગ્યો. સૌ ઊઠ્યા. કંઈક થોડું બોલીને બહાર ચાલ્યા. મને થયું, હાશ આપણે છૂટ્યા! ફરી કોઈ કાળે સભામાં આવીએ નહિ!

મારી જિંદગીની એ પહેલી સભા હતી.

૧૨

બે બીબાંનો ચોર

બાળક હોય કે માણસ, સ્વાદિષ્ટ પદાર્થોનો અથવા સુંદરતાનો એ જેટલો રસિયો હોય છે તેટલો જ યાંત્રિક ચમત્કૃતિ અથવા રચનાકૌશલ્યનો તે પૂજારી હોય છે. રવઈની મદદથી માખણ કેમ નીકળે છે, ગાડીના પૈડા પર લોઢાનો પાટો કેમ બેસાડવામાં આવે છે, રેંટિયામાંથી સૂતર કેમ કઢાય છે, કપડું કેમ વણાય છે, લુહારની ધમણ કેમ ચાલે છે, સંઘાડા ઉપરથી મઝાની વસ્તુઓ કેમ ઊતરે છે, એ બધું જોવામાં દરેક બાળકને, બલ્કે દરેક જીવતા માણસને, અખૂટ રસ છૂટે છે.

મારા મોટાભાઈ પાસે રબ્બરનો એક સિક્કો હતો. એની ગોઠવણ એવી હતી કે દર વખતે દબાવતાં અક્ષરો અંદર વળી જાય, શાહીની ગાદી એના પર બેસી જાય, અને ફરી દબાવે એટલે ગાદી એક કોરે ખસી તાજા ભીના અક્ષરો કાગળ પર પોતાની મુદ્રા આંકવા તૈયાર થાય. તે દિવસથી મને થયેલું કે આપણા નામનો પણ એક સિક્કો હોય તો કેવું સારું? તે વખતે હું મરાઠી બીજી ભણતો હતો. એ જ વખતે મારા મોટાભાઈએ પૂનાના શિવાજી છાપખાનામાંથી कालेलकर એટલા અક્ષરોનાં છાપવાનાં બીબાં, એ છાપખાનામાં કામ કરતા એક બીબાંનવીસ (કૉમ્પોઝીટર) પાસેથી મેળવ્યાં હતાં. એને દોરી વતી બરાબર સજ્જડ બાંધી એ વડે દરેક ચોપડી પર તે એ નામ છાપતો. એ ઊંધા અક્ષરોથી સવળું નામ છપાતું જોઈ મને કેટલુંયે આશ્ચર્ય થતું! તપાસ કરતાં જણાયું કે આવાં બીબાં બજારમાં મળતાં નથી, એટલે પિતાશ્રી પાસે કે આઈ પાસે હઠ લઈને મેળવવાનો રસ્તો તો ખુલ્લો હતો જ નહિ. એથી બીબાં મેળવવાની વાસના મનમાં ને મનમાં જ રહી ગઈ.

એ જ વરસે હું કારવાર ગયો. આ તો બીજી વાર હશે. નિશાળે જતાં રસ્તા ઉપર એક 'મોહમેડન પ્રિન્ટિંગ વર્ક્સ' આવતું.

અમારી નિશાળનો એક છોકરો એમાં કામ કરતો. મને થયું કે, આની પાસેથી બીબાં મેળવી શકાય. એક દિવસે બજારમાંથી કાંઈક ચીજ લઈને હું પાછો આવતો હતો. રસ્તામાં છાપખાનું જોયું. અંદર ગયો તે યંત્ર કેમ ચાલે છે તે જોવા માટે જ. પણ અંદર પેલો નિશાળિયો કામ કરતો જોવામાં આવ્યો. મેં એને કહ્યું, 'મારા નામના ટાઈપ મને આપજેને!' એણે મને પૂછ્યું, 'મને શું આપીશ?' મારી પાસે આપવા જેવું હતું જ શું? મેં એને કહ્યું, 'દોસ્ત તરીકે એમ ને એમ આપજે.' એણે હાવકું મોઢું કરી કહ્યું, 'આપણે દોસ્ત તો ખરા, પણ ટાઈપ ન અપાય. છાપખાનામાં કામ કરતી વખતે અમારે સોગન લેવા પડે છે કે આમાંથી એકે ટાઈપ બહાર ન જાય.' મને એની સાથે દલીલ કરવાનું ન સૂઝયું, પણ મનમાં તો થયું કે એને હું પૈસો આપત તો આપવામાં એને વાંધો ન હતો, ત્યારે એના સોગન કયાં જાત?

મેં એના પર વેર વાળવાનું નક્કી કર્યું. એ જરાક આડો-અવળો થયો, એટલામાં એની આગળના ટાઈપ હળવેથી ઉપાડયા અને ત્યાંથી પસાર થઈ ગયો. મેં જોયું હતું કે ટાઈપ કાનડી છે ને એ મારા કામના નથી. પણ ચિડાયેલો માણસ કયાં ઝાઝો વિચાર કરવા બેસે છે? અને હું તો ચિડાયેલો બાળક હતો. રસ્તે હું વિચાર કરવા લાગ્યો કે પેલો લુચ્ચો એ ટાઈપ વગર હેરાન હેરાન થશે. મેં એ જ બીબાં લીધાં હતાં, પણ એટલાથી જ મને સંતોષ હતો. હજી થોડાક આગળ હું ગયો હોઈશ એટલામાં તો પાછળથી દોડતા આવી એણે મને પકડયો. હાથમાં ટાઈપ તો હતા જ. એણે કડકાઈથી કહ્યું, 'ચાલ હવે અમારા માલિક પાસે.' હું રોઈ પડયો. મેં કહ્યું, 'તારા ટાઈપ પાછા લે, પણ મને છોડ. દોસ્ત માટે તું આટલું પણ ન કરે?' એણે મને જવાબ સરખોયે ન આપ્યો અને મારું કાંડું પકડી માલિકની દુકાન પર મને લઈ ગયો. હું એ જ દુકાનેથી થોડા વખત પહેલાં ઘરમાં જોઈતી વસ્તુઓ ખરીદી લઈ આવ્યો હતો. એ વખતે હું શાહુકાર હતો; આ ક્ષણે એ જ દુકાને ચોર તરીકે જવાનું મારા નસીબમાં હતું.

અમલદારના છોકરાઓનું જીવન બેવડું હોય છે. પિતા જોડે જ્યારે એ ફરે ત્યારે બધે એને આદરપૂર્વક આવકાર મળે; બેસવાને

ખુરશી મળે; 'કેમ છો' કરીને મોટા મોટાઓ પણ એને સવાલ પૂછે. પણ જ્યારે એ નિશાળે જાય અથવા ગોઠિયા જોડે એકલો ફરે ત્યારે એ સામાન્ય માણસ થઈ જાય છે. મને પોતાને પિતાશ્રી સાથે ફરતાં મળતા આદરનો જરાયે સ્વાદ ન હતો. એમાં કૃત્રિમતા હતી અને ભારે બંધનની અંદર રહેવું પડતું. ફરવા જઈએ અને પટાવાળો સાથે હોય તો તે જરાયે ગમે નહિ. હા, જો પટાવાળો સાચી કે કૃત્રિમ રીતે બાળક થઈ મારી વાતો ધ્યાન દઈને સાંભળે તો તો એને ગોઠિયાની પેઠે વધાવી લઉં.

આ દુકાનદારને ત્યાં હું પ્રતિષ્ઠિત તરીકે ઘણી વાર ગયેલો. મનગમતી છત્રી મળે નહિ ત્યાં સુધી કેટલીયે છત્રીઓ એની પાસેથી મેં ફેરવાવી હતી. અને આજે એ બીબાંનો ચોર થઈ એની આગળ મારે જવાનું હતું. હું રોતો રોતો જ દુકાનમાં ગયો;—ગયો શાનો? પેલો બીબાંનવીસ મને ખેંચતો લઈ ગયો. દુકાનમાં માલિક ન હતો. એનો ચૌદ પંદર વરસનો દીકરો ત્યાં ઊભો હતો. બીબાંનવીસે પોતાની કેફિયત રજૂ કરી. મને ઇન્કાર કરવાનીયે બુદ્ધિ ન સૂઝી, કેમ કે મને ચોરીની ટેવ તો હતી જ નહિ. આ મારી પહેલવહેલી ચોરી હતી. મેં રોતાં રોતાં કહ્યું, 'ફરી આવું નહિ કરું.' દુકાનદારના દીકરાને આ બધું સાંભળવાની પણ દરકાર ન હતી. એ એટલું જાણતો હતો કે આ અમલદારનો દીકરો છે, અને સવાલ તો બે બીબાંનો જ છે. એટલે બેપરવાઈના અવાજથી એણે કહ્યું, 'તમે આ બીબાં લઈ શકો છો. એમાં તે વળી શી મોટી વાત?' મેં બીબાં લેવાની ના પાડી. એણે ફરી કહ્યું, 'હું સાચે જ કહું છું કે તમે એ લઈ શકો છો.' મેં કહ્યું, 'મારે એ બીબાં જોઈતાં જ ન હતાં,' એટલે એણે એ બીબાં હાથમાંથી લઈ રસ્તા પર ધૂળમાં પડતાં મૂકયાં અને પોતાને કામે વળગ્યો. જતાં જતાં એણે પેલા બીબાંનવીસ તરફ નામરજીની નજરે જોયું. છૂટયાનો આનંદ માની હું ઘેર ગયો. બનેલી વાત કોઈને કહી તો નહિ જ, પણ ઘરમાંથી કોઈ પણ મને એ દુકાનમાંથી ચીજ લાવવા મોકલે તો ગમે તે બહાનું કાઢી હું ટાળતો. જ્યારે પેલો બીબાંનવીસ થોડા જ દિવસમાં શાળા છોડીને ગયો ત્યારે મને હાશ જેવું થયું.

૧૩

બીકણ હિંમત

કારવારમાં એક વાર અમે ઉખા શેઠની વખારમાં રહેતા હતા. એ મકાનનું નામ પડયું હતું વખાર, પણ હતો ખાસો શોખીન બંગલો. બંગલાનાં બારીબારણાંમાં બધે રંગબેરંગી કાચ જડેલા હતા. મેડા પરનો ભાગ અમારા તાબામાં ન હતો, છતાં અમે છોકરાઓ તે વાપરતા તો હતા જ.

એક વખત અમે એક બહુ જ રૂપાળી બિલાડી ચોરી આણી હતી. એને માટે રંગીન આયના-મહાલ બનાવવો હતો. કેશુએ અને મેં મળીને ઉપલે માળે જઈ પાછળની બાજુની બારીના પાંચ લીલા પીળા કાચ કાઢી લીધા. પછી સુતાર પાસે જઈ એક દેવદારની પેટીમાં બારી બારણાં કપાવી એનો નાનકડો મહેલ બનાવ્યો અને તેમાં પેલા કાચ બેસાડી દીધા. પૂરેપૂરું ભાડું આપીએ છીએ તો કાચ ન વાપરીએ? અમે વખાર ભાડે ન લેત તો અહીં ઉંદર પણ ન રહેત. ત્રણ ચાર કાચ વાપર્યા તેમાં શું થયું? આવી દલીલ પોતાની સાથે કરી, પસ્તાતા મનને અમે શાંત પાડયું.

બંગલાની આસપાસ આંબાનાં ઝાડ હતાં. બધાં જ પાયરી જાતનાં. આસપાસ ઈંટચૂનાની વાડ હતી. બંગલાની સામે, બધે હોય છે તેમ, ઈંટચૂનાના બે મોટા થાંભલા હતા; અને એ ઊંચા થાંભલા પર, એક થાંભલાથી બીજા થાંભલા સુધી પહોંચતું છ ઇંચ ચોરસ જાડું લાકડું બેસાડયું હતું. એક દિવસ દીવાલ પરથી હું થાંભલા પર ચડી બેઠો. ત્યાં બેસી મારે ચોપડી વાંચવી હતી. મને આમ બેઠેલો જોઈ કેશુ સામી બાજુની દીવાલ પરથી બીજા થાંભલા પર ચડી બેઠો. પ્રવેશદ્વાર પર અમે બંને જયવિજયની પેઠે સામસામા બેઠેલા. મને એની ખૂબ મજા પડી. હું એક આર્યા લલકારવા લાગ્યો.

'पूर्वी जयविजयातें सनकादिकींच्या विवाद शापानें ।
झाले जन्मत्रय परि मुक्तिस नेलें रतीश बापानें.' ॥

પણ એટલામાં કોણ જાણે મને જ એક શાપ નડચો. કેશુ મને કહે, 'આ લાકડાના પુલ પરથી મારી તરફ ચાલતો આવ.' કેશુની આજ્ઞા તો તોડાય જ નહિ. એને હંમેશ આજ્ઞા કરવાની ટેવ અને અમને બધાને એનો હુકમ ઉઠાવવાની ટેવ.

મેં જોયું તો, મોટી ગાડી અંદર આવી શકે એટલો રસ્તો છોડી આ થાંભલા ઊભા કરેલા, એટલે જમીનથી એની ઊંચાઈ પણ ઓછી ન હતી. અને લાકડાંનો એ પુલ પૂરો છ ઇંચ પહોળો પણ માંડ હશે. એને વટાવીને જતાં પગ જરૂર લપસી જવાનો. અધવચ ચક્કર આવે તો તો પગ લપસ્યા વગર જ હું પડવાનો. મેં ભાઈને કહ્યું કે, 'આ તો કામ અઘરું છે. આપણાથી એ નહિ બને.' ભાઈએ પ્રથમ ઉત્તેજન આપી કહ્યું, 'બીશ મા, તારે માટે એ જરાય અઘરું નથી.' નાનપણમાં જો કસરતની મને ટેવ હોત તો તો એ કામ જરાય અઘરું નહોતું. પણ કેમે કરીને મારી હિંમત ચાલે નહિ. ભાઈએ પછી સખતાઈથી હુકમ કાઢચો, 'તારે આવવું જ પડવાનું છે. હવે તું કાંઈ નાનો નથી; ખાસ્સો દસ વરસનો થયો છે. આટલીયે હિંમત ન થાય? હું કહું છું કે આવ.' મેં પણ દૃઢતાથી જવાબ વાળ્યો, 'એ તો નહિ જ બને.' કેશુને ચિડાતાં વાર લાગતી ન હતી. એ બોલ્યો, 'જોજે હોં! તું આવીશ તો ઠીક; નહિતર આજે તો તને એવો મારવાનો છું કે તારા ગાલ લોહીલુહાણ કરી મૂકવાનો.' મેં મનમાં વિચાર કર્યો કે માર ખાવો એ તો રોજનો અનુભવ છે. એમાં તો આપણે પંડિત છીએ. પણ આટલે ઊંચેથી પડીને માથું ભાંગી જાય એ પોસાય નહિ. એટલે મેં ભાઈની આજ્ઞાનો પહેલી વાર સાદર નિરાદર કર્યો. કેશુને મેં નમ્રતાથી કહ્યું, 'ભાઉ, એ મારાથી નથી જ થવાનું. તું ગમે તે કરજે, પણ મારો પગ નથી જ ઊપડવાનો.'

ભાઉ પણ આ મારી બીકણ દૃઢતા જોઈ ચોંકી ગયો. આખરે એણે કહ્યું, 'જા રડચા અહીંથી; તું તો આવો જ રહેવાનો. હવે હું જ તને ચાલી બતાવીશ.' બસ, મારની બીકથી જે કાર્ય ન થયું તે આ વેણથી થયું. કેશુ ચાલી બતાવશે અને

પહેલવહેલો આ પુલ પસાર કરશે, પછી મારી આબરૂ શી રહી ? હું એકદમ ઊઠયો અને સીધો પુલ પરથી સામી બાજુ ગયો. સામી બાજુ કેશુ પણ ઊભો થયો હતો. એણે મને બાથમાં જ લીધો. એની આંખમાં હર્ષનાં આંસુ હતાં. એણે મારી પીઠ થાબડી કહ્યું, 'હું તને નહોતો કહેતો કે તારે માટે એ અશક્ય નથી ? તારી શક્તિ તારા કરતાં હું જ વધારે જાણું છું.' પછી તો કેટલીયે વાર હું આ બાજુથી પેલી બાજુ અને પેલી બાજુથી આ બાજુ જઈ આવ્યો.

તે દિવસે સાંજે કેશુએ મને હનુમાનની વાર્તા કહી. સીતાની ભાળ લાવવા માટે લંકા સુધી કોણ કૂદી જાય એની મસલત વાંદરાઓમાં આ પાર ચાલતી હતી. સમુદ્ર ઓળંગી જવાની શક્તિ એકલા હનુમાનની જ હતી. પણ દેવોએ એવું નક્કી કર્યું હતું કે, હનુમાનને જ્યાં સુધી કોઈ કહે નહિ કે તારામાં આટલી શક્તિ છે ત્યાં સુધી એનામાં એ શક્તિ પ્રગટ થાય નહિ. એનામાં આત્મવિશ્વાસ આવે નહિ.

૧૪

ગણુપતિનો પ્રસાદ

છેક નાનપણની વાત છે.

ભાદ્રપદનો મહિનો આવ્યો. ગણપતિ બાપા મોરયા ઘરમાં પધાર્યા. ટેબલ પર એક સુંદર કીમતી બનૂસ પાથરેલું હતું. એના પર લાખી રંગનો પાટલો. પાટલા પર કુંકુમ મિશ્રિત અક્ષત અને એના ઉપર ગજાનન મહારાજ વિરાજમાન હતા. ટેબલ આગળ જમીન પર તાંબાના મોટા તરભાણામાં હળદર અને ચૂનાથી બનેલું લાલ પાણી ભરેલું હતું. એ પાણીમાં ગણુપતિનું જે ઊંધું પ્રતિબિમ્બ પડે એ જોવાથી વધારે પુણ્ય મળે છે, એવી એ વખતની માન્યતા. આજની ભાષામાં કહું તો પાણીમાં પડેલું પ્રતિબિમ્બ મૂળ બિમ્બ કરતાં વધારે કાવ્યમય હોય છે.

ગણુપતિની પૂજા થઈ. ગણપતિની બે બાજુ પર બેઠેલી ગૌરીઓની પણ પૂજા થઈ. આ ગૌરીઓ તે ગણપતિની માતાઓ. એક ગૌરી એક નાનકડા માટલા પર માટીનું કોડિયું કે તાંસળી ઊંધી મૂકીને બનાવવામાં આવે છે. એ ગૌરીના પેટમાં ચોખા, હળદરનો ગાંઠિયો, સોપારી અને પંચરત્ન મૂકવામાં આવે છે. ગળામાં મંગળસૂત્ર. ઢાંકણા ઉપર નાક, કાન, આંખો અને માથા પરના વાળ ચીતરેલા હોય છે. આ ગૌરીની પૂજા આખો શ્રાવણ મહિનો થાય છે. બીજી ગૌરી એ વનશ્રીની શોભા હોય છે. એકવીસ જાતનાં પાંદડાં ભેગાં કરી એની મોટી પૂળી બાંધવામાં આવે છે, અને એની આસપાસ બે પારણાં વચ્ચે બેઠેલી ગૌરીના ચિત્રવાળો કાગળ વીંટળાયેલો હોય છે.

આવા ગણુપતિની અને એની બે માતાઓની વિધિસર પૂજા થઈ. અમે તાળીઓ વગાડતાં વગાડતાં આરતી પૂરી કરી અને ગણુપતિના પ્રસાદના મોદક ભક્ષણ કરી રમવા ગયા.

ઘરમાં કોઈ સામાન્ય મહેમાન આવે તોયે અમને બાળકોને આનંદ થતો; તો પછી તહેવારને દિવસે ગણુપતિ જેવા દેવ પધારે ત્યારે તો પૂછવું જ શું? અમારી સ્વાગતસમિતિએ બે ત્રણુ દિવસ કસીને મહેનત કરી હતી અને ગણુપતિની આસપાસ સરસ શોભા સજાવી હતી. સાંજે ચંદ્રદર્શન કરાય નહિ એટલા માટે અમે રમત જલદી પૂરી કરી ઘેર આવ્યા. તે દિવસે બપોરે પડોશના એક ભાઈએ મને ટચલી આંગળી જેટલી જાડી અગરબત્તી આપી હતી. અમારા ઘરમાં તો અગરબત્તીઓ બધી પાતળી જ રહેતી. મને અનુમાન થયું કે જાડી અગરબત્તી કીમતી હોવી જ જોઈએ. એની સુગંધ પણુ વધારે સારી હોવી જોઈએ. અગરબત્તી લઈને ઘરમાં ઘૂસ્યો, ત્યાં ગજાનન મહારાજ જોયા. મનમાં ભક્તિનો ઊભરો ઉદ્ભવ્યો. આટલી સરસ અગરબત્તી તો ગણુપતિને જ અપાય. ફરી વાર મનમાં થયું કે સાંજરે ફટાકા ફોડતી વખતે જાડી અગરબત્તી કેટલી કામમાં આવશે! રાતના ફટાકા અને સન્મુખ બેઠેલા ગણુપતિ વચ્ચે મનમાં લાંબા વખત સુધી સ્વયંવર ચાલ્યો. આખરે દુન્યવી ડહાપણે માંડવાળનો રસ્તો સુઝાડ્યો. અરધો ભાગ ગણુપતિને આપીએ અને અરધો ફટાકા માટે રાખીએ. આટલી લાંબી અગરબત્તી તોડતાં પ્રથમ તો જીવ ન ચાલ્યો. આખરે બે કકડા કર્યાં. પણુ અંદરની વાંસની સળી કંઈ એમ ને એમ તૂટે? બીજું કશું સાધન ન હોય તોયે ઈશ્વરે દાંત અને નખ તો આપ્યા જ છે. એમનો ઉપયોગ કર્યો અને અગરબત્તીનો અરધો ભાગ સળગાવી, ટેબલને અડી ન જવાય એની સાવચેતી રાખી, સળગતો છેડો ખુલ્લો રહે એવી રીતે અગરબત્તી બનૂસ ઉપર અધ્ધરથી મૂકી દીધી. દાંત વાપરીને અગરબત્તી એંઠી કરી એનો ખટકો મનમાં સહેજ આવ્યો, પણુ એને ત્યાં જ દાબી દીધો અને ફટાકા ફોડવા મેડા પર ચાલ્યો ગયો.

આ વખતે અમે કારવારમાં રામજીશેઠ તેલી નામના કચ્છી વેપારીના ઘરમાં ભાડે રહેતા હતા. રામજીશેઠ પાસે જઈ મેં વાર્તાની ઉઘરાણી કરી. એમણે પણુ, એક રાજાએ જંગલમાં સરસ દૂધ પાનાર ભરવાડ પર ખુશ થઈને એને એક પાંદડા પર બક્ષિસપત્ર કરી આપેલાં ૩૬૦ ગામ એની બકરી એ પાંદડા સાથે ખાઈ

ગઈ, તેની રમૂજી વાર્તા કહી દીધી. બીચારો ભરવાડ રોવા લાગ્યો : '**कहुं कुछ कहुं कुछ कहा न जावे...बकरी ३६० गाम खा कर गई और भूखी की भूखी.**' નાનપણના એ શબ્દો જેવા ને તેવા હજી બરાબર યાદ છે; એ ભાષા ગુજરાતી છે કે કચ્છી છે કે મારવાડી તેનું સંશોધન હજી મેં નથી કર્યું.

વાર્તા સાંભળીને ઘરમાં પાછો આવ્યો તો ત્યાં ટેબલ પરનું બનૂસ ટેબલ પર ન હતું. પિતાશ્રીના હાથમાં હતું અને એમાં બળી જઈને ખાસ્સું કરેણના પાંદડા જેટલું કાણું પડી ગયું હતું! તહેવારને દિવસે સરસ બનૂસ બગડી ગયું અને અપશુકન જેવું તો ખરું જ, એટલે પિતાશ્રી ચિડાયા હતા. એમણે મને પૂછયું, 'આ કોણે કર્યું છે?' મારી અગરબત્તીનો પ્રતાપ હું તરત જ ઓળખી શક્યો, એટલે ડરતાં ડરતાં મેં કહ્યું, 'મેં જ.' તરત જ મારા લમણા પર ફટાકો ફૂટયો અને બીજો વાંસે. હું ત્યાંથી રોતો રોતો નાઠો.

આઈ સાથે વાતચીત કરવાની નવરાશ મળી ત્યારે મેં ડૂસકાં ભરતાં કહ્યું કે, 'બનૂસ બળી જશે તેનો ખ્યાલ મને ક્યાંથી આવે? મેં તો ભક્તિથી અગરબત્તીનો એક કકડો સળગાવી મૂક્યો હતો.' પણ ગણપતિ રાજી ન થયા.

મારી વાત જાણ્યા પછી પિતાશ્રીને પણ માઠું લાગ્યું કે નાહક તહેવારને દિવસે આપણે દત્તુને માર્યો. મને આટલેથી જ સંતોષ થયો.

અગરબત્તીનો બીજો કકડો સળગાવી જોયો ત્યારે એમાં જરાયે સુગંધ ન મળે. પછી તો એ અગરબત્તી પર હું ખૂબ ચિડાયો. સાચે જ એ અગરબત્તી માત્ર ફટાકા ફોડવાના જ કામની હતી.

૧૫

ગોકર્ણની યાત્રા

લંકાપતિ રાવણ હિમાલયમાં જઈને તપશ્ચર્યા કરવા બેઠો. એની માએ એને મોકલ્યો હતો. શિવપૂજક મહાન સમ્રાટ રાવણની મા શું મામૂલી પથરાના લિંગની પૂજા કરે? એણે દીકરાને કહ્યું, 'જા બેટા, કૈલાસ જઈ મહાદેવ પાસેથી જ એનું આત્મલિંગ લઈ આવ. તો જ મારે ત્યાં પૂજા થઈ શકે.' માતૃભક્ત રાવણ ઊપડ્યો. માનસ સરોવરમાંથી રોજ સહસ્ર કમળ તોડી કૈલાસનાથની પૂજા કરવા લાગ્યો. તપશ્ચર્યા હજાર વરસ ચાલી.

એક દિવસ, કોણ જાણે શાથી, નવ કમળ ઓછાં આવ્યાં. પૂજા કરતાં કરતાં ઉઠાય નહિ અને સહસ્રની સંખ્યામાં એક પણ કમળ ઓછું હોય એ ચાલે નહિ. હવે શું થાય? આશુતોષ મહાદેવ શીઘ્રકોપી છે. સેવામાં જરાક ન્યૂનતા આવી તો સર્વનાશ જ. રાવણની બુદ્ધિ કે હિંમત કાચી હતી જ નહિ. તેણે એક એક શિરકમળ ઉતારી ચડાવવા માંડ્યું. આવી ભક્તિથી શું ન પ્રાપ્ત થાય? ભોળાનાથ રાજી થયા. કહેવા લાગ્યા. 'વર માગ, વર માગ. જેટલું માગે તેટલું ઓછું.' રાવણે કહ્યું, 'મા પૂજામાં બેઠી છે. તારું આત્મલિંગ જોઈએ છે.' શબ્દ નીકળવાની જ વાર. શંભુએ હૃદય ફાડી આત્મલિંગ કાઢી આપ્યું.

ત્રિભુવનમાં હાહાકાર વર્તી ગયો. દેવોના દેવ મહાદેવ આત્મલિંગ આપી બેઠા! અને તે પણ કોને? સુરાસુરના કાળ રાવણને! હવે ત્રિલોકાનું શું થશે? બ્રહ્મા દોડ્યા વિષ્ણુ પાસે. લક્ષ્મી સરસ્વતીને પૂછવા ગયાં. ઇન્દ્ર મૂર્છિત થયો. આખરે વિઘ્નનાશક ગણપતિની સૌએ આરાધના કરી અને કહ્યું, 'ગમે તે કરજે, પણ આ લિંગ લંકા પહોંચવા ન પામે એમ કરજે.'

મહાદેવે રાવણને કહ્યું હતું, 'લે આ લિંગ. જ્યાં જમીન પર રાખીશ ત્યાં જ તે સ્થિર થઈ જશે.' મહાદેવનું લિંગ પારા

કરતાંયે ભારે. રાવણ લઈને પશ્ચિમ સમુદ્રને કિનારે કિનારે જતો હતો. સાંજ પડવા આવી હતી. રાવણને લઘુશંકાની હાજત થઈ. શિવલિંગ હાથમાં રાખી બેસાય નહિ; જમીન પર તો કેમ જ રખાય? આ મૂંઝવણ ચાલતી હતી ત્યાં, દેવોના સંકેત પ્રમાણે, ગણેશજી ભરવાડના છોકરાનું રૂપ લઈને ગાયો ચારતા પ્રગટ થયા. રાવણ કહે, 'અલ્યા છોકરા, આ લિંગ જરાક ઝાલ જોઉં. જમીન પર રખે મૂકતો.' ગણેશ કહે, 'આ છે તો ભારે. થાકી જઈશ તો ત્રણ વાર બૂમ પાડીશ. એટલામાં તું આવ્યો તો ઠીક, નહિ તો પછી તારી વાત તું જાણે.'

હાજત તો લઘુશંકાની જ હતી. એને કેટલી વાર લાગે? રાવણ બેઠો. કોણ જાણે આજ એના પેટમાં સાત સમુદર ભરાઈ રહ્યા હતા! જનોઈ કાને ભેરવી એટલે તો બોલાય પણ નહિ! સિદ્ધિવિનાયકે, કરાર પ્રમાણે, ત્રણ વાર રાવણના નામની બૂમ પાડી, અને 'અ ર્ ર્ ર્ ર્'ની ચીસ પાડી લિંગ જમીન પર મૂકી દીધું! મૂક્યું કે પાતાળ સુધી તે પહોંચી પણ ગયું! રાવણ ક્રોધે રાતો થઈને આવ્યો અને ગણપતિના કપાળમાં ભડાક દઈને મુક્કો માર્યો. ગજાનનનું માથું લોહીલોહાણ થઈ ગયું.

પછી રાવણ દોડ્યો લિંગ ઉખેડવા. પણ તે વાત તો હવે અશક્ય હતી. પાતાળ સુધી ગયેલું લિંગ હાથમાં કેમ આવે? આખી ધરતી ધ્રૂજે પણ લિંગ બહાર આવે નહિ. આખરે રાવણે લિંગ ઝાલી આમળી નાખ્યું; એટલે એના ચાર કકડા હાથમાં આવ્યા. નિરાશાના આવેશમાં તેણે ચારે કકડા ચાર દિશામાં ફેંકી દીધા અને બીચારો લંકા પાછો ગયો.

આમળેલા લિંગનો મુખ્ય ભાગ જે રહ્યો તે જ ગોકર્ણ-મહાબળેશ્વર. આખી પૃથ્વી પર એના કરતાં વધારે પવિત્ર તીર્થસ્થાન નથી.

ગોકર્ણ-મહાબળેશ્વર કારવાર અને અંકોલા એ બે બંદર વચ્ચે આવેલા તદડી બંદરથી છએક માઈલ દક્ષિણે બરાબર સમુદ્રને કાંઠે આવેલું છે. દક્ષિણ દેશમાં કાશી કરતાંયે એનું માહાત્મ્ય વધારે છે. લિંગ મોટે ભાગે જમીનની અંદર જ છે. તેની જળાધારીમાં વચ્ચોવચ એક મોટું કાણું રાખેલું છે. તેમાંથી અંદર અંગૂઠો

નાખીએ ત્યારે અંદરના લિંગનો સ્પર્શ થાય. દર્શનનો તો સવાલ જ નહિ. ત્યાંના પૂજારીઓ કહે છે કે લિંગની શિલા અત્યંત સુંવાળી છે. ભક્તોના સ્પર્શથી એ ઘસાઈ જાય છે, તેથી પ્રાચીન લોકોએ આ વ્યવસ્થા કરી છે. ઘણા વખત પછી શુભ શુકન થાય એટલે જળાધારી કાઢી, આજુબાજુનું ચણતર દૂર ખસેડી, મૂળ લિંગ બે ત્રણ હાથ ઊંડે સુધી ખુલ્લું કરે છે. અમુક મહિના સુધી ખુલ્લું રાખ્યા પછી મોતીચૂનો બનાવી આસપાસનું ચણતર ફરી ચણી નાખે છે. આ ક્રિયાને, હું ભૂલતો ન હોઉં તો, 'અષ્ટબંધ' કે એવું જ કંઈક નામ આપેલું છે.

અમે કારવાર હતા ત્યારે એક વાર કપિલાષષ્ઠી જેવો દુર્લભ અષ્ટબંધનો એ યોગ આવ્યો. પિતાશ્રી, આઈ અને હું, અમે ત્રણ જણાં એ યાત્રાએ ગયાં. તદડી બંદર ઉપર મને તેડી લેવા માટે 'કુલી' કરવામાં આવ્યો હતો. એના ખભા પર બેસી હું ગોકર્ણ ગયો. કોટિતીર્થમાં નાહ્યો. ગોકર્ણ–મહાબળેશ્વરનું દર્શન કર્યું. સ્મશાનભૂમિ અને તેની રખેવાળી કરનાર હરિશ્ચંદ્રનું દર્શન કર્યું. હાડકાં નાંખીએ તો હાડકાં ઓગળી જાય એવા પાણીવાળું એક તીર્થ જોયું. અહલ્યાબાઈના અન્નછત્રમાં તે સાધ્વીનું બાવલું જોયું. માથે ઘવાયેલા અને બે હાથવાળા એવા ગજાનનનું દર્શન કર્યું. બ્રહ્માની એક મૂર્તિ જોઈ, અને સૌથી અગત્યની વાત તે રાવણની પેલી પ્રખ્યાત લઘુશંકાનો કુંડ પણ જોયો! આજે પણ તે ભરેલો હોય છે ને નાક ફાડી નાખે એટલો ગંધાય છે. બીજું ઘણું જોયું હશે, પણ આજે તે યાદ નથી. હા, આ પ્રદેશની ખાસિયત તો કહેવી ભૂલી જ ગયો. ઘર ગરીબનું હોય કે તવંગરનું, જમીન તો ગારાની, પણ કાળા આરસપહાણ જેવી સખત અને ચકચકતી જ હોય. સાચે જ અંદર મોઢું દેખાય! ગરમીના દિવસોમાં બપોરે કંઈ પણ પાથર્યા વગર માણસ એ ગારાની છો પર સુખેથી સૂઈ શકે. વખતોવખત આ જમીન છાણ ને મેશ ભેળવી તેનાથી લીંપવામાં આવે છે. પણ આ લીંપણ હાથ વતી થાય નહિ. સોપારીના ઝાડ પર એક જાતનું પૂંઠું તૈયાર થાય છે. તેના વતી જમીન ઘસી ઘસીને ઓપવામાં આવે છે. આ પૂંઠાને ત્યાંની ભાષામાં 'પોવલી' કહે છે.

ગોકર્ણથી પાછા આવતાં તદડી સુધી દરિયાવાટે વાફર એટલે સ્ટીમલોંચમાં બેસીને જવાનો વિચાર રાખેલો. મોસમનું તોફાન શરૂ થવાને બહુ જ થોડા દિવસ હતા. આઠ દિવસ પછી આગબોટો પણ બંધ થવાની હતી. એટલે પાછા જનાર યાત્રાળુઓની ભીડ પાર વગરની હતી. તદડી બંદરેથી ચડનાર લોકોને સ્ટીમરમાં જગ્યા મળે કે નહિ એની જ શંકા હતી. એટલા માટે જ અમે સ્ટીમલોંચમાં બેસી સ્ટીમર સુધી વહેલા પહોંચવાનું પસંદ કર્યું હતું.

ગોકર્ણનું બંદર કંઈ બાંધેલું નથી. કાંઠેથી મારી છાતી જેટલા પાણી સુધી તો ચાલીને જવું પડતું. ત્યાં હોડીમાં બેસી સ્ટીમલોંચ સુધી જવું પડતું. જુવાન લોકો હોડી સુધી ચાલતા જાય. બૈરાંછોકરાં તો કુલીની ખાંધે બેસી અથવા બે કુલીના હાથની પાલખી બનાવી તેના પર બેસી જાય.

શરૂઆતમાં જ એક અપશુકન થયા. એક ગરીબ ડોશી શરીરે ખૂબ સ્થૂળ; પણ બે કુલી કરવા જેટલા પૈસા એની પાસે ન હતા. એણે એક લોભી કુલીને સહેજ વધારે મજૂરી આપવાની લાલચ બતાવી પોતાને ખાંધે ઉપાડી જવાનું કબૂલ કરાવ્યું. પેલો હતો દૂબળો. એ કાંઠે બેઠો. વિધવા ડોશી એને ખંધોલે સવાર થઈ. પણ કુલી ઊઠવા જાય છે ત્યાં તો બંને તોલ ગુમાવી ગબડી પડયાં. એટલામાં એક અદેખા મોજાએ દોડતા આવી બંનેને કૃતાર્થ કર્યાં.

બોટ લગભગ છેલ્લી હોવાથી ગોકર્ણમાં પણ યાત્રીઓ ઘણા હતા. તે બધા સ્ટીમલોંચમાં કેમ માય? એટલે, સો માણસો બેસી શકે એવડો મોટો એક પડાવ, એટલે કે હોડી, સ્ટીમલોંચની પાછળ બાંધી દેવામાં આવ્યો હતો. અને એની પાછળ કસ્ટમ ખાતાના એક અમલદારની સફેદ હોડી બાંધવામાં આવી હતી. મેં જોયું કે ખાનગી હોડીઓનાં હલેસાં કડછી જેવાં ગોળ હોય છે, જ્યારે કસ્ટમવાળાઓનાં હલેસાં ક્રિકેટ-બેટ જેવાં લાંબાં લાંબાં ને ચપટાં હોય છે.

અમારો સંઘ સવેળા ઊપડયો. એક બે માઈલ ગયા હોઈશું એટલામાં આકાશ વાદળાંથી ઘેરાયું; પવન જોરથી ઘૂઘવવા લાગ્યો;

ભારે ઉજાણી મળી ગઈ હોય તેમ મોજાં જોરથી ઊછળવા લાગ્યાં; હોડીઓ ડોલવા લાગી; અને સ્ટીમલૉંચ પરનું તાણ પણ વધવા લાગ્યું. અરે! આ શું? ટીપાં! વરસાદનાં ટીપાં! મોટાં મોટાં બોર જેવડાં ટીપાં! હવે શું થશે? મોજાં જોરજોરથી ઊછળવા લાગ્યાં. સ્ટીમલૉંચ તોફાની ઘોડાની પેઠે ઉપર નીચે કૂદવા લાગી. પાછળની હોડીનાં રાંઢવાં કરૂરૂરૂ કરૂરૂરૂ અવાજ કરવા લાગ્યાં. એટલામાં સ્ટીમલૉંચ અને હોડી વચ્ચે એવું તો એક મોટું મોજું આવ્યું કે હોડી દેખાય જ નહિ!

હું સ્ટીમલૉંચમાં બૉઇલર પાસેની પાટિયાંની બેઠકી પર બેઠો હતો. અમારા ટંડેલને બનતી ઉતાવળે સ્ટીમર સુધી પહોંચવું હતું. એણે સ્ટીમલૉંચ ગાંડાની પેઠે પૂરજોશમાં છોડી દીધી. પાટિયું ગરમ થયું. હું દાઝવા લાગ્યો. શું કરવું એ સૂઝે નહિ. જરા ખસવા જાઉં તો 'સમુદ્રાસ્તૃપ્યન્તુ' થવાય! અને બેસવું તો લગભગ અશક્ય! આ મૂંઝવણમાંથી ભયંકર રીતે છુટકારો મળ્યો. સમુદ્રનું એક પ્રચંડ મોજું ચડી આવ્યું અને એણે મને નખશિખાન્ત નવડાવી દીધો. હવે બેઠકી ગરમ રહે જ શાની? પિતાશ્રી મૂંઝાયા. આઈને તો કુળદેવનું સ્મરણ સૂઝયું: 'મંગેશા! મહારુદ્રા! માયબાપા! તૂચ આતાં આમ્હાલા તાર.' વરસાદ મુશળધાર પડવા લાગ્યો. અમે સ્ટીમલૉંચવાળા કંઈક સુરક્ષિત હતા. પણ પેલા હોડીવાળાઓનું શું? શરૂશરૂમાં તો સ્ટીમલૉંચને પાણી કાપવાનું હોવાથી તેમાં પાણી સહેલાઈથી આવતું; જ્યારે હોડીને દરેક આવતા મોજા પર સવાર જ થવાનું હોવાથી, હોડી ગમે તેટલી ડોલે તોપણ પાણી અંદર આવતું નહિ. પણ જ્યારે પવન અને વરસાદ વચ્ચે હરીફાઈ શરૂ થઈ અને બંનેનું અટ્ટહાસ્ય વધ્યું, ત્યારે એક જ મોજા સાથે અડધીક હોડી ભરાઈ જવા લાગી. મોજાં સામેથી આવે ત્યાં સુધી તો ઠીક; હોડી મોજાં પર ચડી પેલી પાર પસાર થતી. ઘડીકમાં મોજાંના શિખર પર તો ઘડીકમાં બે મોજાં વચ્ચેની ખીણમાં. કોક કોક વાર એક મોજા પરથી હોડી ઢળી પડે એટલામાં જ નીચેથી નવું મોજું ઊપસી આવી હોડીને અધ્ધર ઝીલી લેતું. આવી અણધારી હિલચાલથી અંદર ઊભેલા લોકો ધડાધડ એક બીજા પર પડી જતા.

પણ હવે મોજાં બાજુએથી અથડાવા લાગ્યાં. હોડીની અંદરનાં બૈરાંછોકરાંને તો પોક મૂકી રોવાનો જ એક ઇલાજ હતો. જેટલા જવાંમર્દ હતા તે બધા ડોલ, ગાગર કે ડબો, જે હાથમાં આવે તે લઈ, ભરી ભરીને પાણી બહાર કાઢતા. ફાયર એન્જિનના પંપ એથી વધારે ઝડપથી શું કામ કરી શકે? હોડી માંડ ખાલી થઈ જાય એટલામાં એકાદ ક્રૂર મોજું વિકટ હાસ્ય કરી 'ધ...ડ' દઈને હોડીના પાસા પર અથડાય અને અંદર ચડી બેસે. એ વખતની ચીસો અને કિકિયારીઓ કાનને ફાડી નાખતી હતી, કાળજાં ચીરી નાખતી હતી. કોઈ યાત્રીઓ અવધૂત દત્તાત્રેયના 'ધાવા' લલકારવા લાગ્યા, તો કોઈ પંઢરપુરના વિઠોબાને બોલાવવા લાગ્યા. કોઈ અંબાભવાનીની માનતા રાખે, તો કોઈ વિઘ્નહર્તા ગણેશને બોલાવે. શરૂશરૂમાં સ્ટીમલોંચનો કપ્તાન અને ખલાસીઓ અમને સૌને ધીરજ આપતા અને કહેતા, 'અરે તમે ડરો છો શાના? જુમ્મેદારી અમારી છે. અમે તો એવાં કેટલાંયે તોફાનો જોઈ નાખ્યાં છે.' પણ જોતજોતામાં મામલો એવો વધી ગયો કે કપ્તાનનું પણ મોઢું ઊતરી ગયું. એ કહેવા લાગ્યો, 'બાપુ, હવે રોયે શો લાભ? માણસને એક વાર મરવું તો છે જ. પછી તે પથારીમાં હોય કે ઘોડા ઉપર, શિકારમાં કે દરિયામાં. તમે જુઓ છો, અમારાથી બનતું અમે કરીએ છીએ. પણ ઇન્સાનના હાથમાં છે શું? માલિક કરે તે ખરું.' એના મોં તરફ હું તાકીને જોતો હતો. મુસાફરીએ ઊપડતા પહેલાં જે માણસ ગાજર જેવો લાલચુંદ હતો તે હવે અળવીના પાન જેવો લીલો લીલો થઈ ગયો હતો!

હું એ વખતે સાવ બાળક તો હતો, પણ ગંભીર પ્રસંગે બાળક પણ પ્રસંગને સમજી શકે છે. પળે પળે સ્થાનભ્રષ્ટ થતો હતો. માંડ બે હાથે પકડીને મારું સ્થાન સાચવતો હતો. અમારો બધો સામાન એક બાજુ પર પડ્યો હતો. એનો તો ભાવ જ કોણ પૂછે? પણ પૂજાની બધી મૂર્તિઓ અને નાળિયેર નેતરની એક 'સાંબળી' (ડબા)માં રાખેલાં હતાં તે હું મારી ગોદમાં લઈને બેસતાં ભૂલ્યો ન હતો.

મારા મનમાં કેવા કેવા વિચારો આવતા હતા! એ જમાનો મારી મુગ્ધ ભક્તિનો હતો. રોજ સવારે બબ્બે કલાક તો મારું

ભજન ચાલતું. જનોઈ દીધેલી નહિ એટલે સંધ્યાપૂજા ક્યાંથી કરાય ? છતાં પિતાશ્રી પૂજામાં બેસે ત્યારે ત્યાં બેસી મદદ કરવામાં ખૂબ રસ આવતો. મનમાં વિચાર આવ્યો કે, આજે જો ભાગ્યમાં ડૂબી જવાનું હશે તો આ દેવોની સાંબળી છાતી સરસી ચાંપીને જ ડૂબી જઈશ. બીજી ક્ષણે વિચાર આવ્યો, જો આઈના દેખતાં લોંચમાંથી પાણીમાં ઊલળી પડીશ તો આઈની શી દશા થશે ? એ વિચાર એટલો તો અસહ્ય થઈ ગયો કે શ્વાસ રૂંધાયો. છાતીમાં પથરો વાગ્યો હોય એમ દુખવા લાગ્યું. મેં ઈશ્વરની પ્રાર્થના કરી કે, જો ડુબાડવાં જ હોય તો આઈ અને હું એકબીજાને બાથમાં લઈ ડૂબી જઈએ એટલું કરજે.

દરેક બાળકને મન એના પિતા એટલે ધૈર્યના સાગર. આભ તૂટે પણ પિતા ધીરજ ખોઈ ન બેસે એવી તો બાળકને ખાતરી. એટલે આવો પ્રસંગ જ્યારે બને ત્યારે પિતાને પણ દિગ્મૂઢ થયેલા, બેબાકળા બનેલા બાળક જુએ છે, ત્યારે તો બાળકને કંઈ ને કંઈ થઈ જાય છે. હું તોફાનથી એટલો ડર્યો ન હતો, વરસાદથી એટલો ડર્યો ન હતો, 'માણસ ગંધાય, માણસ ખાઉં' કરીને મોં વકાસીને આવતાં મોજાંથી પણ એટલો ડર્યો ન હતો, જેટલો પિતાશ્રીનો મૂંઝાયેલો ચહેરો જોઈ અને ગળગળો અવાજ સાંભળીને ડર્યો.

જે તે ટંડેલને પૂછે, 'હવે કેટલે આવ્યા છીએ ? હવે કેટલું બાકી છે ?' ચારે તરફ જ્યાં નજર નાખીએ ત્યાં વરસાદ, પવન, મોજાંનું તાંડવ ! આટલો વરસાદ પડ્યો પણ આકાશ કંઈ ઊઘડ્યું જ નહિ. મેં ટંડેલને કરગરીને કહ્યું, 'લોંચ જરા કિનારા તરફથી લઈ જાઓને કે ડૂબી જઈએ તો કેટલાક તો કાંઠા સુધી તરીને જાય !' ટંડેલ ઉત્સાહ વગરનું હાસ્ય કરીને બોલ્યો, 'કેવો બેવકૂફ છોકરો ! કિનારાથી જેટલા દૂર છીએ તેટલા જ સુરક્ષિત છીએ. જરાક પાસે ગયા કે ખડક પર ચૂરેચૂરા થઈ જવાના. આજે તો જાણીજોઈને અમે કિનારાથી દૂર રહ્યા છીએ. સ્ટીમર સુધી પહોંચીએ એટલે કમાયા. આજે બીજો આરો નથી.'

મેં કોઈ કાળે પુખ્ત ઉંમરનાં લોકોને એકબીજાને વળગીને રોતાં જોયાં ન હતાં. તે દશ્ય આજે પેલી હોડીમાં જોયું. ત્યાં તો સ્ત્રીપુરુષો એકબીજાને બાથમાં લઈ રડારોળ કરતાં હતાં. એક

એ ત્રણ છોકરાંની મા બધાંને એકસામટાં બાથમાં લેવા મથતી હતી. બસ, પાંચપચીસ જવાંમર્દ તનતોડ મહેનત કરી દરિયા સાથે અસમાન યુદ્ધ લડતા હતા. તોફાન એટલું તો વધી પડ્યું અને લૉંચ તથા હોડી એટલી બધી ડોલવા લાગી કે, લોકો બીકના માર્યા રોતા બંધ થયા. એક કાળી છાયા બધે ફેલાઈ. ભાનમાં હતા એક પેલા હોડીમાંના બહાદુરો, અને બીજા કાળાં કાળાં અંગરખાં પહેરેલા સ્ટીમલૉંચના ખલાસીઓ. અમારો ટંડેલ હુકમ છોડતાં કોક વખત મૂંઝાતો હતો, પણ ખલાસીઓ બરાબર એકાગ્ર થઈ, વગર ભૂલ્યે, વગર મૂંઝાયે પોતપોતાનું કામ કર્યે જતા હતા. કર્મયોગ શું આથી જુદો હશે ?

આખરે તદડી બંદર આવ્યું. અમે સ્ટીમરને જોઈએ તે પહેલાં જ સ્ટીમરે અમારી લૉંચને જોઈ લીધી. સ્ટીમરે ભૂંગળું વગાડ્યું : ભોં......! જાણે બધાંની કરુણ વાણી સાંભળી ઈશ્વરે 'મા ભૈઃ'ની આકાશવાણી ઉચ્ચારી ! અમારી સ્ટીમલૉંચે પોતાના તીણા અવાજે જવાબ વાળ્યો. સૌનાં હૈયાંમાં આશાના અંકુર ઊગ્યા, બધે જયજયકાર થયો.

એટલામાં, જાણે છેલ્લો પ્રયત્ન કરી જોવા અને અમારાં બધાંના ભાગ્ય સામે હારતાં પહેલાંની છેલ્લી લડત ચલાવવા ખાતર, એક મોટું મોજું અમારી લૉંચ ઉપર ધસી આવ્યું. મારા પિતાશ્રી બેઠા હતા ત્યાંથી પાછળ પડી ગયા. મેં એક કારમી ચીસ પાડી. અત્યાર સુધી હું રોયો ન હતો. જાણે તેનું સાટું એક જ ચીસમાં વાળવું હતું. બીજી જ ક્ષણે પિતાશ્રી બેઠા થયા અને મને છાતી સરસો ચાંપી કહ્યું, 'દત્તુ, બીશ મા, મને કંઈ થયું નથી.'

અમે સ્ટીમર પાસે પહોંચી ગયા. પણ અડોઅડ જવાની હામ કોણ ભીડે ? કસ્ટમવાળી બોટ એ લોકોએ ક્યારની છોડી હતી, કેમ કે લૉંચ અને મોટી હોડીના હેલા એ ખમી શકતી ન હતી. એની સલામતી તો છૂટા થવામાં જ હતી. અમારી સ્ટીમલૉંચ દૂરથી સ્ટીમરની પ્રદક્ષિણા કરી વળી, પણ કેમે કર્યે પાસે આવવાનો લાગ મળે નહિ. મોજાંથી જો સ્ટીમર સાથે અથડાય, તો છેક છેલ્લી ઘડીએ બધાંના ભુક્કા ઊડી જાય. આખરે ઉપરથી રાંઢવું ફેંકાયું અને ખલાસીઓ લૉંચની છત ઉપર ઊભા થઈ લાંબા લાંબા

વાંસ વતી સ્ટીમરની દીવાલ સાથેની અથડામણ રોકવા લાગ્યા. મોજું લૉંચને ફેંકી દેવા જાય ત્યાં ખલાસીઓ પોતાના લાંબા લાંબા વાંસની અણીની ઢાલ બનાવી, બધો માર પોતાના હાથ અને પગ પર જીરવી લે. છતાં આખરે સ્ટીમરની સીડી સાથે સ્ટીમ-લૉંચની છત અથડાઈ, અને કડડડ દઈને એક લાંબું પાટિયું તૂટીને સમુદ્રમાં પડ્યું.

હું પાસે જ હતો, એટલે સ્ટીમરમાં ચડવાનો પહેલો વારો મારો જ આવ્યો. ચડવાનો શાનો? દડાની પેઠે ફેંકાઈ જવાનો. ટંડેલ પોતે અને બીજો એક ખલાસી સ્ટીમલૉંચમાં ઊભા રહી, એક એક માણસને પકડી, સ્ટીમરની સીડીને સૌથી નીચલે પગથિયે ઊભેલા ખલાસીના હાથમાં ફેંકી દે. એમાં ખાસ સાવચેતી એ રાખતા કે, મોજાંની ખીણમાં લૉંચ ઊતરી હોય ત્યારે તાકીને રાહ જુએ, અને બીજી ક્ષણે મોજાંના શિખર પર લૉંચ આવે અને સીડી સાવ પાસે આવી ગઈ હોય ત્યારે ઝટ દઈને માણસને ફેંકી દે! બંને બાજુના ખલાસીઓ જો માણસના હાથ પકડી જ રાખે. તો બીજી જ ક્ષણે લૉંચ ખીણમાં ઊતરે ત્યારે માણસના ફાટીને ચીરા જ થઈ જાય! હું ઉપર ચડ્યો અને પાછો વળીને આઈ આવે છે કે નહિ તે જોવા લાગ્યો. સાવ અજાણ્યા મુસલમાનને આઈનાં બાવડાં ઝાલતો જોઈને મને કંઈ ને કંઈ થઈ ગયું. પણ એ તો પ્રાણ બચાવવાનો વખત હતો. ત્યાં કંઈ સુંવાળી લાગણીઓ કામ આવે? જરાક થોભ્યા ત્યાં પિતાશ્રી પણ આવી ગયા. દેવોની 'સાંબળી' તો મેં ખભે જ ભેરવી હતી. ઉપર સારી જગ્યા શોધી અમને બેસાડી, પિતાશ્રી પાછા સામાન લાવવા ગયા. હું શ્રદ્ધાળુ છોકરો ખરો, પણ તે ક્ષણે પિતાશ્રી પર ખરેખરી ચીડ ચડી. બળ્યો બધો સામાન! જીવ જોખમમાં નાખવા પાછા શું કામ જતા હશે? પણ તેઓ તો ત્રણ ફેરા જઈ આવ્યા. છેલ્લે ફેરે પાછા આવીને કહે, 'ગોકર્ણ-મહાબળેશ્વરના પ્રસાદનું નાળિયેર પાણીમાં પડી ગયું!' એક જ ક્ષણે આઈ અને હું બોલી ઊઠ્યાં; આઈએ કહ્યું, 'અરેરે!' અને મેં કહ્યું, 'એટલું જ કેની?'

લૉંચવાળા ઉતારુઓ ચડ્યા પછી હોડીવાળાનો વારો આવ્યો; તેઓ બધા ચડ્યા. ત્યાર પછી લૉંચ અને હોડી નિશાચર ભૂતોની

પેઠે ચીસો પાડતી તદડીના કિનારા ભણી ગઈ અને કિનારા પર તપશ્ચર્યા કરતા બેઠેલા યાત્રાળુઓને હફતે હફતે લાવવા લાગી. તોફાન હવે કંઈક શમ્યું તો હતું, પણ અંધારી રાત અને ઊછળતાં મોજાં વચ્ચે એ લોકોના જે હાલહવાલ થયા તેનું વર્ણન કોણ કરી શકે?

સ્ટીમર યાત્રાળુઓથી ચિકાર ભરાઈ ગઈ. જે બોલે તે પોતાનો સામાન સમુદ્રમાં ડૂબી ગયાની વાતો જ સંભળાવે. આખરે યાત્રાળુઓ બધા આવી ગયા. મહેર માલિકની કે એકે જીવનું નુકસાન ન થયું. સ્ટીમર ઊપડી અને લોકો પોતપોતાની જૂની મુસાફરીનાં આવાં જ જોખમનાં સ્મરણો એકબીજાને કહી આજનું દુઃખ ઓછું કરવા લાગ્યા. રાત્રે લાંબા વખત સુધી કોઈને ઊંઘ ન આવી. હું ક્યારે ઊંઘ્યો, કારવાર બંદર ક્યારે આવ્યું, અને અમે ઘેર ક્યારે પહોંચ્યા, એમાંનું કશું આજે યાદ નથી. પણ તે દિવસનો તે તોફાનનો પ્રસંગ જાણે ગઈ કાલે જ વીત્યો હોય એવો સ્મરણપટ પર તાજો છે. સાચે જ:

दुःखं सत्यं, सुखं मिथ्या; दुःखं जन्तोः परं धनम् ।

૧૬

આપણે હાથી ખરીદીએ

એક વાર અમે સાંગલી જઈને મીરજ પાછા ફરતા હતા. સાંગલીના રાજમહેલની આસપાસ અમે કેટલાયે હાથી બાંધેલા જોયેલા. હાથીઓ કોઈ કાળે શાંત ઊભા રહેતા નથી. શરીરનો ભાર જમણી બાજુથી ડાબી બાજુ અને ડાબી બાજુથી જમણી બાજુ ફેરવવા આખો સમય ડોલ્યા જ કરે છે. આમ ઝૂલવું એ હાથીની શોભા છે. લોકમાન્યતા એવી છે કે, હાથી જો આમ ઝૂલે નહિ તો છ મહિનાની અંદર એના માલિક મરી જાય. ન ઝૂલનાર અશુભ હાથીને કોઈ ખરીદે પણ નહિ. હાથીના લાંબાલાંબા દાંત કાપીને એમાં સોનાનું કડું ભેરવેલું હોય છે. છતાં એ પૂરતા લાંબા તો હોય જ છે. હાથીનાં બધાં જ હાડકાં હસ્તિદાંત તરીકે વપરાય છે, પણ આ લાંબા દંતૂશળના કકડા એ જ ઉત્તમ હાથીદાંત હોય છે, અને એની કિંમત પણ ખૂબ આવે છે. હાથીની પીઠ પાછળની બાજુ ઊતરતી હોય તો એ હાથી વધારે રૂપાળો ગણાય છે. સાવ સપાટ હોય તો એ હાથી મામૂલી ગણાય છે.

ઘોડાની પેઠે હાથી પણ રાત્રે સૂતો નથી અને બેસતો પણ નથી, એવી એક માન્યતા છે. હાથી સૂએ તો એના કાનમાં અથવા સૂંઢમાં કીડી ઘૂસી જાય છે અને એને કરડે છે; અને કીડી કરડે કે એ જ ક્ષણે હાથી મરી જાય છે એવી પણ માન્યતા લોકોમાં રૂઢ છે. આવડા મોટા હાથીનું મોત કીડીના હાથમાં છે એવો બોધ કાઢવા પૂરતી આ માન્યતા ઠીક છે; પણ હાથી બેસે છે અને જરાક સૂઈ પણ જાય છે એ વાતની મેં ખાતરી કરી લીધી છે. હાથી સૂઈ જાય છે ત્યારે પોતાની સૂંઢમાં કાંઈ ઘૂસી ન જાય એટલા માટે સૂંઢ મોઢાની અંદર લઈને સૂઈ જાય છે એમ કહેવાય છે. પણ પછી એ શ્વાસ કેવી રીતે લેતો હશે?

મોરજમાં પ્રવેશ કરતાં રસ્તા ઉપર એક નાનકડો હાથી વેચવા કાઢેલો અમે જોયો. આ હાથીની કિંમત કેટલી હશે એમ મેં પિતાશ્રીને પૂછ્યું. અમને રાજી રાખવા ખાતર પિતાશ્રીએ ગાડી ઊભી રખાવી અને ગાડી પર બેઠેલા પટાવાળાને કહ્યું કે, 'હાથી કેટલામાં વેચાય છે એ સહેજ પૂછી આવ.' પટાવાળાએ આવી કહ્યું, 'એ તો પાંચસોમાં જાય એમ લાગે છે.' બસ ! મેં અને કેશુએ હઠ લીધી કે, 'આપણે હાથી ખરીદીએ.' પિતાશ્રીએ કહ્યું, 'આપણાથી તે હાથી ખરીદાતો હશે ?' મેં કહ્યું, 'પાંચસો રૂપિયાનો જ સવાલ છે. તમારો બે મહિનાનો પગાર આપો એટલે બસ થશે.' પિતાશ્રીએ દલીલ કરી, 'પણ હાથી લઈને કરીએ શું ?' ભાઉએ કહ્યું, 'એના ઉપર બેસીશું અને ફરવા જઈશું.' પિતાશ્રીએ વાત ટૂંકાવવા કહ્યું, 'આવી ઘેલી વાતો કરો મા. હાથી તો રાજા લોકો જ ખરીદે. આપણા જેવા હાથી રાખે તો દુનિયા હસે.' પણ આટલાથી કેશુનું કે મારુંયે સમાધાન ન થયું. અમે એક જ નાડું પકડી રાખ્યું— 'આપણે હાથી ખરીદીએ.'

એટલામાં અમારી ગાડી ઘેર આવી પહોંચી. પિતાશ્રીએ વિચાર કર્યો હશે કે છોકરાઓને સારો પાઠ ભણાવવાની આ તક છે. એમણે કહ્યું, 'ચાલો, હું હાથી ખરીદવા તૈયાર છું. માત્ર આપણે હાથી લઈએ તે પહેલાં તે દરરોજ શું ખાય છે, કેટલું ખાય છે, એના મહાવતને દર મહિને કેટલો પગાર આપવો પડે છે, એને સારુ 'ખંભારો' બાંધવા માટે કેટલો ખર્ચ આવે છે, એ બધી વસ્તુની તપાસ કરી ગણતરી કરો, અને પછી મારી પાસે આવો.'

અમે તો ઊપડ્યા અને અનેક ઠેકાણે ફરી માહિતી મેળવી,— અને છક થઈ ગયા! હાથીને રોજ ઘઉંનો મલીદો ખવરાવવો પડે છે. આટલાં ગાડાં ઘાસ, વડનાં પાંદડાં, અને શેરડી મળે તો શેરડી આટલી, પખાલો ભરીને પાણી તેમ જ ગોળ ઘી વગેરે હાથીને આપવાનું હોય છે. એની ગજશાળા તો આટલી ઊંચી હોય. એની સાથે મહાવતનું રહેવાનું ઘર, હાથીનો ખોરાક રાખવાની ઓરડીઓ. ગજશાળા ધોઈને રોજ સાફ કરવા ખાસ નોકર, હાથીને નવડાવવો હોય ત્યારે મહાવતની મદદમાં આટલા લોકો. ચાલ્યું : હાથીનું બજેટ વધતું જ ગયું. અને હાથી મદમાં આવે ત્યારે

ચારે પગે એને મોટી મોટી સાંકળોથી બાંધી રાખવો પડે. એક જ સાંકળ હોય તો તે તોડી ગામમાં ઉત્પાત મચાવે, એવી એવી વિગતો પણ અમે જાણી લીધી. હિસાબ કરતાં જોયું કે હાથીને ખવડાવીશું તો આપણે માટે ખાવાનું કશું રહેશે નહિ અને એને માટે ઘર બાંધતાં આપણું ઘર વેચી નાખવું પડશે. અને આટલું કરીને હાથી રાખીએ તોયે એનો ઉપયોગ શો ? એકાદ દિવસ ઉપર બેસી ફરી આવવાનું એટલો જ. અને ફરવા માટે પણ હાથીને લાયક મોટી ઝૂલ અને અંબાડી તો હોવી જોઈએ. અમે અમારી મૂર્ખાઈ જાણી ગયા અને હવે હાથીનું નામ પિતાશ્રી આગળ કાઢવું જ નહિ, એવો ડહાપણભર્યો નિશ્ચય કર્યો.

પણ બીજે દિવસે પિતાશ્રીએ પોતે જ વાત છેડી. અમારે અમારો બધો હિસાબ રજૂ કરવો પડ્યો. અમને ભોંઠા પડેલા જોઈ એમણે એ વાત ત્યાં જ પડતી મૂકી. પછી માહિતી તરીકે એમણે અમને કહ્યું : 'તમને ખબર છે ? જીવતા હાથી કરતાં મરેલા હાથીની કિંમત વધારે હોય છે. જીવતો હાથી જેટલું ખાય એના પ્રમાણમાં આપણે ત્યાં કામ નીકળતું નથી, એટલે પ્રમાણમાં એની કિંમત ઓછી હોય છે. મરેલા હાથીનાં હાડકાંની કિંમત જીવતા હાથી કરતાંયે વધારે ઊપજે છે. માત્ર એ હાથી પુખ્ત ઉંમરનો હોવો જોઈએ.' આ છેલ્લું વાક્ય શા અભિપ્રાયથી એમણે કહ્યું હશે તે તો કોણ જાણે !

પછી કોકે સિયામના રાજાના ધોળા હાથીની વાત કહી. સિયામના રાજા પાસે એક પવિત્ર ધોળો હાથી હોય છે. એ રાજાનો અને પવિત્ર હોવાથી એની પાસેથી સેવા તો લેવાય જ નહિ. સિયામના રાજાની પોતાના કોઈ સરદાર ઉપર અંદરથી ગેરમરજી થઈ એટલે રાજાએ દરબારમાં એનાં ખૂબ વખાણ કર્યાં અને કહ્યું કે, 'જાઓ, મેં ખુશ થઈને મારો ધોળો હાથી તમને ભેટ આપ્યો.' રાજાનો હાથી એટલે એને સરસ ખવડાવવું પિવડાવવું જોઈએ; એની અખંડ સેવા થવી જોઈએ; અને એટલું કરતાં સરદારનું તો દેવાળું જ નીકળી જાય ! આજે પણ નફા વિનાની ખર્ચાળ પ્રવૃત્તિ કોઈ વહોરી લે ત્યારે લોકો કહે છે કે એણે ધોળો હાથી બારણે બાંધ્યો છે. કામ ન આપે અને પગાર ખૂબ લે

એવો નોકર, પ્રધાન કે વજીર હોય તો એને પણ ધોળો હાથી કહે છે.

ઉપલી વાતને ત્રણેક વરસ વીત્યા પછી કારવારમાં મેં જાણ્યું કે ત્યાં કોયલુ કરીને એક ખ્રિસ્તી વેપારી છે. એણે જંગલમાંથી મોટાં મોટાં લાકડાં ઊંચકી લાવવા હાથીઓ રાખ્યા છે. એમની પાસેથી એમના ખોરાક કરતાંયે એ વધારે કામ લે છે અને ખૂબ નફો કરે છે. આ હાથી જ્યારે એક દિવસ મેં જોયા ત્યારે મને અત્યંત દયા છૂટી. રજવાડાના હાથીઓ જેવા એ હાથીઓ ભરેલા દેખાતા નહિ. એમનાં લમણાં અને કપાળ તો જાણે મોટા મોટા ઊંડા ગોખલાઓ !

૧૭

વાચનનો પ્રારંભ

નાનપણમાં અમારે વાંચવાલાયક ચોપડીઓ હાથમાં ઝાઝી આવતી નહિ. શાહપુરની નેટિવ જનરલ લાયબ્રેરીમાં જ્યારે હું પહેલો ગયો અને ત્યાં જોયું કે, મહિને ઓછામાં ઓછા બે આના આપવાથી છાપાં વાંચવા મળે છે એટલું જ નહિ, પણ એ પુસ્તક-સંગ્રહમાંથી વાંચવાને ચોપડીઓ પણ મળે છે, ત્યારે મને બહુ આશ્ચર્ય થયું. આવી જાતની વ્યવસ્થા જેને સૂઝી હશે તેની કલ્પકતા વિષે મારા મનમાં ભારે માન ઊપજ્યું. ચોપડીઓ ખરીદવી ન પડે અને છતાં ઘણી વાંચી શકાય એ સગવડ શું ઓછી છે? જેને આ યુક્તિ સૂઝી હશે તે માનવજાતિનો કલ્યાણકર્તા છે એમાં શક નથી, એમ તે દિવસે અસ્પષ્ટપણે મને લાગ્યું. ઘરમાં તો શિવાજીનું ચરિત્ર, શિવાજીના ગુરુ દાદાજી કોંડદેવનું ચરિત્ર, રમેશચંદ્રના જીવનપ્રભાતનો મરાઠી અનુવાદ અને હરિશ્ચન્દ્ર નાટક એટલું જ વાંચેલું. ઘણુંખરું તો સમજાયું પણ નહોતું. પુરાણ સાંભળવા જઈએ તેમાં ખૂબ મઝા પડતી. લાયબ્રેરીમાંથી પહેલવહેલી વાંચેલી ચોપડી—'મોચનગઢ'—વિષે તો મેં લખ્યું જ છે. આમ, વાંચવાનો શોખ શરૂ થયો હતો, એટલામાં અમે મીરજ ગયા. તે વખતે હું મરાઠી ચોથી ભણતો હોઈશ. મીરજમાં પિતાશ્રીને મીરજમળા સંસ્થાનના હિસાબ તપાસવાના હતા. એ સંસ્થાનના દફતરમાં કોણ જાણે શા કારણે મરાઠી ચોપડીઓનું એક કબાટ હતું. કેશુને એ પુસ્તકસંગ્રહની ક્યાંકથી ભાળ લાગી હશે. એ ત્યાંથી વાંચવા માટે ચોપડી લઈ આવ્યો. મને પણ ચોપડી લાવવાનું મન થયું. મેં પિતાશ્રીને કહ્યું કે મારે વાંચવા માટે ચોપડી જોઈએ. એમણે એ સંગ્રહ જેના હાથમાં હતો એ કારકુનને કહી દીધું કે આને વાંચવાની ચોપડી આપજો.

પિતાશ્રી અમારા ભણતર તરફ કે ઘડતર તરફ જરાયે ધ્યાન આપતા નહિ. એમને પોતાને ચોપડીઓ કે છાપાંઓ વાંચવાનો

શોખ નહોતો. વાતો હાંકવા એમની પાસે ઝાઝી મંડળી પણ આવતી નહિ. કોઈ આવી જ ચડે અને વાતો કરે તો વિવેક ખાતર સાંભળે ખરા, પણ એમાં પોતે ઝાઝો રસ ન લે. કચેરીનું મુખ્ય કામ, માંદાઓની માવજત, દેવપૂજા, સ્તોત્રપાઠ એવા જ એમના મુખ્ય વિષયો હતા. સાંજે નિયમિત ફરવા જાય, શાક પોતે ખરીદે. રાત્રે સાડા આઠ વાગે કે સૂઈ જવું ને સવારે વહેલા ચાર વાગ્યે ઊઠી ઈશ્વરચિંતન કરવું, એ એમનો હંમેશનો અબાધિત કાર્યક્રમ. એમને બીજું કશું સૂઝતું જ નહિ; માંદા પડવાનું પણ સૂઝતું નહિ.

અમે શું ભણીએ છીએ, શું વાંચીએ છીએ, કોની સાથે દોસ્તી રાખીએ છીએ, અથવા અમારા મગજમાં શું ચાલે છે, એ જાણવાની તેઓ જરાયે દરકાર રાખતા નહિ. છતાં એમને શું ગમે છે, શું નથી ગમતું, એનો અમને કંઈક ખ્યાલ હતો. એમનું સાદું અને સ્વચ્છ જીવન એની મેળે પોતાની અસર અમારા ઉપર પાડતું. પણ સાહિત્યની બાબતની એમની બેદરકારી અમને ખૂબ નડી.

કારકુને મને પૂછ્યું, 'તમારે કેવી ચોપડી જોઈએ છે?' 'હું શું જાણું?' મેં કહ્યું: 'મઝા પડે એવી સરસ ચોપડી તમે જ પસંદ કરી આપો.' તેણે પાંચ દસ ચોપડીઓ હાથમાં લઈ એમાંથી એક મને કાઢી આપી અને કહ્યું, 'આ લઈ જાઓ; આમાં બહુ જ મઝા પડશે.' એણે એ બધી ચોપડીઓ વાંચી હતી એમાં તો શક જ નથી. એણે મને જે ચોપડી આપી હતી તેનું નામ હતું 'કામકંદલા'. એ નાટક હતું કે નવલકથા હતી તે મને બરાબર યાદ નથી. મુગ્ધભાવે હું એ વાંચવા લાગ્યો. મને એમાં ઝાઝો રસ ન પડ્યો. રસ પડે એવી મારી ઉંમરે ન હતી, છતાં હું જોઈ શક્યો કે એ ચોપડી ગંદી છે, અશ્લીલ છે.

ચોપડીની મારા ઉપર અસર થઈ તે કરતાં બીજા એક વિચારની જ વધારે અસર થઈ. હું મનમાં બોલ્યો, 'ત્યારે કેશુ પણ આવી ગંદી ચોપડીઓ વાંચે છે અને એમાં રસ લે છે? પેલો કારકુન ઉંમરે મોટો માણસ છે. અમારા જેવા નાના છોકરાઓને આવી ચોપડીઓની એ ભલામણ કેમ કરતો હશે? ચોરી કરે તો માણસ એકલો જ કરે, બે જણ જ્યારે ચોરી કરે ત્યારે અરસપરસ

ચોર છે, એટલી ઓળખાણ તો થઈ જ જાય ને? કોઈ માણસ સાથે ચોરીમાં સહકાર કરવા જતાં એની આગળ તો બેશરમ થવું જ પડે ને? કેશુ અને આ કારકુન એકબીજા વિષે કેવો અભિપ્રાય ધરાવતા હશે? અને કશા સંકોચ વગર મને એણે આવી ચોપડી આપી એટલે મારે વિષે પણ એ કારકુન શું ધારતો હશે? અને કેશુ તો મારો મોટો ભાઈ; મને જે હંમેશ ડાહ્યા થવાનો ઉપદેશ કરે છે, હંમેશ હું જેના આશ્રય તળે જ રહું છું એ કેવી ચોપડીઓ વાંચે છે, એની હવે મને ખબર પડી છે એ તો કેશુ જાણતો જ હશે. આવી ખરાબ ચોપડીઓ આ પહેલાં મારા હાથમાં આવી નથી એ પેલો કારકુન ન જાણતો હોય, પણ કેશુ તો જાણે જ છે. એણે મને ચોપડી લેતાં કેમ ન રોક્યો?' અમે કેવી જાતની ચોપડીઓ વાંચીએ છીએ એની પિતાશ્રીને ખબર નથી એ તો હું બરાબર જાણતો હતો. અને કોઈએ શીખવ્યા વગર જ મને સૂઝી આવ્યું કે આવી વાતો પિતાશ્રીથી છાની જ રાખવી જોઈએ.

ઉપર લખેલી વિચારપરંપરા તે વખતે આવી ભાષામાં અથવા આટલી સ્પષ્ટતાથી તો હું ન જ લખી શકત. પણ એમાંનો એકેએક વિચાર તે વખતનો જ છે એની હું ખાતરી આપવા માગું છું. 'અમુક કામ કરવું એ ખોટું છે એમ તે વખતે હું જાણતો નહોતો,' એમ કહી જ્યારે કોઈ પોતાનો બચાવ કરે છે ત્યારે એ વાત સહેજે મારે ગળે નથી ઊતરતી. સારું શું અને ખોટું શું એનો કંઈક સ્થૂળ ખ્યાલ કોણ જાણે કઈ રીતે પણ માણસને બહુ જ વહેલો મળે છે.

સદ્ભાગ્યે તે વખતે મારામાં આવી ચોપડીઓનો રસ ઊપજ્યો ન હતો. મ્યૂઝિયમ જોવા જવું, કવિતાઓ ગોખવી, રમતો રમવી, ગોંદુ જોડે વાતો કરવી અને નવરા હોઈએ ત્યારે મોટા થઈને મંદિર કે મકાન કેવી રીતે બાંધીશું એનો વિચાર કરવો, એ જ મારો મુખ્ય વ્યવસાય હતો. બિલાડીઓ અને કબૂતરો એ તે વખતનાં મારા જીવનનાં મુખ્ય સાથીઓ હતાં. એક બ્રાહ્મણ વિધવા ડોશી અમારે ત્યાં ભિક્ષા માગવા આવતી. એની પાસે લોકગીતોનો ભંડાર હતો. મારી બાને લોકગીતોનો શોખ ભારે. એને એ શોખ આક્કાએ (મારી બહેને) લગાડચો હતો. લોકગીતોનું એનું

ભંડોળ જબરું હતું. સીતાનો વિલાપ, દ્રૌપદીની ભીડ, દમયંતીની મૂંઝવણ, રુક્મિણીનો વિવાહ, હનુમાનની લંકા-લીલા, શ્રીકૃષ્ણે ગોપીઓની કરેલી વિડંબના, એ જ એ ગીતોના મુખ્ય વિષયો હતા. કોઈક કોઈક વાર સ્મશાનવાસી બાવો મહાદેવ અને એની અનન્ય ભક્તિ કરનાર શૈલજા પાર્વતી વિષેનું લોકગીત નીકળતું. મારી બા અને મારી ભાભીઓ બધાં જ લગભગ નિરક્ષર, એટલે શ્રૌત પદ્ધતિથી જ તેઓ કવિતાનો આસ્વાદ લઈ શકે અને ગુરુમુખથી જ ગીતો મોઢે કરી શકે. પેલી ડોશી લગભગ આખો બપોર અમારે ત્યાં ગાળતી. એમાં એને પ્રાપ્તિ પણ ઠીક થતી; અને બાને તેમ જ ભાભીને કાવ્યનો રસ મળતો. હું આ રસમાં ભાગીદાર થવા ચૂકતો નહિ. બા જોડે હું પણ કેટલાંયે લોકગીતો અનાયાસે શીખી ગયો હતો. સહેજ ઉંમર વધ્યા પછી મારા મગજમાં એવું ભૂત ભરાયું કે બૈરાંઓનાં ગીતો યાદ રાખવાં એ મરદને છાજે નહિ, એટલે પ્રયત્નપૂર્વક મારો એ રસ મેં મારી નાખ્યો અને એ લોકગીતો હું ભૂલી ગયો !

પણ તે વખતના આવા શુદ્ધ રસ આગળ 'કામકંદલા'માં હું મશગૂલ ન થઈ શક્યો. એ ચોપડી મેં પૂરી કરી એના પહેલાં જ અમારો મીરજનો વાસ પૂરો થયો અને અમે જત ગયા. મેં એવી એ એક જ ચોપડી વાંચી. એની અસર એ વખતે કશી ન થઈ, પણ ઉનાળામાં વાવેલું બીજ જેમ એમ ને એમ પડયું રહે છે અને ઘન વર્ષે પાંગરે છે, તેમ ઉંમર વધ્યા પછી એ ચોપડીના વાચને પોતાની અસર બતાવી અને મનમાં મેલા વિચારો આવવા લાગ્યા. પણ ઘરની રહેણીકરણી અને સંસ્કારો શુદ્ધ, પિતાશ્રીની ધર્મનિષ્ઠા જબરી અને મોટા ભાઈની નૈતિક ચોકી નિરંતર જાગૃત, તેથી એ મેલા વિચારોના અંકુરો ત્યાં ને ત્યાં જ દબાઈ ગયા અને તેથી કલ્પનાની વિકૃતિ ઉપરાંત ઝાઝી માઠી અસર થઈ નહિ. વાતાવરણ શુદ્ધ હોય તો ખરાબ વાચનમાંથી પણ માણસ કાંઈક બચી શકે છે. ખરાબ વાચન એ ખરાબ તો ખરું જ; એનાથી બાળકોને બચાવવાં જોઈએ. પણ નિર્દોષ અને પ્રેમાળ કૌટુંબિક વાતાવરણ એ જ સૌથી અગત્યનું છે. શુદ્ધ વાત્સલ્યનો આસ્વાદ મળતો હોય ત્યાં જીવન સહેજે સુરક્ષિત રહે છે.

૧૮

યલ્લામ્માની યાત્રા

યલ્લામ્માની યાત્રા એ અમારી તરફનો મોટો ઉત્સવ છે. કાનડી ભાષામાં યલ્લા એટલે બધા, અને અમ્મા એટલે મા. આ રીતે યલ્લામ્મા એ વિશ્વજનની છે. એનું બીજું નામ છે રેણુકા. રેણુકા યલ્લામ્મા કોણ હશે ? પશુ, પક્ષી, માણસ, ઝાડપાન, કૃમિકીટ, પતંગ બધાંને જન્મ આપે, બધાંનું ભરણપોષણ કરે તે રેણુકા કોણ ? 'વંદે માતરમ્' કહી જેનો આપણે જયજયકાર કરીએ છીએ તે ધરતીમાતા, અસંખ્ય રેણુથી બનેલી કૃષિમાતા. એ યલ્લામ્માનો ઉત્સવ ખેડૂતોને માટે મોટામાં મોટો ઉત્સવ કેમ ન હોય ? વેદકાળથી ઋષિઓ કહેતા આવ્યા છે કે વર્ષણહાર આકાશ એ પિતા છે અને શસ્યશાલિની પૃથ્વી એ માતા છે.

યલ્લામ્માની યાત્રા દર વરસે ભરાય છે. દૂર દૂરથી ખેડૂતો ભેગા થાય છે: ગુણીજનો પોતાનું કૌશલ્ય એ ઠેકાણે બતાવી શકે છે. વેપારીઓ જાતજાતનો માલ વેચવા કાઢે છે. મહાન વિનિમયનો એ દિવસ હોય છે,

પણ યલ્લામ્માની યાત્રાનું મુખ્ય આકર્ષણ તો બળદોનું પ્રદર્શન છે. તમારે ઉત્તમમાં ઉત્તમ બળદ જોવા હોય, સરખા કદના, સરખા રંગના, સરખાં શીંગડાંવાળા અને સરખી જ તાકાતવાળા બળદોની ગમે તેટલી જોડીઓ ખરીદવી હોય, તો યલ્લામ્માની યાત્રાએ આવો.

મોટા મોટા અને ઢળી પડતી ખૂંધોવાળા (કોંઠ) બળદોને ગજગતિથી ચાલતા જોઈને આંખો ઠરી જાય. કેટલાક બળદોનાં સફેદ શરીર પર રંગમાં બોળેલા હાથના થાપા મારેલા હોય છે. એમનાં શીંગડાંને હુરમુજી લાલ તેલિયો રંગ લગાડેલો હોય છે. શીંગડાંની અણીને કાણાં પાડી તેમાં પીળા, ભૂરા કે જાંબુડા રંગનાં રેશમનાં ફૂમતાં લટકાવેલાં હોય છે. ગળામાં ઘૂઘર તો હોય જ. કેટલાક ઊંચી જાતના બળદના આગલા ડાબા પગમાં ચાંદીનો તોડો

પહેરાવેલો હોય છે. શી તે દિવસની મજા ! દરેક બળદના માલિકની છાતી અભિમાનથી કેટલી ફૂલેલી ! એના દેખતાં એના બળદની વાત કરો તો સંભાળીને જ કરજો હોં ! તમારી ગમે તેવી વાત એ સહન નહિ કરે. સાચો ખેડૂત બળદ પાસેથી સેવા તો પૂરેપૂરી લે છે, પણ એ એનું આરાધ્ય દૈવત હોય છે. બળદ એ એનો પ્રાણ. બળદની સેવા એ કંઈ લાભની દૃષ્ટિએ નથી કરતો. દીકરા કરતાંયે એને બળદ પર હેત વધારે.

આવી યાત્રાઓ અનેક ઠેકાણે થાય છે. અમે જતમાં હતા ત્યારે આવી એક યાત્રા જોવા ગયેલા. ગિરદીમાં ફરવું એ સહેલી વાત ન હતી. રાજ તરફથી બે પટાવાળા અમને મળ્યા હતા. તેઓ લોકોને ચમકાવીને અમારે માટે રસ્તો કરે. ઠેકાણે ઠેકાણે ખાદીની દુકાનો ગોઠવાયેલી હતી અને દુકાનદારો છાતી સરસો ગજ લંબાવીને કપડું માપી આપતા. જ્યારે ખાદીનો કકડો ફડાતો હતો ત્યારે ચરડ કરતો એવો મજાનો તો અવાજ થતો કે એ સાંભળવા ઊભા રહેવાનું મન થાય. બજારમાં ફરતાં ફરતાં એક ઠેકાણે ખૂબ ભીડ હતી ત્યાં અમે જઈ પહોંચ્યા. ત્યાં ફજેતફાળકો ફરતો હતો. નાનપણમાં અમારા હાથમાં પૈસા તો આપવામાં આવતા જ નહિ, એટલે પારણામાં બેસવાનું મન થયા છતાં એ લોભ મનમાં જ રાખવો પડ્યો. ગામડિયા છોકરાઓ અને કેટલાક હોંશીલા ડોસાઓ પણ પારણામાં બેઠેલા જોઈ મને થયું કે આપણા કરતાં આ ગરીબ લોકો કેટલા સુખી ! ધારે ત્યારે પારણામાં બેસી શકે. એટલામાં અમારા પટાવાળાએ ફજેતફાળકાવાળાને કહ્યું, 'અલ્યા એ, આ અમલદારના છોકરાઓ છે. એમને પારણામાં બેસાડ.' મેં ધીમે અવાજે પટાવાળાને કહ્યું, 'પણ અમારી પાસે તો એકકે પૈસો નથી.' એણે મારો હાથ દબાવી એથીયે ધીમે અવાજે કહ્યું, 'એનો વાંધો નહિ. તમે બેસો તો ખરા.'

ઝાઝો વિચાર કર્યા વિના ઉત્કંઠિત મન અમને પારણા તરફ લઈ ગયું. ફાળકાવાળા ફાળકો ફેરવતા જાય અને કાંઈક ગાતા જાય. એક જણ કેટલા ફેરા થયા તે મોટેથી ગણતો હતો. બેસવાની તો ખૂબ જ મજા આવી. અમે બેઠેલા એટલે ફાળકાવાળાએ પાંચદસ ચક્કર વધારે નાખ્યાં. એણે મનમાં કહ્યું હશે, 'तुष्यतु दुर्जनः ।'

અમે ઊતર્યા અને ચાલવા લાગ્યા. મારા મનમાં મિશ્ર ભાવ ઘોળાવા લાગ્યા. શરીર ઊતર્યું અને મન ફજેતફાળકે ચડ્યું. આપણે મફત બેઠા એટલે ભિખારી જેવા થયા, એ ખ્યાલ મનમાં આવતાં બીજી જ ક્ષણે અભિમાન કહેતું, 'ભિખારી શાના ? એણે કંઈ આપણી દયા ખાઈને નથી બેસાડ્યા. આપણે અમલદારના દીકરા. આપણાથી બીને આપણને બેસાડ્યા. જ્યારે એ વધારાનાં ચક્કર નાખતો હતો ત્યારે બાકીનાં ત્રણે પારણાંમાં બેઠેલા છોકરાઓ અને આસપાસના પ્રેક્ષકો આપણી તરફ જ જોતા હતા ને ? સાહેબી વગર કંઈ આવું થાય ?' આમ મનનું સમાધાન તો થતું, પણ ફરી વિચાર આવતો કે, 'પારણામાંથી ઊતર્યા પછી જ્યારે આપણે ચાલતા થયા ત્યારે જે શરમ જણાઈ તે શા માટે ? બીજા બધા એકેક પૈસો આપે છે. આપણે જો ગજવામાંથી પાવલી કાઢીને એને આપી હોત અને પછી એણે કેડ વાળીને સલામ ભરી હોત તો સાહેબી શોભત. પણ આપણે તો છોકરાઓ. આપણી પાસે પૈસા ક્યાંથી હોય ? હા, એ ખરું. પણ તો તો ફાળકામાં બેસવું જોઈતું ન હતું. પણ હું ક્યાં મારી મેળે બેસવા ગયો હતો ? સખારામે મને બેસાડ્યો. પણ તોયે મારે ના પાડવી નહોતી જોઈતી ?' એવા એવા અનેક વિચારો મનમાં આવ્યા અને ગયા ! ફજેતફાળકામાં બેસી આપણે પોતાનો જ ફજેતો કર્યો છે, એથી આપણી શોભા તો વધી જ નથી, એ ખ્યાલ, ગમે તેટલો પ્રયત્ન કરું તોયે, મનમાંથી ભૂંસાય જ નહિ.

બીજે દિવસે યાત્રામાં બલિદાન આપવાનું હતું. રાજા સાહેબ (એ પણ લગભગ મારી ઉંમરના જ હતા) જાતે હાજર રહેવાના હતા. એક તંબૂ તાણીને તેમાં બાબા સાહેબ અને એમના બધા અમલદારો બેઠા હતા. બાબા સાહેબે રેશમનું લીલા રંગનું અંગરખું પહેર્યું હતું. માથા પર મરાઠીશાહી પાઘડી પહેરી હતી. દાજીબા મૂળે, એમના કારભારી એમની પડખે બેઠા હતા. બાબા સાહેબ ગંભીરતાથી બેઠા હતા. આવડો નાનો છોકરો આટલી ગંભીરતા ધારણ કરી શકે એ જોઈને મનમાં મને એના પ્રત્યે માન ઊપજ્યું, પણ મેં એમ પણ જોયું કે, એની સાથે રહેતો રમનાર હજૂરિયો જ્યારે દૂરથી એના તરફ જોતો ને કંઈક સૂક્ષ્મ મશ્કરી

કરતો ત્યારે આબા સાહેબને પોતાનું હસવું દબાવતાં ભારે મુશ્કેલી પડતી. તેઓ કંઈક ચિડાઈને એના તરફ ન જોવાનો નિશ્ચય કરી મોઢું ફેરવતા. છતાં હઠીલી આંખો ત્રાંસી નજરે ફરી એ જ દિશાએ જોતી. અને પછી તો હસવું દાબવાનો સંયમ વધારે ને વધારે મોળો પડતો. ઠીક થયું કે, બંનેને ખબર ન હતી કે હું ત્રીજો એ બંનેની ચેષ્ટા રસપૂર્વક નિહાળતો હતો.

બાળભૂખ આકરી હોય છે. નવ વાગ્યાનો સમય થયો એટલે કારભારીએ સહેજ ઇશારો કરી આબા સાહેબને તંબૂ પાછળની રાવટીમાં નાસ્તો કરવા મોકલ્યા. અંદર ગયા પછી આબા સાહેબે કહ્યું હશે કે પેલા ઑડિટરના બે છોકરાઓને પણ બોલાવો. અમે અંદર ગયા. એમની સાથે ખાવા બેઠા. મનમાં મોટી મૂંઝવણ ઊભી થઈ. રાજા થયો તેથી શું? આખરે તો રજપૂત; ને આપણે તો બ્રાહ્મણ. એ લોકો જોડે બેસીને કેમ ખવાય? હું ગોંદુ તરફ જોઉં, ગોંદુ મારી તરફ જુએ. અમારી સાથે ત્યાં કોઈ ન બોલે કે ચાલે એ બીજી મૂંઝવણ. એટલામાં કારભારી અંદર આવ્યા. એમણે કહ્યું, 'તમે મનમાં કંઈ સંકોચ નહિ રાખતા. એ તો બુંદીના લાડવા છે; એ ખવાય. તમારે માટે બહાર પાણી રાખ્યું છે તે પીશો.' અમે નાસ્તો તો કર્યો, પણ જરાયે મજા ન પડી. અમને અંદર બોલાવવામાં લાગણી ન હતી પણ ખાલી વિવેક હતો. કશી ઓળખાણ વગર વાતચીત પણ કેમ થાય? જાનવરની પેઠે ખાધું, બામણિયા પાણી પીધું, અને માંડ ત્યાંથી છૂટયા ને તંબૂમાં આવી બેઠા.

એટલામાં બલિદાનનો વખત થયો. મોટું ગોળ કૂંડાળું કરી લોકો જોવા ઊભા હતા. ધસારાને લીધે કૂંડાળું સાંકડું થવા લાગ્યું. વ્યવસ્થા રાખનાર પોલીસો લાકડી અને ચાબુક મારી લોકોને હઠાવવા લાગ્યા. પણ ત્યાં તો કારભારીએ ઊંડી સત્તાને અવાજે પોલીસોને કહ્યું, 'ખબરદાર, લોકોને મારો તો. લોકોને સમજાવીને પાછા હઠાવો.' મને કારભારીનો એ હુકમ બહુ જ ગમ્યો. અમલદારોમાં પણ લોકોને વિષે કંઈક લાગણી હોય છે એ આશ્ચર્યકારક શોધ એ વખતે થઈ. હું દાજીબા તરફ માનની નજરે જોવા લાગ્યો.

●

એટલામાં વાજિંત્ર વાગવા લાગ્યાં. એક નાનકડું બકરું બલિદાન માટે આણ્યું હતું. એક ઊંડી ખાઈમાં બળતા અંગારા હતા. ખાઈની આસપાસ કેળનાં ઝાડ ઊભાં કર્યાં હતાં. એક જણે બકરાના પાછળના બે પગ પકડ્યા; બીજાએ બીજા બે પગ. બંને જણા ખાઈની સામસામે ઊભા થયા. વચમાં બીચારું બકરું તાણેલું. ત્યાં ગોર આવ્યો. એના હાથમાં તલવાર હતી. મારા પેટમાં કાંઈક થવા લાગ્યું. ગળું રૂંધાઈ ગયું. મેં તરત જ મોઢું ફેરવ્યું.

આસપાસના લોકોએ 'ઉદ્દો ઉદ્દો'નો જયજયકાર પોકાર્યો. બકરાના કકડા ખાઈમાં ફેંકી દીધા હશે, અને ગોર તથા એની પાછળના બીજા અનેક લોકો એ બળતી ખાઈમાંથી પસાર થયા હશે. થોડા જ વખતમાં બધે અવ્યવસ્થા થઈ. અમે બધા સૌસૌના વાહનમાં બેસી ગરદીમાંથી માંડ રસ્તો કાઢી પોતપોતાને ઘેર ગયા.

યલ્લામ્માને આવું બલિદાન ભાવતું હશે? યલ્લામ્મા જાણે છે કે, ઝાડ માત્ર કદાવ ખાય છે; પશુઓ ઝાડપાન ખાય છે; પક્ષીઓ જીવજંતુને ખાઈ જાય છે; માણસ પશુપક્ષીને ખાય છે; સૂક્ષ્મ રોગજંતુઓ માણસને ખાય છે; હવા, માટી અને તડકો એ સૂક્ષ્મ જંતુઓનો નાશ કરે છે. આમ હિંસા તો ચાલ્યા જ કરે છે. 'जीवो जीवस्य जीवनम् ।' પણ આ બધાની મા યલ્લામ્મા, એ તો અશના યા પિપાસાથી પર છે. તેથી જ એ યલ્લામ્મા છે. એને વળી બલિદાન શાનું આપવાનું હોય? એના સતત આત્મબલિદાનથી તો આપણે સૌ જીવીએ છીએ. એને બલિદાન આપવાપણું ન હોય. એના બલિદાનથી આપણે આત્મબલિદાનની દીક્ષા લેવાની હોય. જ્યાં સુધી જનાવરો ખાદ્ય વસ્તુ અથવા માલમતા તરીકે જ ગણાતાં હતાં ત્યાં સુધી એમનું બલિદાન ક્ષમ્ય હતું. પણ જાનવરો આપણાં ભાઈભાંડુ છે, યલ્લામ્માનાં બાળકો છે, એ જાણ્યા પછી બલિદાનમાં એમને મારવાં એ તો ધર્મને નામે શુદ્ધ અધર્મ કર્યા બરાબર છે.

૧૯

વિઠોબાની મૂર્તિ

જત એ રાજધાનીનું શહેર છે. ત્યાંથી અમે પંઢરપુર જતા હતા. શિયાળાના દિવસો. ટાઢ કહે કે મારું કામ. ગાડીમાં બેસવાનો અમને કંટાળો, જોકે રાજ તરફની ગાડી હતી બહુ જ રૂપાળી અને સગવડવાળી. પણ અમે રોજ સવારસાંજ પગે જ ચાલતા. સાંજે પગ ફાટી જાય. તળિયું તો શું, પણ ઉપર ઘૂંટી સુધીની બધી ચામડી ફાટી જાય; અને નળા પરની ચામડી પણ કાચ પાયેલા કાગળ જેવી કરકરી થઈ જાય ને એમાંથી લોહી નીકળે. સૂતી વખતે પિતાશ્રી સાબુ લઈને અમારા પગ ધોઈ કાઢે અને આઈ દૂધ ઉપરની મલાઈ લઈ ગાલ અને હોઠને ચોળે. સાબુથી પગ ધોવાય તે તો અસહ્ય થતું; પણ મલાઈ ચોળવાની ક્રિયા મનગમતી થતી. આઈ મલાઈ ચોળવા બોલાવે ત્યારે હું આંખમાં ઊંઘ ભરાયાનો ડોળ કરતો, અને આઈની આંગળી હોઠ પાસે આવે કે તરત જ આંગળી મોઢામાં પકડી બધી મલાઈ ચાટી જતો. આ યુક્તિ એક બે વાર જ સફળ થતી. પણ હમેશાં કંઈ આઈ જ મલાઈ ચોળે એમ ન હતું. કોઈ દિવસ મોટાં ભાભી હોય તો કોઈ દિવસ વચેટ ભાભી હોય. અને આવી યુક્તિ કરી હું મલાઈ ખાઈ જાઉં એ આઈને ન જ ગમતું એમ કંઈ થોડું હતું? આઈ વઢે ખરી, પણ એ બધું ઉપર ઉપરનું.

એક દિવસે સાંજે એક ગામડામાં અમે મુકામ કર્યો. ત્યાં ધર્મશાળા નહોતી એટલે વિઠોબાના મંદિરમાં ધામા નાખ્યા. પંઢરપુરની આસપાસ ખૂબ દૂર સુધી દરેક ગામમાં વિઠોબાનું મંદિર તો હોવાનું જ. વિઠોબા અને રખુમાઈ (રુક્મિણી) બંને કેડ ઉપર હાથ રાખી, બંને પગ બરાબર જોડી ઊભાં રહેલાં દરેક મંદિરમાં હોવાનાં જ. સાંજ પડે કે ગામના લોકો — સ્ત્રીપુરુષ બધાં — એક પછી એક દેવદર્શનને માટે આવે અને વિઠોબાને 'ક્ષેમ'

દઈ — એટલે કે આલિંગન દઈ — નમસ્કાર કરી પાછાં જાય. એ આ પ્રદેશનો રિવાજ જ છે. અમે આ બધું આશ્ચર્યથી જોતા હતા.

પાણી તો દૂરના એક ઝરણામાંથી લાવવાનું હતું. ભાભી, ગોંદુ અને હું — અમે ત્રણ જણાં પાણી લાવવા ગયાં. અંધારામાં રસ્તો જડે નહિ, ટાઢને લીધે દાંત કડકડતા હતા. મેં લોટો ઝરણામાં ડુબાડ્યો. અહાહા! જાણે કાળામેશ વીંછીએ ડંખ માર્યો હોય તેવું હાથને થઈ ગયું! પાણી એટલું ઠંડું હતું કે, મેં લોટો છોડી હાથ પાછો ખેંચી લીધો અને કહ્યું, 'આવા પાણીમાં ફરી હાથ નાખવાની આપણી હિંમત નથી.' પણ લોટો કંઈ આમ છોડીને અવાય? ગોંદુએ હિંમતપૂર્વક પાણીમાંથી લોટો બહાર કાઢ્યો એટલું જ નહિ, પણ બાકીનાં બધાં વાસણો પણ ભરી આપ્યાં.

અમે પાછા ફર્યા. ગોંદુની આ બહાદુરી જોઈ મારા મનમાં એને વિષે આદર ઊપજ્યો. એનું એક સૂત્ર હતું: 'આજે દુઃખ વેઠીએ તો આવતી કાલે સુખ મળે. આજે મરચાં ખાઈએ તો આવતી કાલે ખાંડ ખાવા મળવાની.' અને આવા સૂત્રનો તે અક્ષરશઃ અમલ પણ કરતો. મોટપણમાં ખૂબ ગળ્યું ગળ્યું ખાવાનું મળે એટલા માટે તે ઘણી વાર મને કમને મરચાં ખાતો એટલું જ નહિ, પણ મોટા ભાઈનો અધિકાર ચલાવીને મને પણ ખવડાવતો! હું ગોંદુ જેટલો શ્રદ્ધાવાન નહિ એટલે એના સિદ્ધાંતનો અક્ષરાર્થ કબૂલ ન કરી શકું. પણ જે છ ભાઈઓમાં સૌથી નાનો એને પાંચગણી તાબેદારી ઉઠાવવી પડતી. આમ ગોંદુના એ સિદ્ધાંતને લીધે એનામાં તિતિક્ષા ઠીકઠીક આવી હતી. હું પણ તિતિક્ષા બતાવું ખરો, પણ તે બહાદુરી કેળવવાને અર્થે.

પાણી લઈને અમે ઘેર આવ્યા. રાત પડી એટલે ગામલોકો આવતા બંધ થયા. વિઠોબા પાસે એક ઊંચો દીવી બળતી હતી. હવે ગોંદુનો ભક્તિભાવ જાગૃત થયો! ગામના લોકોની પેઠે આપણે પણ વિઠોબાને ક્ષેમ દઈએ એમ એને થઈ આવ્યું. ધીમે રહીને એ મંદિરના ગર્ભગૃહમાં ગયો ને ભક્તિના ઉમળકા સાથે એણે વિઠોબાને બાથમાં લીધા. પણ અરે! શી ભગવાનની લીલા! વિઠોબા પોતાનું સ્થાન છોડી ગોંદુની બાથમાં આવ્યા! એમનો ભાર છાતીને અસહ્ય થઈ પડ્યો! ગોંદુએ જોયું કે મૂર્તિના પગ

ઘૂંટીથી જરા ઊંચેથી તૂટી ગયા છે. હવે શું કરીએ? આ તો ગજબ થયો! વિઠોબાની ભક્તિ બહુ મોંઘી પડી! 'दत्तु दत्तु, इकडे ये; हें बघ काय झाल ?'

હું દોડતો ગયો. સહેજ પ્રયત્ને વિઠોબાને એની બાથમાંથી છોડાવ્યા. પછી અમે બંનેએ મળીને વિઠોબાને ફરી પગભર કરવાનો પ્રયત્ન કર્યો. પણ અઠ્ઠાવીસ યુગ સુધી આમ ઊભા રહી વિઠોબા સાવ કંટાળી ગયા હતા! એ ફરી ઊભા થાય જ નહિ. અમે હાર્યાં એટલે મેં, ગોંદુ ના પાડતો હતો છતાં, પિતાશ્રીને બોલાવ્યા અને સ્થિતિ બતાવી. તેમણે પ્રથમ તો મૂર્તિ બરાબર ઊભી કરી અને પછી અમારા બંનેની ઝાટકણી કાઢી. મારો પોતાનો વાંક તો હતો જ નહિ, પણ મને સૂઝ્યું કે મારો બચાવ કરીશ તો ગોંદુને વધારે સાંભળવું પડશે. મૂંગે મોઢે એની સાથે સહન કરું તો બીચારાનું દુઃખ એટલું હળવું થાય ને? સુખદુઃખ સમાન ભાગે વહેંચી લેવું એ અમારો ત્રણ ભાઈઓનો કોલકરાર હતો. છતાં વિઠોબાના આલિંગનથી મળેલા પુણ્યનો ભાગ મને મળશે કે કેમ, એનો વિચાર સરખોયે મેં ન કર્યો.

બીજે દિવસે સવારે એક છોકરી મંદિરમાં વિઠોબાને ક્ષેમ દેવા આવેલી. વિઠોબાએ એને પણ પોતે કંટાળી ગયાનું જણાવ્યું. હું તો હવે શું થશે એની જ રાહ મારી પથારીમાંથી જોયા કરતો હતો. પણ એ છોકરી જરાય ડરી ન ગઈ. મને પથારીમાંથી જોતો જોઈ કહે, 'આ મૂર્તિના પગ એક વાર તો ભાંગ્યા જ હતા. ગામના લોકોએ જેમ તેમ બેસાડ્યા હતા. આજે ફરી ઢીલા થયા દેખાય છે.' રોઈટરના ખબરપત્રીને વેગે એ માહિતી મેં પ્રથમ ગોંદુને ને પછી પિતાશ્રીને પહોંચાડી, અને બધાના જીવ ઠંડા પડ્યા. —શરીર તો કકડતી ટાઢમાં ધ્રૂજતાં જ હતાં.

૨૦ ✓

ઉપાસ્ય સ્વયંવર

લોકમાન્ય તિલકે હિંદુધર્મની વ્યાખ્યા કરતાં એક શ્લોક ઘડી કાઢ્યો છે:

प्रामाण्यबुद्धिर्वेदेषु, साधनानामनेकता ।
उपास्यानामनियमः, एतद्धर्मस्य लक्षणम् ॥

આ શ્લોકમાં હિંદુધર્મની ઉદારતા અને વિશેષતા આવી જાય છે. ઈશ્વરને ઓળખવાનાં ને મેળવવાનાં સાધનો અનેક છે, કેમ કે માણસનો સ્વભાવ વિવિધ છે. અને એકેશ્વરવાદી હિંદુધર્મમાં ઉપાસ્ય દૈવતો પણ અનંત છે, કેમ કે ઈશ્વરની વિભૂતિનો અંત નથી. સાધન ને ઉપાસ્યની બાબતમાં કુલધર્મ પણ આડે આવતો નથી. ઘણી વાર એમ જોવામાં આવે છે કે, માણસનો કુલદેવ જુદો અને ઉપાસ્ય દેવ જુદો. પોતાનું ઉપાસ્ય પોતાની અભિરુચિ પ્રમાણે માણસે પસંદ કરવાનું હોય છે.

મને જનોઈ મળી તે પહેલાં જ, એટલે બહુ જ નાની ઉંમરે મને મારું ઉપાસ્ય પસંદ કરવાનું સૂઝયું. ધર્મનું ઊંડું રહસ્ય જાણ્યા વગર પૌરાણિક વાર્તાઓ પરથી જ મારે એ સ્વયંવર કરવાનો હતો. અમારાં કુલદેવ મંગેશ મહારુદ્ર અને મહાલક્ષ્મી. મહાલક્ષ્મી એ વૈષ્ણવી શક્તિ પણ હોઈ શકે છે અને શૈવી શક્તિ પણ હોઈ શકે છે. મંગેશ શબ્દની વ્યુત્પત્તિ હજી નક્કી નથી થઈ. કેટલાક માને છે કે આદિમાયા પાર્વતીએ જંગલમાં વાઘથી બીને 'ત્રાહિ માં ગિરીશ' એવી ચીસ પાડી. બીકથી વાણી અસ્પષ્ટ થવાથી 'ત્રાહિ માં ગીશ' એવો જ ઉચ્ચાર થયો. મહાદેવને એ જ નામ ગમી ગયું, અને 'માંગીશ' ઉપરથી 'મંગેશ' થયું. મને પોતાને આ પૌરાણિક વાર્તા પર વિશ્વાસ નથી બેસતો. હું તો 'મંગલેશ'નું જ 'મંગેશ' કરું છું. ગમે તેમ હોય, શિવશક્તિ એ અમારાં કુલદૈવત ખરાં.

પણ પંઢરપુરના વિઠોબા પર મારી ભક્તિ સૌથી પહેલી ચોંટી ગયેલી. ગોંદુ પર પણ એ જ અસર થયેલી. એટલે અમે બંને જણાએ પિતાશ્રી પાસે 'હરિવિજય'ની માગણી કરી. 'હરિવિજય' એ ભાગવતનો સાર છે. અમે આખો 'હરિવિજય' વાંચી ગયા. એમાંથી કેટલુંક સમજાય અને કેટલુંક ન પણ સમજાય. કૃષ્ણગોપીનો શૃંગાર એમાં ડગલે ને પગલે આવે. પણ અમે બાળકો એમાં શું સમજીએ? શ્રીકૃષ્ણનાં પરાક્રમો ને તોફાનોનું વર્ણન આવે ત્યારે મજા પડે. બાલ્યકાળ એ અદ્‌ભુતરસનો અને હાસ્યરસનો ભૂખ્યો હોય છે. અમારું 'હરિવિજય'નું પારાયણ ચાલતું હતું એટલામાં પૂનેથી કેશુ આવ્યો. કેશુ બાબા પાસે રહી ભણતો, એટલે એને ઉચ્ચ નીતિનું વાતાવરણ મળેલું. ધર્માભિમાન પણ પૂનાના વાતાવરણમાં એને ઠીક ઠીક મળેલું. અમને 'હરિવિજય' વાંચતા જોઈ એને આશ્ચર્ય થયું. એણે અમને સમજાવ્યું કે, 'શ્રીકૃષ્ણ એ ખરાબ દેવ છે, સ્ત્રૈણ છે, ગોપી સાથેની એની લીલા ગંદી છે. એ વ્યભિચારીની પૂજા કરાય નહિ. સાચો દેવ તો એક મહાદેવ. એ જ આપણો કુલદેવ. એની જ ભક્તિ કરવી ઘટે છે. આપણે ક્યાં હાથમાં ત્રાજવું લઈ સોનું તોળનાર વૈષ્ણવ શરાફ છીએ કે વિષ્ણુની ભક્તિ કરીએ?'*

ગોંદુને આ ટીકા ન ગમી. એ કેશુથી જુદો પડ્યો. 'હરિવિજય' પરની એની ભક્તિ કાયમ રહી. હું કેશુનો લાડકો. એની વાત મારે ગળે ઝટ ઊતરે. મેં 'હરિવિજય' ફેંકી દીધો અને કૃષ્ણનિંદામાં રસ લેવા લાગ્યો. કેશુએ ધારેલું અરધું પરિણામ તો નીપજ્યું, પણ મહાદેવને હું મારું ઉપાસ્ય દૈવત ન બનાવી શક્યો. મહાદેવ કુલદેવ તો ખરા, પણ ઉપાસ્ય કંઈ જુદું જ હોવું જોઈએ.

---

* બેલગામ તરફ અમારી ન્યાતમાં કેટલાક વૈષ્ણવ હોય છે ને તે બધા શરાફીનો ધંધો કરે છે. તેઓ ભાગવતધર્મ પાળે છે. અમે એ લોકો કરતાં ઊંચા, સ્માર્તધર્મ પાળનારા! બની શકે ત્યાં સુધી અમારી દીકરીઓ શરાફોને ત્યાં ન દઈએ. એમની દીકરીઓ બેશક લઈએ ખરા, પણ પ્રયત્નપૂર્વક એમનું વૈષ્ણવપણું ધોઈ કાઢી એમને સ્માર્ત બનાવીએ. પણ આને તો જમાનો વીતી ગયો છે, અને હવે એ ભેદ પહેલાંના જેવો રહ્યો નથી.

મેં પિતાશ્રીને પૂછ્યું કે, 'દેવો કેટલા છે?' મારે ગંભીરતાથી સ્વયંવર કરવાનો હતો, એટલે કેટલા દેવોમાંથી પસંદગી થઈ શકે છે એ જાણી લઈએ તો સારું. પિતાશ્રીએ કહ્યું, 'એમ તો દેવ એક જ છે. અને તે બધે છે, — જળ, સ્થળ, કાષ્ઠ, પાષાણ બધે છે; તારામાં પણ છે ને મારામાં પણ છે. પણ દેવો તેત્રીસ કરોડ ગણાય.' મેં પિતાશ્રીને પૂછ્યું, 'આ તેત્રીસ કરોડ દેવોને તમે ઓળખો છો?' સવાલ અટપટો હતો. પિતાશ્રીએ કહ્યું, 'દેવો ગમે તેટલા હોય તોયે તે પાંચ દેવોના જ અવતાર. પંચાયતનમાં બધા સમાઈ જાય છે.' મેં પૂછ્યું, 'પંચાયતન એટલે શું?' પિતાશ્રી બોલ્યા, 'શિ ના ગ ર દે.' હું મૂંઝાયો. હસીને પિતાશ્રીએ કહ્યું, 'જો, શિ એટલે શિવ, ના એટલે નારાયણ, ગ એટલે ગણપતિ, ર તે રવિ, અને દે એટલે દેવી.'

મને જોઈતું મળી ગયું. મારે આ પાંચમાંથી પસંદગી કરવાની રહી. શિવ તો આપણો કુલદેવ. એ જ પહેલો આવે છે. પણ એ ભારે ક્રોધી છે. જરાક ભૂલ થાય તો સત્યાનાશ વાળી દે. એની આગળ હમેશાં બીતા જ રહેવું પડે. એ આપણને નહિ ખપે. નારાયણ એટલે કૃષ્ણ. એ તો કુકર્મી. એની ઉપાસના કોણ કરે? ગણપતિ વરસમાં એક વાર ઘરમાં આવે છે અને તે વખતે આપણને મોદક ખાવાને મળે છે. પણ એ તો વિદ્યાનો દેવ. એ કંઈ ઉપાસ્ય દેવ તરીકે શોભે નહિ. રવિ છે તો તેજસ્વી, પણ એની ક્યાંયે મૂર્તિ જડતી નથી. એનું દેવળે ક્યાંય જોવામાં નથી આવતું, એ કંઈ મોટો દેવ ન ગણાય. હવે રહી દેવી. એ તો બૈરું. એની પૂજા કંઈ મરદ કરે?

પાંચમાંથી એકે પસંદ ન આવ્યું. પણ પાંચેની નિંદા મનમાં આણી એ જ મનમાં સાલવા લાગ્યું: હવે તો પાંચ દેવોનો કોપ થશે, અને કોણ જાણે શી શી આફત માથે આવી પડશે! મનમાં ને મનમાં હું પાંચે દેવોની ક્ષમા માગવા લાગ્યો. મહાદેવની સૌથી વધારે. છતાં કોઈની પસંદગી તો ન જ કરી.

એ જ અરસામાં પિતાશ્રીને પૂજામાં હું મદદ કરતો. અમારા દેવઘરમાં અનેક દેવો હતા. બધાને કાઢીને નવડાવવા, લૂછવા, ફરી એમને ઠેકાણે મૂકી દેવા, ગંધ, અક્ષત, ફૂલ વગેરે ચડાવવાં, એ

બધું ભારે કામ હતું. મને એમાં રસ પડતો, અને પિતાશ્રી
રાહત મળતી. પૂજાના મંત્ર હું ન જાણું, પણ તંત્ર બધું જાણ
એક દહાડો મૂર્તિઓ ગોઠવતાં વિચાર આવ્યો કે, 'આ બાલકૃષ્ણ
દેવી પાસે ન મુકાય. બાલકૃષ્ણ દેખાય છે નાનો; પણ જે
રાધાને ત્યાં એકાએક મોટો થયો, તેમ અહીં થાય તો દેવી બિચા
નાહક હેરાન થશે. ચારિત્રહીન દેવ ઉપર વિશ્વાસ ન રખાય
એટલે બાલકૃષ્ણને હું એક છેડે બેસાડતો, અને દેવીને બરાબર બીજ
છેડે. આટલેથીયે સંતોષ ન થતો, એટલે સુરક્ષિતતાને વધ
મજબૂત કરવા ખાતર દેવી પાસે હું ગણપતિને મૂકી દેતો. ર
જબરદસ્ત હાથી આગળ તો, બાલકૃષ્ણની પાસે આવવાની હિંમ
પણ નહિ ચાલે એમ હું માનતો. આમ વિચાર ચાલતા અ
મારું પૌરાણિક વાચન પણ આગળ ચાલતું. વાંચતાં વાંચતાં એ
દત્તાત્રેય જડ્યો. મારો જ એ નામધારી, એટલે એના પ્રત્યે મા
પક્ષપાત તો હોય જ. નાનપણથી, કોણ જાણે શા કારણથ
મારામાં સ્ત્રીદ્વેષ પેસી ગયેલો. મારાં છેક નાનપણનાં સંસ્મરણોમ
સ્ત્રીજાતિ પ્રત્યેનો અણગમો હું બરાબર જોઈ શકું છું. દત્તાત્રેયમ
મેં એ લાભ જોયો કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણે દેવ એ
સમાઈ જાય છે. શૈવ ને વૈષ્ણવનો ઝઘડો દત્તાત્રેય આગળ શમ
જાય છે. બ્રહ્મા પ્રત્યે મારો પક્ષપાત તો હતો જ નહિ. પણ એન
સૂગ પણ ન હતી. એને તો નભાવી લેવાય. પણ હરિહર ભેગ
થયા એથી રૂડું શું? વળી દત્તાત્રેય તે બ્રહ્મચારી. આપણને તે
એ જ ખપે.

પંઢરપુરથી અમે દત્તાત્રેયની એક મૂર્તિ લઈ આવ્યા. ગોં
એક નાનકડું ચીંથરું લઈને એ દત્તાત્રેયને ધોતિયું પહેરાવે. મને ર
બિલકુલ ગમે નહિ. હું કહું કે 'પીતળની મૂર્તિમાં પીતળનું ધોતિ
કોતરેલું છે જ. એમાં આ ચીંથરું ચડાવીને તું શી શોભ
વધારવાનો હતો?' ગોંદુ કહે, 'પણ પંઢરપુરમાં તેં નહોતું જોયું
વિઠોબાને રેશમી કોરનું ધોતિયું પહેરાવે છે, અંગરખું ચડાવે છે
માથે ફેંટો બાંધે છે, અને શિયાળામાં એક રજાઈ પણ ઓઢાડે છે?
અમારો મતભેદ કાયમ જ રહ્યો. મેં તો દત્તાત્રેયનાં જેટલાં સ્તોત્ર
મળ્યાં તેટલાં ભાવપૂર્વક સાંભળ્યાં. દત્તાત્રેયને ઊમરાના ઝાડ તળે

બેસવાનું ગમે; એટલે હું પણ જ્યાં ઉમરાનું ઝાડ હોય ત્યાં તેની છાયામાં જઈને બેસતો. દત્તાત્રેયને પાપડીનું શાક ભાવે; એટલે મેં પણ પોતાને પાપડીનું શાક ભાવતું કર્યું.

હવે મને 'ગુરુચરિત્ર' વાંચવાનું મન થયું. મહારાષ્ટ્ર તરફ નૃસિંહ સરસ્વતી કરીને એક અવતારી પુરુષ થઈ ગયેલા. એમને દત્તાત્રેયના અવતાર સમજી 'ગુરુચરિત્ર'માં એમની લીલાનું વર્ણન કરેલું છે. એ બધી લીલામાં મુખ્ય વસ્તુ એ જ કે દુઃખી લોકોનું દુઃખ દૂર કરવું. આવો આર્તત્રાણ દેવ જ સૌથી શ્રેષ્ઠ, એમ મેં મન સાથે નક્કી કર્યું. દત્તાત્રેય પોતે તપસ્વી; કષ્ટ વેઠે; શુદ્ધ બ્રહ્મચારી. પણ લોકોનું દુઃખ જોઈ એનું હૈયું વધારે ને જલદી પીગળે. એમ જોઈ એ જ ગુણો આપણામાં આવે તો કેવું સારું એમ મનમાં થતું. મારી બુદ્ધિ પ્રમાણે હું દીનદુઃખીઓને શોધવા લાગ્યો ને જ્યાં બને ત્યાં લોકોને કામ આવવા લાગ્યો. પોતે કશો લાભ શોધવો નહિ ને બીજાની સેવા કરવી, એ તે વખતે તો મારા જીવનનો આદર્શ થઈ ગયો.

ઘરમાં 'રામવિજય', 'હરિવિજય', 'પાંડવપ્રતાપ', ને 'શિવલીલામૃત' એટલી ચોપડીઓ તો હતી. અમારું 'ગુરુચરિત્ર' મામાને ત્યાં ગયેલું. ત્યાંથી એ પાછું આણવાની અથવા નવું વેચાતું લેવાની દરખાસ્ત મેં પિતાશ્રી આગળ મૂકી. ભોગજોગે એ વખતે આઈ પણ ત્યાં હતી. આઈએ ગંભીરતાથી અને ધસીને મારી દરખાસ્તનો વિરોધ કર્યો. આઈએ કહ્યું, 'આપણા ઘરમાં 'ગુરુચરિત્ર' પળતું નથી. આક્કાએ 'ગુરુચરિત્ર' વાંચવા માંડ્યું ને એ જ વરસે એ આપણને છોડી ગઈ.'

આઈએ એવા કેટલાયે દાખલા ગણાવ્યા. બસ, મારી દરખાસ્ત ઊડી ગઈ. મને એ ક્ષણે માઠું તો લાગ્યું, પણ આઈને દુઃખ દેવા કરતાં 'ગુરુચરિત્ર' વાંચવાની વાત છોડી દેવી એ સારું એમ મેં મારા મન સાથે નક્કી કર્યું, અને તે વિચાર કાયમનો જ થયો. હજીયે મેં 'ગુરુચરિત્ર' બીજી વાર વાંચ્યું નથી. હું મોટો થયો ને સંસ્કૃત ભણ્યો ત્યારે દત્તાત્રેયનાં સંસ્કૃત સ્તોત્રો જોઈ ગયો; અને એમાં જારણ, મારણ, ઉચ્ચાટન અને 'હું ફટ્ સ્વાહા' વગેરે વસ્તુઓ જોઈ એ ઉપાસના પરનો મારો મોહ ઊતરી ગયો. હું

જોઈ શક્યો કે, દત્તાત્રેયની ઉપાસનામાં આકાશમાંનો ગ્રહ ગુરુ, વિદ્યા આપી નવો જન્મ આપનાર ગુરુ, અને બ્રહ્મા વિષ્ણુ મહેશથી બનેલા દત્તાત્રેય, બધાનો ખીચડો થયેલો છે. અને એમાં તાંત્રિક સ્વરૂપ પેસી જઈ બધું જ વિચિત્ર થઈ ગયું છે. આમાંથી ગુરુભક્તિ એ જ સાચી છે, ગુરુભક્તિથી જ ધર્મજ્ઞાન થઈ શકે છે, ગુરુભક્તિથી જ ચારિત્ર કેળવાય છે, ગુરુભક્તિથી જ મોક્ષ મળે છે. એથી આગળ જઈ મેં જોઈ લીધું કે, દત્તાત્રેય એ પરમાત્માની ત્રિગુણાત્મક વિભૂતિનું પ્રતીક છે. ત્રિગુણાતીત અ-ત્રિનો એ દીકરો અનસૂયાવૃત્તિને પેટે જન્મેલો. સેવાને અર્થે એણે પોતાને અર્પણ કરી દીધો છે, માટે એને દત્ત કહે છે.

પણ મારી ઉપાસના તો નક્કી ન થઈ તે ન જ થઈ. કોક વખતે દત્તાત્રેયનું નામ લઉં, કોક વખતે 'જય હરિવિઠ્ઠલ' ગાઉં, કોક વાર 'નિવૃત્તિ જ્ઞાનદેવ સોપાન મુક્તાબાઈ એકનાથ નામદેવ તુકારામ'ને શરણ જાઉં. પણ ઘણી વાર તો 'સાંબ સદાશિવ'ની જ ધૂન લગાવું. આખરે આ બધું છોડી મેં પ્રણવ-જાપ લીધો.

૨૧

પંઢરી

पंढरीचे वाटे बाभळीचे काटे ।
सखा माझा भेटे..., पांडुरंग ॥

ઘણાં વરસની ઝંખના પછી અમે પંઢરપુર જઈ શક્યા. બળદ-ગાડીમાં કે પગપાળા મુસાફરી કરવામાં જે આનંદ, અનુભવ અને સ્વતંત્રતા રહે છે તે રેલગાડીમાં નથી જ હોતાં. પંઢરપુરની ભૂમિ એટલે પવિત્રમાં પવિત્ર ભૂમિ. ત્યાંનો એકેએક કાંકરો અને પથરો સંતોનાં ચરણોથી પુનિત થયેલો. ત્યાંની એકેએક વસ્તુ સુંદર છે, પવિત્ર છે, હિતકર છે, એમ માનવાને પ્રથમથી જ મન તૈયાર હતું. મંદિરને રસ્તે બેઠેલાં આંધળાં, પાંગળાં, કોઢિયાં અને અપંગ લોકો પણ જાણે કોઈ બીજી જ દુનિયાનાં માણસો છે એમ મારી નજરે લાગતું.

ચંદ્રભાગા પર અમે નાહવા ગયા, ત્યાં પહેલવહેલું મંદિર જોયું પુંડલીકનું. એક ડોશી ઊંચે સાદે ગાતી હતી :

'कां रे पुंड्या मातलासी
उभे केलें विठ्ठलासी'

પુંડલીક માતાપિતાની સેવામાં એવો તો લીન હતો કે, એની ભક્તિથી રાજી થઈ શ્રીકૃષ્ણ પોતે એને વર આપવા આવ્યા ત્યારે માતાપિતાની સેવા છોડી પરમાત્માનું સ્વાગત કરવા ઊઠવું એને ન રુચ્યું. એણે પાસે પડેલી એક 'વીટ' (ઈંટ) ભગવાન તરફ ફેંકી અને કહ્યું, 'લો આસન. જરા ઊભા રહો. મારી સેવા પૂરી થવા દો.'

સેવામાંથી પરવાર્યા પછી પુંડલીકે પૂછ્યું, 'કેમ આવ્યા છો?'

'તારી ભક્તિ જોઈ સંતુષ્ટ થયો છું. વર આપવા આવ્યો છું.'

'માતાપિતાની સેવામાં મને પૂરતો આનંદ છે. વર આપવા જ માગો છો તો એટલું માગી લઉં કે, અહીં ઊભા છો તેવા જ અઠ્ઠાવીસ યુગ સુધી ભક્તોને દર્શન આપવા ઊભા રહો.'

તે દિવસથી વિષ્ણુનું નામ 'વિઠ્ઠલ' (વીટ ઉપર ઊભા રહેનાર) પડ્યું. એટલા માટે જ પંઢરપુરમાં વિઠ્ઠલ સાથે રુકિમણીની મૂર્તિ નથી. રુકિમણીનું મંદિર જુદું છે. પંઢરપુરમાં રુકિમણીને રખુમાઈ કહે છે, અને રાધાને રાઈ કહે છે. ચંદ્રભાગાના પટમાં જ્યાં જુઓ ત્યાં ભજન ચાલતું હોય. અહીં વર્ણાશ્રમ કે કર્મકાંડને મહત્ત્વ નથી. આ તો ભક્તિનું પિયર, સર્વ સંતોનું ધામ છે.

અમે નાહીને વિઠ્ઠલનાં દર્શને ગયા. ગોરમહારાજ સાથે હોવાથી દરેક સ્થાનનું માહાત્મ્ય ઝટ ઝટ સમજાઈ જતું. રસ્તામાં એક તાકપીઠ–વિઠોબા આવતા એવું સ્મરણ છે. આ વિઠોબા આગળ એક મોટું વાસણ હતું, એમાં લોકો છાશ અને ધાણીનો લોટ નાખતા.

વિઠ્ઠલના મંદિરમાં કેટલી ભીડ! કોઈ ગાય છે, કોઈ નાચે છે, કોઈ મોટેથી વિઠ્ઠલને સાદ પાડે છે. મંદિરના એકેએક ભક્તની નિષ્ઠા જોઈ મને આનંદ થતો. પણ સરવાળે બધાની બહુ સારી છાપ પડી નહિ. બધા મળીને એવો તો કોલાહલ કરે કે એના કરતાં શાકબજાર સારું. હું નાનો હતો તોયે ભક્તિનો ઊભરો બતાવનાર લોકોનો દંભ હું જોઈ શકતો હતો. પ્રતિષ્ઠાની લાગવગથી ખાનગી રસ્તે અમે મંદિરમાં ગયા અને સહેલાઈથી દર્શન કરી આવ્યા. પહેલું દર્શન તો ઉતાવળે જ કરવાનું હોય. મંદિરના દરેક થાંભલા સાથે કંઈક ને કંઈક આખ્યાયિકા જોડેલી છે. 'આ ગરુડસ્તંભ; અહીં તુકારામ ઊભા રહેતા; ગોરા કુંભાર અહીં બેસતા; આ ઓટલા પર નામદેવે માથું કૂટયું હતું.' મંદિર બહાર એક પગથિયું પીતળનું છે. એ નામદેવની પાયરી તરીકે પ્રખ્યાત છે, કેમ કે એની નીચે નામદેવ સમાધિસ્થ થયા હતા.

રખુમાઈનું દર્શન કરી અમે ગોપાળપુર જોવા ગયા. રસ્તામાં જ્યાં શ્રીકૃષ્ણે વલોણું વલોવ્યું હતું તે સ્થાન આવ્યું. ત્યાં ગોર કહે, 'જલદી આવો, જલદી આવો. થોડીક જ ધાણી હવે બાકી રહી છે.' એક પીતળની થાળીમાં ધાણીના દસ પંદર દાણા પડેલા હતા. ગોરે કહ્યું, 'શ્રીકૃષ્ણ અને એના ગોવાળ અહીં શિરામણ કરી ગયા તે કાળની આ ધાણી છે. તમે ઠીક વખતસર આવ્યા. આટલી જ રહી છે.' અમે બે પૈસા આપી ધાણીના બે ચાર દાણા લીધા

અને આગળ ચાલ્યા. ગોપાળપુરમાં એક શિલા છે. એ શિલા પર ગાયને ઊભી રાખી શ્રીકૃષ્ણે એનું દૂધ કાઢી પીધું હતું. એ ગાયની ચાર ખરી, શ્રીકૃષ્ણના પગ અને વાટકો, એ બધાંનાં ચિહ્ન એ શિલા પર ઊંડાં ઊતરેલાં દેખાતાં હતાં. આ બાજુએ નદીમાંથી ગમે તે પથરો કાઢો તો તેના પર બાળગોપાળનાં પગલાં સ્પષ્ટ દેખાય !

નદીના વહેણમાં પાણી વચ્ચે એક નાનકડું મંદિર છે. હોડીમાં બેસી અમે ત્યાં દર્શન કરવા ગયા. અર્ધું વહેણ વટાવ્યું હશે ત્યાં હોડીવાળાને મેં કહ્યું, 'અહીં ડૂબકી મારી એક પથરો કાઢી બતાવ.' એણે એક પથરો કાઢ્યો. અને શું આશ્ચર્ય ! એના પર પણ બાળકનાં જેવાં પગલાં સ્પષ્ટ દેખાતાં હતાં !

અહીંથી અમે જનાબાઈનું સ્થાન જોવા ગયા. જનાબાઈ એ નામદેવના ઘરની દાસી. બિચારીને સગુંવહાલું કોઈ નહોતું; તેથી વિઠોબા પોતે એની સાથે એનું દળણું દળતા, આઠ આઠ દિવસે એને નવડાવતા અને એના વાળ ઓળતા. એક રાત વિઠોબા ત્યાં જ સૂઈ ગયેલા. જનાબાઈના વખતની એક રજાઈ આજે પણ ત્યાં જોઈ શકાય છે. એના પર તેલ રેડી રેડીને લોકોએ એને ચામડા જેવી કરી નાખી છે.

પાછા ફરતાં પેલા ધાણીવાળા ગોર પાસે અમે ફરીથી ગયા. એ વખતે એની થાળીમાં બે મૂઠી ધાણી હતી ! મેં એને પૂછ્યું, 'હવે આટલી ક્યાંથી આવી ગઈ ?' એ મને જવાબ શાનો આપે ?

ચંદ્રભાગાને કિનારે એક નાનકડો કુંડ છે. ત્યાં તુકારામે પોતાના અભંગની ચોપડીઓ પાણીમાં પથરા બાંધીને ડુબાડી હતી, અને વિઠોબાએ એનું સમાધાન કરવા ખાતર પથરા સાથે એ ચોપડીઓ તરતી કરી હતી. એનું સત આજે પણ તમે અજમાવી શકો. બે પૈસા આપો એટલે એક માણસ પથરાની બનાવેલી એક નાનકડી નૌકા 'પુંડલીક વરદે હરિ વિઠ્ઠલ' કહી પાણીમાં છોડી દે છે, અને એ નૌકા ત્યાં પાણીમાં તરે છે. એ નૌકાને તરતી મેં મારી સગી આંખે જોઈ છે. મેં પેલા માણસને કહ્યું, 'આ જ નૌકા નદીના પાણીમાં છોડો જોઈએ. ત્યાં ડૂબી જાય તો માની લઈએ કે, આ જગાનું સત છે.' એણે મારું ન માન્યું, કેમ કે હું નાનો હતો.

સાંજે વહેલા જમી અમે વિઠોબાની પૂજા જોવા ગયા. વિઠોબાની મૂર્તિનું રસભર્યું વર્ણન સંતોનાં વચનોમાં એટલું બધું સાંભળ્યું હતું કે સાક્ષાત્ મૂર્તિ કદરૂપી લાગે છે, એમ મનમાં પણ કબૂલ કરવા મન તૈયાર ન હતું. શિયાળાના દિવસ હતા, એટલે વિઠોબા ગરમ પાણીએ નાહ્યા. ઘડા ભરી ભરીને એમને દૂધથી નવડાવ્યા. પછી દહીંથી. મોઢે માખણનો એક મોટો ગોળો ચોડી દીધો હતો. એક લોટો મધ પણ માથે રેડાયું. પછી ઘીનો વારો આવ્યો. છેલ્લે એક પવાલું ભરીને કસ્તૂરીનું પાણી માથે રેડાયું. કસ્તૂરી એ ગરમ ચીજ. કસ્તૂરીથી નાહ્યા પછી પંચામૃતની શરદી નડે નહિ. કસ્તૂરીની ગરમી ઉતારવા ચંદનના પાણીનો લોટો માથે રેડવામાં આવ્યો. છેલ્લે શુદ્ધોદક આવ્યું. શરીર લૂછીને રેશમી કોરનું ધોતિયું પહેરવા વિઠોબા તૈયાર થયા. વિઠોબાને પાટલી તો બહુ જ ફૅશનેબલ પાડવી જોઈએ. અમારા જેવા ભક્તોની આંખો ઠરી જતી. પછી આવ્યો જરકસી જામો. એના પર મહારાષ્ટ્રી પદ્ધતિનો રેશમી અંગરખો. પછી પાઘડી બાંધવાની ક્રિયા શરૂ થઈ. વિઠોબા તૈયાર પાઘડી ન પહેરે, પણ માથા પર જ પાઘડી બંધાવે. એમાં જ અર્ધો કલાક ગયો. હવે વિઠોબા ઠીક ઠીક રસિયા દેખાવા લાગ્યા. પણ ટાઢના દિવસોમાં ઓવરકોટ વગર કેમ ચાલે? પણ ઓવરકોટ તો આધુનિક વસ્તુ! એટલે રૂદાર મશરૂની એક ગોદડી સૌથી ઉપર ઓઢાડવામાં આવી. હવે તો વિઠોબાના શરીરનો ઘેરાવો એમની ઊંચાઈ કરતાં વધ્યો. વિઠોબાએ કસ્તૂરીનો ચાંલ્લો કર્યો. પછી ભોગ ચડાવવામાં આવ્યો. એ વખતે બારણાં બંધ હતાં. ભૂખ્યા લોકો જુએ તો વિઠોબાને નજર લાગે! અને અપચો પણ થાય! મહેર બડવા (ગોર) લોકોની કે વિઠોબાએ તાંબૂલ અમારા દેખતાં જ ખાધાં.

હવે વિઠોબાને શયનગૃહમાં જવાની ઉતાવળ જણાઈ. શયનગૃહ જમણી બાજુએ સુંદર રીતે સજાવેલું હતું. પણ ત્યાં વિઠોબા કઈ રીતે જાય? એટલે વિઠોબાના પગથી શયનગૃહના મંચક સુધી એક લાંબું લૂગડું તાણવામાં આવ્યું. એના પર લાલ રંગે વિઠોબાનાં પગલાં છાપ્યાં હતાં.

અમારા ગોરે કહ્યું, 'હવે તો કળિકાળ વધ્યો છે; નહિ તો પહેલાંપહેલાં શયનગૃહમાં પાનબીડી કરી રાખી હોય તે સવાર સુધીમાં અલોપ થતી ને થૂંકદાનીમાં પાનનો લાલ કૂચો પડેલો જણાતો. ભક્તો એ લઈને ખાતા.'

બીજે દિવસે સવારે ચાર વાગ્યે અમે કાકડ આરતી જોવા ગયા. એ વખતે પણ લોકોની ભીડ ભારે હતી. કાર્તિક પૂનમથી માહ પૂનમ સુધી, પોહ ફાટે તે પહેલાં નદીમાં નાહવાનું પુણ્ય વિશેષ છે. અને કાકડ આરતી વખતે દર્શન કરવું એ તો પુણ્યની અવધિ થઈ. અમને રોજ અભિષેકના પંચામૃતમાંથી એક એક લોટો તીર્થ મળતું. અમારો સવારનો નાસ્તો એની મદદથી જ થતો.

પંઢરપુરમાં એક જ વસ્તુ વિશેષ આકર્ષક લાગી. ત્યાં સાધારણપણે ઊંચનીચભાવ ન મળે. બધા જ સંતો ને બધા સમાન. જ્ઞાનદેવ, નામદેવ, જનાબાઈ, ગોરા કુંભાર, તુકારામ વગેરે સંતોની કેળવણીનું એ ફળ છે.

૨૨

મોટાભાઈની શક્તિ

રામદુર્ગથી અમે પાછા આવતા હતા. તોરગલનો સાત દીવાલવાળો કિલ્લો વટાવીને અમે આગળ ચાલ્યા. રસ્તામાં એક નદી આવતી હતી. કઈ નદી તે આજે બિલકુલ ધ્યાનમાં આવતું નથી. એ નદીને કિનારે બપોરના અમે મુકામ કર્યો. મેં મઝાના ત્રણ પથરા આણી, ધોઈ ચૂલો બનાવ્યો. આસપાસનાં સુકાઈ ગયેલાં લાકડાં ભેગાં કરી એ ચૂલો સળગાવ્યો. સૌથી મોટા ભાઈએ નાહીને નદી પરથી પાણી આણ્યું. રસોઈ તૈયાર થતાં એક વાગી ગયો. પિતાશ્રી ખૂબ થાકેલા હતા. પણ પૂજા કર્યા વગર તો જમાય નહિ. ગોંદુએ ક્યાંકથી તુલસી અને બેચાર ફૂલ આણ્યાં. પિતાશ્રીને પૂજા કરતાં જરાક વાર લાગી. અમે નાના છોકરાઓ ભૂખથી પીડાતા એક ખૂણામાં ભૂખ અને ઊંઘ વચ્ચે ઝોલાં ખાતા હતા. પિતાશ્રીની પૂજા ઝટ પતે નહિ અને છોકરાઓને વખતસર ખાવાનું મળે નહિ, એટલે મારાં બા જરા ચિડાયાં હતાં. મુકામે આવતાંવેંત ભાતું છોડીને છોકરાઓને કંઈક ખાવા આપવું એવો પિતાશ્રીનો વિચાર હતો, પણ છોકરાઓ અત્યારે ભાતું ખાશે તો જમશે શું! અને આખો દિવસ પાણી પાણી કરશે, એમ કહી બાએ અમને ખાવા આપવાની ચોખ્ખી ના પાડી. તે વખતથી જ કંઈક બગડ્યું હતું. પિતાશ્રીને ચિડાવાની ટેવ જરાયે ન હતી. પણ જ્યારે ચિડાય ત્યારે ભાન ભૂલી જાય. પણ તે અમ છોકરાઓ ઉપર જ. કચેરીમાં કારકુન ઉપર તેઓ ભાગ્યે જ ચિડાતા. પટાવાળાઓને પણ આકરા શબ્દો કહેવાની ટેવ એમને ન હતી. પણ કોણ જાણે આજે પિતાશ્રી ખૂબ જ ચિડાયા હતા. 'પૂજા ઝટ પતે નહિ' એમ બાએ કહ્યું કે તરત જ ગરમ થઈ પિતાશ્રીએ કાંઈક આકરાં વેણ સંભળાવ્યાં. બાને ભારે અપમાન જેવું લાગ્યું અને તે પણ અમારા બધાના દેખતાં! મને બરાબર યાદ છે. બાનું

મોઢું રાતુંપીળું તો શું સાવ નીલું થઈ ગયું. અમારા દેખતાં રોવાય પણ કેમ? ભારે પ્રયત્ન કર્યો તોપણ બે મોતી તો ટપક્યાં જ. હું કશું સમજું નહિ, એટલે ત્યાં ને ત્યાં જ હેબતાઈને ઊભો રહ્યો. મોટાભાઈ અમારા બધાના અજાણતાં ત્યાંથી છટકી ગયા. મોટાભાઈ ભાગ્યે જ પિતાશ્રી સાથે બોલતા. નાનપણથી જ, બીકથી કહો કે અંતર રાખવાની આદતથી, તેઓ પિતાશ્રી આગળ ઊભા રહેતા જ નહિ. કંઈક જોઈતુંકારવતું હોય તો મારી મારફતે પિતાશ્રીને કહે. હું સૌથી નાનો. મને બીક શરમ શાની? પિતાશ્રી ઝટ માને નહિ તો એમની સાથે દલીલ પણ કરું!

જમવાનો વખત થયો. થાળીઓ—ના, પતરાળાં પીરસાઈ રહ્યાં. ગોંદુ તો શરૂ કરવા આતુર થયો હતો. પણ મોટાભાઈ ક્યાં? એ તો ત્યાંથી છટકી ગયા હતા. મેં એમને 'બાબા બાબા' કહી ખૂબ બૂમો પાડી, પણ બાબા હતા જ ક્યાં? પિતાશ્રીએ કહ્યું, 'જા, આસપાસ ક્યાંક બેઠો હશે; જઈને એને બોલાવી લાવ.' આસપાસ હું ખૂબ રખડ્યો. આખરે બાબાને એક ઝાડ તળે બેઠેલા જોયા. બેઠેલા નહિ, માથું નીચું રાખીને આંટા મારતા હતા. હું બરાબર જોઈ શક્યો કે બાબા ધૂંધવાતા હતા. મેં કહ્યું, 'ચાલો જમવા; બધા રાહ જુએ છે.' એમણે કહ્યું, 'મારે આવવુંયે નથી અને જમવુંયે નથી.' મેં દલીલ કરી, 'પણ ભાણાં તૈયાર છે તે? ગોંદુએ શરૂ પણ કર્યું હશે. બધા તમારી રાહ જુએ છે.' આકરા સ્વરે બાબાએ કહ્યું, 'ગોંદુને કહેજે કે ધરાઈને ખાય. તું જા, મારે નથી આવવું.' મેં પાછા આવી બનેલી બીના રજૂ કરી. પિતાશ્રીએ કહ્યું, 'શી હઠીલાઈ આ છોકરાની! એને કહેજે કે હું રાહ જોઉં છું. ઝટ આવી જાય.' હું ફરી દોડતો ગયો. આ વખતે બાબા જેટલા શાંત દેખાતા હતા એટલા જ આકરા થયા હતા. ખૂબ વિચારપૂર્વક એમણે પોતાનો સંદેશો વાક્યમાં ગોઠવ્યો હતો. મને કહે—અને કહેતાં એક એક અક્ષર ઉપર બરાબર ભાર મૂકતા ગયા—'કહેજે કે આવું જ સાંભળવાનું હોય તો જમવુંયે નથી અને ઘેર આવવુંયે નથી.'

ઘરમાં જ્યારે જ્યારે મતભેદ હોય ત્યારે ત્યારે અમે બાળકો હમેશાં પિતાશ્રીનો પક્ષ જ તાણતા; કેમ કે એ મોટો પક્ષ. બાનું

તો હમેશાં સહન કરવાનું જ વ્રત, એટલે પિતાશ્રીનો પક્ષ તાણવો એ જ સહેલો માર્ગ હતો. પણ બાબાને આજે આમ એકદમ પક્ષાંતર કરતા જોઈ મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. બાબાની છાપ જ એવી હતી કે ઝાઝું બોલાય જ નહિ. હું સીધો પાછો આવ્યો અને રિપોર્ટરની પેઠે મોટાભાઈનો સંદેશો બરાબર બોલી ગયો. એ વખતે પિતાશ્રીને શું થયું હશે એની કલ્પના આજે થાય છે. પોતે કોઈ કાળે ચિડાય નહિ તે ચિડાયા અને આકરું બોલાઈ ગયું; બાને ભારે દુઃખ થયું; હું ભૂખ્યો અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં દોડાદોડી કરું છું; ગોંદુ જમવાનું છોડી પિતાશ્રીના મોઢા તરફ તાકીને જુએ છે; અને બાબા જે કોઈ કાળે સામો ઊભો પણ ન રહે તે આવો સંદેશો મોકલે છે! કેટલાય વખત સુધી તેઓ બોલ્યા જ નહિ. આખરે કાંઈક મુશ્કેલીથી બોલ્યા: 'એને કહેજે કે જમવા આવી જાય.' હું શું જાણું કે આ વાક્યમાં બધું જ આવી જતું હતું? મેં કહ્યું કે, 'આમ તે નહિ આવે.' એટલે પિતાશ્રી મારા પર ખિજાયા. પણ ખિજાઈને કંઈ બોલે એ પહેલાં જ હું ત્યાંથી ખસી ગયો. મને થયું કે આવા સંદેશા આજે કેટલા લઈ જવાના હશે તે કોણ જાણે. પણ ગયો તો ખરો, અને બાબાને બરાબર કહ્યું. અને શું આશ્ચર્ય! જરાયે આનાકાની કર્યા વગર અને કાંઈક સંતોષથી મોટાભાઈ જમવા આવ્યા.

આ પ્રસંગનું રહસ્ય મારા ધ્યાનમાં તે વખતે બિલકુલ ન આવ્યું તેથી જ એ પ્રસંગ ધ્યાનમાં રહ્યો. અને સાચે જ, તે દિવસથી તે બાના અંત લગી કોઈ કાળે પિતાશ્રીએ બાની બાબતમાં પોતાનો મિજાજ ખોયો નહિ. મોટાભાઈમાં આટલી શક્તિ હશે એનો મને ખ્યાલ સરખોયે ન હતો. જેમ જેમ એ પ્રસંગને યાદ કરું છું તેમ તેમ પ્રેમનો કાયદો વધારે ને વધારે સમજતો જાઉં છું અને આખરે મન સાથે નિશ્ચય થાય છે કે પ્રેમનું સામર્થ્ય અમોઘ છે. પ્રેમ એ જ સાર્વભૌમ અને સર્વશક્તિમાન છે.

૨૩

ઘટપ્રભાને કાંઠે

ગાડીની મુસાફરી પૂરી થઈ. હવે બાકીનો પ્રવાસ રેલગાડીનો હતો. અમે રાત્રે આઠ વાગ્યે ગોકાક પહોંચ્યાં. રેલનો 'ટાઈમ' બપોરના બારનો હતો, એટલે અમે એક ધર્મશાળામાં ઊતર્યાં. થાક્યાંપાક્યાં બધાં જ ઘસઘસાટ ઊંઘમાં પડ્યાં.

સવારના ત્રણેક વાગ્યાનો શુમાર હશે, એવામાં એક કૂતરું ધર્મશાળામાં પેઠું; અને અમારું એક તપેલું, અંદર કંઈક ખાવાનું હોવાથી રૂમાલથી બાંધી રાખેલું તે, તેણે ઊંચકી લીધું, ને મોટાભાઈ ઊઠે તે પહેલાં જ ધર્મશાળામાંથી બહાર નાસી ગયું. કૂતરાનો પગરવ સાંભળી ત્રણ ચાર જણ ઊઠ્યા અને કૂતરા પાછળ દોડ્યા; પણ તપેલું તો ગયું એ ગયું જ.

આ ગરબડને લીધે સવાર પડતાં હું જરા મોડો ઊઠ્યો. ઊઠીને જોઉં તો આસપાસ ઘણા લોકો આવતા જતા હતા. શૌચ જવાની ક્યાંય સગવડ ન મળે. ત્યાંથી સીધો ઘટપ્રભા નદી સુધી ગયો. ધાર્યું કે નદીના તટ તરફ શૌચ બેસવા જેટલી એકાંત જગ્યા જરૂર મળવાની. પણ નદી ઉપર જઈને જોયું તો આખા ગામના લોકો ત્યાં હાજર. કોઈ કપડાં ધુએ, કોઈ પાણી ભરે, કોઈ વાસણ ઊટકે. મેં આસપાસ ખૂબ દૂર સુધી જઈ જોયું, પણ ક્યાંય એકાંત મળે નહિ. નદીને કિનારે કિનારે ખૂબ દૂર ઉપરવાસ ગયો. ત્યાં પણ નિર્જન સ્થાન ન મળે. જ્યાં જુઓ ત્યાં કોઈ ડોસા કે ડોસી અથવા ઢોર ચરાવતા છોકરાઓ હોય જ. નદીકાંઠાના લોકોને તો મોટે ભાગે શરમ નથી હોતી. તેઓ ગમે ત્યાં બેસી જાય છે. એવા પણ લોકો મેં જોયા. એમને શરમ ભલે ન હોય પણ મને તો હતી. એટલે દૂરથી એવાઓને જોઈ મારે રસ્તો બદલવો પડતો.

હવે ધીમે ધીમે મારી ધીરજ ખૂટવા લાગી. વખતસર પાછો ન જાઉં તો આઈ વઢે. અને શૌચ બેઠા વગર પાછા જવું પણ બને એમ ન હતું. મને થયું કે હવે કરવું શું? ક્યાં જાઉં? ગમે ત્યાં બેશરમ થઈ લોકોના દેખતાં બેસું તે તો અશક્ય જ હતું, કેમ કે શરીરને એવી ટેવ જ ન હતી.

આખરે મને એક કાવ્યમય ઇલાજ સૂઝ્યો. પાસે જ એક ઝાડ હતું, સહેજે ચડાય એવું. એનાં પાંદડાં એટલાં તો ભરચક હતાં કે ઉપર ચડ્યા પછી કોઈ જોઈ ન શકે. ઝાડની આસપાસ સદ્ભાગ્યે કોઈ હતું નહિ. એટલે ભરેલો લોટો લઈ વૃક્ષારોહણ કર્યું. ખૂબ ઉપર ચડી અનુકૂળ ડાળી શોધી કાઢી. મનને મનાવ્યું કે, કોઈ કાળે મળ્યું ન હતું એવું સરસ એકાંત મળ્યું છે. છતાં બીક તો હતી જ કે, રખેને એકાદ ગાય ઝાડ નીચે આવી ચડે અને એની પાછળ કોઈ ગોવાળ આવીને હાજર થાય! પણ ઈશ્વરને એટલી આકરી કસોટી કરવી ન હતી. હું નિરાંતે પાછો આવ્યો. મારા ભાઈ પણ એ જ ઉદ્દેશથી નદીએ ગયેલા તે નિરાશ થઈ પાછા આવેલા. એમણે મને પૂછ્યું, 'શૌચ ક્યાં ગયો હતો?' મેં કહ્યું, 'નદીએ.' ભાઈએ પૂછ્યું, 'ત્યાં એકાંત જગા હતી?' મેં કહ્યું, 'હા.'

ભાઈને કબૂલ કરવું ન હતું કે તેઓ એમ ને એમ પાછા આવ્યા છે, અને મને શરમ લાગતી હતી કે મેં વાંદરાનો પાઠ ભજવ્યો છે; એટલે 'તેરી બી ચૂપ ઔર મેરી બી ચૂપ' કરી અમે એ પ્રશ્નોત્તરી વધારી નહિ. કેટલાયે મહિનાઓ સુધી મેં મારી વાત છાની રાખી હતી. શરમનું પડ કાળના પ્રતાપે ઘસાઈ ગયા પછી જ તે દિવસની વાત કરવાની મારી હિંમત ચાલી.

માણસ ઘણી વાર ભારે પાપ કે ગુનો કરે તો તે કહેતાં શરમાય નહિ એટલો આવી વસ્તુઓ વિષે બોલતાં શરમાય છે. લજ્જા કરતાં વ્રીડાનું કવચ વધારે દુર્ભેદ્ય હોય છે.

૨૪

નિશ્ચયનું બળ

[મહાશિવરાત્રી]

‘ગમે તે થાઓ, હું શિવરાત્રીનો ઉપવાસ તો કરવાનો જ.’

મને જનોઈ પણ આપવામાં આવી નહોતી. એટલા નાનપણમાં મને મહાશિવરાત્રી જેવા આકરા ઉપવાસ કોણ કરવા દે? પણ મેં તો હઠ લીધી કે, ‘ગમે તે થાઓ, હું મહાશિવરાત્રી કરવાનો જ.’

મહારાષ્ટ્રના બ્રાહ્મણોમાં સ્માર્ત અને ભાગવત એવા મુખ્ય બે ભેદ પડે છે. સ્માર્ત બધા મહાદેવના જ ઉપાસક હોય છે એમ નથી, અને ભાગવત બધા વિષ્ણુના જ ઉપાસક હોય એવો પણ નિયમ નથી. છતાં કાંઈક એવો ભેદ ખરો. અમે મહાદેવના ઉપાસક. મંગલેશ અને મહાલક્ષ્મી એ અમારાં કુલદૈવત. અમારા ઘરની બધી ધાર્મિક વિધિઓ સ્માર્ત સંપ્રદાય પ્રમાણે ચાલે. ફક્ત એકાદશી એમાં અપવાદ. અમે બીજી એટલે ભાગવત એકાદશી કરીએ. છતાં ઘરમાં વિષ્ણુની ઉપાસના નહિ.

મારા મોટા ભાઈ કેશુના સહવાસથી મારામાં મહાદેવ પ્રત્યે ખાસ પક્ષપાત જામ્યો. મહાદેવ એ જ મોટા દેવ. એની આગળ બધા દેવો તુચ્છ છે. સમુદ્રમંથન વખતે દરેક દેવ લોભથી ભિખારી થઈ એક એક રત્ન ઉપાડી ગયો. વિષ્ણુએ તો બરાબર બળિયાના બે ભાગ કર્યા. ફક્ત અમારા મહાદેવ દુનિયાનું દુઃખ વહોરી લઈ નીલકંઠ બન્યા. દેવ હોય તો એવો જ હોય, એમ મન સાથે નક્કી થઈ ચૂક્યું. આપણે પણ જિંદગીમાં એ જ ન્યાયે ચાલવું જોઈએ એમ પણ મનમાં હમેશ આવતું. એ અરસામાં નાનાએ કાંઈક હઠ લઈને ‘શિવલીલામૃત’ની ચોપડી પિતાશ્રી પાસેથી લઈ લીધી. પછી તો પૂછવું જ શું? રોજ સવારે ઊઠી, નાહી એકબે કે

વધારે અધ્યાય વાંચીએ. શ્રીધર કવિની ભાષા. વર્ણનો કરે ત્યારે પ્રત્યક્ષ દેખાવ નજર આગળ ઊભો કરે. અને શબ્દસમૃદ્ધિ તો પાર વગરની. વચમાં વચમાં બહુ જ ઉઘાડો શૃંગાર આવી પણ જાય એ ખરું; પણ અમને એનો સ્પર્શ પણ થતો નહિ. આ ભાગ ગંદો છે એટલું તો જાણીએ, પણ મનમાં વિકાર પેદા થાય એવી ઉંમર જ ન હતી. એ શિવલીલામૃતમાં મહાદેવના અનેક અવતારો અને ભક્તોનાં ચરિત્રો વર્ણવેલાં હતાં. મહાદેવ ચંડકોપી પણ આશુતોષ છે, ભોળા શંભુ રાજી થાય ત્યારે ગમે તે આપે, એવા દેવની ભક્તિ જે ન કરે તે અભાગિયો, એવું મન સાથે નક્કી થઈ ચૂક્યું હતું. સવારથી ઊઠીને એનું નામસ્મરણ કરીએ; આખું શિવલીલામૃત વાંચીએ; દૂર દૂર જઈ ગમે ત્યાંથી બીલીપત્ર લઈ આવીએ અને મહાદેવની પૂજા કરીએ.

એક દિવસે વાંચ્યું કે નાના છોકરાઓની ભક્તિથી મહાદેવ સવિશેષ પ્રસન્ન થાય છે. મેં હઠ લીધી કે, 'અમે મહાશિવરાત્રિ કરવાના.' બાએ કહ્યું, 'તું મોટો થા, તને એક દીકરો થાય, પછી ભલે શિવરાત્રિ કરજે. તું શિવરાત્રિ કરે એમાં અમે રાજી છીએ; પણ તારા જેવા છોકરાઓ માટે એ વ્રત નથી.' પણ હું માનું શાનો? પિતાશ્રી સુધી વાત ગઈ કે, દત્તુ જમતો નથી કે કશું ખાતોયે નથી.

પિતાશ્રીએ મને અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો. તેમણે કહ્યું, 'મહાશિવરાત્રિ એ મહાદેવનું વ્રત છે. એ તોડાય નહિ કે છોડાય નહિ. એક વાર લીધું કે કાયમનું ચોંટયું. એના પાલનમાં ગફલત થઈ તો મહાદેવ સત્યાનાશ કરી નાખે. તારે ફળાહાર જ કરવો હોય તો એકાદશી ભલે કરજે. એ હળવું વ્રત છે. જેટલા દિવસ કરો એનું પુણ્ય મળે અને છોડી દો તોયે વાંધો નહિ. વિષ્ણુ કોઈનો સંહાર ન કરે.' મેં કહ્યું, 'મને તો મહાદેવની જ ભક્તિ છે. હું ફળાહારની લાલચે વ્રત કરવા નથી બેઠો. મારે મહાદેવને પ્રસન્ન કરવા છે. હું તો મહાશિવરાત્રિ જ કરવાનો.'

'પણ તારા મોટા ભાઈઓ તો જો! એક જણ સંધ્યા જ નથી કરતો અને એને ડુંગળીનાં ભજિયાં વગર ચાલતું નથી. બીજાએ માથા પર ખ્રિસ્તી લોકોની જેમ વાળ રાખ્યા છે અને હવે

તો આઠ આઠ દિવસે હજામત કરવાને બદલે એકલી દાઢી જ કરે છે. ઘરમાં ભ્રષ્ટાચાર પેઠો છે. તું કૉલેજમાં જઈશ એટલે તું પણ એવો જ થવાનો. મેં ભૂલ જ કરી આ લોકોને પૂને મોકલીને. આજે વ્રત લઈશ અને કાલે તોડી નાખીશ એ શા કામનું? ડાહ્યો થઈને જમવા બેસ અને નાહક અમને દુઃખ દે નહિ.'

મેં તો એક જ વાત પકડી રાખી. કરગરીને મેં કહ્યું, 'હું આ લોકો જેવો નથી થવાનો. તમે ખાતરી રાખો કે હું શિવરાત્રિનું વ્રત કોઈ કાળે તોડીશ નહિ.' મારી નિષ્ઠા પુરવાર કરવા માટે મેં એક દાખલો પણ આપ્યો. "હમણાં જ થોડા દિવસ ઉપર હું અબોટિયું પહેરીને જમવા બેઠો હતો, એટલામાં અણ્ણા હજામત કરીને આવ્યો અને નાહ્યા વગર મને અડી ગયો. હું ભાણા ઉપરથી ઊઠી ગયો અને તે દિવસે સવારે કે સાંજે કશું ખાધું જ નહિ. મેં એને ચોખ્ખેચોખ્ખું કહ્યું કે, 'હું કૉલેજમાં ભણીશ તોયે તારા જેવો તો નથી થવાનો.'"

મને થવા લાગ્યું કે આ શું? એક તરફ ભાઈઓ વઢે છે કે દત્તુ વહેમી છે; સાવ ભટજી છે. અને બીજી તરફ પિતાશ્રી શંકા લાવે છે કે દત્તુ નાસ્તિક થવાનો, કેમ કે મોટા ભાઈઓ એવા. હવે મારે કરવું શું? હું ફાટચો. મેં પિતાશ્રીને અકડાઈથી જવાબ આપ્યો, 'આજે તો હું નથી જ જમવાનો; પછી ગમે તે થાઓ.' પિતાશ્રી પણ બરાબર ચિડાયા. તેઓ પણ મહાદેવના જ અવતાર. ચિડાય ત્યારે બરાબર પ્રસાદ ચખાડે. ડાબે હાથે મારું બાવડું ઝાલ્યું અને સાથળ ઉપર ચાર તમાચા લગાવ્યા! તમાચા દીઠ ચાર ચાર આંગળીના સોળ ચામડી પર ઊઠી આવ્યા!

ઉપવાસને દિવસે ધરાઈને માર ખાય તોયે ઉપવાસ તૂટતો નથી, એ ધર્મશાસ્ત્રની સગવડ કેટલી સારી છે? મેં માર ખાધો, પણ ન જમ્યો તે ન જ જમ્યો. શ્રદ્ધા હતી તેટલું રોયો અને પછી છાનો રહી દેવઘરમાં જઈને નામસ્મરણ કરતો બેઠો. સાથળ તો ગરમ ગરમ થઈ હતી. ઘરમાંથી કેટલાક લોકો વૈજનાથની યાત્રાએ ગયા હતા. મને કોઈ ન લઈ ગયું એથી ધૂંધવાતો તો હતો જ. એટલામાં ચાર વાગ્યા. હવે મારી બીજી કસોટી શરૂ થઈ. બાને

થયું કે દત્તુ ઉપવાસ ભલે કરે. પણ ઉપવાસને દિવસે જે ખવાય એવી બધી વસ્તુઓ લે તો સારું; નહિ તો બાળવયમાં પિત્ત વધી પડશે તો બીજે દિવસે માંદો પડવાનો. બાએ બટાકા, મગફળી, ખજૂર અને સાબુચોખામાંથી જાતજાતના પદાર્થો તૈયાર કર્યા અને મને ખાવાને નોતર્યો. મારો વિચાર નકોરડો કરવાનો હતો. તીર્થનાં પાંચદસ ટીપાં પેટમાં જાય એના ઉપરાંત પાણી પણ પીવું ન હતું. ઉપવાસ કરીએ ત્યારે મહાદેવ પ્રસન્ન થાય એવો જ કરીએ. મેં ના પાડી.

હું આટલી જિદ્દ કરીશ એવો તો કોઈને ખ્યાલ સરખો નહોતો. ફરી પિતાશ્રી સુધી ફરિયાદ ગઈ. એમણે કહ્યું કે, 'તને શિવરાત્રિનું વ્રત કરવાની છૂટ છે; પણ હવે આ ફળાહારની ચીજો તો ખાજે.' આ વખતે તો દલીલ કે આજીજી કરવાની પણ મારી દાનત ન હતી. મેં તો મારું મોઢું જ સીવી લીધું. ખાવાને કે બોલવાને એ ઉઘડે જ શાનું? મોઢું ખોલ્યા વગર ખવાય એવી તો એક જ ચીજ હતી; અને તે પિતાશ્રીને હાથે ફરી ધરાઈને ખાધી. પિતાશ્રીનો નિશ્ચય થયો હતો કે આને તો ખવડાવ્યે જ છૂટકો. આ વખતે સવાર કરતાંયે વધારે માર ખાધો. એટલામાં મોટાભાઈ આવ્યા. એમણે મને પકડીને જબરદસ્તીથી મોઢામાં દૂધ રેડ્યું. મેં એ ઓકી કાઢ્યું. પછી તો હું તોફાને ચડ્યો. જે કોઈ પાસે આવે એની સામે થાઉં. એટલામાં મહાદેવને મારી દયા આવી અને એમણે મારા મામાને અમારે ત્યાં મોકલ્યા. મામાએ બધો પ્રકાર જોઈ લીધો—જાણી લીધો. મામાએ મારી ભેર તાણી. એમણે પિતાશ્રી આગળ વડેવારની દૃષ્ટિ મૂકી: 'જવા દો એને. લગભગ સાંજના પાંચ તો થવા આવ્યા છે. હવે બહુ બહુ તો ત્રણ કલાક એને તાણવા પડશે. પછી સૂઈ જશે.' પછી મારી બા તરફ વળીને કહે, 'ગોદુ, આને સવારે પાંચ વાગ્યે ઉઠાડીને નવાડીને જમાડજે એટલે પત્યું. કોઈની ધાર્મિક લાગણીની આડે ન આવીએ એ જ સારું. આટલી શ્રદ્ધાથી ઉપવાસ કરે છે એ માંદો નહિ જ પડે; અને પડશે તો વેઠી લેશે.'

હું ફાવ્યો. પિતાશ્રીએ મને કહ્યું, 'ચાલ દેવઘરમાં. ત્યાં કુલદેવ આગળ ઊભો રહી કબૂલ કર કે કૉલેજમાં જઈ ગમે તેટલો

નાસ્તિક થઈશ તોયે મહાશિવરાત્રીનું વ્રત છોડીશ નહિ.' મેં રાજીખુશીથી એ કબૂલાત આપી. અને ત્યારથી આજ સુધી મહાશિવરાત્રીનો ઉપવાસ બરાબર કરતો આવ્યો છું. એક જ વખતે તિથિ ધ્યાન ન રહેવાથી ગફલત થઈ હતી. એનું પ્રાયશ્ચિત્ત મેં બીજે દિવસે કર્યું. છતાં એ પ્રમાદનો વિષાદ હજી ગયો નથી. હું આશા રાખું છું કે મહાદેવ મને એ ત્રુટીને માટે ક્ષમા કરશે. પિતાશ્રીના ગુજરી ગયા પછી જ એ ગફલત થયેલી એટલે એમની માફી માગવાનું તો ક્યાંથી બને!

૨૫

રામાની ચાન્ની

રામા એ મોટા મામાનો મોટો દીકરો. સાતારાથી જ્યારે અમે શાહપુર આવતાં ત્યારે રામાને મળવાનું થતું.

રામાએ ભણતર ક્યારે છોડયું એની ખબર નથી. ભાગ્યે જ એ ઘરમાં રહેતો. એનો પોતાનો એક અખાડો હતો. બ્રાહ્મણ છોકરાઓ એમાં કસરત કરવા અને કુસ્તી શીખવા આવતા. સ્વાભાવિક રીતે અખાડાબાજ છોકરાઓમાંથી જ એના બધા દોસ્તદારો હતા. પિતાપુત્રને ભાગ્યે જ બનતું, એ પણ ઘરમાં ન રહેવાનું કારણ હોય. બધાં જમી રહ્યા પછી રામા ઘરમાં આવે અને એકલો જમી પાછલે બારણેથી ચાલતો થાય.

એની મિત્રમંડળીએ એક વાર 'સંભાજી નાટક' ભજવ્યું હતું. એથી એ શાહપુરમાં પ્રસિદ્ધ થયો. પણ પિતાને તો એથી બહુ જ માઠું લાગ્યું. એ કુસ્તીમાં જેટલો હોશિયાર હતો એટલો જ વાતોમાં. તેથી પોતાનું ઘર છોડી બીજે જ્યાં એ જાય ત્યાં એને આવકાર જ હતો. રામાની વાતો મને ખૂબ ગમતી. પણ એ વાતો કરવા પલાંઠી વાળીને બેસે ત્યારે ઘૂંટણને આખો વખત હલાવવાની એને ટેવ હતી, એ મને જરાયે રુચતી નહિ.

એક દિવસ રામા ક્યાંકથી ખિસકોલીનું એક બચ્ચું પકડી લાવ્યો. આખો દિવસ એ ખિસકોલીનું જ એને ધ્યાન. જ્યાં જાય ત્યાં એ બચ્ચું સાથે જ હોય. એક દિવસ સાંજે ખિસકોલી સાથે એ અમારે ત્યાં આવ્યો. બધા એને પૂછે, 'રામા, તારી ચાન્ની ક્યાં?' શાહપુર તરફ ખિસકોલીને ચાન્ની કહે છે.

રામા ગર્વથી ફુલાઈને દરેકને પોતાની ચાન્ની બતાવતો. એવામાં, ચાન્ની હાથમાંથી છટકે તો એ પોતે એને સહેજે પકડી શકે છે, એમ સિદ્ધ કરવાનું એને મન થઈ આવ્યું. અમને બધાને એ ઘરની પાછલી બાજુના આંગણામાં લઈ ગયો. અમે સાતઆઠ

જણુ હોઈશું. મદારી જેમ પોતાના ખેલને માટે પૂરતી જગ્યા કરવા તમાશગીરોની ભીડને પાછી હઠાવે છે અને પોતાની આસપાસ ખુલ્લું ગોળ મેદાન કરી લે છે, તેમ રામાએ અમને બધાને પાછા હઠાવ્યા અને ધીમે રહીને પોતાનું ચાનીનું બચ્ચું જમીન પર મૂકી દીધું. એ દિવસનાં અટકચાળાંથી બચ્ચું બિચારું બહેર મારી ગયું હતું. જમીન ઉપર મૂકયું તોયે એને ખાતરી ન થાય કે પોતાને છૂટ મળી છે. બિચારું આમતેમ જોવા લાગ્યું. અમે પણ અમારું બધું ધ્યાન આંખમાં ભેગું કરી જોવા લાગ્યા કે બચ્ચું હવે કઈ દિશામાં દોડે છે! એટલામાં રેશમના નવા કપડાનો અવાજ થાય તેવો કંઈ અવાજ અમારા કાનમાં સંભળાયો અને ઝ...પ દઈને એક સમળી અમારા કૂંડાળા વચ્ચેથી ચાનીને ઉપાડી લઈ ગઈ!

એ બધું એટલું તો અચાનક અને એક ક્ષણમાં બની ગયું કે શું થાય છે એની કલ્પનાયે ન થઈ. અમે બચ્ચાને છોડાવવા આગળ ધસીએ એ પહેલાં તો સમળી આકાશમાં ઊંચે ઊડી ગઈ હતી. બચ્ચાએ એક જ કારમી ચીસ પાડી. એ ચીસ મારા કાનમાંથી સોંસરી છાતી સુધી ઊકળતા પાણીની પેઠે પહોંચી ગઈ. સમળી ઊડતાં ઊડતાં ચાંચ અને નહોર વતી બચ્ચાને ફરી ફરી વધારે મજબૂત રીતે પકડવા મથતી હતી. અમે 'અરેરે!' કહીએ તે પહેલાં તો સમળી પેલા નાળિયેરના ઝાડ ઉપર જઈ બેઠી અને અમારા બધાના દેખતાં એણે પેલા બચ્ચાને ઉદરસ્થ કર્યું.

રામાનું મોઢું તો આશ્ચર્ય અને ઉદ્વેગથી સાવ ભૂરું થઈ ગયું હતું. ચહેરાની એ કાળાશને લીધે એના દાંત વધારે ધોળા દેખાવા લાગ્યા. એની એ આંખો અને દાંત હજી મારી દૃષ્ટિ આગળ તે દિવસના જેટલાં જ પ્રત્યક્ષ છે. અમે બધા અવાક થઈ એકબીજા તરફ જોવા લાગ્યા. આશ્ચર્યની અસર હજી અમારા પરથી ઊતરી નહોતી. દરેક જણને પોતે સૌથી વધારે ગુનેગાર હોય એમ લાગતું હતું. કોઈના ઉપર ચિડાય એવું હોત તો તો રામાએ એના દાંત જ ભાંગી નાખ્યા હોત. પણ અત્યારે તો અમે બધા અસહાય હતા. આમ કેમ થવા પામ્યું એમ જ દરેકના મનમાં ચાલતું હતું. અરે, એ ક્ષણ પહેલાં તો એ બચ્ચું અમારું હતું. કેટલા આનંદથી તેની

સાથે અમે ગેલ કરતા હતા! એક ક્ષણમાં કેટલો ફેરફાર થઈ ગયો! આમ કેમ થયું? શું એનો હવે કશો જ ઇલાજ નથી? ના, સાચે જ નથી. ઈશ્વરના રાજ્યમાં આમ કેમ થતું હશે? ના, આમ નહોતું જ થવું જોઈતું. આ તો અસહ્ય છે. પણ અસહ્ય હોવા છતાં સહન કર્યે જ છૂટકો. અરેરે! અમે આટલા બધા હતા; કોઈ કશું કરી ન શક્યો! અમારાથી કશું બનવા ન પામ્યું અને સૌના દેખતાં બચ્ચાને જતું કરવું પડયું! છેલ્લી ક્ષણે બચ્ચાને શું થયું હશે! સમળીએ એનું પેટ ફાડયું ત્યારે એને કેટલી વેદના થઈ હશે! મને તો જાણે મારું જ પેટ ચિરાતું હોય તેમ થઈ ગયું! કયા કુમુહૂર્તે પેલા બચ્ચાને પકડવાની રામાને દુર્બુદ્ધિ સૂઝી હશે? શું આ સમડીને ખવડાવવા માટે જ એ બચ્ચાને અહીં સુધી આણીને એને સોંપી દીધું? પોતાની માના પેટ તળે હૂંફ મેળવત તે આજે સમડીના પેટમાં જઈ બેઠું'ને! ગરીબ પ્રાણીઓનાં બચ્ચાંને પકડવાં એ ખરેખર મહાપાપ છે. હું તો કોઈ કાળે આવી ઘાતકી ક્રૂરતા નહિ કરું.

દરેક જણ પોતાને ઠેકાણે થાંભલાની પેઠે ઊભો જ હતો. કોઈ કશું બોલે નહિ, કોઈ ચાલે નહિ. આખરે રામાએ જ એક મોટો નિસાસો મૂકયો અને દબાયેલે અવાજે કહ્યું, ‘થયું, ચાલો હવે!’

જેના પ્રત્યે હૃદયની કાંઈક લાગણી હોય એવા પ્રાણીનું મોત જોવાનો આ મારો પહેલો જ પ્રસંગ હતો. હતું તે એક ક્ષણમાં ન હતા જેવું કેમ થઈ જાય છે એ સવાલ એટલા ઊંડા આઘાત સાથે હૃદયમાં કોતરાયો કે એની અસર બહુ લાંબા વખત સુધી ટકી રહી. હજીયે જ્યારે જ્યારે એ પ્રસંગ યાદ આવે છે ત્યારે ત્યારે એની એ જ સ્થિતિ જાગ્રત થાય છે. વેદાંતની તટસ્થ દૃષ્ટિએ મારે એવો પણ વિચાર કરવો ઘટે છે કે સમળીને કુમળું બચ્ચું ખાવાને મળ્યું ત્યારે એને કેટલો આનંદ થયો હશે! પણ રામાની ચાબીની બાબતમાં તો મારું એ પ્રથમ દુઃખ કેમે કરીને રુઝાતું નથી અને સમળીના સુખનો ખ્યાલ જરાયે પ્રત્યક્ષ થતો નથી.

૨૬

વાજાંનો ઇલાજ

લગ્નગાળાના દિવસો હતા. બપોરે ને રાત્રે, સવારે ને સાંજે, વેળ-કવેળનો વિચાર કર્યા વગર વાજિંત્રોના બરાડા ચાલ્યા કરતા હતા. ભાઉ અને હું ઓસરી પરની ઓરડીમાં સૂઈ રહેતા. વાજાંથી રાત્રિની મીઠી ઊંઘ બગડે એટલે વાજાંવાળા ઉપર ખૂબ ચિડાઈએ. 'આ લોકો દહાડે પરણે તો એમનું શું બગડે? એ શું નિશાચર છે તે રાત્રે પરણવા જાય છે?' એમ કહી અમે અમારી ચીડ કાઢતા.

એટલામાં અમારા પાડોશમાં એક લગ્ન આવ્યું. મંડપ બંધાયો. વાજાંવાળા રોકયા. એ લોકોને એમના શેઠને ત્યાં બેસવાની જગ્યા ન મળે એટલે એ ચાર પાંચ જણાએ અમારી ઓસરી ઉપર ધામા નાખ્યા. જરાક નવરાશ મળે એટલે પોતાની કસરત ચલાવે: 'પોં... પોં...પી, પી, પી, પી,...તડમ, તડમ, તડમ!' ભાઉનો સ્વભાવ જરા ચીડિયો. વરુની પેઠે ઓરડી બહાર આવીને એ કહે, 'હરામખોરો, ચાલ્યા જાઓ અહીંથી.' વાજાંવાળાઓએ ડાવકે મોંએ જવાબ આપ્યો, 'ગાળો શીદ ભાંડો છો, ભાઈ? અમે રજા લઈને જ અહીં બેઠા છીએ.' ઘરનાં મોટેરાંઓ રજા આપે પછી અમારું બાળકોનું શું ચાલે? ભાઉ બીચારો ઝંખવાણો પડી ઓરડીમાં પાછો ગયો. એણે બારણું વાસી દીધું.

એટલામાં મારા ઉપજાઉ ભેજામાં એક ઇલાજ ઊગ્યો. હું સંસ્કૃત શીખ્યો ન હતો, પણ કેટલાંક સુભાષિતો બાબાએ મને મોઢે કરાવ્યાં હતાં. મેં કહ્યું, 'बुद्धिर्यस्य बलम् तस्य.' કૃત્રિમ ચીડના અવાજે ભાઉએ પૂછયું: 'દત્ત્યા, શાની વાત કરે છે રે?' મેં કહ્યું, 'વાજાં વાગતાં હમણાં જ બંધ કરું છું!'

કાચી કેરીના દિવસો હતા. એક સરસ મોટી લીલી લીલી કેરી હું ઘરમાંથી લઈ આવ્યો અને વાજાંવાળા પીં, પીં, પોં...ની કસરત કરતા હતા એમની આગળ મુગ્ધભાવે જઈ બેઠો અને કાલી કાલી

વાતો છેડી. એમનું ધ્યાન જરાક મારા તરફ ગયું એટલે મેં કચડ કચડ કેરી ખાવા માંડી. ખાટી કેરીનો એ અવાજ અને એની ખાટી ગંધ નાકકાનમાં પેસી ગયા પછી જીહ્વેન્દ્રિય પોતાનો સ્વભાવ બતાવ્યા વગર કેમ રહે? મુખરસ છૂટયો અને શરણાઈની જીભમાં ઊતર્યો. તાડપત્રના લાંબા લાંબા ચીરા ભેગા બાંધીને એની ચપટી જીભ બનાવેલી હોય છે. અમે એને પીપી કહેતા. બસ, વાજિંત્ર બંધ પડયું. હું મારું હસવું દબાવી ન શકયો એટલે ત્યાંથી ઊઠીને ઘરમાં ભાગી ગયો. વાજિંત્રવાળા પાસે કૂંચીના ઝૂમખાની પેઠે બીજી એક બે જીભો શરણાઈ સાથે લટકતી હોય છે. એણે બીજી જીભ બેસાડી શરૂઆત કરી. એ પણ રસથી ભીની થઈ. ત્રીજી કાઢી. એટલામાં હાથમાં થોડું મીઠું લઈને હું ફરી એમની આગળ ખાવા બેઠો. કેરી ખાતો જાઉં ને હોઠ વતી મિટકચા મારતો જાઉં. વાજાં બંધ થઈ ગયાં. હવે ચિડાવાનો વારો વાજાંવાળાનો હતો. મોટા મોટા ડોળા કાઢી એ ત્યાંથી ઊઠી ચાલતા થયા. મારો વાંક તો શી રીતે કાઢે?

એ જ અરસાની મારી એક બીજી બહાદુરી યાદ આવે છે. પણ એ યુક્તિનો આચાર્ય હું નહોતો. અને એનો અખતરો પણ મેં કર્યો ન હતો. અમારે ત્યાં કોઈક વાર નંદી બેલ આવતા. એવા નંદી બેલો મેં ગુજરાતમાં જોયા નથી. કેટલાક પ્રતિષ્ઠિત ભિખારીઓ પોતાનો જ એક રૂપાળો બળદ રાખે, એને જ શણગારે, એનાં શીંગડાંને નાની નાની ઘંટડીઓ અને લાંબાં લાંબાં ફૂમતાં બાંધે, એની પીઠ ઉપર રંગરંગનાં કપડાં ઓઢાડે, બે શીંગડાંઓ વચ્ચે કપાળ ઉપર થઈને મહાદેવજી કે અંબાજીની પતરાની મૂર્તિ લટકતી રાખે, અને બારણે આવી ઘરધણીને આશીર્વાદ દે. બળદ કેળવાયેલો એટલે એને પૂછેલા સવાલના જવાબમાં માલિકના અણસારા પ્રમાણે તે હા અને ના માટે માથું ધુણાવે. કોઈક વાર માલિક જમીન પર સૂઈ જાય ને બળદ પોતાના ચારે પગ ભિખારીના પેટ ઉપર ગોઠવી ઊભો રહે. જોવા ભેગા થયેલા તમાશગીરો દયાથી ત્રાસે અને પૈસા આપે. એવા ભિખારીઓ પાસે વિશિષ્ટ પ્રકારનું ઢોલકું હોય છે. વાંકી વાળેલી નેતરની સોટી ઢોલકાના ચામડા ઉપર ઘસે એટલે 'ડ્રૉં, ડ્રૉં, ડ્રૉં, ગુજ, ગુજ, ગુજ' એવો અવાજ થાય.

એક વાર અમારી શેરીમાં નંદી બેલ આવ્યા અને ઢોલકું વાગવા માંડયું. પડોશના છોકરાને મેં કહ્યું, 'આ કર્કશ અવાજ આપણે સહેજે બંધ કરી શકીએ.' એના કાનમાં મેં મારો મંત્ર કહી દીધો. નવી શોધના આનંદથી એની આંખો ખીલી. એ દોડતો ઘરમાં ગયો. હવે સરસ મજા જોવાની મળશે એ અપેક્ષાથી હું દૂર જઈ જોવા તત્પર થયો. મારા મિત્રે ઘરમાંથી એક ચીંથરું લઈ કોપરેલમાં બોળ્યું ને એ પૂમડું ચૂપચાપ હાથમાં સંતાડી રાખી એ ઢોલકા-વાળાની નજીક ગયો અને લાગ તાકીને ચપ દઈને એ પૂમડું ઢોલકાના ચામડા ઉપર માર્યું. ઢોલકાનો એક બાજુનો સાદ બેસી ગયો; સોટીના ઘુઘરા બંધ થયા; ભિખારી ચિડાયો અને નેતરની સોટી લઈ છોકરાને મારવા દોડચો! છોકરો પહેલેથી સાવચેત હતો. તેણે ઘરમાં ભરાઈ જઈ બારણું બંધ કર્યું અને બારી ખોલી કહ્યું, 'કેવી થઈ! કેવી થઈ! લેતા જાઓ!' આ અજબ યુક્તિ મારી શોધેલી ન હતી; પૂનામાં મેં એ સાંભળેલી.

૨૭

શ્રાવણી સોમવાર

અમે મહાદેવના ઉપાસક. ઘરમાં પૂજામાં અનેક મૂર્તિઓ અને શિવનાં બાણ, વિષ્ણુનો શાલિગ્રામ, ગણપતિનો લાલ પાષાણ, સૂર્યનો સૂર્યકાન્તમણિ અને દેવીનો ચળકતો સુવર્ણમુખી ધાતુનો કકડો, એવું એવું ઘણું રહેતું. પણ પૂજામાં મુખ્ય મહાદેવને ઠેકાણે એક નાળિયેરને જ રાખવામાં આવતું. નાળિયેરને રોજ અભિષેક કરીએ, ચંદનપુષ્પ ચડાવીએ, નૈવેદ્ય ધરાવીએ, આરતી કરીએ અને પ્રાર્થના કરીએ. શ્રાવણ મહિનામાં પહેલે સોમવારે જૂનું નાળિયેર બદલીને નવું મૂકવામાં આવતું. વાઇસરૉય બદલાય ત્યારે જેમ બંનેનો સાથે સત્કાર થાય છે તેમ તે સોમવારે બંને નાળિયેરને સામટો અભિષેક થાય. પણ પૂજાનું નવું નાળિયેર મુખ્ય સ્થાને વિરાજે ને જૂનું નાળિયેર બાજુ પર પડી પૂજા ગ્રહણ કરે. બીજે દિવસે જૂનું નાળિયેર વધેરીને એના કોપરાનો ઘરમાં સૌને પ્રસાદ વહેંચવામાં આવતો. હું કૉલેજમાં ભણતો ત્યારે પણ ટપાલ દ્વારા મને એ પ્રસાદ મળતો. પૂજા માટે નાળિયેર ખૂબ કાળજીથી પરિપક્વ જોઈ પસંદ કરવામાં આવતું. વરસ આખરે એનું કોપરું સારું નીવડે એટલે કુળદેવની કૃપા મનાતી. જો અંદરનું કોપરું ખોરું નીકળે અથવા કોહી જાય તો એ કુળદેવની અવકૃપાનું ચિહ્ન લેખાય.

આ રીતે શ્રાવણી સોમવાર એ જ અમારા કુળધર્મ પ્રમાણે અમને બેસતા વરસ જેવો લાગતો. તે દિવસે આખા દિવસનો ઉપવાસ તો હોય જ. અને લગભગ આખો દિવસ પૂજા ચાલે. પિતાશ્રીને દેવપૂજા, વૈશ્વદેવ, રુદ્ર, સૌર, ગણપતિ અથર્વશીર્ષ વગેરે બધું મોઢે હતું. ઘરમાં ગોર વેળાસર ન આવે તો પૂજા પોતે જ કરી લેતા. પછી ગોરનું કામ આવીને દક્ષિણા લઈ જવા પૂરતું જ રહેતું. કુળદેવ પ્રત્યેની પિતાશ્રીની નિષ્ઠા અને નમ્રતા નાનપણમાં તો મને સહજ, સ્વાભાવિક જેવી લાગતી. આજે વિચાર કરતાં જોઉં

છું કે, એમના જેવી નિષ્ઠા મેં બહુ થોડા લોકોમાં જોઈ છે. અને તેથી, તે અસાધારણ હતી એમ આજે કહી શકું છું.

અમારે ત્યાંની બીજી એક પ્રથા મેં આજ સુધી બીજા કોઈ કુટુંબમાં જોઈ નથી. શ્રાવણી સોમવારને દિવસે સવારે ઊઠી, નાહી-ધોઈ, સંધ્યાવંદનથી પરવારી પિતાશ્રી દેવઘરમાં જઈને બેસતા. ત્યાં એક સુંદર કાગળ લઈ, એને ચંદનકુંકુમ લગાડી એના ઉપર કુળદેવને ઉદ્દેશીને એક કાગળ લખતા. કાગળ ઉપર વિવેકના શબ્દો એટલા બધા હોય કે કાગળની અરધી બાજુ એ વિવેકના શબ્દોથી જ ભરાઈ જતી. પછી ગયા વરસની કુટુંબની બધી હાલત આવે: 'આપે આ વરસમાં આટલી સમૃદ્ધિ આપી, ઘરમાં અમુક અમુક છોકરાં અવતર્યાં, અમુક રીતે ઉત્કર્ષ થયો વગેરે.' પછી વરસ દરમિયાનના મંદવાડ, ચિંતાનાં કારણો વગેરે બધું ગણાવી, 'અમે અજ્ઞાન છીએ, આપની "લીલા" સમજતા નથી, આપે જે કંઈ કર્યું છે તે શ્રદ્ધાથી વધાવી લેવું એ જ અમારો ધર્મ છે,' વગેરે આવતું. ત્યાર પછી આવતા વરસને માટે જે કંઈ મનીષા હોય તે લખવામાં આવતી. એ મનીષામાં માગેલી વસ્તુ સામાન્ય સ્વરૂપની જ રહેતી: 'બધાંને આયુરારોગ્ય અને સન્મતિ આપો, કોઈ દુ:ખી ન રહે, બધાંને સુખસમાધાન મળો.' આટલા પછી સામાજિક સુખદુ:ખની વાતો આવતી, જેમાં મુખ્યત્વે દુકાળ, મોંઘવારી, મરકી વગેરેનો જ ઉલ્લેખ આવતો. એમાં પણ સૌને સુખસમાધાન રહે એવું જ માગવામાં આવતું. છેલ્લે 'લિ૰ દાસાનુદાસ' વગેરે લખી સહી કરવામાં આવતી. આ કાગળ પૂજા પછી કુળસ્વામીને ચરણે મુકાતો.

આવા કાગળો લખવાની પ્રથા ઘરમાં છે એની જાણ પણ ઘણે વર્ષે મને થઈ. પિતાશ્રી એ કાગળ છાનો રાખતા એમ નહિ, પણ કોઈને ખાસ વંચાવતા પણ જોયા નહિ. એવા જૂના કેટલાયે કાગળો એમની પેટીમાં પડેલા મેં જોયા ત્યારે જ એની મને ખબર પડી. મળ્યા તેટલા મેં ભેગા પણ કરી રાખ્યા હતા.

જે વરસે મને ખબર પડી તે જ વરસે પિતાશ્રી લખવા બેઠા હતા ત્યાં હું ગયો, અને એમની પાસેથી તે કાગળ વાંચવા માગ્યો. અધૂરો જ કાગળ એમણે મારા હાથમાં આપી મને કહ્યું,

'આમાં કંઈ ઉમેરવા જેવું તને લાગતું હોય તો કહેજે.' હું કાગળ વાંચી ગયો. એની અસર મારા પર ભારે થઈ. શું ઉમેરવા લાયક છે એનો વિચાર કરવા લાગ્યો. એ જ અરસામાં હિંદુસ્તાનની સરહદ પર આફ્રિદી લોકો જોડે યુદ્ધ ચાલતું હતું. આફ્રિદી લોકો હિંદુસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના મુલકમાં રહેનાર એક મુસલમાન જાતિ છે. એ લોકો બાહોશીથી અંગ્રેજો સામે લડતા હતા એમ છાપામાં વાંચ્યું હતું. મેં પિતાશ્રીને કહ્યું, 'અંગ્રેજોની હાર થાય અને આફ્રિદી લોકો જીતે એવું માગી ન લો?' એમણે મારી વાત સાંભળી લીધી, અને કાંઈક ઉમેરીને કાગળ પૂરો કર્યો.

બીજે કે ત્રીજે દિવસે એ કાગળ લઈને મેં વાંચ્યો. એમાં હારજીતનો ઉલ્લેખ જ ન હતો. એટલું જ હતું કે, 'સરહદ પર લડાઈ ચાલે છે અને મનુષ્યસંહાર થાય છે, ત્યાં બંને પક્ષને સન્મતિ આપો. લડાઈ શાંત થાઓ અને સૌ સુખી રહો.' મને આ મોળી માગણી જરાયે ગમી નહિ. મનમાં એ પણ વિચાર આવ્યો કે, સરકારની નોકરી કરે છે એટલા માટે એમના મનમાં આ સરકાર પ્રત્યે કંઈક પક્ષપાત હોવો જોઈએ. તકરાર કરવાની તો મારી હિંમત શાની ચાલે? મેં એટલું જ કહ્યું, 'આવું કેમ લખ્યું?' પિતાશ્રીએ કહ્યું, 'ઈશ્વર પાસે તો આમ જ મગાય. કોઈનું બૂરું આપણે શા માટે ઇચ્છીએ? જેનાં કર્મ ખોટાં હશે તે વેઠશે. આપણે તો બધા સુખી રહે એમ જ માગી શકીએ. એમાં જ આપણને બરકત આવે.'

૨૮

ટાચકા ફોડયા!

નાનપણમાં ટાચકા ફોડવાનો આનંદ કોણે નથી અનુભવ્યો? પણ મને મારા નાનપણમાં ટાચકા ફોડતાં આવડતું નહિ. દરેક આંગળી પકડી જોરથી ખેંચું તોયે અવાજ ન થાય. ગોંદુને આ વાતની ખબર પડી. એટલે જ્યારે જ્યારે મને ચીડવવાનું મન થાય ત્યારે ગોંદુ કહે, 'તને કયાં ટાચકા ફોડતાં આવડે છે?' નિશાળના બે ચાર દોસ્તો બેઠા હોય અને ગોંદુ આમ કહે ત્યારે મને તો આબરૂ ગયાનું દુઃખ થતું. હું એને કહેતો, 'આ જો મને આવડે છે.' આંગળી પકડીને ખેંચું, અને ચામડીના ઘર્ષણથી 'સૂ...ફ' એવો અવાજ થાય. પણ ગોંદુ કહે, 'આ ટાચકો નો'ય, ટાચકાનો અવાજ હાડકામાંથી આવે છે.' ઘણી વાર આમ ફજેતી થતી હોવાથી મેં મન સાથે નક્કી કર્યું કે, આ કળામાં અસાધારણ પ્રવીણતા મેળવ્યે જ છૂટકો. રોજ ખિજાઈને અપમાન કોણ સહન કરે?

શાહપુરમાં એક હજામ હતો. એ ધંધો કરતો ન હતો, કેમ કે ગાંડો થયેલો હતો. એને સામા માણસના શરીરનો ગમે તે ભાગ પકડી ત્યાં ટાચકો ફોડવાની કળા અવગત હતી. એ રસ્તા પર દેખાય એટલે અમે એને ખાવાની લાલચ આપીને ઘરમાં બોલાવતા અને કહેતા કે, અમારા ટાચકા ફોડ. એ ચોટલી પકડીને ખેંચે એટલે ચોટલીના મૂળમાં અવાજ થાય. કાન ખેંચે એટલે કાનમાં અવાજ થાય. તે જ રીતે નાક, દાઢી, ડોક દરેક ઠેકાણે ટાચકા ફૂટે. રમત પૂરી થાય એટલે આઈ પાસેથી માગીને એને કંઈ ખાવાનું આપીએ. આઈએ કહ્યું કે, 'એ હજામ મોટો જાદુગર હતો. એણે એક ભૂત વશ કરેલું. એ વખતનો એનો રોફ જોવા લાયક હતો. કહે છે કે એના ઘરમાં સોનાની દીવી હતી. તેલને બદલે એમાં એ પાણી જ રેડતો. છતાં દીવી બળતી! એણે જે સાધના કરી હતી એ એને બાર વર્ષ સુધી ફળી. પછી એકાએક

એ ગાંડો થયો, એનો બધો વૈભવ ગયો, અને હવે એ ભીખ માગતો ફરે છે. એની સાધના મેલી હતી. બાર વરસ સુધી પેલું ભૂત એનું કહ્યું કરતું. બાર વરસ પછી એ જ ભૂતે એનું સત્યાનાશ વાળ્યું. જેવું કરે તેવું ભરે.'

મેં નક્કી કર્યું કે ટાચકા તો પેલા હજામના જેટલા જ ફોડતાં આવડવા જોઈએ. દિવસરાત એનું જ ધ્યાન. પંદરેક દિવસની મહેનત પછી ટચલી આંગળીમાંથી એક ટાચકો ફૂટ્યો. તે દિવસે મારા આનંદનો પાર ન હતો. મેં બમણી મહેનત શરૂ કરી. આમ કરતાં કરતાં દરેક આંગળીમાં ત્રણ ત્રણ ઠેકાણે ટાચકો ફૂટવા લાગ્યો. મેં થોડા જ દિવસમાં શોધ કરી કે અંગૂઠામાં પણ ત્રણ સાંધા હોય છે. ત્રીજો સાંધો છેક કાંડા પાસે હોય છે. એ સાંધામાં પણ ટાચકો ફોડવાનો પ્રયત્ન કર્યો. એટલે હવે દરેક હાથે પંદર ટાચકા સુધી હું પહોંચ્યો.

પણ આટલેથીયે મને સંતોષ ન થયો. દરેક આંગળાના છેડાના બે સાંધા ત્રણ ત્રણ વાર ફોડવાની મેં પેરવી કરી. એમાં પણ હું ફાવ્યો. પછી આવ્યો કાંડાનો વારો. એ પણ વશ થયું. મારો વિજય વધવા લાગ્યો. બંને ખભા પણ હાથ આવ્યા. ત્યાં પણ હું ટાચકા ફોડી શક્યો. પછી વારો ડોકનો. એ પણ ત્રણ રીતે ફૂટવા લાગી: પાછળની બાજુ ને જમણી ડાબી. પછી કાન પકડ્યા. એનાં મૂળિયાં પણ વાગવા લાગ્યાં. પછી ઊતર્યો કેડે. પાસાં મરડવાથી કેડ બે બાજુથી અવાજ કરવા લાગી. ગોઠણ તાબે થતાં ઘણી મુશ્કેલી પડી. એ અવાજ તો આપે, પણ લહેરમાં આવે ત્યારે જ. કોક વાર મોટા પ્રદર્શનમાં એ દગો દે. પછી ઘૂંટીની કસરત શરૂ થઈ. એણે પણ અવાજ આપ્યો. પગનાં આંગળાં તો એના પહેલાં જ વાગવા માંડ્યાં હતાં.

હવે જીતવાનો પ્રદેશ રહ્યો ન હતો. કોણી તો વાગે જ નહિ. એટલે મેં એનું નામ છોડી દીધું હતું. એક દિવસ ઊંઘમાંથી ઊઠી બગાસું ખાતો હતો ત્યાં સૂઝ્યું કે નીચલું જડબું પણ વાગી શકે છે. પણ એ ચાળા મને પોતાને જ ગમ્યા નહિ, એટલે એક બે વાર કરી જોઈ પછી જડબું વગાડવું છોડી દીધું.

આવી રીતે મેં ગોંડુ પર વિજય મેળવ્યો. મારાં પરાક્રમ જોઈ બધા ચકિત થયા. પણ હું ધરાયો નહોતો. મેં તો આગળ ને આગળ ધપ્યે જ રાખ્યું. હાથનાં આંગળાં તો એવાં વશ થઈ ગયાં કે, કહો ત્યારે અને કહો તેટલી વાર એ ટાચકા આપે. કોઈ મારા અંગૂઠાનો નખ પકડે તો ત્યાં જ હું એક બે ટાચકા સંભળાવી દેતો!

આટલા વિજયમાં પણ મને એક વસ્તુ સાલતી કે, ટાચકા ફૂટે છે એમાં એક હાથને બીજા હાથની મદદ લેવી પડે છે. આ દ્વૈત કેમ નભાવાય? પછી તો એ જ હાથના અંગૂઠા વતી બીજી આંગળીઓ હું ફોડવા લાગ્યો. મને થયું કે આ કળાને શિખરે હવે આપણે પહોંચ્યા. પણ ના; હજી એક પગલું બાકી હતું. એ આંગળાંના સ્પર્શ વગર, કશા દબાણ વગર, એની મેળે ટાચકો ફૂટવો જોઈએ. આપણું શરીર એ તો કલ્પવૃક્ષ છે. કલ્પના કરીએ તો તે સફળ થવી જ જોઈએ. થોડા જ દિવસમાં દરેક અંગૂઠો સહેજ ફેલાવીને એમાંથી હું અવાજ કાઢતો થયો. જ્યારે એ સ્વયંભૂ અવાજ મેં સાંભળ્યો ત્યારે મારી વિજિગીષા તૃપ્ત થઈ.

પણ હાય! એ નકામી કળા કેળવતાં મારે ભારે ભોગ આપવો પડ્યો. શરીરના બધા સાંધા ઢીલા થઈ ગયા. હાથમાં તો મુદ્દલ જોર ન રહ્યું. કંઈક વસ્તુ હું જોરથી પકડું તો નાનું બાળક પણ એ વસ્તુ ઝૂંટવી શકે.

નિશાળમાં મને પવનદડો (ફૂટબૉલ) રમવાનો શોખ હતો. મારા દુર્બળ શરીરના પ્રમાણમાં હું પવનદડો સારી રીતે રમતો એમ કહી શકાય. રમતની કુશળતા કરતાં મારી પાસે ઝનૂન વધારે હતું. હાથ પગ ભાંગી જાય તો વાંધો નહિ; પણ સામા માણસને હંફાવ્યે જ છૂટકો. એટલે જ્યાં ધમચકડ જામી હોય ત્યાં પણ ભાઈસાહેબ તો ઘૂસવાના જ. મારા વર્ગમાં મારું કદ સૌથી ઊંચું; એટલે ઘણી વાર મારું કદ અને મારું ઝનૂન બંનેની કદર કરી રમતમાં મને લક્ષ્યત્ર (ગોલ-કીપર) નીમતા. પવનદડામાં લક્ષ્યત્ર તો સર્વતંત્રસ્વતંત્ર. એ પગ પણ વાપરે, હાથ પણ વાપરે, અને માથું પણ વાપરે. હું લક્ષ્યત્ર હોઉં એટલે મારો પક્ષ નિશ્ચિંત

રહેતો. પણ એ લોકોને ક્યાં ખબર હતી કે હું ટાચકા ફોડવાની કળા કેળવવા મથતો હતો!

એક દિવસ હું લક્ષ્યત્ર હતો. ઊંચેથી પવનદડો આવ્યો. લક્ષ્યવેધ (ગોલ) થવાની સૌની ખાતરી હતી. પણ ત્યાં તો હું એકાએક જોરથી ઊછળ્યો ને એ હથેળી વતી પવનદડાને રોક્યો. બધે મારો જયજયકાર શરૂ થયો. પણ એટલામાં મેં જોયું કે પવનદડાનો વેગ રોકવાની શક્તિ મારી હથેળીમાં રહી ન હતી. નબળા હાથમાંથી પવનદડો છટક્યો ને એણે લક્ષ્યવેધ કર્યો. એક ક્ષણમાં જયજયકારને બદલે મારા પર ધિક્કાર વરસ્યો. આ કેમ થયું એની કોઈને ખબર ન પડી. ધ્યાનમાં કે ઝનૂનમાં હું કોઈ કાળે ઓછો નીવડ્યો ન હતો. આજે શું થયું? મિત્રો આવીને મારા હાથ તપાસવા લાગ્યા. હું કશું બોલ્યો નહિ, પણ મનમાં સમજી ગયો કે ટાચકા ફોડવાની કળા બહુ મોંઘી પડી છે!

એ જ ક્ષણે એ કળાનો ત્યાગ કરવાનો મેં નિશ્ચય કર્યો. પણ હવે 'કંબલ બાબા કો ક્યોં છોડે?' એ ઘાતકી ટેવ હજીયે મને વળગી રહી છે, જોકે એના ચાળા આજે તો હાથના બે પંજા પૂરતા જ રહ્યા છે. કેટલીયે વાર મેં પ્રયત્ન કર્યો કે, એ ચાળામાંથી હું છૂટી જાઉં; પણ જેમ આંખની પાંપણો એની મેળે હાલે છે, તેમ બંને હાથ પોતાના ચાળા ચાલુ જ રાખે છે, ટાચકા ફૂટ્યા જ કરે છે, અને મને એની ખબરે નથી પડતી. હાથને કંઈ ગંભીર રોગ થાત તોયે, મને લાગે છે કે, મને આટલું નુકસાન ન થાત.

વિજિગીષા — જીતવાની, વિજયી થવાની મહત્ત્વાકાંક્ષા — એ સારી વસ્તુ છે; ઝનૂન અને ટેક એ માનવ જીવનનું મીઠું છે; પણ વિચાર વગર એનો ઉપયોગ થાય તો સદા પસ્તાવાનું રહે છે, અને પસ્તાવો કર્યે પણ કંઈ વળતું નથી. જીદે ચડીને કેટલીયે વાર મેં પોતાને નુકસાન કર્યું છે. સૌની પહેલો થવાનો મોહ મને ભાગ્યે જ વળગે છે. પણ જ્યારે જ્યારે એ વળગ્યો છે ત્યારે ત્યારે એણે મને આંધળો બનાવ્યો છે.

૨૯

ખોટા સંસ્કારો

શાહપુરના એક ખૂણા તરફ હોસૂર ગામ આવેલું છે. શાહપુર ને હોસૂર વચ્ચે એકાદ ખેતરનું પણ અંતર નથી. બંનેનાં ઘરો અડોઅડ છે. પણ શાહપુર દેશી રાજ્ય છે, જ્યારે હોસૂર અંગ્રેજી મુલક છે. હોસૂર એ કાનડી નામ છે અને એનો અર્થ નવું ગામ થાય છે. પણ ત્યાં નિશાળ તો મરાઠી જ છે.

કોણ જાણે શાથી, મને હોસૂરની મરાઠી શાળામાં એક વખત મૂકવામાં આવ્યો હતો. શાહપુરમાં નિશાળ તો હતી, પણ હોસૂરની નિશાળ અમને નજીક પડતી. પણ હું ધારું છું કે, મને એ નિશાળમાં મૂકવાનું કારણ એ ન હતું. બ્રિટિશ રાજ્યમાં જે ખેડૂતો લોકલ ફંડ આપે છે તેમને નિશાળની ફી નામની જ આપવાની હોય છે. શાહપુરની નિશાળમાં પૂરેપૂરી ફી આપવી પડત; હોસૂરમાં લગભગ મફત ભણાય એવું હતું. એટલા જ કારણસર મને બ્રિટિશ નિશાળમાં મોકલવામાં આવ્યો !

મારા ભણતર તરફ ઘરમાં કોઈનું ધ્યાન હતું જ નહિ. મારું પોતાનું તો ક્યાંથી જ હોય ? હોસૂરની નિશાળમાં મહિનાઓ સુધી અમારા હેડમાસ્તર રજા ઉપર જ હતા. એમને ઍસિસ્ટન્ટ તો હતો જ નહિ, એટલે રોજ ચપરાશી આવી શાળા ખોલે અને સહેજસાજ સાવરણી ફેરવે. પછી છોકરાઓ વર્ગવાર બેસી જાય. કોઈ નકશો ખોલે, તો કોઈ કવિતા ગાય. દસ વાગે એટલે છોકરાઓમાં ઘંટ વગાડવા માટે પડાપડી થાય. એક મોટો છોકરો ભારે દુષ્ટ હતો. નાના છોકરાઓ ઊંચો અંગદકૂદકો મારી ઘંટ વગાડે, અને ઘંટમાંથી નીકળતા નાદનું દીર્ઘ અનુરણન સાંભળવા ઊભા થાય કે તરત જ એ આવી ઘંટ હાથ વતી પકડે અને નાદનો વધ કરે. તેથી છોકરાઓએ એનું નામ 'ઘંટાનાદવિડંબન' પાડ્યું હતું !

એ છોકરો બીજી રીતે પણ ખરાબ હતો. રોજ નવી નવી ગંદી ચોપડીઓ એ ક્યાંકથી લઈ આવતો. પછી ઉપલા ધોરણના છોકરાઓ એની આસપાસ ટોળે વળી એનું પારાયણ કરતા. હું પણ એ જ ધોરણમાં ભણતો. મારા એ વર્ગમાં હું સૌથી નાનો, એટલે એ ગંદા પારાયણમાંનો બ્રહ્માક્ષર પણ ન સમજું. મને સાવ અનભ્યસ્ત જોઈ બીજા છોકરાઓ પણ મને પોતાની વચ્ચે બેસવા ન દે. મારી પ્રત્યે તિરસ્કાર ન હતો; પણ હું મુગ્ધ છું, એ મુગ્ધતા બગાડવાનું પાપ આપણે ન કરીએ, એમ માનીને 'ઘંટાનાદવિડંબન' મને દૂર રાખતો એમ હું માનું છું. એના એટલા સદ્‌ભાવ માટે મારે જરૂર કૃતજ્ઞ રહેવું જોઈએ. એ વર્ગમાં ચાલતી વાતચીત હું સમજતો ન હતો. મને એમાં રસ પણ પડતો નહિ છતાં એ લોકોના કેટલાક ઉદ્‌ગારો કાન પર અથડાતા. બાળમાનસનો એ સ્વભાવ છે કે, જે વાત એ સમજે નહિ તેને એક ખૂણામાં સંઘરી રાખે અને મન નવરું હોય ત્યારે એનું રહસ્ય ઉકેલવાનો પ્રયત્ન કરે. મારું પણ એમ જ બન્યું. ચિત્તમાં અનેક બેવકૂફી ભરેલા તર્કવિતર્કો ચાલે, અને મનને મલિન કરે. આ રીતે હોસૂરની નિશાળમાં નહિ, પણ એ નિશાળને લીધે મને ભારે નુકસાન થયું.

આખરે હેડમાસ્તર આવ્યા. ભૂગોળમાં મારી પ્રગતિ જોઈ મારા ઉપર તે ખૂબ ખુશ થયા. ગણિત અને મરાઠી કાવ્ય એ એમના પ્રિય વિષયો. તેઓ વિદ્વાન હતા તે કરતાં અહંમન્ય વધારે હતા. વર્ગમાં પણ એમને કોઈ અવારનવાર મળવા આવતું જ. પછી એમની વાતો ચાલે અને અમે સાંભળીએ: એમને મન એમના મગજની કિંમત અસાધારણ હતી. એક દિવસ પોતાના એક દોસ્તદારને કહે કે, "મારું ગણિતી મગજ હું ક્ષુદ્ર કામમાં વાપરતો નથી. બજારમાં વાણિયા કે કાછિયા પાસેથી કોઈ ચીજ ખરીદું અને એ મને હિસાબ ગણવાનો કહે તો હું એને કહી દઉં છું કે, 'તું જ તારી મેળે હિસાબ કરીને જેટલા પૈસા લેવા હોય એટલા લે અને બાકીનું પરચૂરણ મને આપી દે.' વાણિયાશાહી હિસાબમાં મારું ગણિતી મગજ હું ન વાપરું."

આ વાત સાંભળી મને આશ્ચર્ય થયું. એ વખત સુધી હું એમ માનતો હતો કે, ગણિતમાં હોશિયાર માણસ અઘરામાં અઘરા

દાખલા પણ મોઢેથી ગણી શકે છે. એને ગણતરીનો કંટાળો નથી હોતો, ઊલટું, રસ જ હોય છે. સામાન્ય ગણતરીમાં પણ મારું ટટ્ટુ ત્રિરાશી વગર ચાલતું નહિ, તેથી હું માનતો કે આપણું મગજ ગણિતી નથી. પણ જ્યારે અમારા ગણિતી હેડમાસ્તરનો અભિપ્રાય સાંભળ્યો ત્યારે મને નવું (?) ભાન આવ્યું કે, પોતાનું જ્ઞાન વારે-ઘડીએ વાપરવા માટે નથી હોતું; મગજ વાપરવાથી એ ખરચાઈ જાય છે! ભિખારી લોકો ભલે નજીવી બાબતોમાં પોતાનું મગજ વાપરે. ખાનદાન ગણિતી તો મોટો યુદ્ધ જેવો પ્રસંગ હોય ત્યારે જ પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢે.

એક દુકાનદારની એવી જ વાત મેં સાંભળેલી. ભલો માણસ દુકાનમાં આંખો મીચીને બેસે. કોઈ ઘરાક આવે તેટલા પૂરતી જ એ આંખો ઉઘાડે. કોકે એને કારણ પૂછ્યું. જવાબ મળ્યો, 'आंखोंका नूर मुफ्त क्यों खोवें ?'

આ ગણિતી હેડમાસ્તરની કલ્પનામાં રહેલો વિચારદોષ શોધી કાઢતાં મને બહુ વાર ન લાગી. પણ એણે વાવેલી એ વૃત્તિ કાઢી નાંખતાં અસાધારણ મહેનત પડી. હજી એ ગઈ છે એમ હિંમતપૂર્વક ન કહી શકું.

૩૦

હું મોટો ક્યારે થયો

એક દિવસે ગવસુ કરીને એક મુસલમાન અમારે ત્યાં આવ્યો હતો. એણે પોતાની નાનકડી જમીન ગીરવી મૂકી મારા પિતાશ્રી પાસેથી સો કે સવાસો રૂપિયા લીધા હશે. એનું વ્યાજ ચડી ગયું હતું, છતાં એ આજ નવું કરજ માગવા આવ્યો હતો. ગવસુ ભારે આળસુ માણસ હતો. કંઈ ખાસ ધંધો કરતો ન હતો, અહીંતહીં ખટપટ કરી પેટ પૂરતું મેળવતો. આવક કરતાં ખર્ચ વધ્યો એટલે એને ફરી કરજ લેવાની જરૂર પડી. આ નવા કરજને માટે તે પોતાનું ઘર ગીરવી મૂકવા તૈયાર થયો હતો.

સામાન્ય રીતે નાણાંનો વ્યવહાર મોટેરાંઓ પોતાની ઇચ્છા મુજબ જ કરે છે. નાના છોકરાઓને તેમાં પૂછવાપણું શું હોય? પણ તે દિવસે પિતાશ્રીએ મને પૂછ્યું, 'દત્તુ, આ ગવસુ બીજા સો રૂપિયા માગે છે અને ગીરવીમાં પોતાનું ઘર મૂકવા માગે છે. એને આપણે રૂપિયા ધીરીએ ખરા?' હું આશ્ચર્યચકિત થયો. નાણાં ધીરવા જેવી મહત્ત્વની બાબતમાં પિતાશ્રી મારી સલાહ કોઈ કાળે માગે એવી મને કલ્પના પણ ન હતી. મને થયું કે હવે હું મોટો થયો; કેમ કે કૌટુંબિક રાજ્યમાં મત આપવાનો મને અધિકાર મળ્યો! એ અધિકાર મળ્યાનો મને જે આનંદ થયો એ મારા હૃદયનો હર્ષ હું છાનો રાખી શક્યો નહિ. સાથે સાથે મોઢા ઉપર તે સ્પષ્ટ દેખાતો હશે એનું મને ભાન થયું. ભાન થતાં જ હું શરમાયો. શરમની છટા મોઢા ઉપર આવી ગઈ છે એનું પણ મને ભાન થયું, એટલે હું વધારે મૂંઝાયો. આખરે હિંમત કેળવી મનમાં વિચાર કર્યો કે જ્યારે હું મોટો થયો જ છું ત્યારે મારે ગંભીર થવું જોઈએ. સલાહ આપવાના પ્રસંગો હવે પછી હમેશાં આવવાના; માટે આ નવીન હક માટે આપણે લાયક છીએ એવી સ્વાભાવિકતા મુખમુદ્રા પર રાખવી જોઈએ અને પુખ્ત ઉંમરના માણસનો પાકટ

વિચાર બતાવવો જોઈએ. મેં વિવેકપૂર્વક કહ્યું: 'નાણાંના વ્યવહારમાં હું શું સમજું? છતાં મને લાગે છે કે આ માણસને આપણાથી પૈસા ન જ અપાય. એના ઘરમાં હું અનેક વાર જઈ આવ્યો છું. ઘરમાં એની એક ડોશીમા છે, સ્ત્રી છે અને બાળ-બચ્ચાં છે. ગવસુ તો આખો દિવસ રખડે છે. ઘરનાં બૈરાંઓ બિચારાં કોકડાં ભરવાનું કામ કરે છે. સવારથી સાંજ સુધી ફાળકીઓ ફેરવે છે ત્યારે માંડ ગુજરાન પૂરતું મેળવે છે. ગવસુ કંઈ લીધેલું કરજ પાછું વાળી શકવાનો નથી. છેવટે તો આપણે તેનું ઘર જપ્ત કરવું પડશે; ત્યારે એનાં બૈરાં છોકરાંઓ બિચારાં ક્યાં જશે?'

મેં મનમાં માન્યું કે મેં પુખ્ત સલાહ આપી છે. પિતાશ્રીએ પણ પેલા માણસને કહ્યું, 'ગવસુ, દત્તુ અપ્પા કહે છે તે વાત સાચી છે.' ગવસુ મારી તરફ દબાવેલી રીસથી જોવા લાગ્યો એટલે મારી ખાતરી થઈ કે સાચે જ હું મોટો થયો છું. ગવસુ મારી સામે કશું બોલી ન શકે. થોડી વાર વધુ ચર્ચા કર્યા પછી અમે નક્કી કર્યું કે ગવસુને જમીન પેટે પચાસ રૂપિયા વધારે આપી તેની જમીન ખરીદી લેવી અને ઘર ગીરવી લઈ એના ઉપર પચાસ રૂપિયા ધીરવા. જેથી એને વ્યાજ વધારે ન પડે.

એ પચાસ રૂપિયાનું વ્યાજ પણ એણે કોઈ કાળે આપ્યું નહિ. મારા મોટા ભાઈએ એના ઉપર દાવો માંડ્યો. દાવાને અંગે એક સમન્સ ગવસુની મા ઉપર લાગુ કરવાનો હતો, તેમાં બેલિફની સાથે મારે ગવસુને ત્યાં જવું પડ્યું. જે ઘરમાં સહેજ વાતો કરવા હું ઘણી વાર ગયો હતો તે જ ઘરમાં બેલિફ લઈને શત્રુની પેઠે પ્રવેશ કરતાં મને બહુ જ શરમ લાગી. ગવસુની મા સામી હું નજર પણ ન નાખી શક્યો. પણ ઘરના સ્વરાજ્યમાં મળેલા અધિકાર સાથે આવું ગંદું કામ કરવાની ફરજ પણ મારે માથે આવી પડી હતી અને તે વફાદારીથી અદા કરવા જેટલો મોટો હું થયો હતો. કોરટમાં ગવસુએ અમારી પાસેથી નાણાં લીધાની અને વ્યાજ બિલકુલ ન આપ્યાની કબૂલાત આપી. હવે તો એનું ઘર જપ્ત કરી લિલામ કરવાની જ વાત રહી હતી. એ વિચાર મારે માટે અસહ્ય થયો. મેં મુન્સફને કહ્યું કે, 'આ ગરીબનું ઘર લિલામ થાય એ હું ઇચ્છતો નથી. એને હફતેબંધી કરી આપો.'

કોરટે ચુકાદો આપ્યો કે, પચાસ રૂપિયા અને તે દિવસ સુધીનું તેનું વ્યાજ ચૂકતે થાય ત્યાં સુધી ગવસુએ માસિક ત્રણ રૂપિયાનો હફતો ભરવો; એમાં એક મહિનાની પણ જો ભૂલ થશે તો ઘર જપ્ત કરવામાં આવશે. મેં પિતાશ્રીને કાગળ લખી બધી વિગત જણાવી. તેમનો જવાબ આવ્યો: 'તેં ઠીક કર્યું.' મારી જવાબદારી ઉપર કરેલા કામને માટે પિતાશ્રીની મંજૂરી મળી એટલે મારી ખાતરી થઈ કે હવે હું મોટો થયો જ છું.

તે વખતે હું તેર કે ચૌદ વર્ષનો હોઈશ. ગવસુએ એક વરસ સુધી ત્રણ ત્રણ રૂપિયા આપ્યા. પછી એકાદ મહિનો તે એક જ રૂપિયો લઈ આવે અને એકાદ મહિને આઠ આના જ લઈ આવે. આખરે કંટાળીને મેં એને કહ્યું: 'હવે આવીશ મા. ઘરનાં છોકરાંઓને ઘી કે દૂધ આપતો જા એટલે બસ.'

૩૧

પચરંગી પોપટ

કેશુ એના નાનપણમાં વારેઘડીએ માંદો પડતો. એને અપસ્મારની વ્યથા હતી. જરાક ચિડાય તોયે બેભાન થઈ પડે, અને એકદમ એના મોઢામાંથી ફીણ આવે, તેથી એની તબિયત સાથે એનો મિજાજ પણ સાચવવો પડતો. આ સ્થિતિને લીધે એના સ્વભાવમાં પણ ભારે ફેર પડ્યો. જે માગે એ એને મળવું જ જોઈએ. એની સામું કોઈ બોલી ન શકે. એના કોડ હંમેશાં પૂરા થાય. છતાં એ અસંતુષ્ટ જ રહે. જેમ એને લાડ લડાવવામાં આવે તેમ તેની અપેક્ષા વધતી જાય.

ગોંદુ કેશુ કરતાં નાનો. કેશુના મંદવાડને લીધે ગોંદુ તરફ કાંઈક દુર્લક્ષ થયેલું. અને ગોંદુના દુર્ભાગ્યે દોઢ વરસ પછી જ હું જન્મ્યો. એટલે સ્વાભાવિક રીતે મારા તરફ બધાની લાગણી વળી. કેશુ માંદો અને દત્તુ નાનો. બે જણ વચ્ચે ગોંદુને બહુ જ સાંકડું સ્થાન રહ્યું.

એક વખતે પિતાશ્રી કેશુને સાથે લઈને ગોવા ગયા હતા. ગોવા પર પોર્ટુગીઝ રાજ્ય છે. ત્યાંથી પાછા આવતાં કેશુએ એક પચરંગી પોપટ જોયો. એણે રઢ લીધી કે મારે એ પોપટ જોઈએ જ. આક્કાએ ઘરમાંથી પોપટ કાઢ્યો હતો, ત્યાર પછી ઘરમાં પોપટ આણવાની કોઈની ઇચ્છા થતી ન હતી. વિષ્ણુ જો પોપટ માગત તો કોઈ એને અપાવત નહિ. પણ કેશુની વાત જુદી હતી. પિતાશ્રીએ પોપટ ખરીદ્યો. ગોવાની હદમાંથી પોપટ બહાર જાય તો એના પર કર આપવો પડે. (સ્વતંત્ર પોપટ ઉપર કર નહિ, પણ બંદી પોપટ ઉપર.) પોપટનું રેલવેનું ભાડું પણ લગભગ માણસ જેટલું જ હોય છે.

પોપટ ઘેર આવ્યો. કેશુ આખો દિવસ પોપટને લઈને રમે અને એની જ વાતો સાંભળે. પોપટની ડોક ઉપર કાળી લીટીનો

કાંઠલો હતો. અમે એને કંઠી કહેતા. એ કંઠીને લીધે પોપટ કેટલો દીપી ઊઠતો! કેશુએ એને વિઠ્ઠુ વિઠ્ઠુ બોલતાં શીખવ્યું હતું. એને ખવરાવવા પીવરાવવાનું કામ મને સોંપવામાં આવેલું. રોજ બજારમાં જઈને એને માટે હું કેળાં લઈ આવું. એને લીલાં મરચાં ખવડાવું. લીલાં મરચાં એટલે પોપટની ઉજાણી. ચાંચમાં મરચું પકડી પોપટ જ્યારે જીભ વતી એનો સ્વાદ લે ત્યારે એ જોવાની ખાસ મજા પડતી. કુંવારના કકડા એને બહુ ભાવે. એટલે એના ખાખરા પણ કાઢી કાઢીને આપવાનું મારું કામ. સવાર સાંજ પાંજરું ધોવાનું હોય. પાણીની વાટકી તો હંમેશાં ભરેલી રહે. સૂતી વખતે ચણાની દાળ પાણીમાં પલાળી રાખું, અને પોહ ફાટતાં જ પોપટને નાસ્તામાં આપું. પાંજરામાં મારી આંગળી ઘાલું એટલે પોપટ ચાંચમાં એ પકડે પણ કરડે નહિ. ગોંદુની એ હિંમત ન ચાલે. એક દિવસે પોપટની પૂંછડી પાંજરા બહાર આવેલી. ગોંદુને એ લાગ મળ્યો. પીંછું પકડી જોરથી ખેંચ્યું. પોપટે બૂમાબૂમ કરી મૂકી. અમે બધા દોડી ગયા. કેશુએ રીસમાં ગોંદુની ચોટલી પકડી અને એવી તો જોરથી ખેંચી કે ગોંદુને પોપટનું જ અનુકરણ કરવું પડયું.

પોપટની સેવા મારે કરવી પડતી, પણ પોપટ તો કેશુનો જ ગણાતો. મારે નામે હંમેશ એક બિલાડી તો ઘરમાં હોય જ. ગોંદુને થયું કે આપણું પણ એક જાનવર હોય તો ઠીક. નારાયણ મામાને ત્યાં એક કૂતરી હતી. એનું નામ હતું ટૉમી. 'ટૉમી' શબ્દ ઈકારાન્ત રહ્યો એટલે મામાને લાગ્યું કે એની નારી જાતિ હશે. મામાને અંગ્રેજી તો આટલું જ આવડતું. પણ કૂતરાનું નામ અંગ્રેજી રાખીએ તો જ કેળવાયેલા ગણાઈએ ને? ગોંદુ ટૉમીને લઈ આવ્યો અને માને કહે, 'ટૉમીને કંઈક ખાવાનું આપ.' માએ કહ્યું, 'દગડીમાં છાશ છે તે કૂતરીને ખવડાવ.' ગોંદુએ આખું વાસણ કૂતરી આગળ મૂકી દીધું. એમાં માખણનો ગોળો તરતો રાખેલો તે પણ ટૉમી ગળી ગઈ. ભાભીએ આ જોયું અને ઘરમાં બધાને કહી દીધું. માખણ ગયું અને પથરાનું વાસણ પણ કૂતરીએ બોટયું. બધાએ ગોંદુની ઝાટકણી કાઢી. દગડી એ ખાસ પથરાનું વાસણ હોય છે. એમાં દાળ પણ રંધાય. ચૂલા પરથી નીચે ઉતારીએ તોયે પંદર વીસ મિનિટ સુધી એમાં દાળ ઊકળ્યા જ કરે. આવું

સરસ વાસણ હવે તો ફેંકી દેવું રહ્યું. ગમે તેમ પણ ટોમી ગોંદુ પર ખૂબ રાજી થઈ. प्रथमग्रासे नवनीतप्राप्तिः। !!

રાતના આઠ વાગ્યાનો સમય હશે. દીવાનખાનામાં કોઈ હતું નહિ. મોટેરાં બધાં બહાર ફરવા ગયાં હતાં. સ્ત્રીવર્ગ રસોઈ કરવામાં રોકાયો હતો. ભાભી રસોડામાં થાળીવાટકા ગોઠવતી હતી. ટોમી આવવા જવાના રસ્તા ઉપર સૂતી હતી. અને હું મોટાભાઈ ઘરમાં નહોતા એનો લાભ લઈ એમની ઓરડીમાંથી 'મોચનગઢ' નામની નવલકથા લઈ વાંચતો હતો. નવલકથાનો નાયક (એનું નામ ગણપતરાવ હશે.) એક કિલ્લામાં બંદીવાન થઈને પડ્યો હતો. છૂટી જવાનો બીજો રસ્તો નહિ મળવાથી, નેતરની પાંસળીવાળી એક મોટી છત્રી હાથમાં લઈ, એને આધારે કિલ્લા નીચે ભૂસકો મારવા જતો હતો. મારું ચિત્ત સમભાવથી એકાગ્ર થયું હતું. શ્વાસ રૂંધાઈ ગયો હતો. એટલામાં પાંજરામાંથી પોપટે ચીસ પાડી. રાત પડે એટલે પોપટ સૂઈ જાય. એની ચીસ સાંભળી મને નવાઈ લાગી. નવલકથાની ઉત્તેજના તો હતી જ. એટલે ચોંકીને મેં પાંજરા તરફ જોયું તો કેવું ભીષણ દૃશ્ય! બારણા ઉપરથી ખીંટી ઉપર અને ખીંટી ઉપરથી છત સાથે ટીંગાડેલા પાંજરા ઉપર ભૂસકો મારી બિલાડી પોપટનું વાળુ કરવાની તૈયારીમાં હતી! હું વીરની પેઠે દોડ્યો. હાથની એક ઝાપટથી બિલાડીને નીચે પાડી. કોણ જાણે તે દિવસે કેવું મુહૂર્ત હશે. બિલાડી જે પડી તે ટોમી ઉપર. સૂતેલી ટોમીને શું થયું એની ખબર ન પડી. એ ઘરની જ બિલાડી છે એ ઓળખવા જેટલું ટોમીને ભાન ન રહ્યું. એણે તો બિલાડીને પોતાનો પંજો ચખાડ્યો. મેં જો ટોમીને લાત ન મારી હોત તો તે દિવસે મારી બિલાડી મરી જ ગઈ હોત, કેમ કે ટોમીએ બિલાડીની ગરદન લગભગ દાંતમાં પકડી હતી. એક ક્ષણમાં પોપટ-ઘાતકી બિલાડી પ્રત્યેનો મારો રોષ દયામાં પરિણમ્યો; પોપટને બદલે બિલાડી દયાને પાત્ર થઈ; અને મની પરનો રોષ કૂદીને ટોમી પર સવાર થયો. મેં ટોમીને બે લાતો મારી.

એટલામાં બહારથી ગોંદુ પાછો આવ્યો. એને અહીંના વૃત્તાંતની શી ખબર! એણે મને ટોમીને લાત મારતો જોયો. પછી પૂછવું શું! 'મારી કૂતરીને કેમ મારે છે?' એમ કહી એણે મને

એ તમાચા માર્યા. મુહૂર્તની અસર આટલેથી જ પૂરી થવાની ન હતી. એટલે એ જ ક્ષણે બજારમાંથી કેશુ પાછો આવ્યો. કેશુનો હું માનીતો, એટલે એણે મારું ઉપરાણું લીધું. શું ચાલે છે એ પૂછવાની પ્રસ્તાવના તરીકે એણે ગોંદુને બે લગાવી દીધી. અમારો કોલાહલ સાંભળી બધાં ભેગાં થયાં. પરિસ્થિતિના પ્રમાણમાં ત્યાં સર્વજ્ઞ તો હું જ હતો. એટલે મારો જ મિજાજ ઠેકાણે હતો. ખાધેલા તમાચા ભૂલી જઈ મેં હસતાં હસતાં આખું પ્રકરણ વિગતવાર બધાંને કહી દીધું; અને બધાં આશ્ચર્યમગ્ન હતાં એનો લાભ લઈ ચૂપચાપ 'મોચનગઢ'ની નવલકથા ભાઈની ઓરડીમાં મૂકી આવ્યો.

૩૨

નાનો થવાથી

છેક નાનપણથી કેશુનો મારા તરફ ખાસ પક્ષપાત. તેથી મારા ઉપર એ કંઈક વાલીપણું પણ ચલાવતો. એને સંતોષ થાય એટલી મારે કસરત કરવી, એ કહે તે કામ કરવું, એને પસંદ હોય તે ચાહવું, એને જેની સાથે દુશ્મની હોય તેની મારે નિંદા કરવી, તેની છાની વાત ગમે ત્યાંથી મેળવી કેશુને કહેવી. વળી કેશુ મને મારે તોયે એની તકરાર ન કરવી એટલું જ નહિ, પણ માર ખાતી વખતે જો કોઈ મારી દયા ખાઈ છોડવવા આવે તો મારે એને કહી દેવું કે ભલે કેશુ મને મારે, તમારે વચમાં પડવાની જરૂર નથી! આવા આવા અનેક પાઠ મારે ભજવવા પડતા. અને એ બધા હું એક જાતની રાજીખુશીથી ભજવતો. સેનાપતિનો હુકમ ઉઠાવતાં સૈનિકને જે કર્તવ્યપાલનનું સમાધાન મળે છે તે મેં કેળવેલું હતું. કેશુમાં શુદ્ધાચારનો ઊભરો આવે ત્યારે મારે મરજાદી વૈષ્ણવ જેવા થઈ જવું; એને શૃંગારી પદો ગાવાની લહેર ચડે ત્યારે મારે પણ રસિક બનવું; અને એમાંથી જ્યારે એને પશ્ચાત્તાપ થાય ત્યારે એ જ ઘડીએ મારે પણ પશ્ચાત્તાપ ધારણ કરવો; એવું અપૂર્વ અને આદર્શ અનુયાયીપણું મેં કેળવ્યું હતું. આમાં જેટલો સારો ભાગ છે તે હજીયે મારી પાસે છે; અને કેટલીક માઠી અસર પણ હજી મારામાં રહી હશે. આવી સાધનામાંથી એક પરિણામ તો આજે હું સ્પષ્ટ જોઈ શકું છું કે, કોઈ માણસ મારી સાથે વાતો કરે તો તરત જ એના પ્રત્યે સમભાવ ધારણ કરી એનું કહેવું હું બરાબર સમજી લઉં છું અને એની મનોવૃત્તિ પારખી શકું છું એટલું જ નહિ, પણ અરધી ધારણ પણ કરી શકું છું. આથી દરેક પક્ષની બાજુ અને એની ખૂબી સામાન્ય લોકો કરતાં મારા ધ્યાનમાં ઝટ આવે છે. પરિણામે, જ્યાં સુધી પ્રયત્નપૂર્વક કેળવું નહિ ત્યાં સુધી, કોઈને વિષે મારા મનમાં ચીડ જાગતી નથી.

કેશુનું અનુયાયીપણું હું જેમ જેમ કેળવતો ગયો તેમ તેમ એનું જોહુકમીપણું પણ વધતું ગયું. પ્રેમ એ સ્વભાવે જ સુલતાન હોય છે. અને તેમાં વળી यथेच्छसि तथा कुरु એવી વૃત્તિવાળો મારા જેવો અનુયાયી મળે તો આપખુદીને બીજું પોષણ શું જોઈએ છે? આમ અનુભવથી હું શીખી ગયો કે જાલિમ જાલિમ બને છે એનું કારણ ગુલામની ગુલામી વૃત્તિ જ છે. એક નરમ રહે તો બીજો ગરમ કેમ ન થાય?

આ મારા નાનપણના અનુભવને લીધે મને બીજા ઉપર હકૂમત ચલાવવાનું જરાયે ગમતું નથી. બીજાનો વિકાસ થાય એટલા માટે હંમેશ હું પોતાનો જ સંકોચ કરું છું. મારા આ સમભાવને લીધે કેટલાયે પોતાની મર્યાદા ઓળંગી મારા પર સવાર થાય છે. કેમ કે, દુનિયા એ જ વૃત્તિ જાણે છે: સવાર થવું અથવા બીજાની સવારી કબૂલ રાખવી. કાં તો ડરીને બીજા તરફ ઊંચું જોવું અથવા અમલદાર બની બીજાં તરફ તુચ્છતાથી નીચે જોવું. સમાન ભાવે સમાન જોવું અને પોતાની મર્યાદા રાખવી એ કળા થોડા લોકોમાં હું જોઉં છું. જ્યાં મળે ત્યાં ગેરલાભ લેવો અને જ્યાં ન ચાલે ત્યાં નરમ થઈ બીજાને તાબે થવું એ જ સર્વત્ર નિયમ દેખાય છે. Looking up અને Looking down એ એ જ વસ્તુ સર્વત્ર દેખાય છે. Looking level એ બહુ જ ઓછું જણાય છે. આને પરિણામે મારે હંમેશાં કાં તો કેળવેલો સંબંધ ઓછો કરવો પડે છે અથવા તો સાવ તોડી દેવો પડે છે. આમ કરતાં પ્રેમની સ્થિરતા બગડી જાય છે એનું મને માઠું લાગે છે. કોઈની સાથે એક વાર સંબંધ બાંધ્યો તો તે આખી જિંદગી સુધી બરાબર ટકાવવો એ મારો ખાસ આદર્શ છે. એના પર તાણ પડે છે ત્યારે અત્યંત દુઃખ થાય છે, અસહ્ય વેદના થાય છે. પણ દુનિયાનો સ્વભાવ હું કેમ બદલાવી શકું?

કેશુની આટઆટલી ગુલામી કર્યા પછી મારે એની સામે બેઠો બળવો કરવો પડ્યો. બાની શિખામણ તો એવી કે મોટાભાઈઓની આમન્યામાં રહેવું. પોતાના કરતાં ઉંમરે જે મોટા તે બધા ગુરુજન; તેમને વશવર્તી રહેવું. તેમનું અપમાન થાય એવું કશું કરવું કે બોલવું નહિ. એટલે જ્યારથી મારા મનમાં બગાવત પેઠી ત્યારથી

સવિનય બળવો કેમ કરવો એનો હું વિચાર કરવા લાગ્યો. કેશુ કંઈ હુકમ કરે અને મને એ પસંદ ન હોય તો અત્યંત નમ્રતાથી હું એને કહેતો કે મારાથી આ થશે નહિ. કેશુને આખા ઘરમાં અવજ્ઞાનો અનુભવ તો હતો જ નહિ. એને તો મારો જવાબ માનભંગ જેવો લાગતો, એટલે ચિડાઈને મને મારે. ગાલ ઉપર એવી તો ચૂંટલી ખણે કે લોહી જ નીકળે. કોક વાર ઉપવાસ કરવાની સજા ફરમાવે. ધિક્કાર અને તિરસ્કાર કરે એ તો સહેજ વાત. હું એ બધું ખમતો. બીજી જ ક્ષણે કાંઈ સાદી આજ્ઞા કરે તો તે બમણા ઉત્સાહથી ઉઠાવતો. ઘણી વાર કેશુનું માથું દુઃખતું. મને મારીને એ પથારીમાં જઈ પડે કે તરત જ હું એનું માથું દબાવવા જતો. કેશુનો સ્વભાવ મહાદેવ જેવો શીઘ્રકોપી પણ આશુતોષ; પણ વિચાર તો નહિ જ. એટલે દર વખતે એ જ નાટક ફરી ફરી ભજવાતું.

પણ આખરે મારી ધીરજનો વિજય થયો. મને મારી સ્વતંત્રતા મળી ગઈ. એમાં બીજું પણ કારણ હતું. નાનપણમાં ઘરમાં બધાં મને ઠોઠ નિશાળિયો ગણતાં. જ્યારે ભણતરમાં કેશુએ મારી બુદ્ધિની ચમક જોઈ ત્યારે એ જરાક પીગળ્યો. અંગ્રેજી કવિતામાં તો એના કરતાં મને વધારે સમજાય છે, એવું જ્યારે એણે જોયું ત્યારે તો એ સાવ નરમ જ પડચો. આખરે એને લકવાનો ભારે રોગ લાગુ પડચો. પછી તો એ અસહાય બાળક જેવો થઈ ગયો; અને એને મારું જ નર્સિંગ (માવજત) ગમતું. મનની દરેક જાતની મૂંઝવણ એ મારી આગળ ઉઘાડી કરતો, અને મારી વાતોથી એને આશ્વાસન મળતું. માંદો માણસ ચીડિયો તો બને જ. જે વખતે ઘરમાં એ બધા ઉપર ચિડાયો હોય ત્યારે એને શાંત પાડવાનું કામ મારું. એના આખા જીવનના ગુણદોષો અને પ્રમાદો હું જાણું છતાં, અથવા તેથી, અમારો સંબંધ ભાઈ ભાઈ કરતાં પણ વધારે ગાઢ થયો. એને હું જિગરથી ચહાતો. એની સેવા કરવામાં મને પરમ આનંદ મળતો. પણ એની જીવનપદ્ધતિ મને કોઈ કાળે પસંદ પડી નહિ. એના ઘણાખરા મિત્રો મારી દૃષ્ટિએ કાંઈક ઊતરતા દરજ્જાના હતા. એના બધા જ અભિપ્રાયો ઉતાવળે બાંધેલા હતા. એ ઝીણી ઝીણી વાસનાને સહેજે વશ થતો. અને નાનપણથી એનાં

લાડ થયેલાં હોવાથી એનામાં આત્મપ્રીતિ વિશેષ હતી. જે માણસ પોતાને જ દુનિયાનું મધ્યબિંદુ કલ્પે છે તેને ભાગે હમેશાં દુઃખ જ હોય છે. પૃથ્વીને મધ્ય કલ્પીને રચેલું જ્યોતિષશાસ્ત્ર જેમ ખોટું, તેમ પોતાને મધ્ય કલ્પીને બાંધેલી જીવન વિષેની કલ્પના પણ ખોટી હોય છે. અને આવે ખોટે નકશે જે ચાલે એને તો ડગલે ને પગલે અથડાવાનું જ હોય.

કેશુ સામે મેં જેટલા મીઠા બળવાઓ કર્યા છે, તેમાંના કેટલાક મને યાદ છે. પણ બધા જ કંઈ સ્મરણયાત્રામાં નોંધાય?

માટે જ આટલા વિસ્તારથી એ બધા પ્રસંગનો સાર અહીં આપી દીધો છે. મારા બધા ભાઈઓમાં મારો વિશેષ પ્રેમ કેશુ પ્રત્યે જ હતો. એ હમેશ મારા હિતની ચિંતા કરતો. અને એ રાજી રહે એમાં જ આખર સુધી મારો સંતોષ હતો. એટલે અહીં જે મેં નોંધ્યું છે તે એક કીમતી અનુભવ તરીકે જ નોંધ્યું છે, કેશુને ઉતારી પાડવા ખાતર નહિ.

૩૩

ડાહ્યો થવાની ના

હું મરાઠી ભણતો, કેશુ અંગ્રેજી ભણતો. એક દિવસે એને મન થઈ આવ્યું કે ચાલો આપણે દત્તુને અંગ્રેજી ભણાવી હોશિયાર બનાવીએ. કોણ જાણે શાથી, તે વખતે મને અંગ્રેજી ન ભણવાનું મન થઈ આવ્યું! મેં એને બીતાં બીતાં કહ્યું કે અંગ્રેજી નિશાળે જઈશ ત્યારે અંગ્રેજી શીખીશ; આજે શી ઉતાવળ છે? એણે મને અંગ્રેજીનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કર્યો. લાંબું વ્યાખ્યાન આપ્યું. અંગ્રેજીને દુનિયામાં માન છે વગેરે વગેરે બધું સમજાવી દીધું. હું આગળ બોલ્યો નહિ, એટલે કેશુ સમજ્યો કે એની વાત મારે ગળે ઊતરી છે. એણે ભાષાંતર પાઠમાળા મારી આગળ મૂકી અને કેટલાક શબ્દો ગોખી કાઢવા મને કહ્યું. આજે પાઠ આપે અને કાલે એ તૈયાર માગે એ તો નિશાળની પ્રથા. કેશુને ઉતાવળે આંબા પકવવા હતા. એણે કહ્યું કે, 'આ શબ્દો હમણાં મારા દેખતાં જ ગોખી કાઢ.' મને એ શાનું રુચે? કાચબો જેમ પોતાના પગ અને માથું પોતાની અંદર ખેંચી લે છે તેમ મેં મારું ચિત્ત અંદર ખેંચી લીધું અને મનમાં કહ્યું, 'લે, હવે મારી પાસેથી જે લેવું હોય તે લે. હું પણ જોઉં કે તારું કેટલું ચાલે છે.' અંગ્રેજી ૨૬ અક્ષરો તો મને આવડતા હતા. મરાઠી અંકલિપિ સાથે એ હું શીખ્યો હતો એટલે બેઠો ગોખવા:

એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં

થોડો વખત ગયા પછી કેશુએ પૂછ્યું, 'સિટ્ એટલે શું?' પણ મને જવાબ શાનો આવડે? કેશુ ચિડાયો. એણે કહ્યું કે આ એક જ શબ્દ પચીસ વાર ગોખી કાઢ. જમણા હાથની આંગળી આગળ કરી હું ગણવા લાગ્યો અને ગોખવા લાગ્યો:

એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં

પચીસ વખત પૂરા થયા. કેશુએ ફરી પૂછ્યું, 'સિટ્ એટલે શું?' હું તો પહેલાં જેટલો જ નિર્દોષ. જવાબ શાનો આપું? મારી જાંઘમાં એક ચૂંટી ખણી કેશુએ કહ્યું, 'હવે સો વાર ગોખી કાઢ.' સો વાર ગણવા માટે તો બંને હાથની આંગળીઓ વાપરવી જોઈએ. એટલે મૂર્તિની પેઠે બંને હાથ આગળ કરી હું ગણવા લાગ્યો અને ગોખવા લાગ્યો:

એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં

સો વાર પૂરા થયા. કેશુએ પૂછ્યું, 'સિટ્ એટલે શું?' હું નાઇલાજ થયો. મોઢામાંથી નીકળી ગયું: 'બસણેં.' એટલે કેશુને કાંઈક આશા આવી અને એણે પૂછ્યું, 'સિટ્નો સ્પેલિંગ શું?' આવો અવળો કૂદકો કંઈ ધ્યાન વગર મરાય? હું શૂન્ય નજરે એના તરફ જોતો જ રહ્યો. આ વખતે કેશુએ ખૂબ ધીરજ રાખી, મારવાને બદલે એણે મને વખત આપ્યો અને કહ્યું કે, 'જો સિટ્ ઉચ્ચાર કયા કયા અક્ષર મેળવવાથી થઈ શકે છે? સિટ્માં કયા કયા ઉચ્ચારો સમાયેલા છે?'

મારે ભેજું તો વાપરવું હતું જ નહિ. હોઠ હલાવીશ, મોઢામાંથી અવાજ કાઢીશ, અને બહુ બહુ તો આંગળીઓ ચલાવીશ; એટલી જ મારી તૈયારી હતી. વિચાર કરવો એ ક્યાં મેં કરારમાં ગણાવ્યું હતું? હું તો શૂન્ય નજરે જોવા જ લાગ્યો. મારી નજરમાં ન હતી બીક, ન હતી અકળામણ, કે ન હતી શરમ. દિલગીરીનુંયે નામ ન મળે. એ તો વેદાંતીઓના પરબ્રહ્મ જેવી, નિરાકાર, નિર્ગુણ, નિશ્ચલ, નિર્વિકારી શૂન્ય દૃષ્ટિ! પથ્થરના બાવલામાં આવી દૃષ્ટિ સહન થાય, પણ જીવતા માણસમાં કંઈ આવી દૃષ્ટિ સહી જાય? કેશુ ક્ષણેક ભોંઠો પડચો અને બીજી જ ક્ષણે ઊછળ્યો. એણે મારું માથું ઝાલી નીચે નમાવ્યું અને બીજે હાથે પીઠ ઉપર કેટલાયે મુક્કા લગાવ્યા! ક્રોધની વરાળ ક્રિયા દ્વારા કંઈક નીકળી ગયા પછી એ મોઢામાંથી નીકળવા લાગી: 'રડ્યા, મ્હારડ્યા, તું કે'દી ભણવાનો હતો? સાવ

નંદિબૈલ છે.' આવું કેટલુંયે ચાલ્યું. મારે ક્યાં એની ગણતરી રાખવી હતી? આખરે કેશુએ કહ્યું કે, 'હવે ત્રણસો વાર ગોખી કાઢ!' મારું મશીન ફરી ચાલ્યું :

એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં

આ વખતે મેં મારા યંત્રમાં એક સુધારો કર્યો કે આંગળીઓ ક્યાં ગણવા બેસું? કેશુની ધીરજ કરતાં આપણી ધીરજ લાંબી છે. એ ફરી શબ્દ પૂછે ત્યાં સુધી છોને યંત્ર ચાલ્યા જ કરે :

એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં

હવે તો મારે ચોપડી તરફ જોવાપણું પણ રહ્યું ન હતું. ગમે તે દિશાએ જોઉં, મનમાં ગમે તે તરંગ ચલાવું, સમુદ્રનાં મોજાં સંભળાતાં તે ધ્યાનપૂર્વક સાંભળું, પાસેથી બિલાડી પસાર થાય તો એના તરફ મારી પેનસિલ ફેંકું. મોઢું ચાલે એટલે બસ; બાકી તો આપણે સાવ સ્વતંત્ર એટલે આ તો ખૂબ ફાવતું આવ્યું. આંખની પાંપણ ચાલે, નાકમાં શ્વાસ ચાલે, શરીરમાં લોહી ફરે તેમ મોઢું ચાલ્યા કરે.

એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં

કોણ જાણે આમ કેટલોક વખત વહી ગયો. આખરે કેશુએ ફરી પૂછ્યું કે, 'બોલ.' મેં તરત જ બોલી સંભળાવ્યું : 'એસ્ આય્ ટી, સિટ્, મ્હણજે બસણેં.' મને ઊંઘમાં બોલાવત તોયે હું એ બરાબર બોલી બતાવત એટલું એ પાકું થઈ ગયું હતું. મૂઠી વાળતાં જેમ એ ને એ જ કરચલીઓ હથેળીમાં પડે છે તેમ જીભ અને હોઠને ટેવ પડી ગઈ હતી. પણ દુર્દૈવ કેશુનું, કે એણે મને ફરી અવળો સવાલ પૂછ્યો : 'બસણેં માટે શબ્દ કયો?' મગજનાં બધાં જ બારીબારણાં બંધ રાખેલાં હતાં, ત્યાં આવા અટપટા સવાલનો જવાબ ક્યાંથી ઉદ્ભવે? કેશુ સાવ નિરાશ થયો. મેં ઠંડે પેટે એને પૂછ્યું, 'ફરી ગોખી કાઢું?' હવે તો ધોધમાર માર વરસશે અને આખા શરીરની ચામડી ઝેર જેવી લીલી થશે એમ મેં માન્યું હતું. આંખ કાંઈક મીંચીને, છાતી કેડમાં દબાવીને

અને માથું ખભાની અંદર ખોસી ઘાલીને મેં મારના સ્વાગતની તૈયારીઓ પણ પૂરતી કરી. હા, વિલંબ કર્યે શો લાભ? જે થવાનું છે તે ઝટ પતી જાય એ શું ખોટું?

પણ દુનિયામાં ઘણી વાર અણધાર્યું જ બને છે. ચીડ, નિરાશા અને ક્રોધ એટલાં બધાં વધી ગયાં કે કેશુ આંધળો થવાને બદલે એકદમ શાંત થઈ ગયો. એ બોલ્યો, (અને એ અવાજમાં જરાયે જોર ન હતું.) 'ઠીક, તું જા.' હું પણ જાણે કશું થયું જ નથી એમ શાંતિથી ઊઠ્યો, પૂંઠ ફેરવી અને ચાલતો થયો.

તે દિવસથી કેશુએ મારી આગળ અંગ્રેજીનું નામ ન લીધું. આગળ જતાં ઘણાં વર્ષ પછી જ્યારે એણે એક દહાડો રાત્રે મારા ઊંઘી ગયા પછી મારા ટેબલ પર મારો એક સુંદર અંગ્રેજી નિબંધ જોયો ત્યારે એણે પોતાની પ્રતિજ્ઞા તોડી. બીજે દિવસે સ્ટેશન પર જઈ, વ્હીલર કંપનીના સ્ટૉલમાંથી સ્કૉટનું 'માર્મિયન' ખરીદી, એણે મને ભેટ તરીકે આપ્યું! હજી એ ચોપડી મારી પાસે છે, અને જ્યારે જ્યારે તેના ઉપર નજર પડે છે ત્યારે ત્યારે મને નાનપણના એ દિવસો યાદ આવે છે. 'માર્મિયન'માંથી કેટલાયે સારા સારા ફકરાઓ મોઢે કરી મેં કેશુને સંભળાવ્યા હતા.

૩૪

દેશભક્તિના ભણકારા

દેશભક્તિ તેમ જ શ્રી. શિવાજી મહારાજની વાતો મેં પહેલ-વહેલી સાંભળી તે પૂનામાં. એ વખતે હું મરાઠી બીજીમાં હતો. પૂનામાં અમારા ઘરની પાસે જ બાબા દેશપાંડે કરીને એક પોલીસ હવાલદાર રહેતા હતા. અમારે ત્યાં એ ઘણી વાર આવે. એમની વહુ પણ અમારે ત્યાં બેસવા આવે. બહુ ભલી બાઈ હતી. બાબા અમારે ત્યાં આવી કેશુને, ગોંદુને અને મને પાસે બેસાડી અમને ઐતિહાસિક વાતો કહેતા. દેશભક્તિ એ માણસની પ્રથમ ફરજ છે, દેશને માટે મરવા તૈયાર થવું જોઈએ, એવું એવું અમને સમજાવતા. એ જ બાબા દેશપાંડે આગળ જતાં મુંબઈ ઇલાકાના છૂપી પોલીસ ખાતાના એક મશહૂર અમલદાર થયા. મહારાષ્ટ્રની ક્રાંતિકારક હિલચાલોની જડ શોધી કાઢવામાં એ દેશપાંડેનો હિસ્સો અસાધારણ છે. આવા માણસ પાસેથી દેશભક્તિના શબ્દો પ્રથમ મારે કાને પડ્યા એ કેટલું વિચિત્ર!

પૂનેથી શાહપુર આવ્યા પછી અમે શિવાજીનો ઇતિહાસ વધારે વાંચ્યો. પછી તો સાંજે ફરવા જઈએ ત્યાં ટેકરી પર શિવાજી અને અફઝુલખાનની લડાઈ રમીએ. ધૂમટની ટેકરી પર પથરાની ખાણો ઘણી હતી. એમાંથી પથરા લઈને અમે સામસામા ફેંકતા. પૂરતા દૂર ઊભા રહીએ એટલે કોઈને વાગે નહિ.

એ તો મરાઠી ચોથીની વાત. અંગ્રેજી પહેલીમાં ગયા ત્યારે અમારી દેશભક્તિએ ભાષણોનું રૂપ લીધું. ઘરની મેડી પર કોઈ આવે નહિ એવે ઠેકાણે અમે ત્રણ ચાર મિત્રો ભેગા થતા અને વારાફરતી દેશભક્તિનાં ભાષણો કરતા. ભાષણોમાં શિવાજી મહારાજની સ્તુતિ અને અંગ્રેજોને તથા આજના જમાનાને ગાળો, એટલું જ આવતું. અંગ્રેજો સામે લડવું જોઈએ એટલો તો અમારો નિશ્ચય થઈ ચૂક્યો હતો. પણ તેને સારુ શરીર કસાયેલું હોવું જોઈએ. અમે કસરત

અને કુસ્તી શરૂ કરી. અમારા મંડળમાં લાગુ કરીને એક છોકરો હતો. એ ઉંમરે મારા કરતાં નાનો પણ કુસ્તીમાં મને હમેશાં પાડે. પાડે એટલું જ નહિ પણ મારે અને સતાવે. પડ્યા પછી કેશુના ફિટકાર પણ સાંભળવાના હોય એટલે મેં કુસ્તી છોડી દીધી ને એ મંડળ પણ છોડી દીધું. રોજનો તેજોવધ કોણ સહન કરે ?

૩૫

ખૂનની ખબરો

શાહપુરની અંગ્રેજી નિશાળમાં હું ભણવા જતો હતો. ઘણું કરીને બીજીમાં હોઈશ. મને પગે ગૂમડું થયું હતું. રોજ લંગડાતો લંગડાતો નિશાળે જતો. રસ્તામાં એક કંસારો મને આમ નિશાળે જતો જોઈ મારી દયા ખાતો. કોક વાર મારી નિશાળનિષ્ઠાનાં વખાણ પણ કરતો. એ જ કારણે મારો સદ્ભાવ એ માણસ પ્રત્યે કંઈક જાગેલો.

એક દિવસ એની દુકાનના થાંભલા પર 'કેસરી જાદાપત્રક' કરીને એક નાનકડી કાપલી ચોડેલી મેં જોઈ. રસ્તે ચાલતાં એ શું છે તે હું જોતો હતો ત્યાં કંસારાએ મને બોલાવ્યો, 'ભાઈ, આવો; આ વાંચી તો જુઓ. દેશમાં શું થવા બેઠું છે!'

વાંચતાં ખબર પડી કે, રાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલીને દિવસે જ પૂનામાં બે ગોરાઓનાં ખૂન થયાં છે. ડાયમંડ જ્યુબિલી માટેના જાહેર ઉત્સવમાં અમારી નિશાળ તરફથી અમે એક બે પદ ગાયાં હતાં. પણ પૂનાનું ગાયન તો કંઈ જુદું જ નીવડ્યું. પૂનામાં પહેલવહેલો પ્લેગ ફાટેલો એને અંગે સરકારે કેટલોક લશ્કરી બંદોબસ્ત શહેરમાં રાખ્યો હતો. લોકોને થયેલું કે પ્લેગ પોસાય, પણ આ બંદોબસ્ત ન પોસાય, એ જ કારણે પ્લેગ-અમલદારનું ખૂન થયું હતું. લોકો બોલવા લાગ્યા કે, 'જરૂર, આ કોઈ દેશભક્તનું કામ છે!' પછી તો નામદાર તિલકને સરકારે સજા કરી. સરદાર નાતુ ભાઈઓને રાજકેદી તરીકે બેલગામ લાવીને રાખ્યા. ગામના લોકો કહેતા કે, 'તિલક એ શિવાજીના અવતાર છે. શિવાજીના ચાર ગોઠિયા હતા: યેસાજી કંક, તાનાજી માલુસરે અને બીજા બે. આજે બે નાતુ ભાઈઓ એ ગોઠિયાના જ અવતાર છે.' બીજા બે ગોઠિયા અમે કયા ગોખ્યા હતા તે આજે યાદ નથી. અમારા મનમાં તો એવું હતું કે, તિલક તરફથી જ એ ખૂન થયેલું હોવું જોઈએ. એને

સારુ અમારી પાસે પુરાવો ક્યાંથી હોય? પણ કોઈ પણ દેશહિતનું કામ થયું હોય તો તેનો સંબંધ, કશા પુરાવા વગર, તિલક સાથે જોડી દેવો એ અમારા જેવાને સહેજે ગમતું.

થોડા દહાડામાં અણ્ણા પૂનાથી આવ્યો. એણે તો વળી નવી જ વિગતો આપી. એણે કહ્યું કે, 'રૅંડ સાહેબ ઇસ્પિતાલમાં મરી ગયો તે પહેલાં એને ભાન આવ્યું અને એણે કેટલીક વિગતો કહી. એણે પોતાના મારનારને જોયો હતો. મારનાર કોઈ ગોરો હતો. કોઈ મડમની બાબતમાં એ બેને ઝઘડો થયેલો અને એને અંગે એ ખૂન થયું છે. બ્રુઇન કરીને એક પોલીસ અમલદાર આ વાતની વિગત જાણે છે; પણ એણે બધું 'હશ અપ' (hush up) કર્યું છે.'

પછી તો પૂનેથી રોજ રોજ નવી વિગતો આવે. વિગતોના બે પ્રવાહ આવતા: એક છાપાં દ્વારા અને બીજો પૂનેથી આવનારા મુસાફરો મારફતે. દેખીતી રીતે લોકો ખાનગી માહિતી પર વધારે વિશ્વાસ રાખતા. અને લોકો વાતો કરે તે બધી એકબીજાના કાનમાં. જોકે, એ વેળાએ દરેક જણ બીજા દરેક માણસના વિશ્વાસનું પાત્ર હતો.

પછી વાત ચાલી કે સરકારની છૂપી પોલીસ શહેરે શહેરે ફરે છે. એ જ અરસામાં લિંગાયત લોકોના બે જંગમ સાધુઓ શાહપુરમાં દાખલ થયા અને બે હાથમાં ઘંટડીઓ વગાડતા શહેરમાં ફરવા લાગ્યા. લોકોએ ઠરાવ્યું કે આ લોકો છૂપી પોલીસ જ હોવા જોઈએ. નિશાળના છોકરાઓએ એ વાત સાંભળી અને એક દહાડો શેરીમાં એ બિચારા સાધુઓને ઠીક ઠીક માર પડ્યો!

કાળે કરીને બધી અફવાઓ ઓગળી ગઈ, અને ચાફેકર ભાઈઓનાં નામ રૅંડ અને આયર્સ્ટનાં ખૂન સાથે જોડાયાં.

૩૬

તમાચો

અંગ્રેજી પહેલીમાં ભણતો ત્યારે વિષ્ણુ કરીને એક મારો દોસ્ત હતો; અથવા હું એનો દોસ્ત હતો એમ કહીએ તો વધારે સાચું ગણાય. અવળે રસ્તે ચડેલા એ છોકરાને કોઈ મિત્ર ન હતો. એનો આખો દિવસ કલ્પનાતરંગોમાં જતો. એણે મારી દોસ્તી શોધી. એનાં કાંતેલાં મનોરાજ્ય હું ધીરજથી સાંભળતો, એટલે હું એનો મોટો આશ્રય થઈ પડચો. અમે બંને જણે મળીને 'કલૂષિવિજય' કરીને એક નાટક લખવાનું ઠરાવ્યું હતું. પણ પ્રવેશો અને પાત્રો નક્કી કરવા ઉપરાંત એ આગળ વધ્યું જ નહિ.

વિષ્ણુ પોતાના મામાને ત્યાં રહેતો. ગાંધીને ત્યાં જઈ મામાને નામે તે ગુલકંદ, બદામ, કિસમિસ વગેરે વસ્તુઓ ઉધાર લાવી ખાઈ જતો. એમાંથી ભાગ પડાવવા એ મને નોતરતો. પહેલે દિવસે મેં એનો ગુલકંદ ખાધો. પણ પછી જ્યારે ખબર પડી કે એ ચોરીને ખાય છે, ત્યારે મેં એની પાસેથી કશું પણ લેવાની ના પાડી. એ વખતે પ્રમાણિકપણાનો કંઈ ખાસ ઊંચો આદર્શ મેં કેળવ્યો હતો એમ નહિ, પણ મને એ ગંદું લાગતું. ઘરના લોકો વિશ્વાસ રાખે ત્યાં જ એ છોકરો ચોરી કરે એમાં ઈમાનદારી પણ ન હતી ને બહાદુરી પણ ન હતી.

વિષ્ણુ વિષે એક બે ખરાબ વાતો વર્ગમાં બોલાતી. કેટલાક છોકરાઓ કહેતા કે, એ સાચી ન હોય, કોકે નાહક જોડી કાઢી છે. અને કેટલાક કહેતા કે, એ છોકરા વિષે એ સાચું પણ હોઈ શકે, એ શું ન કરે ?

એક દિવસ, કોણ જાણે શાથી, અમે બંને લડી પડચા. મેં એની સાથે વેર બાંધ્યું. મનમાં નક્કી કર્યું કે, એ નાલાયકને બદનામ કરવો જ જોઈએ. વર્ગમાં શિક્ષક ન હતા. પહેલે નંબરે પટવેકર બેઠો હતો. મેં એની પાસે જઈ કહ્યું, 'વિષ્ણુ વિષે છોકરાઓ જે

વાત બોલે છે તે સાચી છે.' બીજે નંબરે કોણ બેઠો હતો તે અત્યારે યાદ નથી. એને પણ મેં એ જ વાત કહી. વિષ્ણુ તો મારા પર ચિડાઈને રાતોચોળ — ના, ના, એનું મોઢું સાવ ફિક્કું પડી ગયું હતું. એની પાતળી ચામડી પર લોહી ભાગ્યે જ દેખાતું. ત્રીજે નંબરે મોને બેઠો હતો. એને પણ મેં કહ્યું, 'વિષ્ણુ વિષેની વાત સાચી છે.'

મોને ભલો છોકરો હતો. એને મારી આ પ્રવૃત્તિ ગમી નહિ. મારી તરફ તિરસ્કારથી જોઈ એણે કહ્યું, 'સાચી હોય તોયે શું? દરેક જણને કહેતા ફરતાં તમને શરમ નથી આવતી? મિત્ર ધારીને જ એણે પેટની વાત તમારી પાસે કરી હશે ને? આમ ખાનદાની ભૂલો મા. પોતાની જગ્યાએ જઈને બેસો.'

આ તાતું વચન તો તમાચા કરતાં પણ મને વધારે વાગ્યું. મારો પ્રચાર રદ કરી હું મારે ઠેકાણે જઈ બેઠો. મારા કાન ગરમ ગરમ થઈ ગયા હતા. ઘડીકમાં ઠંડા પડે ને ફરી ગરમ થાય. લોહી સાથે વિચારો પણ ખૂબ જોરથી ફરતા હતા. મોને પર મને જરાયે ચીડ ન ચડી. એણે તો મને જીવન માટે સારી શિખામણ આપી હતી. માણસ ગમે તેટલો ચિડાયો હોય તોપણ પોતાનું કૃત્ય હીન છે એ ઓળખવા જેટલું ભાન એને હોય જ છે. વિષ્ણુ તો મારી પડખે જ બેઠો હતો. પણ દુશ્મન સાથે બોલાય કેમ? મેં કાગળના કટકા પર એક વાક્ય લખ્યું: 'મારી ભૂલ થઈ' અને એના ખોળામાં ફેંક્યું. એટલેથી એ રાજી થયો અને અમે ફરી મિત્ર થયા.

એ છોકરા જોડે મારે ચારેક મહિના દોસ્તી રહી હશે. પછી તો હું સાવંતવાડી ગયો. એ છોકરો ખરાબ છે એ હું પહેલેથી જાણતો હતો. એને મારો આધાર જોઈએ છે એટલું જોઈને જ મેં એને મારી સાથે દોસ્તી બાંધવા દીધેલી. છતાં કોઈ પણ રીતે એનો ચેપ મને ન લાગ્યો. એની પાસેથી મેં ગંદામાં ગંદી વસ્તુઓ સાંભળેલી, પણ એ વખતે મારા મન પર એની કશી અસર ન થઈ. પણ, આગળ જતાં, એ વાતોના સ્મરણથી મારી કલ્પનાશક્તિ જરાય ગંદી થઈ નહિ એમ જો હું કહી શકત તો કેવું સારું!

મિત્રાચારી ખોળતાં એણે વેરીનું કામ કર્યું. એણે મારી કલ્પનામાં જે ગંદવાડ નાખ્યો તે ધોઈ કાઢતાં મને વરસોની મહેનત પડી છે. સાંભળેલી વાતો એક કાનેથી પ્રવેશ કરી બીજે કાનેથી નીકળી નથી જતી. મગજની જબરદસ્ત વાદળી એને ચૂસી લે છે. શિલાલેખ ભૂંસાઈ જાય, પણ સ્મરણલેખ ભૂંસાતા નથી.

કબીરે એક ઠેકાણે કહ્યું છે, 'મન ગયા તો જાને દો, મત જાને દો શરીર.' એ સિદ્ધાંતમાં માની મેં ઘણું વેઠયું છે. સાચવવા જેવું હોય તો મુખ્ય મન જ છે.

૩૭

અંગ્રેજી વાચન

એક દિવસ મને થયું કે, ચાંદરણી રાતમાં માણસને વાંચતાં આવડવું જોઈએ. આટલું મજાનું અજવાળું પડે છે એમાં કેમ ન વંચાય? એટલે એક ખુરશી લઈને હું આંગણામાં બેઠો અને મારી લૉંગમૅનની બાજી રીડર વાંચવી શરૂ કરી. અંગ્રેજી બીજા ધોરણમાં દાખલ થયે મને બહુ દિવસ થયા ન હતા. મારા બે ત્રણ પાઠો જ થયા હતા. આઈએ પૂછ્યું, 'દીવા વગર રાત્રે શું વાંચે છે?' મેં જવાબ આપ્યો, 'મારી અંગ્રેજી ચોપડી.'

બંગલાના મુસલમાન માળી ન્હન્નુની સ્ત્રી આઈ પાસે કંઈક માગવા આવેલી. એને ખૂબ આશ્ચર્ય થયું કે આટલો નાનો છોકરો ને અંગ્રેજી વાંચે છે! એ દોડતી જઈને આસપાસના કેટલાય લોકોને એ અદ્‌ભુત દૃશ્ય જોવા લઈ આવી.

અમે સાવનૂરમાં હતા ત્યારની આ વાત છે. સાવનૂર એ હુબળી-તરફનું એક નાનકડું દેશી રાજ્ય છે. રાજા મુસલમાન છે. યાવલગી સ્ટેશનથી સાવનૂર જવાય છે. ત્યાંની ભાષા કાનડી. પિતાશ્રી કાનડી ઠીક જાણે. આઈ પણ સમજી શકે. પણ મારે માટે તો એ વખતે એ જાનવરોની ભાષાથી જરાય જુદી ન હતી. ઘરમાં નોકરો મુસલમાન રાખેલા, એટલે મારું કામ ઠીક ચાલતું. માત્ર આઈને વાસણો, કપડાં બધું મુસલમાનના હાથનું એટલે ધોઈ લેવું પડતું. હું આઈને એમાં ખૂબ મદદ કરતો. અહીંની મુસલમાની એટલે મરાઠી ને કાનડી શબ્દોનું વિકૃત મિશ્રણ. ઉર્દૂ શબ્દો એમાં માત્ર વીસ ટકા હશે. ને ઉચ્ચાર સાંભળીને તો દયા જ છૂટે. આખરે અમને એક લિંગાયત નોકર મળ્યો, જે હિંદી બોલી શકતો હતો. એ સવાર સાંજ ખૂબ ગાતો. હજીયે એનાં કેટલાંક પદો મને યાદ છે.

દત્તુ આપ્પા અંગ્રેજી વાંચે છે એ જોવા ઘણા લોકો ભેગા થયા. પણ ચાંદરણામાં અક્ષરો બરાબર વંચાય તો ને? પહેલો પાઠ તો મોઢે હતો, એટલે એ તો હું કડકડાટ બોલી ગયો. શ્રોતાઓના આશ્ચર્યનો પાર ન મળે. બીજા પાઠમાં અમારું ગાડું જરા ધીમું પડયું. આંખને તાણ પડવાથી (ગભરાટથી નહિ) આંખમાં પાણી આવવા લાગ્યાં. આઈએ કહ્યું, 'આમ અંધારામાં કંઈ વંચાતું હશે? ચાલ અંદર.' સભા વિસર્જન થઈ અને મને થયું, હાશ છૂટયા. સાવનૂરમાં ફરી વાર ચોપડી હાથમાં લીધી નહિ.

૩૮

હિંમતની દીક્ષા

સાવનૂરની જ વાત છે. અમારા ઘરની આસપાસ આંબલીનાં ઝાડ હતાં. આંબલી બરાબર પાકી ગઈ હતી. મને આંબલીનું શરબત (આંબલમાણું) બહુ ભાવે, એટલે આઈએ મને કહ્યું, 'પેલું આંબલીનું ઝાડ છે એના પર સરસ આંબલી પાકી છે; ચાલ તને બતાવું. થોડીક પાડી આપે તો આ તડકાને વખતે આપણે મજાનું આંબલમાણું કરીએ.' હું ઝાડ પર ચડ્યો. પણ સારી, પાકી અને પુષ્ટ આંબલી તો ડાળને છેડે જ હોય. મેં હાથ લંબાવ્યા, ખૂબ હિંમત કરી, પણ જોઈએ તેટલો આગળ પહોંચ્યું નહિ. આઈને મારા ઉપર ચીડ ચડી: 'સાવ બીકણ છોકરો! જુઓ તો કેવો ધ્રૂજે છે! આ તે શું સરગવાનું ઝાડ છે કે બટકી જાય? નીડર થઈને વધ આગળ, નહિ તો ખાલી હાથે પાછો આવ. અરે રામ, આટલુંય આ છોકરાથી થતું નથી.' મારી આંખે અંધારાં આવ્યાં. બીકનાં નહિ, પણ શરમનાં. છોકરાંઓ અટકચાળાં કરી જાન જોખમમાં નાખે ત્યારે માબાપ (તેમાંયે ખાસ કરીને મા) બી બીને છોકરાંને રોકવા માગે, શરીર સાચવવાનું કહે, ને બેદરકારી માટે વઢે, — એ સનાતન નિયમ. જુવાનોને એ જ છાજે. એના બદલામાં મારું બીકણપણું આઈને અસહ્ય થયું ને આઈએ મારી નિર્ભર્ત્સના કરી! મને થઈ આવ્યું કે, આના કરતાં તો હું અહીં મરી જાઉં તો શું ખોટું?

પછી હું કઈ રીતે આગળ વધ્યો અને એક છેડા પરની તથા ટોચ પરની ખૂબ આંબલીઓ તોડીને લઈ આવ્યો એ કશુંયે મારા ધ્યાનમાં ન રહ્યું. તે દિવસથી મેં મારી બીક છોડી જ દીધી એમ કહું તો ચાલે.

આજે જ્યારે છોકરાઓ મને પૂછે કે, 'આટલો સ્વાર્થત્યાગ કેમ કરાય? અમારી 'કરીઅર' ખુવાર થઈ જાય એનું શું?' ત્યારે ત્યારે હું એમને કહું છું કે, 'તમારા જેવી જુવાનીને તો લગામ શોભે, ચાબુક નહિ.' અને જેટલી વાર આ વાક્ય ઉચ્ચારું છું તેટલી વાર સાવનૂરનું પેલું આંબલીનું ઝાડ અને એની તળે ઊભેલી મારી માની મૂર્તિ દૃષ્ટિ આગળ ખડી થાય છે.

39

નાગરવેલની વાડી

સાવનૂરમાં અમે દોઢેક મહિનો રહ્યા હોઈશું. એક દિવસ
વહેલો ઊઠીને હું પિતાશ્રી સાથે ફરવા ગયો. ક્યાં જવાનું છે
મને જરાયે ખ્યાલ ન હતો. અમે ખૂબ ચાલ્યા. પછી રસ્તો
માંથી ચાલ્યો, અને એકાએક અમે એક સુંદર બગીચામાં દાખલ
જ્યાં જુઓ ત્યાં લીંબુનાં ઝાડ. બધાં ઝાડનાં પાન લીલાં
છે, પણ લીંબોઈનાં પાનના રંગની ખુમારી કંઈક ઓર જ હોય
ોના પાસે એકલો વર્ણ જ હોય છે, જ્યારે આ પાનમાં વર્ણ
ખુશબો હોય છે. અને લીંબુ પણ કેવડાં મોટાં! નાનપણમાં
ગોળ લીંબુ જ જોયેલાં. અહીંનાં બધાં લીંબુ લંબગોળ. મેં
શ્રીને કહ્યું, 'જુઓ તો પેલું લીંબુ; કેવડું મોટું અને સોનેરી
!' બીજી જ ક્ષણે એ લીંબુ મારા હાથમાં આવી પડ્યું.
ને ખાતર મેં માળીને કહ્યું કે, 'તમારા લોકોની મહેનતનું
હું મફત કેમ લઉં?' સાથેના એક માણસે કહ્યું, 'આ વાડી
રી છે.' બસ, મારી દાનત બગડી. પછી તો જેટલાં સારાં
દેખાય તે તોડી જ લઉં.

પાસે જ ખેતરમાં દૂધીનો વેલો હતો. વેલાનો માંડવો સારી
ઊંચો હતો. અને એમાં ત્રણ દૂધી ઉપરથી જમીન સુધી
ી હતી. એવી મોટી દૂધી ત્યાર પછી મેં જોઈ નથી. મેં
'આમાંથી એક અમારે ત્યાં મોકલો. મારી બાને એ બતાવવી
માળી મશ્કરો હતો. એણે કહ્યું, 'તમારે હાથે જ એ તોડી
.' એણે મારા હાથમાં દાતરડું આપ્યું. હું મારા પગની
ળીઓ પર ઊભો થયો. ડાબે હાથે દૂધીનો ટેકો લીધો. પણ
ડું ડીંટાને પહોંચે જ શાનું? બધા હસવા લાગ્યા. અમે
આગળ ગયા. ત્યાં નાળિયેરીનાં ઝાડ હતાં. એના પરથી
ક કાચાં નાળિયેર ઉતરાવીને અમે એનું દૂધ પીધું, અને
થી પાતળું માખણ જેવું કોપરું પણ કાઢીને ખાધું.

એક કલાક કરતાં વધારે ફર્યા હોઈશું. બધે જ લીલીછમ લીલોતરી. જેમ જેમ તડકો વધે તેમ તેમ છાયાની મીઠી ટાઢક વધારે આનંદ દે. હું આનંદમાં ફરતો હતો, એવામાં ખૂબ લાંબે સુધી પથરાયેલી માંડવા જેવી એક ઝૂંપડી મેં જોઈ. મેં પૂછ્યું, ‘આવી વિચિત્ર અને ઠીંગણી ઝૂંપડી શા માટે બાંધતા હશે? આમાં તો ઢોર પણ સુખેથી રહી ન શકે.’ પિતાશ્રીએ કહ્યું, ‘બાબા, એ ઝૂંપડી નો’ય, આને નાગરવેલ કહે છે. અંદર જઈને જો એટલે ખાવાનાં કુમળાં પાન દેખાશે. આ પાન તડકો ખમી નથી શકતાં એટલા માટે આવો માંડવો બાંધવો પડે છે.’

હું અંદર જવાને અધીરો થયો. પણ અંદર જવાનું બારણું દેખાય નહિ. ખૂબ આગળ ગયા પછી આખરે બારણું આવ્યું. વાછરડાની જેમ હું અંદર ઘૂસ્યો. ઓહોહો! કેવું મજાનું દૃશ્ય! લાંબી લાંબી થાંભલાની હાર; અને દરેક થાંભલાને, બાળક પિતાને બાઝી પડે તેમ, વીંટળાયેલી નાગરવેલો; અને એનાં ફીકાં લીલાં કુમળાં અણીદાર પાંદડાં! આટલું મનોહર દૃશ્ય કલ્પનામાં પણ આવેલું નહોતું. થાંભલાની હારો વચ્ચે હું ખૂબ દોડ્યો. મને થયું કે પરીઓની રાણીનો આ મહેલ છે. એકાદ પાંદડું તોડી લઉં કે ‘બટ્’ જેવો અવાજ થાય. પિતાશ્રીએ મને બૂમ ન પાડી હોત તો મારી મેળે હું બહાર જવાનો જ નહોતો. સાથેના લોકો કહે, ‘એટલામાં શું ધરાયા, આપ્પાસાહેબ? આગળ આથીયે સરસ મજા જોવાની મળશે.’ મેં મનમાં કહ્યું, ‘આથી સરસ કશું હોઈ જ ન શકે. મને બહાર કાઢવા અમસ્તા લલચાવે છે.’

પણ મારી ધારણા ખોટી પડી. આગળ એક તરફ પપૈયાંનાં ઝાડ, બીજી તરફ ફોફળ (સોપારી)નાં ઝાડ, અને દરેક ઝાડની આસપાસ નાગરવેલ વીંટળાયેલી! સોપારીનાં ઝાડ બહુ પાસે પાસે વાવેલાં હોય તોયે નુકસાન નથી હોતું, અને પાસે પાસે આવવાથી એની છાયા ગીચ ગાલીચા જેવી પડે છે. અહીંની નાગરવેલ પેલી માંડવાવાળી નાગરવેલ જેટલી કુમળી ન હતી, પાંદડાં જરા મોટાં, પહોળાં અને કાળાશ પડતાં હતાં. કોકે મને કહ્યું, ‘આ નાગરવેલને શિરસી પાન કહે છે. આ પાન બહુ તીખાં હોય છે. જે લોકો તમાકુ

ખાય છે તે જ આવાં પાન પસંદ કરે છે.' આ ઝાડો વચ્ચે દોડવું સહેલું નહોતું. કેમ કે ઝાડો વચ્ચેથી કોસનું પાણી દોડતું હતું.

મને કુતૂહલ થયું કે ઝાડ પર સોપારી પાકે ત્યારે કઈ રીતે ઉતારતા હશે? માળીએ કહ્યું, 'હમણાં જ તમને બતાવું.' પણ હવે કુતૂહલને બદલે મારા મનમાં બીક પેઠી. મને થયું કે, આ માળી એના પગ વચ્ચે નાગરવેલને ચગદીને ઉપર ચડી જશે. પણ ના. બગીચાને એક છેડે એક વિધુર જેવું સોપારીનું ઝાડ હતું એના પર એ ચડી ગયો. ટોચે પહોંચ્યો અને વાંદરાની જેમ આખું ઝાડ હલાવવા લાગ્યો. સોપારીનું પાતળું ઝાડ મોટા મોટા ઝોલા ખાવા લાગ્યું. માળીએ એક ઝોલા સાથે ઝટ દઈને પાસેનું ઝાડ પકડી પાડ્યું અને એને બાઝ્યો. પહેલું ઝાડ હાશ કરીને પાછું ફર્યું. હવે હું સમજી ગયો. એ વાંદરો આ જ રીતે એક ઝાડ પરથી બીજે ઝાડે વળગવાનો અને, ગરાસિયાના હુક્કાની પેઠે, ઝાડનો આખો દાયરો ફરી વળવાનો. માળીએ લટકતાં લટકતાં એક હાર પૂરી કરી અને સામી બાજુના નાગા ઝાડ પરથી હેઠે ઊતર્યો.

૪૦

હકીમ સાહેબ

વાડીમાંથી ઘેર આવતાં ખૂબ તડકો થયો. જેમ તેમ નાહીને ખાધું. બપોરે ઘેર આણેલાં નાળિયેર પર ફરી ઝપાટો માર્યો, અને આખો દિવસ નાગરવેલની જ વાતો કરી. બીજે દિવસે મને સખત તાવ આવ્યો. સૌને ચિંતા પેઠી. સાવનૂરમાં કોઈ ભારે દાક્તર હતો કે નહિ એની મને ખબર નથી, પણ કારભારીએ ભલામણ કરીને એક પ્રખ્યાત હકીમ મારે માટે મોકલી દીધા. એ હકીમની મૂર્તિ આજેય દૃષ્ટિ આગળ તાજી છે. એમના કદાવર શરીરને એમનો લાંબો અંગરખો અને ફરફરતી દાઢી બહુ જ શોભતાં. હકીમ સાહેબ પ્રતિષ્ઠિત છતાં પ્રસન્ન દેખાતા. એ અંદર આવ્યા કે સીધા મારી પથારી પર આવીને બેઠા. એમણે નાડી તપાસી, કેટલીક હકીકતો પૂછી, અને પછી આડીઅવળી વાતો શરૂ કરી. ભાઈસાહેબની જબાનમાં એવી મીઠાશ હતી કે એ કલાકેક બેઠા તોયે એમને કે અમને ખબર ન પડી! પછી એમણે દવા આપવાનો વિચાર કર્યો. અંગરખાના લટકતા લાંબા ગજવામાંથી એક શીશી કાઢી. એ એક જ શીશીમાં અનેક જાતની ગોળીઓ હતી. શીશી ડાબી હથેળી પર ઢાલવી હકીમ સાહેબ એક એક ગોળી હાથમાં લઈ વિચાર કરવા લાગ્યા. એ આંગળીમાં ગોળી ફેરવતા જાય અને વિચાર કરે. આખરે નિર્ણય કરી એક ગોળી મારા હાથમાં આપી. પણ હું એ ખાઉં એ પહેલાં એમણે વિચાર ફેરવ્યો અને કહ્યું, 'રહો, આજે આ નહિ. કાલથી આ આપીશ; આજે બીજી આપું.' ફરી આંગળીમાં ગોળીઓ ફરવા લાગી. આખરે એક ગોળીનો નિર્ણય થયો અને તે હું ગળી ગયો. વિલાયતી વૈદક કરતાં આપણું દેશી વૈદક સારું. કરી પાળવાની હોય, પણ દવાઓ સ્વાદિષ્ટ અને રુચિકર હોય છે.

બીજે દહાડે એ જ વખતે હકીમ સાહેબ આવ્યા. હું તો એમની રાહ જ જોતો હતો. બારણામાં પેસે ત્યાંથી જ 'કી છોટે

મહારાજ?' કરીને તબિયત પૂછે. પથ્યની સૂચનાઓ આપી દે ને ફરી વાતે ચડે. પિતાશ્રીને સંભાષણ કરતાં શ્રવણભક્તિ વધુ પ્રિય હતી. હકીમ સાહેબની હિંદી ભાષા સાવ સહેલી. એમાં કાનડી કરતાં મરાઠી શબ્દો વધારે. એટલે મને એમની વાતોમાં બહુ રસ પડતો. કોક દિવસ કોઈ પ્રખ્યાત ડાકુની વાતો કરે, કોઈ વાર દેશદેશાંતરનો પોતાનો અનુભવ વર્ણવે.

એક દિવસ મેં એમને વાડીમાં જોયેલી દૂધીની વાત કરી. હકીમ સાહેબ તરત જ બોલ્યા, 'અરે, એમાં તે તમે શું ભારે જોયું? મેં એક ઠેકાણે એવું જોયેલું કે માળીએ દૂધીનો વેલો માંડવા પર ચડાવવાને બદલે જમીન પર જ ફેલાવેલો. એમાં એક દૂધી જેમ વધવા લાગી તેમ એણે એની આગળ જમીનમાં ખીલી મારી. દૂધી સહેજ વાંક લઈને ડાબી બાજુ પર વધવા લાગી. એને સહેજ વધવા દઈને એણે ત્યાં ખીલી મારી; એટલે દૂધી ફરી જમણી બાજુ વળી. આમ દૂધી નાગમોડીના આકારમાં દસ હાથ લાંબી વધી. એ જોવાની મજા ઓર જ હતી.'

બિરબલ બાદશાહની વાતોનો તો હકીમ સાહેબની પાસે મોટો ખજાનો. બિરબલે લટકતા કોળાની આસપાસ એક નાનકડા મોઢાવાળું મોટું માટલું લટકતું રાખ્યું અને કોળાને માટલાની અંદર વધવા દીધું; માટલું પૂરેપૂરું ભરાયું ત્યારે ઉપરનું ડીંટું કાપી એ બાદશાહને ભેટ મોકલ્યું. એવી એવી કેટલીયે વાતો એમની પાસેથી સાંભળી.

હકીમ સાહેબની દવાથી હું સાજો થયો કે વાતોથી એ કહેવું મુશ્કેલ છે. એટલું ખરું કે એમની વાતોને લીધે ઝટ સાજા થવાની મને પરવા ન રહી. સાજો થઈશ તો હકીમ સાહેબ આવતા બંધ થશે એ બીક મને વધારે રહેતી.

હકીમ સાહેબ પોતાની હિકમતમાં બહુ હોશિયાર હતા. આઈએ અમારાં સગાંમાંથી કેટલાયે દરદીઓનાં સામાન્ય વર્ણન કરી હકીમ સાહેબને દવા પૂછી. ગેરહાજર દરદીઓના સામાન્ય વર્ણન પરથી પણ તેઓ ઘણી અટકળ કરી શકતા. પછી પૂછે, 'એ માણસ ઠીંગણો ને જાડો છે?' આઈ કહે, 'હા.' ફરી પૂછે, 'એને કોઈ કાળે ફલાણું દરદ થયેલું?' આઈ કહે, 'એ પણ ખરું.' એમની એ શક્તિથી અમને અચંબો થતો.

હકીમ સાહેબ એકલી નાડીપરીક્ષામાં જ પ્રવીણ ન હતા; મનુષ્ય-સ્વભાવના પણ સારા પારખ હતા. હું એકલો હોઉં ત્યારે એક જાતની વાતો કરે; પિતાશ્રી પાસે બેઠા હોય ત્યારે કોઈ જુદો જ રંગ જમાવે; અને બાઈ નવરાશે સાંભળવા આવીને બેસે એટલે વાતો છોડીને મારી નાનપણની વાતો જ બાઈને પૂછે. ક્યાં આવા જીવન-સ્પર્શી આપણા વૈદો તથા હકીમો અને ક્યાં આજના ધંધાદારી ડૉક્ટરો! વિઝિટિંગ ફી લઈને આવનારા અને ધંધા બહાર સાવ કોરા રહેનાર આજના ડૉક્ટરો! પણ ડૉક્ટરનોયે વાંક શો? એક એક ડૉક્ટર પાછળ રોજ સો સો માંદાઓની ફોજ પડે ત્યાં બીચારા કરે શું? જૂના વખતમાં લોકોને વારે ઘડીએ માંદા પડવાની નવરાશ નહોતી, અને માંદા પડ્યા હોય તો ઝટ સાજા થવાની ઉતાવળ પણ નહોતી.

આખરે હું સાજો થયો. મારો તાવ મટી ગયો. પછી હકીમ સાહેબ રોજ એક જાતનો મુરબ્બો કેળના પાંદડામાં બાંધીને મારે માટે લઈ આવે. રોજ ખાવા પૂરતો રોજ આણે અને હેતથી મને ખવડાવે. પહેલે દિવસે મને થયું કે મુસલમાનના હાથનું ખવાય ખરું? મેં બાઈને પૂછ્યું. બાઈએ કહ્યું, 'દવાની ચોળાચોળ ન કરવી.' પિતાશ્રીએ પણ કહ્યું:

'औषधं जाह्नवीतोयं वैद्यो नारायणो हरिः ।

દવા ગંગાજળ જેવી પવિત્ર માનવી, અને વૈદનું વચન એ તો સાક્ષાત્ નારાયણની વાણી.' પાછળથી કેટલાક લોકોને મોઢે એ જ શ્લોકનો મેં એથી ઊલટો અર્થ સાંભળેલો કે, 'માંદા પડ્યા હોઈએ તો વળી દવા કરવાની હોય? ગંગાજળ એ જ આપણું ઔષધ, અને સૌનો વૈદ ભગવાન તો માથે બેઠો જ છે.'

હકીમ સાહેબે કહ્યું, 'ઓહો છોટે મહારાજ! તમને ધર્મની વાત નડી? આમાં ગોસ બોસ નથી હોં! કેટલાંયે હિંદુ ઘરોમાં મારો અવરજવર છે. તમારા રિવાજ હું જાણું છું. અમારી યુનાની હિકમતમાં દરેક જાતની દવા છે. પણ એમ તો તમારા હિંદુ વૈદકમાંયે ક્યાં માંસનો ઉપયોગ નથી કરતા?'

બસ, પછી એક વાર્તા ચાલી. કહે કે, "એક વાર હું મુસાફરી કરતો હતો. રસ્તે જતાં એક ગામડું આવ્યું. ત્યાં મેં

જોયું કે, એક ઠેકાણે ઘણા લોકો ટોળે વળ્યા છે ને હોહા ચાલે છે. પાસે જઈને જોયું તો લોકો એક માણસને ખૂબ મારે છે. પૂછતાં લોકોએ કહ્યું, 'એને ભૂત વળગ્યું છે. અમે એનું ભૂત કાઢીએ છીએ.' મેં તરત જ જોઈ લીધું કે ભૂતબૂત કંઈ નથી, પણ માણસને કંઈક રોગ થયો છે. લોકોને ખસેડીને હું આગળ વધ્યો. મેં કહ્યું, 'અરે બેવકૂફો, તમે આ ગરીબનો જાન કાઢવાના છો. એને તો ભારે રોગ થયો છે. અબ ઘડી જો સસલાનું લોહી મળે તો જ એ માણસ સાજો થઈ શકે. નહિ તો એ આજે જ મરી જવાનો. તમે એને અધમૂઓ તો કર્યો જ છે.' લોકો કહે, 'અહીં તે વળી સસલાનું લોહી ક્યાંથી મળે?' મેં કહ્યું, 'ત્યારે તો આ માણસના જીવવાની આશા નથી.' હું ચાલ્યો. પણ ખુદાને કરવું હતું તે અચાનક સામેથી જ એક પારધી આવ્યો. એના હાથમાં તાજું મારેલું એક સસલું મેં દીઠું. મેં આનંદથી કહ્યું, 'મહેર ખુદાની. તમારો માણસ બચી ગયો સમજજો.' સસલાના લોહીની મેં તરત દવા બનાવી આપી ને પેલો માણસ સાજો થયો."

સસલાના લોહીની વાત સાંભળી મને આશ્ચર્ય થયું. પણ આઈએ કહ્યું કે, 'એમાં આશ્ચર્ય જેવું કશું નથી. આપણા ગામડામાં પણ એક જણ પાસે સસલાં ને કબૂતરનાં લોહીમાં બોળી સૂકવી રાખેલા રૂમાલ છે. વૈદકમાં કઈ ચીજ કામ આવે ને કઈ ન આવે એ કહેવું મુશ્કેલ છે. એક રોગ પર બિલાડીની વિષ્ટા પણ આપે છે.'

પછી તો જાતજાતની વનસ્પતિઓના ગુણધર્મ વિષે વાતો ચાલી. વનસ્પતિની વાતોમાં લીમડો આવ્યા વગર કેમ રહે? આઈએ કહ્યું, 'લીમડાનાં પાન વાટીને, એમાં પાણીનું ટીપું ઉમેર્યા વગર, એનો રસ કાઢવામાં આવે, તો એવા એક તોલા રસથી મરી ગયેલો માણસ જીવતો થઈ શકે.' પિતાશ્રીએ હસીને કહ્યું કે, 'લીમડાનાં પાનમાંથી ટીપું પણ રસ ન નીકળી શકે, એટલે કોકે આ માહાત્મ્ય જોડી કાઢયું છે.' હકીમ સાહેબ કહે, 'એ ગમે તે હો, પણ જો પાકું ઘરડું લીમડાનું ઝાડ તમારા જોવામાં આવે તો એની આસપાસ ફરી જોજો. કોક વાર એનું થડ આપમેળે ફાટે

છે અને એમાંથી ચોખ્ખો ગુંદર જેવો રસ નીકળે છે. એવો રસ જો કદી મળે તો એ તરત જ ખાઈ જવો. એ ગુંદરમાં અદ્ભુત શક્તિ છે. અનેક રોગો એનાથી મટે છે. કેટલાક લોકોના પગ હમેશાં ફાટે છે એ તો એ રસ સહેજ ચાખવાથી જ મટી જાય છે. લીમડા પરના મધપૂડાનું મધ પણ વિશેષ ગુણકારી હોય છે.'

થોડા દિવસ પછી અમારા બંગલા સામેના લીમડા પર મેં એક નાનકડો મધપૂડો જોયો. પાસેના કૂવા પર કેદીઓ રેંટ ચલાવતા હતા. એમની પાસે મેં એ મધપૂડો ઉતરાવ્યો ને મધ એક શીશીમાં ભરી રાખ્યું. થોડા દહાડામાં એ મધની સરસ દાણાદાર ખાંડ થઈ ગઈ, એનો રંગ પીળાશ પડતો ધોળો હતો. એ ખાંડ એક બે વાર જ મેં ચાખી હશે. એટલામાં એક દિવસ મારે હાથે એ શીશી પડીને ફૂટી ગઈ. અંદર કાચની કરચો હશે એ બીકથી બધું મધ ફેંકી દેવું પડ્યું!

આખરે અમારે સાવનૂર છોડવાનો વખત આવ્યો. પિતાશ્રીએ કારકુન મારફતે હકીમ સાહેબને એમની ફી વિષે પુછાવ્યું. પિતાશ્રી હકીમ સાહેબને રાજી કરવા માગતા હતા. હકીમ સાહેબે કહ્યું, ' મારે તમારી પાસેથી પૈસા નથી લેવા. પણ તમારું આ ઘડિયાળ છે એટલું મને તમારી યાદગીરી તરીકે આપો.' ઘડિયાળની કિંમત કંઈ મોટી ન હતી. ૩૦-૩૫ રૂપિયા હશે. પણ પિતાશ્રીએ એ આપવાની ના પાડી. એમણે કહ્યું, ' તમે બીજું ગમે તે માગો.' પિતાશ્રીએ એમને ૪૦ રૂપિયા લેવાનું કહ્યું. બીજું ઘડિયાળ મંગાવી આપવાની વાત કરી. પણ હકીમ સાહેબ કેમે કર્યાં માને નહિ. તેઓ કહે, ' મને ક્યાં પૈસાની પડી છે? મારે તો તમારું વપરાતું ઘડિયાળ જોઈએ છે.' પિતાશ્રીએ ઘડિયાળ આપવાની ના કેમ પાડી એ હું સમજી ન શક્યો, અને પૂછવાનું પણ મને ન સૂઝ્યું. આખરે પિતાશ્રીએ પોતાની જ જીદ કાયમ રાખી અને કારભારીની મધ્યસ્થીથી હકીમ સાહેબ પાસે કંઈક રકમ લેવડાવી.

એ ઘડિયાળ સાથે કંઈક ખાસ સંબંધ કે લાગણી હશે એવી કલ્પના મેં બાંધી. એ ઘડિયાળ પિતાશ્રી પછી મારા કબજામાં આવ્યું. કેટલાંયે વરસ સુધી એ મારી પાસે હતું. કાશ્મીરમાં

એક સાધુએ મારી પાસે એની માગણી કરી. મેં પણ જીદપૂર્વક એને એ આપવાની ના પાડી. હું અમદાવાદ આવ્યો ત્યાં સુધી એ ઘડિયાળ મારી પાસે હતું. પણ મદ્રાસ તરફના એક મિત્રે થોડા દિવસને માટે મારી પાસે એ માગી લીધું અને ક્યાંક ખોઈ નાખ્યું. એ ઘડિયાળ મારી પાસે હતું ત્યાં લગી હકીમ સાહેબનું ઘણી વાર સ્મરણ થતું. આજે પણ એટલું દુઃખ તો છે જ કે હકીમ સાહેબને એ આપ્યું હોત તો સારું થાત; એવા દિલદાર માણસને આપણે નારાજ કર્યા એ કંઈ સારું ન કર્યું.

૪૧

દીનપરસ્ત કુત્તી

ન્હન્નુ માળીની એક કાળી કૂતરી હતી. શિકાર કરવામાં એક્કો. બકરાં જુએ કે એમની પાછળ દોડી જ છે. કોક વખતે એકાદ બકરું કે સસલું મારીને લઈ આવે. સાવનૂરમાં શહેર બહાર ગેસ્ટ હાઉસમાં અમે રહેતા હોવાથી મને ત્યાં બિલાડી મળી નહિ, એટલે કાળીને જ મેં પોતાની કરી. રોજ એને ધરાઈને ખવડાવું અને રમાડું. આ કાળી મુસલમાન ધર્મ પાળતી હશે. ગુરુવારે બિલકુલ ખાય નહિ. પહેલે દિવસે મને થયું કે, કાળી માંદી હશે માટે ખાતી નહિ હોય. પણ આસપાસના લોકોએ કહ્યું કે, 'ના, એ રોજો રાખે છે.' નાનપણમાં આપણું મન બહુ ચિકિત્સક નથી હોતું. ગમે તે વાત શ્રદ્ધાથી આપણે સ્વીકારીએ છીએ એટલું જ નહિ, પણ આપણે અદ્ભુત રસના એટલા તો રસિયા હોઈએ છીએ કે, દરેક વિચિત્ર લાગતી વસ્તુ સાચી જ છે એમ માનવા તરફ આપણું ખાસ માનસિક વલણ હોય છે. છતાં કાળીની આ વાત મને અસંભવિત જેવી લાગી. તેથી મેં એના તરફ ખાસ ધ્યાન રાખ્યું.

બીજે ગુરુવારે દૂધમાં લોટ બાંધી સરસ ભાખરી તૈયાર કરાવી. ઉપર ઘી ચોપડ્યું. (હું તો કાળીને પૂરી ખવડાવવાનો હતો; પણ આઈએ કહ્યું કે, 'કૂતરાંને તળેલું ન અપાય; એથી કૂતરાં હડકાયાં થાય છે કે માંદાં પડે છે.') ગુરુવારે આ ભાખરી મેં કાળીને આપી. ભાખરી સરસ મહેકે, એટલે ખાવાને મન લલચાય. કકડો મોઢામાં લે અને ફરી છોડી દે. આમ એણે અનેક વાર કર્યું, પણ ઉપવાસ તોડ્યો નહિ. સાંજે ચાર વાગ્યે એને ખૂબ ભૂખ લાગેલી જોઈ ફરી મેં એ જ પ્રયોગ કર્યો. એક આખી ભાખરી એના આગળ મૂકી. કાળીને આ વખતે નવો વિચાર સૂઝ્યો. એણે ભાખરી મોઢામાં લીધી, અને સહેજ દૂર જઈ આગલા પગ વડે જમીન ખોદી, એમાં એ ભાખરી દાટી દીધી, અને એના પર જ પોતાનું આસન

જમાવી દીધું. બીજે દિવસે સવારે વહેલો ઊઠી હું કાળીને જોવા ગયો. એ પણ એ જ વખતે ઊઠી. એણે જમીન ખોદી અને જોતજોતામાં ભાખરીથી પારણું કર્યું. બીજા બે ગુરુવારે પણ મને એ જ અનુભવ થયો!

ત્યાર પછી ઘણાં વરસે મારા પિતાશ્રી બીજી વાર સાવનૂર ગયા હતા. હું ગયો ન હતો. પણ એમની પાસેથી પ્રથમ ખબર મળ્યા કે કાળીનો ધંધો હજી એનો એ જ ચાલે છે. પાછળથી કાગળ આવ્યો કે, કાળી શિકાર કરવા જતાં કંઈક અકસ્માતથી મરી ગઈ.

૪૨

પાઠમાળા

સાવંતવાડીમાં ગવંડળકરને ત્યાં અમે હતા ત્યારે ખગ્રાસ સૂર્યગ્રહણ થયેલું. દશ અગિયારનો શુમાર હશે. સાવ અંધારું થઈ ગયું. એકબે ગ્રહ પણ દેખાવા લાગ્યા. કાગડા વગેરે પક્ષીઓ અકળાઈને કોલાહલ કરવા લાગ્યાં. એ વખતે મેં એક મજાની શોધ કરી. ગ્રહણ જેમ જેમ વધતું ગયું તેમ તેમ હવામાં એવો કંઈક ફેરફાર થઈ ગયો કે મૃગજળનાં જેમ આછાં મોજાં ઊછળે છે તેમ આકાશમાં દેખાવા લાગ્યું. મારી આંખનો વહેમ છે કે શું, એ શંકા દૂર કરવા મેં આસપાસનાં બધાંને એ બતાવ્યું. પછી જમીન પર જોઉં તો ધુમાડાની છાયા પડે તેવી લહેરો જમીન પર દોડતી દેખાઈ. આનું કારણ શું હશે તે હજી મારા ધ્યાનમાં બરાબર નથી આવ્યું. બીજી વાર એવું ખગ્રાસ ગ્રહણ પણ દેખાયું નથી એટલે એ અનુભવને ફરી તપાસવાની તક પણ નથી મળી. પણ એ સૂર્યગ્રહણની છાપ મગજ પર ચોક્કસ છે.

સૂર્યગ્રહણ તો એક દિવસનું હતું — અરે, અર્ધો કલાકનુંયે નહિ હોય; પણ બીજું એક ગ્રહણ મને મહિનાઓ સુધી નડ્યું. પેલી ભાષાંતર પાઠમાળા તે વખતે મેં ફેંકી દીધી. પણ એ કંઈ મને છોડે એવી ન હતી. અણ્ણાએ મનમાં લીધું કે, દત્તુ ને ગોંદુ આખો દિવસ રખડે છે, એમને કંઈક ભણાવીએ. રોજ અમારે શબ્દો ગોખવા પડતા, નિયમો યાદ રાખવા પડતા, અને વાક્યો કરવાં પડતાં. A, An અને The જ્યાંત્યાં નડે. 'પબ્લિક'નો સ્પેલિંગ હું અચૂક 'Publike' કરતો. અણ્ણા કહે, 'એનો ઉચ્ચાર પબ્લાઇક થશે.' હું એને સુધારી 'Publick' કરી દેતો. ck સાથે ચપ દઈને નેતરની સોટી હાથ પર કે જાંઘ પર વાગતી. પણ c ને મદદ વગર એકલી રહેવા દેવાનું મને સૂઝતું નહિ. આખો દિવસ અણ્ણા કાં તો લાયબ્રેરીમાં જાય, કાં તો રઘુનાથ બાપુ પાસે

રાજયોગનું જ્ઞાન લેવા જાય; અને અમે રખડીએ. સાંજે વાળુ પછી અણ્ણા અમારું લેસન લે.

એક દિવસ અચાનક અણ્ણા બપોરે જ ઘેર આવ્યા. તડકાને લીધે માથે છત્રી ધરી હતી, એટલે અણ્ણા પાસે આવ્યા ત્યાં સુધી અમે એમને જોઈ ન શક્યા. આવતાંવેંત અમને રખડતા જોઈ એમણે પૂછયું, 'શબ્દો કરીને પછી જ રમો છો ને?' મેં ઝટ કહી દીધું, 'હાસ્તો.' બચી જવા માટે જૂઠું તો કહી દીધું, પણ મનમાં ધ્રાસકો પેઠો કે અણ્ણા રાજયોગ શીખવા જાય છે; યોગની શક્તિથી સામાના મનની વાત જાણતા હોય તો? તો તો બરાબર સપડાઈશું અને બમણો માર ખાઈશું.

અણ્ણાનો રિવાજ એવો હતો કે, અમારા બે જણમાંથી જે વહેલો જમી રહે એનું લેસન એ પહેલું લે, પછી બીજાનું. એ ઉપરથી મને એક યુક્તિ સૂઝી. મેં બહુ ધીમે ધીમે વાગોળીને ખાવાનું શરૂ કર્યું. નાના જમી પરવારે અને તોપને મોઢે પહોંચે. નાનાનું લેસન પતે એટલામાં મારા શબ્દો હું જોઈ લેતો અને અણ્ણાની તપાસને પહોંચી વળવા તૈયાર થતો.

ચારેક દિવસમાં નાના મારી યુક્તિ કળી ગયો, અને ચૂપચાપ એણે પણ વાગોળવા માંડયું. હવે કફણ પ્રસંગ આવ્યો. પણ મેં તરત જ મારી રણનીતિ ફેરવી. એક તરફ નાના વાગોળે ત્યાં મેં બહુ ઝડપથી કૂતરાની પેઠે કોળિયા ભરી લીધા, અને અણ્ણા જમી ઊઠે તે પહેલાં જ મારા શબ્દો પણ જોઈ લીધા. શબ્દો પાકા કરવાનો તો સવાલ જ ન હતો. શબ્દો બે ત્રણ વાર જોઈ લઉં એટલામાં અણ્ણા આવે. તાજા શબ્દો ઓકી કાઢતાં શી મુશ્કેલી? મારા ઊઠયા પછી નાના જેટલી વાર જમવામાં વધારે ગાળે તેટલું એને નુકસાન થતું. અને અહીં મારું ભણતર ઝટ પતી જતું હોવાથી નાનાને ઉતાવળે હાજર થવું પડતું. આને લીધે નાનાનું ભોજન દ્રુતવિલંબિત ગતિએ ચાલતું. અણ્ણા જમી રહે ત્યાં સુધી નાના બહુ જ ધીમે ધીમે ખાય, અણ્ણા ઊઠયા કે એની ગતિ દ્રુત થાય. આમાં વખતનું બજેટ સચવાતું, પણ એમાં જ એ પકડાયો. બધા જોઈ ગયા કે છોકરાઓ આખો દિવસ રમે છે ને છેલ્લી ઘડીએ ખાવામાંથી વખત ચોરી શબ્દો ઉપરટપકે ગોખી

કાઢે છે. અણ્ણાએ આનો ઉપાય શોધી કાઢ્યો. એમણે તે દિવસે જૂના શબ્દો પણ પૂછ્યા. એમાં મારું પોલ પકડાયું. તે તે દિવસના શબ્દો બરાબર આવડતા, પણ આજે એમાંનો એકે આવડે નહિ.

બીજે દિવસે મેં નક્કી કર્યું કે, હવે યુક્તિ કરવામાં માલ નથી, પ્રામાણિકપણું એ જ ઉત્તમ ચતુરાઈ છે. અણ્ણા જમી ઊઠ્યા એમની સાથે હું પણ ઊઠ્યો. મેં કહ્યું, 'મારા શબ્દો આજે કાચા છે. મને થોડો વખત આપો તો તૈયાર કરી લઉં. ત્યાં સુધી નાનાનું લેસન લો તો સારું.' અમારી આ વાતચીતની ખબર નાનાને ક્યાંથી હોય? હું સપડાયો છું એમ માની નિર્ભય થઈ એ નીચેથી ઉપર આવ્યો. પછી જ્યારે અણ્ણાએ એને જ લેસન માટે આવવાનું કહ્યું ત્યારે એ આભો બની ગયો. આમ કેમ થયું, શી યુક્તિ કરી હું છટકી ગયો, એ એના ધ્યાનમાં શેનું આવે? એ અણ્ણા તરફ જુએ અને મારા તરફ જુએ. મેં તો માથું નીચું ઘાલી મલકાતે મોંએ મારા શબ્દો શરૂ કર્યા.

હવે પછી અણ્ણાએ અમને બંનેને સાથે બેસાડી રોજ પહેલેથી તે છેલ્લા દિવસ સુધીના બધા શબ્દો પૂછવાનું રાખ્યું. ઘડીકમાં આ પાઠનો શબ્દ પૂછે તો ઘડીકમાં બીજા જ પાઠનો. આ દૈનિક પરીક્ષાને પરિણામે ઝાઝી મહેનત વગર મને બધા શબ્દો મોઢે થઈ ગયા. ચાર પાંચ દુષ્ટ શબ્દો જ બળવો કરતા. પણ તેમને માટે અણ્ણાએ મને મારવાનું છોડી દીધું. પછી તો અચૂક એટલા જ શબ્દો અણ્ણા મને પૂછે. ધીમે ધીમે એ શબ્દો પણ સર થયા.

આ બધી હકીકતમાં આશ્ચર્ય એ કે મને આટલી યુક્તિઓ સૂઝી, પણ બપોરે કલાકેક ગાળીને પાઠ તૈયાર કરવાનો સીધો રસ્તો મને સૂઝ્યોયે નહિ અને ગમ્યોયે નહિ!

૪૩

ટોળાં

'આટલા ભિખારીઓનો રાફડો ક્યાંથી ફાટ્યો છે કોણ જાણે! અમને આટલાં વરસ થયાં. આટલો ભૂખમરો કદી જોયો નથી,' એમ શેવતી ડોશી કહેવા લાગી. અને સાચે જ, જાતજાતના ભિખારીઓ રોજ સવારે સાત વાગ્યા સુધી ઊલટતા. જાતજાતનાં પદો ગાતા. કેટલાકના હાથમાં ઊન કાંતવાની તકલી રમતી. કેટલીક માગણો તો ખજૂરીની પાંદડીની સાદડીઓ હાથે વણતી જાય અને ભીખ માગતી જાય. કેટલીક માગણો માથા પરના ટોપલામાં સોય, દોરા અને કીડિયાં વેચવા લાવે, અને સાથે સાથે ભીખ પણ માગે. 'મારા માલમાંથી કંઈક ખરીદો અને થોડી ભિક્ષા પણ આપો,' એવી એમની માગણી રહેતી.

કેટલીક માગણો ખુશામતનાં ગીતો ગાય :

'ताईबाईचे डोळे
लोण्याचे गोळे.'

કેટલીક તો સ્ત્રીઓનાં જેટલાં નામ હોઈ શકે તે બધાં એક પછી એક સંબોધનરૂપે બોલી જઈ ખાવાનું માગતી. કેટલાક પુરુષોનાં ગળાંમાં એક લોઢાની લાંબી સાંકળ ને લાકડાનું એક વેંત લાંબું હળ ટીંગાડેલાં હોય. તેઓ કહેતા કે, 'દુકાળમાં ખેતરના માલિકની સાંથ અમે આપી ન શક્યા એટલે હવે માગી ખાઈને પૂરું કરીએ છીએ. અત્યાર સુધીમાં અઢી હજાર પૂરા થયા. હવે આઠસો રૂપિયા જ રહ્યા છે.'

પહેલાં મને એ લોકોની ભારે દયા આવતી. હું બધાંને મૂઠી મૂઠી ચોખા આપતો. કેટલાકને ખાવાનું પણ આપતો. એમના ચાળા પાડતાં એમનાં કેટલાંક લોકગીતો પણ મારે મોઢે ચડ્યાં હતાં. હજીયે કેટલાંકની લીટીઓ યાદ રહી ગઈ છે :

'सोनार बापूजी बापूजी
नथका घडवली घडवली
पाया पडवली पडवली
पायाचा जोड जोड
पायाला आला फोड फोड.'

બીજું કોંકણી છે:

'आल्यान् माल्यान्, माल्यान् मोगरो
फुलेलो मोगरो, माल्यान् गो
जांवइ बोले, लाडके सुने
दादान मोगरो, माल्यान् गो.'

પછી તો રોજ રોજ એ ને એ લોકો ફરી ફરી આવવા લાગ્યાં. હું કંટાળ્યો. મારો સમભાવ સુકાઈ ગયો. મારી ખાતરી થઈ કે, આ લોકો વખાના માર્યાં ભીખ નથી માગતા, પણ ભીખ માગવી એ એમનો ધંધો જ થઈ ગયો છે. કેટલાકની હું ઊલટ-તપાસ કરવા લાગ્યો. તેઓ હમેશાં જૂઠું બોલે. રોજ નવી નવી બીના કહે. હું કોકને કહું, 'પણ પરમ દિવસે તેં જુદું જ કહ્યું હતું.' એ નફટાઈથી કહે, 'ના જી, તમે ભૂલો છો. આજે અમે પહેલવહેલાં જ આ ગામમાં આવીએ છીએ.'

મારી ધીરજ ખૂટી. હું એ લોકોને હાંકી કાઢવા લાગ્યો. એમને આંગણામાં આવવા જ ન દઉં. શરૂઆતમાં એ લોકો કાલાવાલા કરવા લાગ્યાં, પછી બબડવા લાગ્યાં, અને આખરે ગાળો સુધી આવ્યાં. મારો હડકવા વધ્યો. મેં એક નેતરની સોટી હાથમાં રાખી. જે આંગણામાં આવે તેને મારવા દોડું. પડોશીઓ હસવા લાગ્યા. કોક વાર રમા ભાભી વધેલો ભાત ભિખારીને આપવા બહાર આવે ત્યારે ભિખારીઓ દોડતા આવે. કૂતરાની પેઠે હું એમના પર ભસું. ભાભીને કહું, 'લાવો, એ ભાત હું કૂતરાને મૂકી દઉં. આ એદી લોકોને કશું ખાવા આપવું ન જોઈએ. હડહડતું જૂઠું બોલે છે.'

ગોંદુ કહે, 'કોઈ કોઈને દાન આપતું હોય તો વચ્ચે આડી જીભ ન કરાય; પાપ લાગે.'

'છો અમને પાપ લાગતું. જોઉં તો ખરો, આ ભિખારીને તમે શી રીતે ખાવા આપો છો!'

બધાં મને સમજાવવાનો પ્રયત્ન કરે. આખરે ઘરવાળાએ કહ્યું, 'તમારે બારણે એમને ભલે રોકો, પણ અમારે ત્યાં આવીને માગે એનોયે તમારો વાંધો?' ચીડ અને શરમથી હું રાતોપીળો થઈ ગયો, સોટી ફેંકી દીધી, અને ઘરમાં જઈ ભરાયો. પછી તો બાર વાગ્યા સુધી હું ઘરમાંથી બહાર નીકળતો જ નહિ.

પંદરેક દિવસમાં ભિખારીઓની ભરતી ઓસરી ગઈ. એટલામાં ક્યાંકથી મોટાં મોટાં રાતાંપીળાં તીડ આવ્યાં. એટલાં તીડ, એટલાં તીડ, કે આકાશ આખું ભરાઈ જાય. વીજળીનો ડાયનેમો ચાલતો હોય તેવો અવાજ આકાશમાં સંભળાય. શાકપાન એમણે ખાઈ નાખ્યું. ઝાડનાં ઝાડ ખલાસ કર્યાં. તીડ એ તે જીવડાં હોય છે કે આગ? ખાતાં જાય ને લીંડીઓ નાખતાં જાય. સવારથી સાંજ સુધી ખાય તોયે ધરાય નહિ. લોકો બાપડા શું કરે? લાંબા વાંસ લઈને તીડને ઉડાડી મૂકવાનો પ્રયત્ન કર્યો. પતરાંના ડબા વગાડી વગાડી એમને નસાડવાનો પ્રયત્ન કર્યો. પણ તીડ ઓછાં ન થાય. ભર્રર્ર દઈને આવે અને હાથની બાંયમાં પણ ભરાય. સાંજ પડચે એમની પાંખો ભારે થઈ જાય, એટલે તેઓ ક્યાંક બેસી જતાં.

હવે લોકોએ એક રસ્તો શોધી કાઢચો. ખેતરોમાં ને વાડીઓમાં એક લાંબી ખાઈ ખોદી કાઢે ને રાત પડચે એમાં ઘાસનો દેવતા કરે. તાપ જોઈને તીડ કૂદી કૂદીને અંદર પડતાં ને મરી જતાં. નાનાં છોકરાંને એ જોઈ એક નવો જ ખુટ્ટો ઊઠચો, તેઓ તીડને પકડી પકડીને એમના પગ ભાંગી નાખતાં અને પછી એમને શેકીને ખાઈ જતાં. અમને એવી ચીતરી ચડતી! ગરીબ લોકોએ ઘરમાં તીડના કોથળા ભરી રાખ્યા.

તીડનો હુમલો હવે નાળિયેરીઓ પર શરૂ થયો. લાંબી લાંબી બાદશાહી ડાળો એક દિવસમાં ઊડી જવા લાગી. આઠ દસ દિવસમાં નાળિયેરીનાં થડ તારના થાંભલા જેવાં ઠૂંઠાં દેખાવા લાગ્યાં. એ દેખાવ જોઈને તો રોવું જ આવે. ખેડૂતો અને માળીઓ ભારે ચિંતામાં પડચા. તેઓ કહેવા લાગ્યા, 'વરસાદ ન પડે તો એક વરસનો જ દુકાળ ખમવો પડે. અમારી નાળિયેરીઓ ગઈ. હવે

તો દસ વરસ સુધી આવકનું નામ ન રહ્યું.' રસ્તા પર જુઓ કે આંગણામાં, ખેતરોમાં કે વાડીઓમાં, જમીન પર તીડોની લીંડીઓ પથરાયેલી હોય. એક જણે કહ્યું, 'આ ખાતર બહુ જ કીમતી હોય છે.' એક ડોશીએ ચિડાઈને જવાબ વાળ્યો, 'બળ્યું તારું મોઢું. સોના જેવાં ઝાડ ગયાં અને કહે છે કે કીમતી ખાતર થાય છે! આ ખાતર તારા ખેતરમાં વાપરી તો જો. અનાજ પણ બળીને રાખ થશે. આ ખાતર નથી, આગ છે.'

હજીયે તીડોની પલટણો એક પછી એક આવ્યે જતી હતી. માઈલો સુધી તીડો ફેલાયેલાં, પણ બધાં એક જ દિશાએ દોડે,— જાણે ક્યાંકથી હુકમ જ લઈ આવ્યાં હોય.

દરેક વસ્તુને અંત હોય છે. તેમ આ તીડની પીડાનો પણ એની મેળે અંત આવ્યો. એ જેવાં આવ્યાં તેવાં ગયાં.

अतिवृष्टिरनावृष्टिः शलभा मूशकाः शुकाः ।
प्रत्यासन्नाश्च राजानः षडेता ईतयः स्मृताः ॥
(स्वचक्रं परचक्रं च सप्तैता ईतयः स्मृताः ॥)

૪૪

વાઘની માશી

સામાન્ય છોકરાંઓ કરતાં મારામાં પશુપક્ષીઓ તરફ કંઈક વધારે હેત હતું. પણ મને અત્યંત પ્રિય જનાવર તો બિલાડી. બિલાડી ખુશામત કરે, પણ કોઈ કાળે સ્વમાન ખુએ નહિ. કૂતરાંને અનાર્ય થયેલાં તમે જોશો, પણ બિલાડી તો હમેશાં પોતાની સંસ્કૃતિ ને પોતાનો મોભો જાળવીને જ રહેવાની. એકાદ દિવસ પીવાનું દૂધ ઓછું હોય તોપણ તેમાંથી થોડું બિલાડીને પાયા વગર પીવું આપણને ભાવે નહિ. નાનપણમાં મેં ખૂબ મુસાફરી કરેલી. જ્યાં ગયા ત્યાં આઠ દસ દિવસની અંદર આસપાસ કેટલી બિલાડીઓ છે અને કોની કોની છે, એની આપણને ખબર તરત પડે. બિલાડી પ્રત્યેનો મારો પક્ષપાત એકાંતિક ન હતો. જ્યાં જઈને રહું ત્યાંની બિલાડીઓને મારા રાગદ્વેષ ઉભયનો અનુભવ ચાખવો પડતો. બિલાડીને ઘેરો કેમ ઘાલવો, એને માર કેમ મારવો, ખાડામાં ખૂબ કાંટા વાળી ઉપર કાગળ કે લૂગડું પાથરી બિલાડીને ખાડામાં કેમ પાડવી, એ બધી કળામાં હું પારંગત હતો. બિલાડીને ઠાર મારવાથી બાર બ્રાહ્મણ માર્યાનું પાપ લાગે છે, કેમ કે બિલાડીની પૂંછડીમાં બાર ચટાપટા હોય છે, એ વાત હું જાણતો ન હોત તો મારે હાથે બિલાડીઓની હત્યા પણ થાત.

હું કારવારમાં હતો ત્યારે મેં એક બિલાડો પાળેલો. બહુ રૂપાળો હતો. મેં એનું નામ વ્યંકટેશ પાડ્યું હતું. એકાદ વરસ સુધી એ મારી સાથે રહ્યો હશે. આખરે એક કોળે એને મારી નાખ્યો. પછી તો મને બિલાડી વિના ચેન ન પડે, એટલે આખું કારવાર ફરી જ્યાં સરસ બિલાડી જોવામાં આવે ત્યાં એનું માગું કરતો. પણ બધા જ કંઈ આવી રીતે માગું સ્વીકારે? કેટલાક તો તિરસ્કારથી મને કાઢી મૂકતા. એટલે અમે એક ઘરની આસપાસ ત્રણ ત્રણ દિવસ પહેરો ભરતા બેસતા. અને લાગ મળે કે પિશાચ-પદ્ધતિએ બિલાડીનું હરણ કરતા.

બિલાડી પકડવી એ કંઈ જેવી તેવી વાત નથી. એના નખ અને દાંત સામે હજુ હથિયારબંધીનો કાયદો પસાર થયો નથી. પહેલું તો બિલાડી હાથમાં આવવી જ મુશ્કેલ છે. તમે એને પકડો કે તરત જ 'ઘુર્‌ર્‌ર્‌ર્‌-મ્યાઉં' કરીને એ તમને કરડવાની અથવા નહોર વતી ઘા કરવાની. અમે સાથે એક કોથળો રાખતા. બે ત્રણ જણા બે ત્રણ ઠેકાણે ઊભા રહેતા. બિલાડી લાગમાં આવે કે એના પર તરાપ મારી એની ડોક પકડતા. બિલાડીને ડોક વતી પકડીએ તો એને દુઃખ નથી થતું, અને છતાં એ પૂરેપૂરી કબજે થાય છે. ડોકની ચામડી આપણા હાથમાં હોય એટલે આપણે સુરક્ષિત. ત્યાં ન પહોંચે એના દાંત કે ન પહોંચે એના નહોર. પાછલા પગ ઉપાડીને નહોર મારવાનો એ પ્રયત્ન તો કરે. આખા શરીરને બધી દિશાએ આમળી જુએ. નવો માણસ હોય તો એને થાય કે હમણાં નહોર મારશે, અને પછી બીને એ બિલાડીને છોડી દે. એક વાર છૂટી એટલે ફરી બિલ્લીબાઈ હાથમાં ન આવે.

અમે બિલાડીને પકડીએ કે એક હાથ વતી એની ડોક ને બીજા હાથ વતી એના પાછળના પગ બરાબર ઝાલી રાખીએ, અને એને કોથળામાં નાખી ઝટ કોથળાનું મોઢું બંધ કરી દઈએ. બિલાડી અંદર પુરાઈ કે તરત બંગાળી ઇલાજ અખત્યાર કરવાની. ખૂબ અવાજ કરે, અને જાણે કોથળો ફાડી નાખતી હોય એટલી હિલચાલ કરી મૂકે. બિલાડીને પકડતાં કેટલીયે વાર મારા હાથપગ લોહીલોહાણ થયા છે. પણ જે બિલાડીને પકડવાનો નિશ્ચય કર્યો તેને કોઈ કાળે છટકવા દીધી નથી. બિલાડીને ઘેર લઈ જઈએ એટલે અમારું પહેલું કામ એ કે, એનાં નાકકાન ચૂલા પર ઘસી કાઢવાં. માન્યતા એવી કે, આમ કરવાથી બિલાડી એ ચૂલાને છોડીને જાય નહિ; ત્યાં જ રહે અને એ ચૂલામાં જ સૂએ. કારણ ગમે તે હો, પણ અમારી બિલાડીઓ અમારા ચૂલામાં સૂઈ જતી.

એક દિવસ એક સાવ ધોળી બિલાડી મેં જોઈ લીધી. એને પૂંછડે પણ ચટાપટા ન હતા. એ જે બાઈની હતી તે બાઈ પાસે માગવા જવાય એમ ન હતું. એટલે અમે ત્રણ ચાર દિવસની તપશ્ચર્યાથી એ બિલાડીનો કબજો લીધો. એને ઘેર આણ્યા પછી, એને રહેવા માટે એક લાકડાની મોટી પેટીનું ઘર બનાવ્યું.

એને સૂવા માટે ગાદી બનાવી. સુતાર પાસે જઈને એ પેટીને નાનાં નાનાં બારણાં બનાવડાવ્યાં. એમાં લાલ, લીલા અને પીળા કાચના કકડા બેસાડ્યા. બિલાડીને પણ પોતાનું ઘર ખૂબ પસંદ પડ્યું. પણ બિલ્લીબાઈ દહાડે દહાડે સુકાવા લાગ્યાં. એટલે આઈએ કહ્યું, 'બેવકૂફો! આ બિલાડીને જ્યાંથી આણી હોય ત્યાં પાછી મૂકી આવો, નહિ તો એની હત્યા તમને ચોંટશે. એ તો માછલીના આહારને ટેવાયેલી છે. એને આપણાં દૂધભાત કામનાં નથી.'

આટલી સુંદર બિલાડી છોડી દેતાં અમારો જીવ ચાલ્યો નહિ. એટલે અમારા ઘરનાં વાસણ માંજનાર એક ચાકરડી હતી એને અમે કહ્યું, 'અમે તને રોજ એક પૈસો આપીશું. તારે ઘેરથી લાવીને રોજ આ બિલાડીને માછલીનો ખોરાક ખવડાવવો.' બસ. માછલીનો ખોરાક મળ્યો કે ગોરી પહેલાં જેવી હૃષ્ટપુષ્ટ થઈ ગઈ. અમે પણ રાજી થયા. પણ થોડા દિવસમાં એ વાત પિતાશ્રીને કાને ગઈ. તેઓ ચિડાયા: 'આ છોકરાઓને શું કહેવું? બિલાડી પાછળ ગાંડા થયા છે ને બ્રાહ્મણના ઘરમાં બિલાડીને માછલી ખવડાવે છે!' પિતાશ્રી આગળ અમારું કંઈ ચાલે એમ ન હતું, એટલે તે જ દિવસે અમે એ બિલાડીને તેના મૂળ રહેઠાણ આગળ મૂકી આવ્યા. પછી તો એનું સૂનું સૂનું લાકડાનું ઘર જોઈ અમને ખૂબ માઠું લાગતું.

એ બિલાડી ગઈ એટલે બીજી લઈ આવ્યા. એ તો સરગવાની શીંગના કૂચા થાળી પાસે નાખ્યા હોય એ જ આવી આવીને ખાતી. આઈએ કહ્યું, 'આ પણ એના માંસાહારનું જ લક્ષણ છે.' પણ અમે આઈને સાફ કહી દીધું, 'ગમે તેમ હોય, આ બિલાડીને અમે રાખવાના જ. જુઓ તો, કેવી રૂપાળી છે!' આઈએ પરવાનગી આપી. પણ એ બિલાડીનું અન્નજળ અમારા ઘરમાં ન હતું. થોડા જ દિવસમાં એ માંદી પડી અને મરી ગઈ. એની અંતકાળની વેદનાઓ જોઈને મારા મન પર ભારે અસર થઈ. એના પહેલાં મેં મડદાં જોયાં હતાં, પણ કોઈ પણ પ્રાણીનો અંતકાળ જોયો ન હતો.

કારવારથી અમે થોડા દિવસને માટે સાવંતવાડી ગયા. ત્યાં એક બિલાડી રોજ અમારે ત્યાં આવતી. અમે મોડા જમીએ કે

વહેલા, જમવા ટાણે એ હાજર. હું એને ધરાય એટલાં દૂધભાત આપતો. ઘરના લોકોને થયું કે દત્તુનો આ બિલાડીનો શોખ બહુ વધી પડ્યો છે; એનો કંઈક ઇલાજ કરવો જોઈએ. એટલે વિષ્ણુએ કે અણ્ણાએ એ બિલાડીનું નામ પાડ્યું, 'દત્તુચી બાયકો' (દત્તુની વહુ). એ ઘરમાં આવે એટલે બધાં કહે, 'જુઓ, દત્તુની વહુ આવી.' હું એને ખવડાવું એટલે કહે, 'જુઓ, વહુને કેટલા હેતથી ખવડાવે છે.' હું શરમાવા લાગ્યો. સીધી નજરે બિલાડી તરફ જોઉં જ નહિ. જોઉં તો કતરાતી નજરે જ. બિલાડીને બીચારીને શી ખબર ? એ તો જમવા ટાણે મારી જોડે આવીને બેસે, — સામે પણ નહિ. હું જો વખતસર એને ભાત ન આપું, તો મારા મોઢા તરફ જોઈને માથું હલાવીને મ્યાઉં મ્યાઉં કરે. લોકો એની પણ મશ્કરી કરે, એટલે બિલાડી તરફ જોયા વગર જ એક કોળિયો એના તરફ હું નાખી દઉં. લોકો એની મશ્કરી કરે. હું ન આપું તો બિલાડી હેરાન કરે એની પણ ચેષ્ટા થાય. બિલાડીને હાંકી કાઢવાનો પ્રયત્ન કરી જોયો, પણ એમાંયે હું ફાવ્યો નહિ. સાચું પૂછો તો તેમ કરવાની મારી હિંમત પણ ચાલતી નહિ.

ઘણા દિવસ સુધી આવી પજવણી સહન કર્યા પછી મેં મન સાથે નક્કી કર્યું કે, લોકો ગમે તે કહે, શરણ આવેલાને મરણ અપાય નહિ. અને બિલાડીનો શો ગુનો ? પછી તો મેં બધી શરમ કાઢી નાખી. એક દિવસ બધાંના સાંભળતાં કહ્યું, 'હા હા, બિલાડી અમારી વહુ છે. અમે એને ખવડાવવાના, રોજ ખવડાવવાના, હેતથી ખવડાવવાના; હવે કંઈ રહ્યું છે ? હવે કોઈને કંઈ કહેવું છે ? આવ બિલાડી, આવ; બેસ મારી પાસે.' માણસ વીફર્યો એટલે બધા જ એનાથી બીએ. તે દિવસથી કોઈએ મારું કે બિલાડીનું નામ ન લીધું.

૪૫

સરુનાં ઝાડ

મોટપણમાં હિમાલયમાં ફરતાં ધરાસુ પાસે એક એવા વિચિત્ર જંગલમાં હું પહોંચી ગયો હતો કે, આસપાસ નજીકમાં ક્યાંયે વસ્તી ન હોવા છતાં, મને લાગ્યું કે અહીં જ મારું ઘર છે; જાણે આ ભવમાં કે પૂર્વભવમાં હું અહીં ખૂબ રહ્યો છું. આ અદ્‌ભુત અનુભવનું અથવા ભાવનાનું કારણ શોધવાનો મેં ઘણો પ્રયત્ન કર્યો છે, પણ હજુ કંઈ કારણ કે સંબંધ હાથમાં આવતો નથી. મનમાં એક શંકા ઊઠે છે કે, કારવાર પાસે સરુના ઝાડનું ઉપવન મેં નાનપણમાં જોયું હતું તેની સાથે કંઈક સરખામણી મનમાં ઉત્પન્ન થઈ હશે. કારવારના આ સરુ-પાર્કનો મારો પ્રથમ પરિચય આવો છે:

એક દિવસ ભાઉ (કેશુ) અને હું એ જણ સમુદ્રકિનારે જરા વહેલા ફરવા નીકળ્યા. દિવસ રવિવારનો હતો, એટલે સાડાત્રણ વાગ્યે જ સમુદ્ર ભણી ચાલ્યા. ડાબી બાજુ દૂર સુધી જવાય એવું હતું જ નહિ. માંડ પોસ્ટ ઑફિસ સુધી જવાતું; એટલે અમે જમણી બાજુનો કિનારો પકડ્યો. રસ્તામાં લીસી રેતી પથરાયેલી જોઈ લાકડી વતી એના પર કેટલાંયે વચનો લખી કાઢ્યાં. પણ થોડોક પવન આવે એટલે લખેલું બધું ભૂંસાઈ જતું. સૂકી રેતીમાં ચાલતાં પણ મુશ્કેલી પડતી, એટલે પગ એની મેળે ભીની રેતી તરફ જવા લાગ્યા. ત્યાં લખવાની મજા કંઈક ઓર જ હતી. અમે શું લખતા હતા? 'ગોબ્રાહ્મણ પ્રતિપાલક છત્રપતિ શિવાજી મહારાજકી જય,' 'અંગ્રેજો આપણા દુશ્મન છે, તેમને મારવા જ જોઈએ.' મોરોપંતની એક આર્યા મેં લખી કાઢી હતી તે પણ આજે બરાબર યાદ છે, કેમ કે તે લખતાં ઘણો વખત ગયો હતો. તે નીચે મુજબ:

गरुड जसा गगनातुनि वेगे उतरोनि पन्नगा झडपीं
तैसा भीम बळानें दुःशासनकंठ अंघ्रिनें दडपीं।

ભાઉએ તરત જ બીજી લીટી ફેરવીને નીચે પ્રમાણે લખી :

तैसा भट्ट बळानें उन्ह उन्ह पोळया तुपा मधें दडपीं।

ભટ્ટને ત્યાં જ ગરમ ગરમ રોટલીઓ ઘી સાથે જમતો રાખી અમે આગળ ચાલ્યા. છીપો વીણીએ, પસંદ કરીએ અને ફેંકી દઈએ. અલકમલકની વાતો કરીએ. અમે કેટલાયે દૂર ગયા. ત્યાં એક કદી ન જોયેલું એવું દૃશ્ય અમે જોયું. એક સુંદર નદી સમુદ્રને આવીને મળતી હતી. નદી-સમુદ્રનો સંગમ એટલે મૂર્તિમંત કાવ્ય. પહેલી વાર જ્યારે જોઈએ છીએ ત્યારે તો એ કાવ્યનો કેફ જ ચડે છે. સંગમની શોભા જોતાં જોતાં સૂર્યાસ્ત થવા આવ્યો. પછી તો પૂછવું જ શું? સોનેરી રંગ ચારે કોર પથરાયો. ઝાડો પર પણ સોનેરી લીલા રંગની કાંતિ ફેલાઈ. સમુદ્ર તો જાણે સોનાના રસનું સરોવર છલકાતું હોય તેવો શોભવા લાગ્યો. ઉપમાઓ તો આજે સૂઝે છે. તે વખતનું મુગ્ધ હૃદય ઉપમા દ્વારા અંતરના ભાવને વહેવડાવીને હલકો કરી શકતું નહોતું. દુઃખનો વેગ હલકો કરવાની જેટલી જરૂર હોય છે, તેટલી જ જરૂર આનંદની ઊર્મિ શમાવવાની પણ હોય છે. નહિ તો એનો કેફ અનિવાર થઈ જાય છે.

વખત કેટલો વહી ગયો એનું ભાન ન રહ્યું કેશુને કે ન રહ્યું મને. જ્યાં અમે પહોંચ્યા હતા ત્યાં એક બાજુ દરિયો અને બીજી બાજુ સરુનું ગાઢ જંગલ હતું. ભરતી વધી અને સમુદ્રનાં મોજાં સરુનાં ઝાડનું પાદપ્રક્ષાલન કરવા લાગ્યાં. હવે પાછા કેમ કરીને જવાય? હિંમત રાખીને કિનારે કિનારે થોડુંક પાછા ચાલી જોયું, પણ મોજાં ઉલ્લાસમાં હતાં. પાણી વધવા લાગ્યું. ઘનઘેરાં ઝાડોની વચ્ચે થઈને તો રસ્તો નીકળે એમ હતું જ નહિ. અને પાણીમાં થઈને જઈએ તો તે વધવા માંડેલું. ભારે મૂંઝવણ થવા લાગી. ભાઉ મારા તરફ જુએ ને હું ભાઉ તરફ. અસ્ત થતા સૂર્યનું મોં જોવાનો આનંદ ક્યાં, અને હવે મૂંઝાયેલા અમારા બંનેના મુખ-દર્શનની વિચિત્રતા ક્યાં! ઘણી ઘડભાંજ કર્યા પછી અમે નક્કી

કર્યું કે, આવ્યા એ રસ્તે તો જવાય જ નહિ. નદીને કાંઠે કાંઠે ઉપલાણે જવું જોઈએ; પછી જે થવાનું હશે તે થશે. નદીનું પાણી પણ ભરતીને લીધે વધતું હતું, કેમ કે એ ખાડી હતી. પણ સમુદ્રકિનારે પાણી સામું ઊછળતું હતું. એના કરતાં આ કંઈક સારું. નદીને કિનારે કિનારે અમે ખૂબ ચાલ્યા. જેમ અંદરના ભાગમાં જઈએ તેમ જંગલ ઘનઘોર વધવા લાગ્યું. પ્રકાશ વધે એવું તો હતું જ નહિ.

સંધ્યાકાળનો ઓસરતો પ્રકાશ ગમગીનીભર્યો અને ગંભીર હોય છે. બધા ગૂઢ ભાવો એમાં જાગૃત થાય છે. માટે જ ઋષિઓએ એ કાળ વ્યવહારમાંથી મુક્ત થઈને ધ્યાનચિંતનમાં ગાળવાનું વિધાન કર્યું હશે. સંધ્યાસમયની ગંભીરતા મધ્યરાત્રીની ગંભીરતા કરતાંયે ઊંડી હોય છે, કેમ કે સંધ્યાકાળ વર્ધમાન હોય છે, જ્યારે મધરાત ઠરેલ હોય છે.

આગળ જતાં જમણી બાજુએ એક કેડી દેખાઈ. એ રસ્તે જઈએ તો આખરે કારવાર પહોંચાશે એ વિષે શંકા ન હતી. પણ એ કેડી જંગલમાંથી આરપાર પહોંચી જશે એની ખાતરી કોણ આપે? અને આ સરુના જંગલમાંથી અંધારામાં રસ્તો કપાય પણ કેમ? મારી હિંમત ચાલી નહિ. મેં ભાઉને કહ્યું, 'મારે એ રસ્તે નથી આવવું. આપણે હજી થોડા કિનારે કિનારે જ ચાલ્યા જઈએ. ક્યાંક ઝૂંપડી કે ઘર મળી જશે તેમાં રાત ગાળીશું. પછી સવારની વાત સવારે.' ભાઉ કહે, 'તને ખ્યાલ નથી. આપણે પાછા ન જઈએ તો ઘેર કેટલી ફિકર થશે? સૌ આપણને શોધવા નીકળી પડશે ને રાત આખી રખડશે. ગમે તે ભોગે પાછા તો જવું જ જોઈએ.' ભાઉની વાત સાચી હતી. આખરે અમે હામ ભીડી અને તે ગહન કાંતારમાં ડૂબકી મારી.

સરુ વિના બીજું એકે ઝાડ સમ ખાવાને પણ ન મળે. સળી જેવાં લાંબાં લાંબાં પાંદડાંમાંથી સરુનાં ઝાડ સ્સ્સ્સો...એવો લાંબો અવાજ દિવસરાત કાઢ્યાં જ કરે, અમે ઉઘાડે પગે ચાલતા હતા, — દોડતા હતા કહીએ તો ચાલે. રસ્તા પર સરુનાં કંટાળાં ફળ ખૂબ પથરાયાં હતાં. વધતો અંધકાર, પવનનો બિહામણો અવાજ, કાંટાળાં ફળોવાળો રસ્તો, અને ઘેર શું થતું હશે તેની ચિંતા,— આવા

સરંજામ સાથે અમે ચાલ્યા. અર્ધો રસ્તો વટાવ્યો હશે ત્યાં તો સાવ અંધારું થઈ ગયું. અમે મૂંઝાયા હતા, પણ બેમાંથી એકે ગભરાયો ન હતો. આવા પ્રસંગમાં જે કાવ્ય રહેલું હોય છે તેનો આસ્વાદ ન લઈ શકીએ એવા અરસિક અમે ન હતા. ટાંટિયાને બમણો વેગ આપ્યો, અને આખરે સહીસલામત મ્યુનિસિપલ હદમાં આવી પહોંચ્યા. પછી તો કશી અગવડ ન હતી. પણ રસ્તા પરનાં ફાનસ આંખને બિલકુલ ગમે જ નહિ. ઘેર પહોંચ્યા ત્યાં તો બધાં અમારી રાહ જોતાં હતાં; રસોઈ ઠંડી થઈ ગઈ હતી. અમને શોધવા તો કોઈ ગયું ન હતું. ચોરની જેમ ચૂપચાપ જઈને પાટલે બેઠા.

રાત્રે એ જંગલનાં સ્વપ્નાં આવ્યાં કે નહિ એ આજે યાદ નથી.

૪૬

ગણિતબુદ્ધિ

ભણતરના બધા વિષયોમાં ગણિત અમુક રીતે જુદું પડે છે. હાઈસ્કૂલ કૉલેજમાં મારું ગણિત પહેલા નંબરનું ગણાતું. એ વિષયનો મારો પ્રથમ પરિચય આજે પણ સ્મરણમાં તે દિવસ જેટલો જ સ્પષ્ટ છે.

સતારામાં હું નિશાળે ગયો ત્યારે તો સો સુધી સંખ્યા લખવાનું જ કામ માથે હતું. પલાખાં હું ક્યારે શીખ્યો એનું મને સ્મરણ નથી. પણ એટલું યાદ છે કે, રોજ સાંજે અથવા સૂતા પહેલાં પિતાશ્રી આગળ બેસી મારે પલાખાં બોલી જવાં પડતાં. પરંતુ આંક અને પલાખાં એ કાંઈ ગણિત ન કહેવાય.

મારી ગણિતની શરૂઆત કારવારમાં સરવાળાથી થઈ. સખારામ માસ્તર કરીને એક અસંસ્કારી, અહંમન્ય અને આળસુ વાણિયો અમને ભણાવતો. એ પોતે કશું ભણાવે નહિ. તિમાપ્પા કરીને એક હોશિયાર છોકરો હતો એ જ અમને સરવાળા શીખવતો. ગણિતની બુદ્ધિ તે વખતે મારામાં સ્ફુરી જ ન હતી. એટલે હું કશું સમજું નહિ. અમે બધા હારબંધ ઊભા રહેતા. શિક્ષક કે તિમાપ્પા બે, ત્રણ કે ચાર જેટલી સંખ્યાઓ લખાવે તેટલી લખી કાઢતા. પછી જ્યારે હુકમ છૂટે કે, 'બસ, હવે દાખલો ગણો,' ત્યારે એક આડી લીટી ખેંચી મનમાં આવે તેવા ને તેટલા આંકડા હું લખી નાખતો. મારી પાસે ગણવાની પંચાત હતી જ નહિ, એટલે ભૂલેચૂકે પણ સરવાળો આવવાની વકી ન હતી. ભલો તિમાપ્પા મારી ભૂલ ક્યાં છે એ શોધવા આવતો. જ્યાં ગણતરી જ ન હોય ત્યાં ભૂલ પણ ક્યાંથી જડે? એ એની શક્તિ પ્રમાણે મને દાખલો સમજાવવાનો પ્રયત્ન કરતો. પરંતુ મારા મગજનું એ બારણું ખૂલ્યું જ નહોતું, તેમાં એ શું કરે ને હુંયે શું કરું?

છતાં એની ધીરજ ન ખૂટી. હું દાખલો ગણતો (?) હોઉં ત્યારે તિમાપ્પા મારી પાછળ આવીને ઊભો રહે. એણે પહેલી શોધ એ કરી કે, સરવાળો જમણી બાજુથી ડાબી બાજુ તરફ કરવાને બદલે હું સીધો ડાબી બાજુથી જમણી બાજુ સુધી સરવાળો લખી જતો! એણે કહ્યું, 'આમ ન કરાય.' બીજા દાખલામાં મેં સુધારો કર્યો: આંકડા જમણી બાજુથી ડાબી બાજુ લખવા લાગ્યો. મારું શું જતું હતું? ગમે તેવા આંકડા જ લખી કાઢવાના હતા ને? એમાં તો સહેજે સવ્યસાચી થવાય.

પણ એથી તો ઊલટી મારી ઉપાધિ વધી. હું એકાદ આંકડો લખું એટલે તિમાપ્પા મને પૂછે, 'એંહ, તેં ક્યાંથી આણ્યો? મને ગણી બતાવ.' ભીડ આવી પડે એટલે માણસને યુક્તિ સૂઝે જ. મેં તિમાપ્પાને કહ્યું, 'તું મારી પાછળ ઊભીને મારા પર ધ્યાન રાખે છે, એથી હું ગભરાઈ જાઉં છું ને કશું ગણી શકતો નથી.' ઇલાજ રામબાણ નીવડ્યો. એણે મારું નામ લેવું મૂકી દીધું.

બાદબાકીથી ભાગાકાર સુધી હું પૂનામાં નૂતન મરાઠી વિદ્યાલયમાં ભણ્યો. અહીં મારા અરધોઅરધ દાખલા ખરા પડતા. આ ચારે વિધિની રીત હું શીખી ગયો હતો, પણ હજી મારામાં ગણિત ઊગ્યું ન હતું. પછી આવી ઊતરતી અને ચડતી ભાંજણી. એ ફરી કારવારમાં ઘનશ્યામ માસ્તરના હાથ તળે મારે ભણવી પડી. ઘનશ્યામ માસ્તર એ સખારામ માસ્તરનો જ ભાઈબંધ. એ પણ સાવ અસંસ્કારી હતો. પણ આળસમાં કાંઈક કાચો, એટલે ઘણા દાખલા ગણાવે. વ્યવહારી અપૂર્ણાંક અને ત્રિરાશિ વખતે હું શાહપુરની નિશાળમાં આવ્યો. ત્યાં માધવરાવ માસ્તર તિનઈકિર ગણિતમાં પંકાયેલા. તેમણે મને ખૂબ હેરાન કર્યો. એ ગણિતમાં એક્કા, પણ વિદ્યાર્થીમાનસ જેવી વસ્તુ હોય છે એ એમના સ્વપ્નમાં પણ નહિ આવ્યું હોય. એમનો વિદ્યાર્થીઓ પરનો પ્રેમ ભારે. વિદ્યાર્થીઓ ખૂબ ભણે એ વિષે તે ઇંતેજાર. અને તેથી જ મારી કમબખ્તી થઈ. માસ્તર બેદરકાર હોત તો હું સુખી રહેત. પણ એ તો એકે છોકરાને છોડે નહિ.

થોડુંક વિષયાંતર કરી આ જ વખતનો એક બીજો અનુભવ ટાંકું. માધવરાવ માસ્તર સનાતન શિક્ષણપદ્ધતિ પ્રમાણે વર્ગમાં

સવાલો પૂછે. એકને ન આવડે એટલે નીચલા છોકરાને પૂછે. જેને જવાબ બરાબર આવડે તે ઉપર ચડે. એ તો ઠીક; પણ જેટલા વિદ્યાર્થીઓ પર વિજય મેળવી, ખરા જવાબવાળો છોકરો ઉપર જાય, તે બધાનાં નાક ડાબે હાથે પકડી જમણે હાથે તેમને પેલો છોકરો એક એક તમાચો મારે. આ જંગલી પ્રથા અમારા માસ્તર જેટલા જ જંગલી એવા કેટલાક છોકરાઓને ખૂબ ગમતી. પણ બાકીના બધાઓને એથી ત્રાસ છૂટતો. વિજયી છોકરો ગ્લૅડિયેટરની પેઠે બીજાને ન મારે તો અમારા હેડમાસ્તર (માધવરાવ માસ્તર હેડમાસ્તર હતા.) ચિડાય અને એને જ મારે.

એક વાર ગોંદુ અને હું એક જ વર્ગમાં — મરાઠી ચોથીમાં — આવી પડ્યા. ગોંદુ ઉપર હતો, હું નીચે હતો. માધવરાવ માસ્તરે ગોંદુને કંઈક સવાલ પૂછ્યો. એને એ ન આવડ્યો. મેં એનો જવાબ આપી દીધો અને હર્ષભેર ગોંદુથી ઉપલે નંબરે જઈ બેઠો. પણ માધવરાવ માસ્તર કહે, 'એમ ન જવાય. મોટો ભાઈ થયો તેથી શું? એનું નાક પકડી તમાચો માર ને પછી ઉપર જા.' મેં કહ્યું, 'એવું મારાથી ન થાય.' માધવરાવ માસ્તર ચિડાયા. એ કહે, 'મોટો આવ્યો છે રામનો ભાઈ લક્ષ્મણ!' હું તો ઊભો જ રહ્યો. માધવરાવ માસ્તરને હવે ધર્મચર્ચા સૂઝી. એમણે કહ્યું, 'મોટા ભાઈનું અપમાન કરતાં અધર્મ થાય છે, અને ગુરુની આજ્ઞાનો ભંગ કરતાં અધર્મ નથી થતો?' હવે શું કરવું? મનમાં વિચાર આવ્યો, 'ઘરમાં તો ગોંદુ સાથે કેટલીયે વાર લડું છું. અહીં એને તમાચો લગાવું તો એમાં શી હરકત છે? ગુરુ તો પિતા સમાન. એમની આજ્ઞા ઉથાપાય જ કેમ?' મેં ગોંદુનું નાક તો પકડ્યું, પણ જમણો હાથ ચાલે જ નહિ. ગોંદુની મુખમુદ્રા જોઈને જ હું અસ્વસ્થ થયો. મેં તેનું નાક છોડી દીધું અને માધવરાવ માસ્તરને કહ્યું, 'મારે નંબર નથી જોઈતો. હું નીચે બેસવા તૈયાર છું.' મારી મૂંઝવણ અને મારી લાગણી સમજવા જેટલી શક્તિ એમનામાં નહોતી, એમાં એમનો બિચારાનો શો વાંક? એમણે મને પાસે બોલાવી એક ગરમ ગરમ સોટી ચમચમાવી દીધી. સોટી ખાઈને હું રોતો રોતો જગ્યાએ આવ્યો. ગોંદુને શું થતું હશે એની મને કલ્પના હતી. એટલે મેં એના તરફ જોયું પણ નહિ. પણ મનમાં નક્કી કર્યું કે રોજ

નિશાળે મોડો જઈશ. મારે માટે આટલું કામ તો અઘરું હતું જ નહિ. એકાદ કલાક ઊભા રહેવું પડે તો ભલે, પણ છેલ્લો નંબર તો મળશે! અને પછી એક પણ સવાલનો જવાબ જ નહિ આપું; એટલે તમાચો ખાવો પણ નહિ પડે અને કોઈને મારવો પણ નહિ પડે. આ નિશ્ચયને હું વળગી શક્યો હોઉં એવી મને મારા સ્મરણ પરથી ખાતરી નથી. પણ ગોંદુનું અપમાન કરવાનો પ્રસંગ ફરી કદી ન આવ્યો.

મારામાં ગણિતબુદ્ધિ જાગી અંગ્રેજી પહેલા ધોરણમાં. જોશી કરીને અમારા એક માસ્તર હતા. અમે એમને વાકસકર કે એવા જ કંઈક નામથી ઓળખતા. એમણે અમને ત્રિરાશિનું રહસ્ય બરાબર સમજાવ્યું. એમણે સમજાવી દીધું કે ગણિત એ તો દુનિયાનો સાદો વહેવાર છે. વહેવારને બરાબર સમજી જઈએ એટલે બાકી બધું ત્રિરાશિ જ છે. આ જ વર્ગમાં મારો ગણિતનો પાયો બરાબર નંખાયો. મને ગણિતનું ભાન થયું ને તે દિવસથી દાખલા ગણવામાં રહેલા વિદ્યાનંદનો રસ હું ચાખતો થયો. મારો એકેએક દાખલો ખરો પડવા લાગ્યો; મારામાં આત્મવિશ્વાસ આવ્યો; અને તે દિવસથી હું વર્ગના બીજા પછાત છોકરાઓને ગણિત શીખવવામાં મદદ કરવા લાગ્યો.

૪૭

ભાઉની શિખામણ

અંગ્રેજી બીજા ધોરણમાં હું કારવારની હિંદુ સ્કૂલમાં હતો. અહીં ગણિત અંગ્રેજીમાં ચાલતું. હું કશું સમજતું નહિ. બીજા છોકરાઓએ ભાષા જાણ્યા વગર દાખલાનો અર્થ અનુમાનથી જ સમજી લેવાની કળા પ્રાપ્ત કરી હતી. મારું ગણિત ઠીક ઠીક હતું; પણ ભાષાને અભાવે હું અપંગ જેવો બન્યો. અમે છોકરાઓ ખાનગી અભ્યાસમાં દાખલા ગણતા હોઈએ ત્યારે છોકરાઓ પાસેથી દાખલાનો અર્થ હું સમજી લેતો, અને પછી એમને જ દાખલા શીખવતો.

શાળામાં દાખલ થયે થોડા જ દિવસ થયા હશે, એટલામાં સત્રાંત પરીક્ષા આવી. મને આશા હતી કે હું ગણિતમાં પહેલો આવીશ. પણ થયું એથી ઊલટું. ગણિતમાં મને સાત કે દસ જ ગુણ મળ્યા. બીજા છોકરાઓના પેપર મેં તપાસ્યા. કેટલાક છોકરાઓના જવાબ ખોટા પડ્યા હતા. છતાં દાખલાની રીત બરાબર હોવાથી એમના દાખલા અર્ધા ખરા ગણીને શિક્ષકે એમને કંઈક ગુણ આપ્યા હતા. મને આશા આવી કે મને પણ એવા કંઈક ગુણ મળશે. નાપાસ થયો એનો આઘાત તો હતો જ, પણ નિરાશામાં આશા તો માણસને આખર સુધી રહેવાની. હું શિક્ષક પાસે ગયો. રોવા જેવો તો થયો જ હતો. મેં એમને કહ્યું, 'તમે કેટલાયે છોકરાઓને અર્ધા દાખલા ખરા આપ્યા છે. મને પણ એ રીતે ગુણ મળી શકે એમ છે.' શિક્ષક મારી વાત બરાબર ન સમજ્યા. તેઓ ચિડાયા. એમણે કહ્યું, 'મારા ચુકાદા સામે તકરાર કરે છે? મારા પર પક્ષપાતનું તહોમત મૂકે છે! મારે તારો પેપર નથી જોવો જા.' મેં દીન થઈને ફરી એક વાર કહ્યું, 'મારો આ દાખલો તો ફરી વાર જુઓ.' એમણે મારો પેપર હાથમાં લીધો અને રીસમાં દૂર ફેંકી દીધો.

મારી આંખોમાં ચોમાસું શરૂ થયું. સવારના અગિયાર વાગ્યાનો વખત હશે. વહેતી આંખો સાથે જ હું ઘેર પહોંચ્યો. નાહવા જમવાનું તો સૂઝે જ ક્યાંથી ? એક ખૂણામાં જઈને હું ડૂસકે ડૂસકે રોવા લાગ્યો. ત્યાં ભાઉ આવ્યો. (કેશુને હવે અમે ભાઉ કહેવા લાગ્યા હતા.) એણે મને મારી વાત પૂછી. જેમ બોલવાનો પ્રયત્ન કરું તેમ રોવાનો ઊભરો વધુ જોસમાં આવે. નીચલો હોઠ સાવ નીચે વળી ગયો હતો. ભાઉએ મને છાનો રાખી ફરી મારી વાત પૂછી. મેં એને બધું કહી દીધું. એણે બહુ જ સમભાવથી મારો પેપર જોઈ લીધો. પછી એણે કહ્યું, 'તારા શિક્ષકે પક્ષપાત કર્યો છે કે નહિ એ સવાલમાં હું નથી ઊતરતો. પણ અર્ધો દાખલો ખરો માનવાની પ્રથા જ ખોટી છે. એ ખોટી પ્રથાને લીધે બીજા છોકરાઓને વધારે ગુણ મળે તો તેથી શું થયું ? તારે એવા ગુણની આશા રાખતાં શરમાવું જોઈએ. અને ધારો કે તારો દાખલો અર્ધો ખરો ગણી ગુણ આપ્યા; તોયે તારો સરવાળો કેટલોક થવાનો હતો ? હું નથી ધારતો કે પંદર કે સત્તર કરતાં વધારે તારો સરવાળો થાય. હવે દશ ગુણે નાપાસ થયો તોયે શું ને સત્તર ગુણે નાપાસ થયો તોયે શું ? નાપાસ થયાની ફજેતી તો સરખી જ છે. તું નાપાસ થયો એનું મને દુઃખ નથી થતું, પણ દયાના ગુણની તેં આશા રાખી એની મને શરમ આવે છે.'

હું એવો તો ઝંખવાણો પડ્યો કે રોવાનું પણ ભૂલી ગયો. જમ્યા પછી ભાઉએ મને ફરી બોલાવ્યો અને પૂછ્યું કે, 'તારું ગણિત તો સારું હતું, છતાં આમ કેમ થયું ?' ફરી ગંગાજમના વહેવા લાગી. એટલે ભાઉએ મને પાસે બેસાડી, મારાં થોડાંક વખાણ કરી મને પંપાળ્યો, અને ફરી એ જ સવાલ પૂછ્યો. મેં રોતાં રોતાં એને કહ્યું કે, 'અહીં બધું અંગ્રેજીમાં ચાલે છે એ હું સમજી શકતો નથી. દાખલાનો ખોટો અર્થ કરું, પછી ગાડું આગળ કેમ ચાલે ?' ભાઉ કહે, 'ઓત્તારી ! આટલું જ ને ? ચાલ, આવતી કાલથી હું તને દાખલાઓનો અર્થ કહેતો જઈશ, પછી કંઈ વાંધો છે ?' ભાઉએ મારી પાછળ ઠીક ઠીક મહેનત લીધી. મારે તો અર્થ પૂરતી જ મદદ જોઈતી હતી. અને હિંદુ સ્કૂલના પ્રતાપે થોડા જ દિવસમાં મારું અંગ્રેજીનું જ્ઞાન પણ વધ્યું. પછી તો

ગણિતમાં હું પહેલો આવવા લાગ્યો. હરિ માસ્તરને આશ્ચર્ય થયું કે, આ છોકરો એકાએક ગણિતમાં શી રીતે આટલો પાવરધો થયો! પણ એમને ક્યાં ખબર હતી કે ગણિત એ મારો ખાસ વિષય હતો, ને મને તો અંગ્રેજી જ નડતું હતું? ગણિતમાં મારી પ્રગતિ જોઈ તે રાજી થયા ને મારું હકનું પ્રથમ સ્થાન મેળવી હું રાજી થયો.

ભાઉની મદદ કીમતી નીવડી. પણ દયાનો લોભ ન રાખવાની એની શિખામણ વધારે કીમતી હતી એ તે વખતે પણ હું સમજી ગયો હતો.

૪૮

જગન્નાથ બુવા

જગન્નાથ બુવા એ જૂના કાળના સંસ્કારી હરિદાસોના એક સારા પ્રતિનિધિ હતા. મહારાષ્ટ્રમાં હરિદાસ એ સમાજસેવકોનો એક વિશિષ્ટ વર્ગ છે. મનોરંજન, ધર્મપ્રવચન, કથાપ્રસંગ અને સંગીત આવાં આવાં તત્ત્વોનું લોકભોગ્ય સંમિશ્રણ કરનાર એ હરિદાસોના પ્રયોગને મહારાષ્ટ્રમાં કીર્તન કહે છે. કીર્તનના પૂર્વરંગમાં કોઈ પણ ધાર્મિક સિદ્ધાન્તનું સોપપત્તિક પણ લહેજતદાર વિવરણ હોય છે. ઉત્તરરંગમાં એ જ સિદ્ધાંતને સ્પષ્ટ કરનાર કોઈ પૌરાણિક આખ્યાન રસાળ વાણીમાં અને કાવ્યમય પદ્યોના ગાયન સાથે ચલાવવામાં આવે છે. ઘડીકમાં વાર્તાકથનની વર્ણનાત્મક શૈલી આવે, ઘડીકમાં સંભાષણનો અભિનય જામે, ઘડીકમાં ચતુર વાર્તાલાપ અને સામસામી કોટિઓની ઝડી ચાલે, તો ઘડીકમાં કારુણ્યના અનિરુદ્ધ (અરોક) પ્રવાહમાં આખી સભા આંસુભીની થઈ જાય. કીર્તન એ સંસ્થા લોકશિક્ષણનું કીમતી કામ સારતી. આમ પ્રજાને રાતના નવરાશના વખતમાં કાવ્યશાસ્ત્રવિનોદ સાથે ધર્મબોધની કીમતી કેળવણી સહેજે મળતી. એમાં ચારણી જુસ્સો ન હતો એમ નથી; પણ સંસ્કારિતા વધારે. પુરાણીની કથા કરતાં હરિદાસનું કીર્તન વધારે લોકપ્રિય હોય જ. નિરક્ષર સ્ત્રીઓને તો એ એક મોટી ઉજાણી. ભાવનાપ્રધાન પણ ક્ષીણબુદ્ધિ એવી કેટલીક બહેનો તો ધર્માવેશમાં આવા હરિદાસોની પાછળ ગાંડી થયાના દાખલા પણ છે.

કારવારમાં જગન્નાથ બુવા અમારા પડોશમાં આવીને રહ્યા. ખાસો એક મહિનો રહ્યા હશે. એમની રહેણીકરણી અને એમનું વર્તન અત્યંત નિર્મળ હતાં એવી મારા પર છાપ છે. અમારે ત્યાં આવી તેઓ કલાકો ગાળતા. વ્યુત્પત્તિમાં તેઓ એક્કા. હું અંગ્રેજી બીજીમાં હોઈશ. અમારું ગણિત ચાલતું. જગન્નાથ બુવાને ગણિતનો શોખ ભારે. એક દિવસ એક દાખલા પાછળ મને મૂંઝાયેલો જોઈ

એમને શૂર ચઢ્યું અને એમણે મારી પૂંઠ પકડી. સવાર, બપોર, સાંજ જ્યારે મને નવરો જુએ ત્યારે પકડીને બેસાડે, અને ગણિતના જાતજાતના દાખલા મને સમજાવે, નવી નવી રીતો બતાવે. એ વખતે ગણિતમાં હું કંઈક વધારે હોશિયાર ગણાતો. એ કારણે જ જગન્નાથ બુવા મને વળગ્યા હશે. ઘડિયાળના કાંટા સામસામા ક્યારે આવે, સામસામે દોડતી ટ્રેનોના દાખલા શી રીતે ગણાય, ઊગતું બીડ એક તરફ વધતું જાય અને બીજી તરફ ગાયોનું ધણ એ ખાતું જાય ત્યારે એનો હિસાબ કેમ કરવો, અને ભુલકણા વિદ્યાર્થીઓની સ્મૃતિ જેવા કાણાવાળા હોજનું પાણી ક્યારે ખાલી થાય છે અથવા ભરાઈ જાય છે એ શી રીતે ઓળખવું, એ બધું એક વરસનું ગણિત એમણે એક મહિનામાં પતાવી દીધું. મને પણ એવો રસ લાગ્યો કે બીજે દિવસથી એમના હાથમાંથી છટકવાનો પ્રયત્ન મેં મૂકી દીધો. ગણિતી વિચાર કેમ ચલાવાય એની કૂંચી એમણે મને આપી દીધી. દાખલામાં કેટલી વસ્તુઓ આપેલી છે અને કઈ વસ્તુઓ શોધી કાઢવાની છે એનું પૃથક્કરણ એમણે મને કરી બતાવ્યું, અને આપેલી વસ્તુઓ પરથી અજ્ઞાત જવાબનો તાગ કઈ રીતે કાઢવો એનું રહસ્ય જાણે એમણે મારામાં રેડી દીધું.

રાત્રે જમી રહ્યા એટલે પેટ પર હાથ ફેરવતા અને 'હોઇયાં' કરીને મોટા ઓડકાર દેતા તેઓ અમારે ત્યાં આસન જમાવે, અને મોરોપંતી આર્યાઓ છેડે. મોરોપંતી આર્યા એટલે મોટે ભાગે મરાઠી પ્રત્યયોવાળું સંસ્કૃત કાવ્ય. એ આર્યાઓમાં જેણે ઠીક ઠીક અવગાહન કર્યું છે એવાને વગરભણ્યે સંસ્કૃતનું જ્ઞાન થઈ જાય છે. મહારાષ્ટ્રમાં સંસ્કૃતનો અભ્યાસ આટલો વધારે છે એનું કારણ મહારાષ્ટ્રમાં મરાઠી કવિઓનું અધ્યયન સર્વત્ર રસપૂર્વક અને વ્યુત્પત્તિ સહિત ચાલતું એ છે.

જગન્નાથ બુવા ઇતિહાસ ભૂગોળ વગેરે પણ ઠીક ઠીક જાણે. દિવાળીનાં ફાનસ, પતંગ, એવું એવું પણ એમને સરસ બનાવતાં આવડે. એટલે છોકરાઓનું ટોળું એમની આસપાસ વીંટળાયેલું હોય જ. પણ હાલના કેટલાક શિક્ષકોની પેઠે તેઓ વેવલા, વિદ્યાર્થીઘેલા ન હતા. કોઈ વિદ્યાર્થી કાલું કાલું બોલે એ એમનાથી સહ્યું ન જાય. વિદ્યાર્થી બહુ નજીક બેસે અથવા બાઝી પડે તો એને તમાચો જ

મળવાનો. કોઈ છોકરો જરાક પણ રૂપાળો દેખાવાનો પ્રયત્ન કરે તો દસ છોકરાઓ વચ્ચે એની ફજેતી થઈ જ હોય. કોઈ છોકરામાં નાજુકાઈ જુએ કે તરત જ કહે, 'અરે! બજારમાં જઈને બે પૈસાની બંગડી લાવો. આ છોકરીને પહેરાવીએ. ચણિયો તો એની બહેન મફત આપશે!'

આવા શિક્ષકો આજકાલ જોવા મળતા નથી. શિક્ષકનો મર્દાની સ્વભાવ એ વિદ્યાર્થીઓના ચારિત્ર્યનો વીમો છે.

એક દિવસ નિશાળમાં મેં હરિ માસ્તરને જગન્નાથ બુવાની સંસ્કારિતાની વાત કરી. મને લાગ્યું કે હરિ માસ્તરને એમાં રસ ન પડચો. પણ થોડા જ દિવસમાં અમારી નિશાળમાં રવિવારે સાંજે જગન્નાથ બુવાનું કીર્તન ગોઠવાયાનું જ્યારે જાહેર થયું ત્યારે મને ખૂબ આનંદ થયો. કારવારના હિંદુ સમાજના બધા જ પ્રતિષ્ઠિત સજ્જનો અને અમલદારો તે દિવસે કીર્તનમાં આવ્યા હતા. જગન્નાથ બુવાએ સાદું ધોળું ધોતિયું, એના પર રામદાસી પંથની ભગવી કફની, અને માથે ભગવો ફેંટો, એવો પોશાક પહેર્યો હતો. કલાકો સુધી એમનું કીર્તન અસ્ખલિત વાણીએ ચાલ્યું. એમના પૂર્વરંગમાંની એક જ વાત અત્યારે યાદ છે. ષડ્રિપુના આકર્ષણની વ્યર્થતા સિદ્ધ કરતાં છેલ્લો વારો કામવિકારનો આવ્યો ત્યારે એમણે કહ્યું, 'સાવ સુકાઈ ગયેલું નિર્માંસ હાડકું ચાવતાં ચાવતાં પોતાના જ દાંતમાંથી નીકળતું લોહી ચાટીને આનંદ માનનાર કૂતરું, અને કામી માણસ, એ બે વચ્ચે જરાયે તફાવત નથી.'

કોણ જાણે જગન્નાથ બુવા ક્યાંથી આવ્યા હતા, ક્યાંના રહીશ હતા અને ક્યાં ગયા. એમણે ભણાવેલા દાખલામાં હવે એટલો રસ રહ્યો નથી; જોકે ગણિતમાં મને રસ પમાડનાર ચાર વ્યક્તિઓમાં એમનું સ્થાન કાયમનું છે. એમણે મોઢે કરાવેલી આર્યાઓ પણ હું ભૂલી ગયો છું. પણ પેલું કૂતરાનું દૃષ્ટાંત હજી યાદ છે અને હજી કામનું પણ છે.

૪૯

કપાલ-યુદ્ધ

શરીરે હું નાનપણથી નબળો; ઘરના લોકો જોડેના વ્યવહારમાં સવિનય આજ્ઞાભંગથી હું મારું વ્યક્તિત્વ જાળવી રાખતો. પણ નિશાળમાં એ રસ્તો ચાલે નહિ; એટલે ઘણી વાર રમતો, મેળાવડાઓ અને રખડપટ્ટીમાંથી છટકી જતો. આમ, જીવન સંકુચિત કરીને જ નિશાળના દિવસો હું મારે માટે સુખાવહ કરી શક્યો હતો. છતાં કોક વખતે ભારે ભીડ આવી પડતી. એને માટે, એવી જ એક ભીડ વખતે મેં એક શસ્ત્ર શોધી કાઢ્યું, જે મને ચાર પાંચ જુદા જુદા પ્રસંગે ભીડભંજન નીવડ્યું છે.

દેવીદાસ પૈ મારો દિલોજાન દોસ્ત. અમે બંને સરકારી અમલદારના દીકરા અને બંને સરખા વાતોડિયા, એ કારણે અમારી દોસ્તી જામી. એક દિવસે ચોમાસામાં સમુદ્ર ખૂબ તોફાને ચડ્યો હતો. મોટાં મોટાં મોજાં રસ્તાના બંધ ઉપર આવીને અફળાય અને ઊલટાઈને પાછાં વળવા માંડે. આ પાછાં જતાં મોજાં, સામે આવતાં મોજાંઓ સામે ટક્કર ખાતાં. પરંતુ, એ બંને સમાન્તર નહિ પણ કાંઇક ત્રાંસાં હોવાથી એ સામસામાં મોજાંઓની કાતર થઈ જતી. અને તેથી એ એના સંજોગથી પાણીના મજાના ફુવારા જેવી મોટી છોળ આકાશમાં ઊડતી, એક છેડાથી બીજા છેડા સુધી દોડી જતી. આ શોભા જેણે જોઈ હોય તે જ એનો આનંદ સમજી શકે. પવનનો સુસવાટ ચાલતો હતો; વરસાદે ઝપાટાની પરંપરા ચલાવી હતી; અને અમે બંને ભીંજાતે કપડે એ શોભા જોતા ઊભા હતા. આમ ને આમ કોણ જાણે કેટલોયે વખત વીત્યો હશે.

અંતે, ઘેર વઢશે એ બીક જાગૃત થઈ ત્યારે અમે પાછા વળવાનું નક્કી કર્યું. એટલામાં, કોણ જાણે શાથી, અમે બંને જણ લડી પડ્યા! લડતા લડતા (આટલો ઝંઝાવાત હોવા છતાં પણ) અમે ગરમ થયા. દેવીદાસ મારી રગ બરાબર જાણે. એણે

મારા એક બે મુક્કા ખાધા કે તરત જ મારાં બંને કાંડાં જોરથી પકડી લીધાં. મારી નબળાઈ ત્યાં જ વધારે. એટલે ગમે તેટલી ધમપછાડ કરું તોયે હાથ છૂટે નહિ અને એને મારવાનો લાગ મળે નહિ. અમારી બંનેની ઉંમર જોકે સરખી હતી, પણ એ જોરાવર અને બેવડા હાડનો. એની આગળ મારું કાંઈ ચાલે નહિ. શરમથી મારો ક્રોધ ધૂંધવાઈને બેવડાયો.

એટલામાં મને એક વિચાર સ્ફુર્યો. ધડ દઈને મારું કપાળ મેં એના લમણા ઉપર હથોડાની પેઠે ઠોકયું. બીચારો એકદમ લાલચોળ થઈ ગયો. હાથ ક્યારે છૂટચા એનું ભાન સરખું પણ એને રહ્યું નહિ ને એ જમીન પર પડ્યો.

અમારો ક્રોધ તો ક્ષણિક જ હતો. એને નીચે પડેલો જોતાં જ મને દુઃખ થયું. હાથ પકડીને મેં એને ઉઠાડ્યો, એનાં કપડાં પરનો કાદવ ખંખેર્યો, અને અમે બંને પહેલાંના જેવા દોસ્ત થઈ ઘેર પાછા આવ્યા. દેવીદાસ કહે, 'મને ખબર નહિ કે તું આવો મારો હોઈશ.' મેં કહ્યું, 'એ વાત જ જવા દે. મને કયાં કલ્પના હતી કે લમણા પર આટલું વાગે છે?'

આ જ શસ્ત્રનો તે પછી બે વાર શાહપુરમાં મેં ઉપયોગ કરેલો : એક વાર તો એક પ્રેમાળ મિત્રના આગ્રહમાંથી છટકી જવા માટે; અને બીજી વાર શાહપુરની નિશાળના અખાડામાં એક કસરતબાજ છોકરાએ મારી આગળ કંઈ ગંદી વાત કરેલી એને સજા કરવા ખાતર. આ બીજી વખતે સામો માણસ પણ ઠીક મજબૂત હતો. એને વાગ્યું એના કરતાં મને જ વધારે વાગ્યું હશે. પણ મેં મારું 'મોં તો રાતું રાખ્યું જ,' અને સામો છોકરો તો કાયમનો પાઠ શીખી ગયો. છેલ્લી વાર એ શસ્ત્રનો ઉપયોગ મેં ફરગ્યૂસન કૉલેજમાં જીવતરામ કૃપાલાની સામે કર્યો હતો; પણ એની વિગત વળી બીજી કોઈ વાર.

૫૦ ✓

પ્રેમાળ બાળિગા

પિતાશ્રીની બદલી થઈ એટલે કારવારથી અમારે ધારવાડ જવાનું થયું. મને હિંદુ સ્કૂલ છોડવી તો ગમતી ન હતી, પણ મુસાફરીએ ઊપડીશું એ જ મોટામાં મોટો આનંદ હતો. મેં નિશાળના દોસ્તદારને બધાને કહી દીધું કે અમે જવાના. બધા સાથે પ્રેમથી વાતો કરી.

દેવીદાસ પૈ એ મારો ખાસ મિત્ર. એની સાથે તો બે ત્રણ દિવસ લાગલાગટ રોજ હું સમુદ્રકિનારે ફરવા ગયો. રામચંદ્ર આંગડી એ મારા કરતાં ઉંમરે મોટો, પરંતુ એની સાથે પણ દોસ્તી ખૂબ હતી. એ શહેરની બીજી બાજુએ રહેતો હોવાથી એને નિશાળમાં જ મળાય. અમારા વર્ગમાં વિચારોનો વિનિમય થઈ શકે એવા મારા આ બે જ મિત્રો હતા.

પણ ત્રીજો એક બાળિગા કરીને છોકરો હતો. એની અને મારી બૌદ્ધિક ભૂમિકા સરખી નહોતી, પણ અમારી વચ્ચે ખૂબ પ્રેમ હતો. સાચું કહું તો, હું એને ચહાતો એના કરતાં એ મને વધારે ચહાતો. એને જ્યારે ખબર પડી કે હું સદાને માટે કારવાર છોડીને જવાનો છું, ત્યારે એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. પાળેલો કૂતરો જેમ પૂંછડી હલાવે છે, અમસ્તો ચારે પગે થનગન થનગન થાય છે, ચાટવા આવે છે, શું કરું ને શું ન કરું એમ એને થાય છે, તેમ બાળિગાને થયું. આ કૂતરાની ઉપમાથી કોઈ એમ ન માને કે એના પ્રત્યે મારા મનમાં તિરસ્કાર કે તુચ્છતા છે. એ છોકરો અત્યંત નિર્દોષ, પવિત્ર, મહેનતુ અને પ્રેમાળ હતો. પશુઓની ઉપમામાં તિરસ્કાર છે એવો ખ્યાલ માણસની હલકાઈમાંથી જ ઉદ્ભવ્યો છે. બાળિગાના નિર્વ્યાજ અને મુગ્ધ પ્રેમને વ્યક્ત કરવા મારી પાસે બીજી ઉપમા છે જ નહિ. માની ઉપમા બે મિત્રો વચ્ચે છાજે નહિ, નહિ તો એ જ આપત.

બાળિગા ધરનો કંઈ પૈસાદાર છોકરો ન હતો. એમની એક ચાની હૉટેલ હતી, અને એક વીશી પણ હતી. હિંદુ સ્કૂલના પવિત્ર વાતાવરણમાં અમે સામાજિક પ્રતિષ્ઠા, જાતિનું અભિમાન, ને બુદ્ધિમત્તાની મગરૂરી બધું ભૂલી જઈ સાચી લાગણીને ઓળખતાં શીખ્યા હતા. આજે પણ મારે મન બધા જ લોકો સરખા હોય છે. પૈસાથી, વિદ્વત્તાથી અથવા નીતિથી ઊતરતા ગણાતા લોકો તરફ ઊતરતી દૃષ્ટિએ જોવામાં હું ફાવી શકતો નથી. માણસની પરખ એના હૃદયથી કરવી, એના સદાચારથી કરવી એ મનોવૃત્તિ ઉપર ખાનદાની આધાર રાખે છે, એ શિક્ષણ મને મળેલું હોવાથી બીજી રીતે જોવાતું જ નથી. દુન્યવી વ્યવહારમાં આ સ્વભાવ ઘણો નડે છે એ હું જાણું છું; પણ એનું મને માઠું નથી લાગતું.

સામાજિક ઉન્નતિનો, પ્રતિષ્ઠિત થવાનો એક જ માર્ગ છે કે, પોતાના બરોબરિયા અથવા પોતાનાથી ઊતરતા લોકો પ્રત્યે તુચ્છતા અથવા બેપરવાઈ રાખવી, અને પોતાના કરતાં શ્રેષ્ઠ ગણાતા લોકોની છાની ખુશામત કરી કરીને તેમની સાથે બરોબરી બતાવવી. સભામાં ભલે માત્ર અરધો જ કલાક બેસવું હોય, તોપણ પોતાના કરતાં શ્રેષ્ઠ માણસની પાસે બની શકે તો બેસવાનો સૌનો પ્રયત્ન હોય છે. પણ પોતાના કરતાં ઊતરતો માણસ પોતાની પાસે આવીને બેસે તો તે ગમતું નથી. પ્રતિષ્ઠાના ભિખારી આ લોકો પ્રતિષ્ઠાનો પ્રતિગ્રહ ઇચ્છે છે, પણ પ્રતિષ્ઠાનું દાન કરવાની દાનત એમનામાં હોતી નથી.

હિંદુ સ્કૂલની કેળવણીને લીધે અમે બધા લાગણીની કસોટીથી જ એકબીજાને માપતા. સુબરાવ દીવેકર કરીને એક છોકરો હતો. એના પિતા મારા પિતાશ્રીના હાથ તળે કારકુન હતા. વર્ગમાં શરૂઆતમાં સુબરાવ મને કંઈક વધારે માન આપતો. પણ જ્યારે અમારો પરિચય વધ્યો ત્યારે મેં જોયું કે, અભ્યાસની નિયમિતતા, વર્ગમાં વખતસર આવવાની નિયમિતતા, અને બધા પ્રત્યે મીઠાશ તથા સમભાવ રાખવામાં એ મારા કરતાં ચડિયાતો હતો. પછી તો હું જ એના પ્રત્યે આદર બતાવવા લાગ્યો.

આ કસોટીમાં બાળિગાને અમે ઊતરતો માનતા ન હતા. જવાને આગલે દિવસે બાળિગા મારી પાસે આવીને કહે, "આજે સાંજે 'મારી' જોડે ફરવા આવીશ?" વખતે હું ના પાડીશ એ બીક એના

મનમાં હોય તેમ, નમ્ર સ્વરે એણે મને એ પૂછ્યું. દેવીદાસ જોડે ફરવા જવાને હું ઇંતેજાર હતો એટલે બાળિગાને હું ના જ પાડત. પણ પૂછવાનો એનો અવાજ એવો હતો કે, ના પાડવાની મારી હિંમત જ ન ચાલી. સાંજે સમુદ્રને કિનારે ફરવા જવાનું અમારું નક્કી થયું. અમે દૂર સુધી ફરવા ગયા. ત્યાં બેસીને કેટલીક વાતો કરી. પછી બાળિગાએ ધીમે રહીને ગજવામાંથી એક મોટો પડિયો કાઢ્યો. એમાં ગરમ ગરમ જલેબી હતી. પડિયા ઉપર બીજો પડિયો ઢાંકી, એના પર સ્વચ્છ હાથરૂમાલ વીંટાળી, એણે જલેબી ગરમ રાખી હતી. હું કાંઈ પણ બોલું એના પહેલાં બાળિગા મને કહે, 'ચૂપ; બોલીશ નહિ. તારાથી ના પડાય જ નહિ. આ બધું તારે ખાધે જ છૂટકો છે. હું ના સાંભળવાનો જ નથી. મારા ગળાના સમ, જો ના પાડી છે તો!' સમુદ્રમાં નહાતી વખતે ઉપરાઉપરી આવતાં મોજાંથી જેમ આપણે ગૂંગળાઈ જઈએ છીએ તેમ મને થયું. મેં એક જલેબી લીધી અને કહ્યું, 'ચાલ ત્યારે, તું પણ ખા અને હું પણ ખાઇશ.' પણ એ થોડો જ માનવાનો હતો? એ કહે, 'આ બધું તારે જ ખાવું જોઈએ!' પછી તો મેં પણ હઠ લીધી કે, 'તું ખાઈશ નહિ તો હું પણ નહિ ખાઉં.' અમે બંને જિદ્દી. પણ આખરે હું હાર્યો. બાળિગાએ પોતે અરધી જલેબી ખાધી, બાકીની બધીનો ભાર મારે માથે — અથવા ગળે — આવી પડ્યો.

ખાતાં ખાતાં મેં એને પૂછ્યું કે, 'દુકાનમાંથી તને આટલી જલેબી આણવા કેમ દીધી હશે? તેં દુકાનમાં કહીને તો આણી છે ને?' બીજો પ્રસંગ હોત તો તે આવા સવાલનું અપમાન માનત અને સારી પેઠે ચિડાત. પણ આજે એને એવું કશું સૂઝવાનું ન હતું, એણે એટલું જ કહ્યું, 'અરે, આવું શું પૂછે છે? દુકાનમાં જઈ મારે હાથે જ આ તાજી બનાવીને લઈ આવ્યો છું.' જેટલો વખત હું ખાતો હતો તેટલો વખત બાળિગા મને નિહાળી નિહાળીને જોતો હતો. જાણે હું જ એની જલેબી ન હોઉં!

ઘેર આવીને મેં આઈને કહી દીધું કે આવી આવી રીતે મારા દોસ્તદારે મને જલેબી ખવડાવી છે. આઈએ કહ્યું, 'હા, એમ જ હોય. કૃષ્ણ અને સુદામા વચ્ચે પણ આવો જ સ્નેહ

હતો. આપણે મોટા થઈએ તોયે નાનપણના સ્નેહીઓને ભૂલી ન જઈએ, સમજ્યો કે?'

રાત્રે બાળિગા મને ફરી મળવા આવ્યો. મેં એને દિવાળી માટે બનાવેલું રંગીન કાગળનું ફાનસ ભેટ આપ્યું. અમે કારવાર છોડીને કાયમને માટે જવાના હતા. પાંચ છ વરસ કારવારમાં રહેલા, એટલે ઘરમાં સરસામાન પાર વગરનો રહ્યો હતો. કેટલોક તો અમે વેચી નાખ્યો. કેટલોક મિત્રોને ત્યાં મોકલી દીધો. બાળિગાનો મારા પરનો પ્રેમ સાંભળી મારી આઈને એના પ્રત્યે વાત્સલ્ય ઉદ્‌ભવ્યું હતું, એટલે જે ચીજ હાથમાં આવે તે આઈ બાળિગાને આપી દે. બાળિગાની વીશી અમારા ઘરથી બહુ દૂર ન હતી. તે દોડતો જઈને મળેલી વસ્તુ ઘેર મૂકી આવે. આમ ઘણી વાર એ ઘેર ગયો એટલે ઘરના લોકોને શક પડ્યો કે, આ બધી વસ્તુઓ છોકરો ચોરીને તો નથી લાવતો! એટલે એમના ઘરનો કોઈ માણસ અમારે ત્યાં તપાસ કરવા આવ્યો. બીચારા બાળિગા ઉપર એક જ દિવસે આવી રીતે બે વાર ચોરીનું આળ આવ્યું. ભોળા પ્રેમની આવી કદર!

૫૧

મીઠી ઊંઘ

સવારની ગુલાબી ઊંઘના ઘૂંટડા પીતો હું પથારીમાં પડ્યો હતો. ઘરનાં બાકીનાં બધાં તો ક્યારનાંયે ઊઠીને પ્રાતર્વિધિથી પરવાર્યાં હતાં. કોણ જાણે ક્યારે આઈ અને મોટાભાઈ મારી પથારી ઉપર આવીને બેઠાં હતાં. અરધી ઊંઘમાં, કેટલા વાગ્યા છે, હું ક્યાં સૂતો છું, મારું માથું અને પગ કઈ દિશામાં છે, એનું મને જરાયે ભાન ન હતું. બસ, એક ઊંઘનો આનંદ અને ઓઢેલી રજાઈની હૂંફ એટલું જ મારી આસપાસ હતું. એટલામાં આઈ અને બાબાની વાતચીત કાને પડી.

'કાય રે બાબા, તુલા કાય વાટતેં? હા દત્તુ કાંહીં શિકતોય કા?'

પ્રશ્ન સાંભળતાંવેંત મારા કાન જાગૃત થયા. પોતાને વિષે વાત ચાલતી હોય ત્યાં ધ્યાન તો જાય જ. એ જ ક્ષણે મેં વિચાર કર્યો કે, જો ચલનવલન કરીશ તો આ સંભાષણ તૂટી જશે; હું સૂતો છું એમ ધારીને જ આ વાતચીત ચાલે છે. હું સાવ નિશ્ચેષ્ટ જ પડ્યો રહ્યો. બલ્કે, કંઈક પ્રયત્નથી શ્વાસમાં પણ ફેરફાર ન થાય એની સાવચેતી રાખી.

બાબાએ જવાબ આપ્યો: 'હા, એના કૌવત પ્રમાણે ભણે છે ખરો.'

આઈને એટલેથી સંતોષ ન થયો. આઈએ કહ્યું: 'એના હાથમાં હું ચોપડી તો જોતી જ નથી. આખો દિવસ રખડ્યા કરે છે. એક દિવસ પણ વખતસર ઊઠી નિશાળે ગયેલો યાદ નથી. એ નિશાળે પહોંચે ત્યાં આઠ તો વાગેલા જ હોય; અને રાતે પલાખાં બોલતાં બોલતાં જ વચમાં સૂઈ જાય છે. એનું શું થશે? એની જીભે વિદ્યા ચોંટશે કે નહિ?'

મારા ભણતરનું આવું વર્ણન તો હું દિવસરાત સાંભળતો જ હતો. જે કોઈ મને વઢે તે આટલા દોષોની નામાવલિ તો ઉચ્ચારવાનું

જ. ભણવાની બાબતમાં મને વઢે નહિ એકલો ગોંદુ, કેમ કે એ બાબતમાં એ મારાથી સવાયો હતો. એટલે આઈના એ સવાલથી મને નવુંયે ન લાગ્યું અને માઠુંયે ન લાગ્યું. આપણે છીએ જ એવા! કૃષ્ણને કોઈ કાળા કહે તો એ શા માટે ચિડાય? મને જરાયે ઓછું ન આવ્યું. મારું બધું ધ્યાન બાબા શું કહે છે એ તરફ જ હતું.

બાબાએ કહ્યું, 'આઈ, તું નકામી ચિંતા કરે છે. દત્તુને બુદ્ધિ સારી છે. એ કંઈ 'મઠ્ઠ' નથી. જ્યારે ભણે છે ત્યારે ધ્યાન દઈને ભણે છે. શરીરે નબળો છે, એટલે બીજા છોકરાઓની પેઠે લાગલાગટ લાંબા વખત સુધી નથી ભણી શકતો. પણ એનું કંઈ નહિ. જ્યારે હું એને કંઈ સમજાવું છું ત્યારે ઝટ સમજી લે છે. તારે એની ચિંતા કરવી જ નહિ.'

આઈએ કહ્યું, 'તું ખાતરી આપે પછી મારે શાની ચિંતા હોય? હું એમાં શું સમજું? એ ઠોઠ ન રહે એટલું જ હું ઇચ્છું. અમે નહિ હોઈએ ત્યારે તમે બધા મોટા થયા હશો. મારો દત્તુ સૌથી નાનો. ભણેલો ન હોય તો એ મૂંઝાય. એ મોટો થઈને રળતો થાય ત્યાં સુધી જીવવાની ઇચ્છા છે ખરી. દત્તુને ઠેકાણે પડેલો જોઈશ ત્યારે સુખેથી હું આંખો મીંચી દઈશ.'

આ સંવાદ સાંભળતી વખતે મારા બાળહૃદયમાં શું ચાલતું હશે, એની કલ્પના નહોતી આઈને કે નહોતી મોટાભાઈને. મારામાં શ્રદ્ધા રાખીને મારે વિષે થયેલી વાતચીત મારે માટે તો આ પહેલ-વહેલી જ હતી. ડૂબતા માણસને કોઈ જીવતદાન આપે પછી એને જે હર્ષ થાય તેવો હર્ષ મોટાભાઈનાં વચનો સાંભળી મને થયો. મારા રખડુવેડાથી આઈને આટલી ચિંતા થાય છે એ પણ મેં પહેલવહેલું જાણ્યું. પણ એની મારા પર તે વખતે ઝાઝી અસર ન થઈ, અને જે થઈ તે પણ લાંબા વખત સુધી ન ટકી. પણ મોટાભાઈનાં વચનની અસર તો કાયમની થઈ.

બાબાનું કેળવણીનું ધોરણ બહુ જ આકરું હતું. અમારા દેખતાં અમારાં વખાણ તો થાય જ નહિ. બાબા એટલે અમારી બહિશ્ચર કર્તવ્યબુદ્ધિ. ડગલે ને પગલે અમને ટોકે, ડગલે ને પગલે વઢે; અને વઢે તેય જીભ કરતાં સોટી વડે જ વધારે. મારની બીકથી હું

દોડતો હોઉં ને બાબા હાથમાં સોટી લઈ મારી પાછળ દોડતા હોય એવી શરતનાં ત્રણ ચાર દશ્યો હજીયે મારી દષ્ટિ આગળ તાજાં છે. અમારા બે વચ્ચેનું અંતર વધે છે કે ઘટે છે એ જોવા ઘણી વાર હું પાછળ નજર ફેંકતો. એ વખતે કોઈ રસિક કાવ્યજ્ઞ ઊભો હોત તો જરૂર એને કાલિદાસનો 'ग्रीवाभंगाभिरामं' વાળો શ્લોક યાદ આવત.

એ દોડમાં કોક વાર અમારા બે વચ્ચેનું અંતર ઘટી જતું, જ્યારે કોક વાર હું છટકવા પામતો. પણ જીવનની દોડમાં અમારા બે વચ્ચેનું અંતર દહાડે દહાડે ઘટતું જ ગયું. તે એટલે સુધી કે, ઘણી વાર હું બાબાનો સલાહકાર બનતો. અમારી વચ્ચેનું ઉંમરનું અંતર જોઈ અજાણ્યા લોકો અમને પિતાપુત્ર સમજતા અને સાચે જ બાબાનો પ્રેમ પિતા જેવો હતો. પણ જેમ જેમ ઉંમરમાં ને વિચારમાં હું વધતો ગયો, તેમ તેમ બાબાના કોમળ હૈયાના ઊભરાઓ ઠાલવી દેવાનું હું એકમાત્ર સ્થાન બની ગયો. પછી તો અમારા સંબંધની મીઠાશ ભાઈભાઈ ઉપરાંત મિત્રોની થઈ હતી. પણ એનું બીજ તો પેલી મીઠી ઊંઘ વખતનાં વચનોમાં જ હતું. તે દિવસે મને થયું કે श्रुतं श्रोतव्यम्.

૫૨

મારી યોગ્યતા

નિશાળે જનારા સૌ વિદ્યાર્થીઓ વર્ગોમાં પ્રશ્ન પૂછવાની એક રીતથી બરાબર માહિતગાર હોય છે. બધા વિદ્યાર્થીઓને તેમના ક્રમ પ્રમાણે બેસાડવામાં આવે છે. પછી શિક્ષક પહેલા નંબરથી પ્રશ્નો પૂછવા શરૂ કરે છે. પહેલાને જવાબ ન આવડે તો બીજાને, તેને ન આવડે તો ત્રીજાને, એમ શિક્ષક જલદી જલદી પૂછતા પૂછતા આગળ ચાલે છે. એમાં જેનો જવાબ સાચો પડે તે ત્યાંથી ઊઠીને બધા નંબર ચડી જઈ પહેલો જઈને બેસે છે. પછી તેના મૂળ નંબરની પછીના વિદ્યાર્થીને બીજો પ્રશ્ન પુછાય છે. 'વિજયી વિદ્યાર્થી હારેલા બધા વિદ્યાર્થીઓ ઉપર ચડી જાય' એ આ પ્રથાનો સર્વસાધારણ નિયમ છે. એનો અર્થ એમ તો નહિ જ કે આ રીતે પ્રશ્નો પૂછવામાં વિદ્યાર્થીઓની સાચી પરીક્ષા થાય છે, અને એમ પણ ન કહી શકાય કે એક કલાક આ રીતે ચાલ્યા પછી વિદ્યાર્થીઓને જે નંબર મળે છે તે તેમના અભ્યાસની યોગ્યતા પ્રમાણેના હોય છે. આ તો એક પ્રકારની લૉટરી છે. શિક્ષક જો પક્ષપાતી હોય તો પોતે ચાહે તે વિદ્યાર્થીને ઇચ્છા મુજબનું સ્થાન અપાવી શકે. હા, શિક્ષકને વિદ્યાર્થીઓનો પરિચય બરાબર હોવો જોઈએ.

પ્રશ્નોની આ લૉટરી વિશાળ જીવનના જ એક પ્રતિબિમ્બ જેવી છે. પણ આમાં વિદ્યાર્થીઓ બધા જાગૃત રહે છે, ઉત્તર દેવામાં ઝાઝો સમય નહિ મળે એમ જાણતા હોવાથી વિદ્યાર્થીઓ શીઘ્રમતિ બને છે અને શિક્ષકનો પણ ઘણો સમય બચી જાય છે. આમાં વળી શિક્ષક અને વિદ્યાર્થીઓને આળસ આવવાનો પણ ઓછો સંભવ હોય છે. આજે તો આ પદ્ધતિને હું મહત્ત્વ ન આપું, કેમ કે તેમાં અનેક દોષ છે. પરંતુ નાનપણમાં અમને પ્રશ્નોની આ

પદ્ધતિ બહુ ગમતી. જોતજોતામાં વિદ્યાર્થી રંકમાંથી રાય બની જતા, તેમ જ રાજામાંથી રંક બનવાને પણ તૈયાર રહેવું પડતું. એમાં પહેલા નંબરના વિદ્યાર્થીને તો, દરેક ઉગ્ર તપશ્ચર્યાથી બીતા રહેતા સ્વર્ગાધિપતિ ઇન્દ્રની પેઠે, હમેશાં બીતા રહેવાનું હોય છે, કેમ કે વર્ગમાં એનાથી ઊંચું સ્થાન બીજા કોઈનું નહિ હોવાથી એને ચડવાનો આનંદ ક્યાંથી જ હોય. પડવાનો જ સવાલ એની આગળ હોય. એમાં એને પોતાને ભલે આનંદ નહિ આવતો હોય, એને સદા કંપતો જોઈને નીચેના વિદ્યાર્થીઓને તો જરૂર મઝા પડે છે. બીજાની ફજેતીથી આનંદ મેળવવાની રીત રજોગુણી વૃત્તિવાળાને બહુ પસંદ આવે છે. પણ આમાં નીતિશિક્ષણનો નાશ છે, એ વાત એ વેળા કોઈના ધ્યાનમાં નહોતી આવી એમ લાગે છે.

એક દિવસ વર્ગમાં આમ પ્રશ્નોત્તર ચાલતા હતા. રોજના મારા નિયમ પ્રમાણે હું નિશાળે મોડો ગયેલો હોવાથી છેલ્લો બેઠો હતો. જોતજોતામાં હું અરધે સુધી તો પહોંચી ગયો. એવામાં વામન માસ્તરે પહેલા નંબરને એક પ્રશ્ન પૂછ્યો. એમણે પ્રથમથી ધારેલું કે એનો જવાબ કોઈને નહિ આવડે. તેથી બધા વિદ્યાર્થીઓને એમણે ઝટપટ પૂછી લીધું. મેં વચમાં જવાબ તો આપી દીધો, પણ માસ્તરે મારા ઉત્તર તરફ ધ્યાન જ ન દીધું. મારી ખાતરી હતી કે મારો જવાબ સાચો હતો. પણ એમની આંગળી તો ઝપાટાબંધ પહેલેથી છેલ્લે સુધી ફરી વળી. જ્યારે કોઈ જવાબ નથી આપી શકતું ત્યારે શિક્ષક પોતે જ એનો જવાબ કહી દે છે, એ પ્રથા મુજબ માસ્તરે જવાબ કહ્યો. એ સાંભળ્યા પછી મારાથી ચૂપ કેમ બેસી રહેવાય ? મેં ઊભા થઈને કહ્યું, 'સર, આ જવાબ તો મેં આપ્યો હતો.' વામન માસ્તરના માન્યામાં આ વાત ન આવી; અને એ અવિશ્વાસ એમણે પોતાની દૃષ્ટિથી બતાવ્યો પણ ખરો. મેં ફરીથી જોરપૂર્વક કહ્યું, 'હું સાચું કહું છું, સર, મેં આ જ જવાબ આપ્યો હતો.' હવે તો વામન માસ્તર સામે મહાન ધર્મસંકટ આવી પડ્યું. પોતાના કાન સાચા કે સામે ઊભેલો આ છોકરો ? એમની મુશ્કેલી હું જોઈ શકતો હતો. પણ હું એમ ખોટી હાર કેમ કબૂલ કરું ? હું તો મારી જગ્યાએ એમ ને એમ ઊભો રહ્યો. તેઓ જરા ચિડાયા પણ ખરા. પોતાનું સ્થાન છોડીને એ મારી

પાસે આવ્યા, અને બંને હાથે મારા ખભા પકડી મને પહેલા નંબરે લઈ જઈને કર્કશ અવાજે કહ્યું, 'લે બેસ અહીં.' હું બેસી તો ગયો, પણ એમનું આ વર્તન જોઈને હું અસ્વસ્થ થઈ ગયો. રહી રહીને બધા વિદ્યાર્થીઓ માસ્તરની તરફ તથા મારી તરફ એકીટશે જોતા હતા. એ પણ એક જોવા લાયક દૃશ્ય હતું. હું એવો મૂંઝાઈ ગયો કે શું કરવું એ મને સૂઝયું નહિ. આમ થશે એની કલ્પના મને પહેલેથી જ હોત તો હું આ વાત છેડત જ નહિ. પહેલા નંબરનો એટલો મોહ તો મને કદી હતો જ નહિ. કોણ જાણે મારી આ મૂંઝવણની માસ્તરના હૃદય પર શી અસર થઈ. એમણે ફરી મને પૂછ્યું : 'Do you think you deserve the first place?' (તું માને છે કે તું પહેલા નંબરને યોગ્ય છે?) એક તો શિક્ષકની ચીડ અને અવિશ્વાસને લીધે હું મૂંઝવણમાં પડ્યો જ હતો; હું તો વિચાર કરતો હતો કે આ બધી ધાંધલ આગળ પહેલો નંબર ધૂળ બરાબર છે; તેમાં વળી આ પ્રશ્નનો ઘા આવી પડ્યો. પોતાની યોગ્યતાનો એકરાર કરવો એ આપણા હિંદુ સદાચારથી વિરુદ્ધ છે. જે એમ કહે કે, 'હું સર્વોત્તમ છું, હું લાયક છું, હું બુદ્ધિમાન છું,' એ કુલીન નથી ગણાતો. આ શીલ હું નાનપણથી શીખ્યો હતો. એટલે માસ્તરના પ્રશ્નના જવાબમાં મારા મોંમાંથી જલદી 'હા' કેમ નીકળી શકે? શરમનું માર્યું મારું મોં લાલચોળ થઈ ગયું. મેં જોયું કે મારા કાન પણ એની અસરથી ગરમ થઈ ગયા હતા. વિદ્યાર્થીઓ પણ હું શું કહું છું એ જોઈ રહ્યા હતા. મારી આંખો આગળ અંધકાર છવાઈ ગયો. 'હા' કહું છું તો અવિવેક થાય છે; અને આ બધા નાટક પછી હવે 'ના' તો કહી જ કેમ શકું? અને બીજી બાજુ જવાબ આપવામાં જેટલી વાર થતી હતી એટલો મારા પ્રત્યેનો અવિશ્વાસ વધતો જતો હતો. અંતે હું મરણિયો બન્યો, અને જોઈએ તેના કરતાં પણ વધારે જોરપૂર્વક મેં કહ્યું, 'Yes, I do.' (હા, હું યોગ્ય છું જ.) માસ્તર એકદમ ચૂપ થઈ ગયા, અને જાણે કાંઈ બન્યું જ ન હોય તેમ એમણે શીખવવું શરૂ કરી દીધું. પણ જે વાતાવરણ એક વાર આટલું ડહોળાઈ ગયું હોય તે એવી શાંતિથી કાંઈ સ્વસ્થ થાય ખરું? એ દિવસ વીતી ગયો. તે પછી માસ્તરે કે કોઈ બીજાએ એ પ્રસંગનો લેશમાત્ર ઉલ્લેખ કર્યો નહિ. સૌને લાગ્યું હશે કે આવા

નાજુક પ્રશ્નને ન છેડવો એ જ સારું છે. અથવા તો બધા એ ભૂલી પણ ગયા હોય, પણ હું શી રીતે ભૂલું?

નાનપણમાં તેમ જ મોટપણે પણ આવા કેટલાયે પ્રસંગો આવે છે. બાળપણની મુખ્ય મુશ્કેલી એ હોય છે કે એ વેળા ભાવનાઓ કોમળ અને સરસ હોય છે; પરંતુ તેને મુકાબલે પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાની શક્તિ કે ભાષા નથી હોતી. મોટાં માણસો તો પોતાનું બાળપણ ભૂલી ગયાં હોય છે, અને બાળકોની બાબતમાં માને છે કે તેઓ અંતે તો બાળક જ છે, એટલે એમના જીવનને એટલું મહત્ત્વ આપવાની એવી શી મોટી જરૂર? માની લઈએ કે આ બધું અનિવાર્ય છે. પણ એથી બાળજીવન સરળ નથી થતું.

નાનપણના આવા આવા પ્રસંગોને માટે મોટાં માણસોનો સ્વભાવ કેટલો જવાબદાર છે એ કોણ કહી શકશે? સારું થયું કે ઉપર કહેલા પ્રસંગમાં મારા શિક્ષક સંસ્કારી અને ધીરજવાન હતા. શકનો લાભ તહોમતદારને આપવાની ઉદારતા એમનામાં હતી. પણ એમની જગ્યાએ બીજો કોઈ સામાન્ય શિક્ષક હોત તો એણે મને બદમાસ કહીને સજા કરી હોત, મારો ધિક્કાર કર્યો હોત, અને એ બધાની અસર મારા ઉપર કોણ જાણે કેવી પડત! મનુષ્યસ્વભાવને વિષે મારામાં કંઈક નાસ્તિકતા તો અવશ્ય આવી જાત. વામન માસ્તર મારા પ્રત્યે, બલ્કે બધા વિદ્યાર્થીઓ પ્રત્યે, બહુ સારો વ્યવહાર રાખતા હતા. એની મારા ઉપર જે અસર પડી છે તેના કરતાં પણ વધારે પ્રભાવ તે દહાડે મારા ઉપર પડ્યો. ઉપલા પ્રસંગે, સારી પેઠે સંશયગ્રસ્ત હોવા છતાં, મારા પ્રત્યે એમણે જે ઉદારતા બતાવી, મારા બાલ આત્માની આબરૂની જે કદર કરી, એથી તો હું એમનો ભક્ત બની ગયો. એમણે નીતિશિક્ષણના કેટલાયે પાઠ અમને શીખવ્યા હશે, પણ આ પાઠ ન્યારો જ હતો. ચરિત્રગઠનમાં આવા પાઠોની અસર ઊંડી અને ચિરસ્થાયી હોય છે.

૫૩

શનિવારની તોપ

કારવારનું બંદર બે બાજુએ ફેલાયેલા પહાડની વચમાં છે. તેથી બહારથી આવતી આગબોટ ગામમાં વખતસર દેખાતી નથી. એ અગવડ ટાળવા માટે દેવગઢની દીવાદાંડી પર એક વાવટો રાખેલો છે. દૂરથી આગબોટ દેખાય એટલે પોસ્ટ ઑફિસ પાસેના એક ખડક પર એવો જ વાવટો ચડાવવામાં આવે. એ વાવટાથી ગામના લોકોને ખબર પડે કે આગબોટ આવે છે. એ વાવટો જોયા પછી જ લોકો ઘેરથી બંદર જવા ઊપડે. દરિયામાં ભારે તોફાન થાય ત્યારે પણ આ બંને દીવાદાંડીઓ પર વિશિષ્ટ આકારના કાળા વાવટા ચડાવવામાં આવે છે. આગબોટનો વાવટો લાલ કપડાનો હોય છે. તોફાનના વાવટા ગોળ, ત્રિકોણ કે ચોરસ એવા આકારના પટારા જેવા રહે. શહેર નજીકના વાવટાવાળા પાસે એક મઝાનું દૂરબીન રહેતું, કેમ કે એને હમેશાં દેવગઢની દીવાદાંડી પર નજર રાખવાની હોય. ત્યાંના જ માણસને દર શનિવારે બપોરે બાર વાગ્યે એક તોપ ફોડવાનું કામ સોંપેલું હતું. કારવારમાં એ સ્થાનને જ 'વાવટા' કહેતા.

એક શનિવારે અમે એ સ્થાન જોવા ઊપડ્યા. વાવટાનો ખડક સમુદ્રમાં ઠીક ઠીક અંદર ગયેલો હોવાથી ત્યાં રેતીની સમુદ્રવેલા ન હતી. મોજાં સીધાં ખડક પર અફળાતાં અને પાણીનાં ફીણ તથા છાંટા ખૂબ ઊંચાં ઊડતાં. વાવટાવાળો એક ઘરડો મુસલમાન હતો. મુસલમાન એટલે એને પોતાની પ્રતિષ્ઠાનું ભાન પૂરેપૂરું હોય. અમારા જેવા છોકરાઓ ત્યાં જાય એટલે બંદરઘૂરકી બતાવ્યા વિના રહે નહિ. અમે પણ એ સલામી માટે તૈયાર હતા. તોછડા સવાલજવાબનો પરિચય પૂરો થયા પછી અમે એને કહ્યું, 'દેવગઢની દીવાદાંડી અમારે દૂરબીનમાંથી જોવી છે. જરા બતાવોને.' એણે બંગલાના કબાટમાંથી દૂરબીન કાઢ્યું અને કહ્યું, 'આવો નીચે,

હું બતાવું છું.' બંગલા નીચે તોપને પડખે અમારી છાતી જેટલો ઊંચો થાંભલો હતો. એને માથે એક લીસા પથરાની લાદી જડેલી હતી, અને એ લાદી પર ચાર ખૂણે વેંત વેંત ઊંચા ચાર નાના થાંભલા ઊભા કરી એના પર છાપરાની પેઠે ઢળતું પતરું ઠોકેલું હતું. લાદીમાં માત્ર રજ પણ ઢાળ નહોતો; એ બરાબર સમતલ હતી. એના પર એણે દૂરબીન મૂકી અમને જોવાનું કહ્યું.

બપોરનો વખત હોવાથી સમુદ્રનાં મોજાં ખૂબ ચળકતાં હતાં. દૂરનો દેવગઢ, જેનો વાવટો મારા જેવો કાકદૃષ્ટિ જ જોઈ શકતો હતો, તે દૂરબીનમાં સ્પષ્ટ અને પાસે આવેલો દેખાવા લાગ્યો. દીવાદાંડીનો ઘાટ પહેલવહેલો કોણે નક્કી કર્યો હશે? એ હમેશાં કેટલો આકર્ષક દેખાય છે! દૂરબીન આમતેમ ફેરવી આસપાસના ડુંગરા પણ મેં જોઈ લીધા. ક્ષિતિજ પરથી પસાર થતી કેટલીક ફતેમારીઓ જોઈ. મછવાઓના ધોળા સઢ જોઈને જળકૂકડી યાદ આવી. સમુદ્ર શાંત હોય ત્યારે પણ મોજાંઓનું તાલબદ્ધ નૃત્ય તો ચાલે જ. પાંચ છ માઈલનો સમુદ્રનો વિસ્તાર દૃષ્ટિ આગળ હોય ત્યારે, પાસે મોટાં દેખાતાં મોજાં જેમ જેમ નજર દૂર દૂર ફેંકતા જઈએ તેમ તેમ ઝીણાં થતાં જાય છે, એ દૃશ્ય કોને મોહિત નથી કરતું? દૂરબીનમાં એ દૃશ્ય વધારે રેખીલું દેખાય છે.

આ બધું જોઈને ધરાયા પછી મારું ધ્યાન એ લાદી પરના ટચૂકડા છાપરા પર ગયું. મેં વાવટાવાળાને પૂછ્યું, 'શું આ લાદી તડકો ખમી ન શકે માટે એના પર છાંયો કર્યો છે? કે દૂરબીન પર તડકો ન પડે એટલા માટે?'

'હમણાં એ નહિ કહું. તમારે દૂરબીનમાં જેટલું જોવું હોય તેટલું એકસામટું જોઈ લો; પછી બીજી વાત. દૂરબીન અંદર મૂક્યા પછી ફરી નહિ કાઢું.'

એની સૂચનાને માન આપવા ખાતર એ દૂરબીનમાંથી હું ફરી જોવા લાગ્યો. એક તરફ મચ્છંદરગઢ અને બીજી તરફ સરુનું ઉપવન, બધું જોઈ લીધું. વાવટાવાળાએ દૂરબીન અંદર મૂકી દીધું. પછી એ કહેવા લાગ્યો, 'હવે બારનો શુમાર થવા આવ્યો છે. મારે તોપ ફોડવાની તૈયારી કરવી જોઈએ.'

એટલો વખત પથરામોજાંનો સનાતન ઝઘડો જોવામાં ગાળવાનો અમે વિચાર કર્યો. માથે તડકો તપતો હતો. પથરાઓને એની જરાયે તમા ન હતી. એમનું અખંડ સ્નાન ચાલુ હતું. મોજું આવીને અથડાય એટલે પાણી ફાટી જઈ પથરાઓનાં માથાં પર ચડતું, અને ત્યાંથી પથરાઓની વાંકીચૂકી બખોલોમાં ઊતરી પડતું. પથરાઓ પણ મોજાંઓની લપડાકો ખાઈખાઈને એવા તો નફ્ફટ થયા હતા કે, એમનામાં કોઈ પણ બાજુએ અણી કે કાંટો ન મળે. ચીકણા ને લપસણા. મોટા મોટા પથરાની બખોલમાં મોજાંઓની અંદર મોજ કરતા કરચલા આમતેમ ફરતા હતા. એટલા મોટા કે બીક જ લાગે. જળચરો પોતાના શરીરમાંથી એક જાતનો ચીકણો ગુંદર કાઢી પોતાની છીપો પથ્થર પર ચોડી દે છે. મોજાંથી પથ્થર ઘસાય તો ઘસાય, પણ આ છીપો તો એક વાર ચોટી તે ચોટી. આ મોજાંને દિવસરાત, બારે માસ, અને અનંત વર્ષો આમ પથરા પર અથડાઈને શું મળતું હશે? આવે અને જાય, આવે અને જાય. મોજાં પાણીનાં જ રહ્યાં, એટલે ગમે તેટલી વાર અથડાય અને ફાટે તોયે એમનું કશું જતું નથી. એ પણ પેલા ખડક જેટલાં જ નફ્ફટ. પોતે હારે છે કે જીતે છે એનો વિચાર સરખો ન કરે. નિષ્કામ (નકામા) કર્મમાં વળી વિચાર શેનો? સ્થિર પાષાણ અને ચંચળ પાણીનો આ મેળાપ વિચાર કરવાની ટેવ વિનાના માણસોનાં મનમાં પણ કંઈ કંઈ ભાવ પેદા કરે છે.

પાસે જ એક મચ્છીમાર માછલાં પકડવાને એક જાડો ચાબુક હાથમાં ઝાલી નિશ્ચેષ્ટ બેઠો હતો. જાણે ભારે તપ કરતો હતો. ઉપરના તડકા કરતાં એના પેટની ભૂખ વધારે તપેલી હશે. એકાએક ચાબુકની દોરી અંદર ખેંચાઈ ગઈ. ઝટ દઈને એ ઊઠયો. ચાબુકની દોરી કાંઈ નાનીસૂની ન હતી. ટચલી આંગળી જેટલી જાડી હશે. એ જોરથી ખેંચવા લાગ્યો. અંદરની માછલીનું જોર પણ ઓછું ન હતું. જ્યારે એ કંઈક થાકયો ત્યારે મદદની યાચના કરતી દૃષ્ટિથી અમારા તરફ જોવા લાગ્યો. એની પૂછવાની હિંમત ન ચાલે અને અમને એને મદદ કરવાનું મન ન થાય. ઘડીભર એને થયું કે દોરી હાથમાંથી છટકી જવાની છે. એણે ઝટ દઈને દોરી જરાક ઢીલી મૂકી ફરી પાછી જોરથી ખેંચી. એમાં તો એ ઘણો ફાવ્યો. એણે દોરીને

આંગળીએ આંટો દીધો ને ફરી ખેંચવા લાગ્યો. માછલી આગળ જીવનમરણનો સવાલ હતો. એ કંઈ સહેજે જવા દે? અમને લાગ્યું કે દોરી હવે તૂટી જવાની, કેમકે માછલીએ પથરાની બખોલમાં મજાનો આશરો લીધો હતો. મારા સાથીથી રહેવાયું નહિ. એ દોડતો ગયો અને એણે દોરી ખેંચવામાં મદદ કરી. એકના બે થયા અને ઘાયલ થયેલી માછલી પાણી બહાર આવી પડી. મારા મોઢામાંથી નીકળી ગયું:

'तव अशरीरिणी वदली उत्तर, धर्मयुद्ध नव्हे हें.'

માછલી કંઈક તાડના પંખા જેવી ગોળ ને ખૂબ જાડી હતી. એની પીઠ પર કરવતના જેવી દાંતી હતી. કેટલી મોટી અને અણીદાર! કરવતની દાંતી તો સ્થિર હોય છે. પણ આ માછલી એની પીઠ પરની દાંતી ઝપાટાબંધ ચલાવી શકતી હતી. મને થયું કે, અત્યારે એની પીઠ પર લાકડાનું પાટિયું રાખ્યું હોય તો એનેયે એ વહેરી નાંખે. શત્રુના દરબારમાં જેમ બૃહસ્પતિની પણ અક્કલ ન ચાલે, તેમ પાણી બહાર માછલીનું જોર કામ ન આવે. માછલીએ તરફડિયાં માર્યાં, પાણી તરફ જવાનો પ્રયત્ન કર્યો, બે ચાર ડચકાં ખાધાં, અને સચેતન રૂપ છોડી દઈ મનુષ્ય માટે આહારરૂપ પકડી દીધું. ચિંતામગ્ન હું એના તરફ જોતો જ રહ્યો. ત્યાં મારો સાથી કહે, 'ચાલ, તોપ ફૂટવાનો વખત થયો હશે.'

અમે દોડતા દોડતા ઉપર ગયા. ત્યાં તોપ ફોડવાની તૈયારી ચાલતી હતી. એક લાંબા હાથાને સૂતરના ડૂચા બાંધી તોપનું મોઢું ધોવાનો કૂચો કરેલો હતો. એને પાણીમાં સહેજ પલાળી વાવટાવાળાએ તોપને દાતણ કરાવ્યું. પછી એક બશેરિયા કોથળીમાં તોપનો દારૂ ભરેલો હતો, એ બાંધેલી આખી કોથળી તોપના મોઢામાં ખોસી દીધી. ત્યાર પછી કાપેલા કાગળના મોટા મોટા બેત્રણ ડૂચા એણે એના પર ઠોકી બેસાડ્યા. ડૂચા ઠોકવામાં એને ઠીક કસરત થઈ. પછી એણે એક હાથ લાંબો સોયો લઈને તોપના પાછળના કાણામાંથી અંદરની કોથળીને કાણું પાડ્યું. પછી જમણા આડિયામાં ઝીણો દારૂ લઈ ઉપરથી એ કાણામાં ઓરી દીધો, અને હાથમાં પલીતો લઈ તૈયાર થયો.

પછી મને કહે, 'હવે આવજે અહીં. તું પૂછતો હતોને કે પેલું ટચૂકડું છાપરું શા માટે છે? જો, એની વચ્ચોવચ્ચ એક કાણું

છે. એમાંથી સૂરજનું એક કિરણ નીચલી લાદી પર પડે છે. એ લાદી પર ઉત્તર દક્ષિણ એક લીટી દોરેલી છે. સૂરજનું કિરણ જ્યારે આ લીટી પરથી પસાર થાય છે ત્યારે કારવારના બાર વાગે છે, અને એ જાહેર કરવા હું આ તોપ ફોડું છું.'

મને એ બધું જોવામાં ખૂબ રસ પડ્યો. મનમાં થયું કે, આ લાદી સમતલ રાખી છે એ તો બરાબર છે; પણ ઉપરનું પતરું તો ગમે તેવું બેસાડયું છે; એથી બાર નક્કી કરવામાં કંઈ ભૂલ નહિ થતી હોય?

એટલામાં વાવટાવાળાએ કહ્યું, 'હવે જોજો, વખત થવા આવ્યો.' મેં કહ્યું, 'હા, હા, સુમુહૂર્ત સાવધાન!'

વાવટાવાળાએ એક લાંબી લાકડીને છેડે પલીતો બાંધેલો હતો અને એ લાદી પરનાં સૂરજનાં કિરણ તરફ જોતો હતો. હવે શું થશે, કેવો અવાજ થશે એની કલ્પના કરતો હું ઊભો. એટલામાં તોપની એક બાજુએ પિરામીડના આકારમાં ગોઠવેલા તોપના ગોળાઓ તરફ મારી નજર ગઈ. શત્રુનું જહાજ આવે ત્યારે તોપમાં આ ગોળા ભરી તોપ ફોડતા હશે. પછી જહાજનું પડખું ફૂટી જતું હશે અને અંદર પાણી ભરાઈ જહાજ ડૂબી જતું હશે. એવી કલ્પના હું કરું છું એટલામાં તો વાવટાવાળાનો પલીતો તોપના કાણા પરની નાનકડી નીક પર પહોંચી ગયો. તોપના મોઢામાંથી એકદમ ફા...ડ દઈને એવો તો મોટો ધડાકો થયો કે, મારા કાન બહેર મારી ગયા, છાતી ધડકવા લાગી, પોતે ક્યાં છું એનું ભાન પણ તે ક્ષણને માટે બધિર થયું. નજર સામે ધુમાડાનો ગોટો નીકળ્યો. ડૂચાના કાગળના કેટલા કકડા થયા ને ક્યાં ઊડી ગયા એની ખબરે ન પડી. માત્ર દારૂની ગંધ ગળામાં ઘૂસી ગઈ. તોપના ધડાકાનો અવાજ એટલો નજીક કદી સાંભળ્યો નહોતો; અને અત્યારે જે અનુભવ થયો તે એટલો અચાનક અને ક્ષણિક હતો કે, મને કેવો અનુભવ થયો એનું પાછળથી પૃથક્કરણ કરવાનો વિચાર થઈ આવ્યો.

પણ એ જ ક્ષણે, એટલે કે ધડાકાની બીજી ક્ષણે, એકદમ પાછલી બાજુના પહાડોમાંથી વીજળી જેવા કડડ કડડ કડડ ધ્વનિ સંભળાવા લાગ્યા. જાણે બધી જ ટેકરીઓ શો ઉત્પાત છે એ જોવા દોડતી આવતી ન હોય! અવાજ એટલો મોટો થયો કે

આજુબાજુની નાળિયેરીઓ પણ ધ્રૂજવા લાગી. તોપના અવાજ કરતાં આ પહાડના પડકાર જ મને વધારે અદ્ભુત અને આકર્ષક લાગ્યા. મારો શ્વાસ થંભી ગયો. કારણ વગર મૂંઝાઈને હું ચારેકોર જોવા લાગ્યો. પ્રતિધ્વનિ સમુદ્ર પરના વિસ્તીર્ણ આકાશમાં લીન થઈ ગયો. છતાં મારા કાનમાં તો એ પ્રતિધ્વનિ ચાલ્યા જ કરતો હતો. આજે પણ એનું સ્મરણ કરતાંવેંત તે એવો ને એવો જ સંભળાય છે. મેં સમુદ્ર તરફ નીચા વળીને જોયું તો મોજાંઓ કહે, 'અરે શું જુએ છે? કશું થયું નથી. દુનિયા છે તેવી જ છે અને તેવી જ રહેવાની.' પણ મોજાંઓનું સત્ય તે કોઈ મારું સત્ય ન હતું.

૫૪

ઇન્સાફનો અત્યાચાર

હવે વધારે ભાડું મળતું હોવાથી રામજી શેઠે એમની વખારના ચાર ભાગ કર્યા હતા. એક ભાગમાં કુપ્પીકર મામલતદાર રહેતા હતા. પડખેના ભાગમાં અમે હતા. અમારા પહેલાં અમારા ભાગમાં ઓવરસિયર સાઠે રહેતા હતા. એમણે ઓટલા પર સાદડીની બહુ જ રૂપાળી ઓરડી બનાવી હતી. એનું બારણું, બે બારીઓ વગેરે બધું જ ઘાટીલું હતું. ઇજનેરને હાથે થયેલું એટલે પૂછવું જ શું? એ ઓરડીમાં અમે ભણવા બેસતા. બાબાને કોઈ મળવા આવે તો તેઓ પણ અમારી ઓરડીમાં જ બેસવાનું પસંદ કરતા. મને તો એ ઓરડી પર એટલો બધો મોહ હતો કે મેં રાત્રે સૂવાનું પણ ત્યાં જ રાખેલું. ઘર બહાર સૂવાથી સવારે સાડાચાર વાગ્યે હું ઊઠી શકતો હતો એ પણ એક મોટો લાભ હતો.

અમારી જોડેના ઓટલા પર એ ઘરનાં છોકરાં રમે અને બૂમાબૂમ કરે. અમને એ ગમતું નહોતું. પણ તે સહન કરવામાં અગવડ આવતી નહિ, કેમકે અમે પણ ચર્ચા કરવા બેસીએ ત્યારે આખી 'વખાર' ગજાવી મૂકતા. શાંતિનો આધુનિક શોખ તે વખતે અમે કેળવ્યો ન હતો. પણ જ્યારે પડોશનાં છોકરાં એમના ઓટલા પર દોડતાં દોડતાં અમારી સાદડીની દીવાલ પર જોરથી હાથ મારતાં ત્યારે મારી ધીરજ ખૂટી જતી. અનેક વાર એ છોકરાઓને મેં કહી જોયું, વઢી જોયું, પણ એની અસર ન થઈ. છોકરાઓના તોફાનથી સાદડીમાં મોટો ખાડો પડ્યો અને ચોરસ તાવડી જેવો એનો આકાર થયો. દીવાલની શોભા ગઈ અને ઓરડીમાંની એટલી જગ્યા પણ ઓછી થઈ ગઈ. મેં સાદડીને અંદરથી દબાવીને બહારનો ભાગ ફુલાવ્યો. પણ એથી તો ઊંધું જ પરિણામ આવ્યું. છોકરાઓનો એના પર હાથ મારવાનો શોખ વધી ગયો. જોરથી હાથ મારે એટલે સાદડી ફરી અંદરના ભાગમાં ફૂલે.

હવે શું કરવું ? મેં જઈને છોકરાઓની મા પાસે ફરિયાદ કરી. એ લોકો કોંકણીમાં બોલે, હું મરાઠીમાં બોલું, એટલે સમજવાની મુશ્કેલી તો ખરી જ; પણ એ લોકો એટલાં બેદરકાર કે એમણે મારી વાત સાંભળી જ નહિ. 'હશે હશે' કહી એમણે મને પટાવી દીધો.

છોકરાઓનું તોફાન ઓછું થયું નહિ. અંતે હારી જઈને મેં એક આસુરી ઉપાય અજમાવવાનું નક્કી કર્યું. ગોંદુને લાકડામાં જાતજાતનાં બીબાં કોતરવાનો શોખ આ અરસામાં બહુ હતો. એટલે સોયા જેવું એક ઓજાર એની પાસે હતું. ગજવેલની ત્રિકોણી સળી ત્રાંસી ઘસીને બહુ જ તીણું પાનું બનાવેલું હતું. એ મેં હાથમાં લીધું અને એની અણી સહેજ સાદડીમાં ઘોંચી હું તૈયાર રહ્યો. હમેશની પેઠે છોકરો દોડતો દોડતો આવ્યો અને એણે જોરથી બંને હથેળીઓ સાદડી પર મારી. એણે જેટલું જોર કર્યું એટલા જ જોરથી સોયાની અણી એની હથેળીમાં ભોંકાઈ ગઈ! છોકરાએ એકદમ ચીસ પાડી. હાથમાંથી લોહી વહેવા લાગ્યું. છોકરાને વાગશે, એ ચીસ પાડશે એટલી અપેક્ષા તો મને હતી જ, અને એ આનંદની હું રાહ જોતો હતો. પણ મેં અપેક્ષા બાંધેલી એના કરતાં એ છોકરાને વધારે વાગ્યું, અને તેની ચીસે મારા ચિડાયેલા હૈયાને ટાઢક આપવાને બદલે વીંધી નાખ્યું. છાતીના મધ્યભાગમાં એકદમ ડૂચો ભરાયો હોય એવું મને થયું. મેં સોયો ટેબલ પર એક ચોપડી તળે સંતાડી દીધો ને શું થશે એની રાહ જોવા લાગ્યો.

છોકરાની ચીસ સાંભળી એની મા દોડતી આવી. ઘરનો રસોઇયો પણ આવ્યો. હું માનતો હતો કે એ લોકો મારી જોડે લડવા દોડી આવશે. પણ એમને છોકરાને થયેલા ઘાનો ઇલાજ કરવા આગળ લડવાનું ક્યાંથી સૂઝે ? એમના ઉદ્‌ગાર હું સાંભળતો હતો. એમાં ક્રોધ કે ચીડ ન હતી, પણ એકલું દુઃખ જ હતું. આ સ્થિતિની મેં અપેક્ષા કરી ન હતી, એટલે મને બહુ વિચિત્ર લાગ્યું. હું ઝંખવાણો પડચો. એ લોકો મારી જોડે લડત તો 'ન્યાયનો પક્ષ મારો છે' એમ કહી લડવાનું મને જોર આવત. એમણે મારું નામ સરખું ન લીધું, એટલે કઈ વૃત્તિ ધારણ કરવી એ જ મને ન સૂઝયું. ઇન્સાફ પોતાના હાથમાં લઈને હું બદલો લેવા ગયો;

પણ ચીડથી આંધળો થયેલો માણસ ઇન્સાફ મેળવવા જતાં અત્યાચાર કરી બેસે છે. મારા કૃત્ય આગળ હવે મારી પોતાની દૃષ્ટિમાં પણ છોકરાઓનું તોફાન નજીવું થઈ ગયું. મારી જ દૃષ્ટિએ હું ગુનેગાર નીવડ્યો.

છોકરો તો રોતો જ હતો. રસોઇયો એના હાથ પર પાણી રેડતો હતો. છોકરાને કેટલું વાગ્યું છે એ જોવાનું મને મન થઈ આવ્યું. એમના ઓટલા પર જવાની તો મારી હિંમત હતી જ નહિ, એટલે ટેબલ પર ચડી અમારી સાદડીની દીવાલ પરથી હું ચોરની માફક જોવા લાગ્યો. મારે આમ જોવાની કશી જરૂર ન હતી, પણ મારાથી રહેવાયું નહિ. હું ઉપર ચડીને જોતો હતો, એટલામાં મારું દુર્દૈવ કે છોકરાની માની દૃષ્ટિ મારા પર પડી. માએ મને ગાળો દીધી હોત તોયે એ હું વધાવી લેત. પણ એની આંખમાં શુદ્ધ ઉદ્વેગ જ હતો. એણે કહ્યું, 'જો, આ તેં શું કર્યું છે!' માનું આ વચન મને તો સોયા જેટલું જ તીણું લાગ્યું. મારું મોઢું ઊતરી ગયું. હું બોલ્યો તો ખરો કે, 'મેં કશું કર્યું નથી;' પણ મારો અવાજ જ કહેતો હતો કે મારા શબ્દમાં કશો અર્થ નથી.

માને એટલો આઘાત થયો હતો કે, એણે ન તો ઘરનાં માણસોને એની વાત કરી કે ન આઈ પાસે ફરિયાદ કરી. અતિ દુઃખ અને અતિ ઉદ્વેગથી એ શાંત જ રહી. પણ એણે મારી શાંતિનો પૂરતો નાશ કર્યો. કેટલાયે દિવસ સુધી મેં પડોશના લોકો આગળથી મારું મોં છુપાવ્યું. જ્યારે જ્યારે છોકરાની માને સામેથી આવતી જોઉં ત્યારે ત્યારે માથું નીચું ઘાલીને હું ત્યાંથી ખસી જાઉં. છોકરાનું તોફાન તો બંધ થયું, પણ એ જીત મને ભારે મોંઘી પડી.

દિવસો વહી ગયા. એ લોકોની ભાષા હું વધારે જાણતો થયો. એમની સાથે હું ભળી ગયો. પેલા છોકરાને રમાડવા પણ લાગ્યો. પણ ન એની માએ ફરી મારી પાસે પેલી વાત છેડી, ન મેં કોઈ કાળે એનો ઉલ્લેખ કર્યો. પેલો છોકરો એનું દુઃખ ભૂલી ગયો હશે, પણ હું મારી એ દિવસની દુષ્ટતાનો વિષાદ હજીયે ભૂલી શક્યો નથી.

૫૫

હિંદુ સ્કૂલમાં

નીતિ કે સદાચાર વિષે પ્રત્યક્ષ પહેલવહેલું ભાન કરાવનાર તો મારા મોટાભાઈ બાબા હતા. પણ યોગ્ય સમયે નીતિ અને ધર્મનું તાત્ત્વિક સ્વરૂપ અને ગાંભીર્ય હૃદય ઉપર ઠસાવનાર મારા પૂજ્ય શિક્ષક વામનરાવ દુભાષી એ જ ગણાય.

કારવારમાં એમણે 'હિંદુ સ્કૂલ' નામની ખાનગી સંસ્થા કાઢેલી. એમાં અંગ્રેજી પ્રાથમિક ત્રણ ધોરણ જ શરૂઆતમાં હતાં. ત્રણ શિક્ષકો એમાં કામ કરે. મહારાષ્ટ્રમાં અમે શિક્ષકોને એમની અટકથી ઓળખીએ. આશ્રમ જેવી સંસ્થાઓ હોય તો તેમાં અધ્યાપકોનાં 'અણ્ણા, નાના, તાત્યા, કાકા' વગેરે સગાઈસંબંધ-સૂચક નામો પાડેલાં હોય છે. પ્રો. વિજાપુરકર તે 'અણ્ણા', પ્રો. ઓક તે 'નાના', નારાયણશાસ્ત્રી મરાઠે તે 'મામા'. પણ કારવારમાં તો વિદ્યાર્થીઓ શિક્ષકોને તેમના નામથી જ સંબોધે. 'હિંદુ સ્કૂલ'ના ત્રણ શિક્ષકો તે વામન માસ્તર, હરિ માસ્તર અને વિઠ્ઠલ માસ્તર. આમાંના વિઠ્ઠલ માસ્તર બહુ પ્રભાવશાળી શિક્ષક નહોતા. પણ રમતમાં અમારી સાથે ખૂબ ભળે, એટલે તેઓ વિદ્યાર્થીપ્રિય થયા હતા.

મારો પહેલવહેલો પરિચય હરિ માસ્તર સાથે થયો, કેમકે તેઓ અંગ્રેજી બીજી ભણાવતા. મરાઠી ચોથી અને અંગ્રેજી પહેલીમાં મેં ગણિત ઠીક ઠીક કર્યું હતું. પણ અહીં તો ગણિત અંગ્રેજીમાં કરવું પડતું. બીજા ધોરણના વિદ્યાર્થીને ગણિત અંગ્રેજીમાં કરવું પડે એ અત્યાચાર છે એમ તે વખતે મનાતું નહિ. ગણિતનો કલાક આવે એટલે મારા પેટમાં ફ્રાસકો પડે. હરિ માસ્તર સ્વભાવે રજોગુણી. સહેજમાં ચિડાય ને સહેજમાં વહેમાય, જોકે તેઓ વિદ્યાર્થીઓમાં રસ ખૂબ લેતા. તેમને વ્યાખ્યાન આપવાની હોંશ પણ ભારે હતી, અને કંઈક ને કંઈક પ્રવૃત્તિ હાથમાં હોય ત્યારે જ

એમને શાંતિ મળતી. ટૂંકામાં કહીએ તો, અશાંતિની શાંતિના તેઓ શોખીન હતા.

છોકરાઓનું અંગ્રેજી સરસ કરી આપવું એ તે વખતની ઉત્તમ કેળવણીની કસોટી ગણાતી, અને નીતિનું શિક્ષણ આપવું એમાં શિક્ષકોને સમાધાન રહેતું. મને સ્મરણ છે કે, અંગ્રેજી બીજીમાં મેં સહેલી અંગ્રેજી કવિતાઓ ખૂબ કરેલી; અને ત્રીજીમાં તો 'લેડી ઑફ ધ લેઈક'માંથી બસો જેટલી લીટીઓ પણ કરી નાંખી હતી! 'હિંદુ સ્કૂલ'માં બે વર્ષમાં મારો અંગ્રેજીનો પાયો એટલો તો સરસ પાકો થયો કે મૅટ્રિક સુધી અંગ્રેજીમાં હમેશ હું સૌથી ચડિયાતો ગણાતો. કૉલેજમાં પણ અંગ્રેજીમાં મને ખૂબ ગુણ મળતા. પણ સદ્‌ભાગ્યે ભાષા કરતાં જ્ઞાનનો જ મોહ મને વધારે હોવાથી, કોઈ પણ ભાષામાં પ્રાવિણ્ય મેળવવાનો મેં પ્રયાસ કર્યો નથી. આજે પણ પોતાના વિચારો જેમ તેમ વ્યક્ત કરતાં આવડે એટલે મને સંતોષ થાય છે.

હરિ માસ્તરને છીંકણીની ટેવ હતી. એનું તેમને માઠું લાગતું ને નિખાલસપણે વર્ગમાં તેઓ કહેતા પણ ખરા કે, 'આ બહુ ખરાબ વ્યસન છે. મેં કેટલાયે પ્રયત્નો કર્યાં પણ એ છૂટતું નથી.' મારા ભોળા સ્વભાવ પ્રમાણે એમનું કહેવું હું સાચું જ માનતો. છતાં તે વખતે ઊંડે ઊંડે મને થતું કે, છીંકણીના વ્યસન પ્રત્યે એમને હાર્દિક અણગમો નથી. આ એક વ્યસન છે, ખરાબ છે, એટલું તત્ત્વતઃ સ્વીકારીએ અને પોતાની અશક્તિનો નિખાલસ એકરાર કરીએ એટલે બહુ થયું એમ તેઓ અંદરખાનેથી માનતા હશે, એવી અસ્પષ્ટ છાપ તે વખતના મારા બાળમાનસ ઉપર પણ પડયા વગર રહી નહિ.

કોંકણની ફૅશન પ્રમાણે હરિ માસ્તરની શિખાનો જથ્થો મોટો અને લાંબો હતો. વર્ગમાં તેઓ ઘણુંખરું ઉઘાડે માથે જ બેસતા. ભણાવવાનો રસ બરોબર જામે એટલે અજાણતાં એમનો હાથ એકાદ લાંબા વાળને પકડી જીભ તરફ લાવે, અને પછી જીભ તથા આંગળી વચ્ચે વાળની મદદથી ગજગ્રાહ ચાલે. વાળ મોઢામાં નાખવા એ ગંદું છે એમ નાનપણથી ઘરના સંસ્કાર હોવાથી, મને હરિ માસ્તરની આ ટેવ બહુ વિચિત્ર લાગતી, ને એને લીધે વર્ગમાં મારી

એકાગ્રતામાં ભંગાણ પડતું. છએક મહિના સુધી હું એમના હાથ તળે ભણ્યો, પણ મારી એ સૂગ જરાયે ઓછી થઈ નહિ.

હરિ માસ્તર ભણાવવામાં કુશળ. ઉચ્ચાર તરફ ખાસ ધ્યાન આપે. કેટલાક સંસ્કૃત શ્લોકો અમારી પાસે મોઢે કરાવે. ભાષાંતર તરફ પણ એમનું ખાસ લક્ષ રહેતું. એમની જન્મભાષા કોંકણી એટલે એમને મરાઠી કંઈક ઓછું આવડે. વર્ગમાં શુદ્ધ મરાઠી જાણનાર હું એકલો જ. બાકીના બધા વિદ્યાર્થીઓ ઘરમાં કોંકણી બોલે અને નિશાળમાં કાનડી શીખે, એવી સ્થિતિ હતી. અમારા વર્ગમાં ભાષાંતર બંને ભાષામાં ચાલતું. એ રીતે જ કાનડી ભાષા સાથે મારો પ્રથમ પરિચય થયો. પોતાને મરાઠી ભાષા ઓછી આવડે છે એ હકીકત છાની રાખવાનો પ્રયત્ન હરિ માસ્તરે કોઈ કાળે કર્યો નહિ. મને સ્મરણ છે કે, એક બે વાર જાહેર ભાષણમાં એમને યોગ્ય શબ્દ ન સૂઝેલો ત્યારે મને પાસે બોલાવી મારી પાસેથી એમણે એ જાણી લીધેલો.

હરિ માસ્તરના સહવાસથી હું એમનાથી કંઈક ડરતાં શીખ્યો; પણ સાથે સાથે, હમેશાં સાચું જ બોલવું એ વસ્તુનું મહત્ત્વ પણ એમની પાસેથી જ એમના અજાણતાં હું શીખ્યો. હિંદુ સ્કૂલમાં હું જૂઠું બોલ્યો હોઉં એવો એક પણ પ્રસંગ મને યાદ નથી. પ્રથમ પ્રથમ તો અમે જૂઠું બોલવાનો મોહ નિવારીને સાચું કહી દઈએ એટલે હરિ માસ્તર અમને મારી બક્ષતા. પણ આગળ જતાં સત્ય બોલવા માટે આટલી લાલચ આપવી એ પણ એમને ગમ્યું નહિ, એટલે ઘણી વાર અમે સાચું બોલીને પણ યથાસ્થિત માર ખાતા!

અમે ખંતથી ભણીએ એટલા માટે હરિ માસ્તરે એક મજાની યુક્તિ શોધી કાઢી હતી. શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરતાં આજે મને એનું મહત્ત્વ અસાધારણ લાગે છે. નાનપણથી અમને ગુણની, પહેલા નંબરની, હરીફાઈની અને બ્લૅક બેન્ચની ટેવ હતી. હરીફાઈને લીધે સૌમ્ય સ્વરૂપમાં પણ એમ જ લાગતું કે, બધા વિદ્યાર્થીઓ આપણા શત્રુ છે અને તેમની સામે લડીને પહેલ કરવી છે. મારા જેવા પહેલા નંબર વિષેના ઉદાસીન વિદ્યાર્થીઓ આ હરીફાઈના ઝેરમાંથી બચી જતા. પણ પહેલા નંબરના લોભિયા વિદ્યાર્થીઓ આથી ઘણી વાર અદેખા, જ્ઞાનચોર, સ્વાર્થી અને

ચુગલીખોર બની જતા. એમને તો ત્રણ જાતની મહેનત પડતી: વિષય શીખવો, હરીફની શક્તિ-અશક્તિ ઉપર ચોકી રાખવી, અને શિક્ષકની ખુશામત કેવી રીતે થાય તે શોધી કાઢવું. પ્રાચીન કાળથી વાગ્યુદ્ધોના પ્રચારને લીધે આ બધા દુર્ગુણો આપણા વિદ્વાનો અને ગુણીજનોમાં વધેલા જોવામાં આવે છે. ગુલામીનાં અનેક કારણોમાં આ એક બળવાન કારણ છે.

હરિ માસ્તરે એ હરીફાઈનું તત્ત્વ જરાક વ્યાપક કરી એના પેટમાં સહકારનું તત્ત્વ દાખલ કર્યું. તે વેળા આ ઊંડી ફિલસૂફી તેમના ધ્યાનમાં હશે એમ મને નથી લાગતું. એમણે અમારા વર્ગની બે ટુકડી પાડી. અથવા સાચું કહું તો, વર્ગને બે ટુકડીમાં વિભક્ત થવાનું સ્વરાજ આપ્યું. દર અઠવાડિયે એક એક ટુકડીના તમામ વિદ્યાર્થીઓના ગુણનો સરવાળો કરવામાં આવતો. જે ટુકડીના ગુણ વધારે જણાય તે પહેલા નંબરની ટુકડી ગણાતી ને તેને શિક્ષકની જમણી બાજુ બેસવાનો હક મળતો. આ યોજના થયા પહેલાં, નંબરના ભૂખ્યા ચારપાંચ વિદ્યાર્થીઓમાં જ હરીફાઈ ચાલતી ને તેઓ જ ભણતર તરફ વિશેષ ધ્યાન આપતા. ઉપરાંત, મારા જેવો કોઈ રડ્યોખડ્યો વિદ્યાર્થી હરીફાઈ વગર ભણવામાં રસ રાખતો. બાકીના નીચલા બધા વિદ્યાર્થીઓ, મહિષવૃત્તિ ધારણ કરી બેસી જતા. આપણે ક્યાં પહેલો નંબર મેળવવો છે, એવું સનાતની સમાધાન કેળવવામાં જ તેઓ શ્રેષ્ઠતા સમજતા.

પણ આ નવી વ્યવસ્થા પછી તીવ્ર તેમ જ મંદ દરેક વિદ્યાર્થીને પોતાથી બનતો પ્રયત્ન કરવાનો ઉત્સાહ ઊપજ્યો. પોતે પહેલો નંબર ભલે ન મેળવી શકે, પણ પોતાની ટુકડીને પહેલો નંબર અપાવવામાં તો કંઈક મદદ જરૂર થાય, એ ખ્યાલથી બધા જ વિદ્યાર્થીઓ ભણવા લાગ્યા. આગળ જતાં અમે પોતાની ટુકડીના કાચા અને મંદ વિદ્યાર્થીઓને ઘેર બોલાવીને પણ મદદ કરવા લાગ્યા. એકબીજાને ચોપડીઓ આપીએ, ન સમજાય તે સમજાવીએ, ખાસ ધ્યાન રાખવા લાયક શું છે તે તારવી કાઢીને આપીએ, અને કાંઈ નહિ તોયે ગમે તે પરિસ્થિતિમાં સમભાવનો ખોરાક જરૂર આપીએ. એક મહિનાની અંદર આ વ્યવસ્થાનો લાભ અમને પણ પ્રત્યક્ષ થયો. અમારો ભ્રાતૃભાવ વધ્યો, સંઘવૃત્તિ

જામી, અમે એકબીજાને ઘેર જવા લાગ્યા, અને ભણતર ઉપરાંત પણ એકબીજાને મદદ કરવા લાગ્યા.

આ થયો અંતસ્થ લાભ. પણ બે ટુકડી વચ્ચે હવે હરીફાઈ વધુ ને વધુ તીવ્ર થવા લાગી. સામી ટુકડીના માણસને મદદ કરાય જ નહિ. એ લોકોની ખામીઓ જેમ જેમ અમારા ધ્યાનમાં આવે તેમ તેમ અમને હર્ષ થાય. હિંદુ સ્કૂલમાં મળતી નૈતિક કેળવણીને પરિણામે આ દોષ મારા ધ્યાનમાં આવ્યો. મેં મારા સ્વભાવ પ્રમાણે મારી ટુકડીના વિદ્યાર્થીઓને ઉદારતાની નહિ, સહભાવની નહિ, પણ મોટાઈની અપીલ કરી. સામા પક્ષને કોઈ પણ વિદ્યાર્થી આપણી પાસે મદદ માગે તો પોતાની ટુકડીને મદદ કરીએ એના કરતાંયે એને વધારે મદદ કરીએ, એમાં આપણી મોટાઈ છે, એમ છાતી ફુલાવીને મેં મારી ટુકડીવાળાઓને સમજાવી દીધું. આનું પરિણામ પણ સારું આવ્યું એમ કહેવાની જરૂર નથી.

થોડા દિવસ પછી તો બંને ટુકડીનાં બે રાજ્યો ગણાવા લાગ્યાં. ટુકડીનો નાયક તે રાજા. પછી પ્રધાન, સેનાપતિ વગેરે બધા જ હોદ્દેદાર નિમાયા. આ રાજ્યવ્યવસ્થામાં મને બંને રાજ્યો વચ્ચેના ઝઘડાનો નિવેડો આણનાર ન્યાયાધીશ નીમવામાં આવ્યો. વર્ગમાં હું એક ટુકડીની પ્રજા ગણાઉં, પણ વર્ગ બહાર બે ટુકડી વચ્ચેનો ન્યાયાધીશ. હવે હું જોઉં છું કે, મારાં લખાણોમાં, ભાષણોમાં, તેમ જ ચર્ચામાં નૈતિક મુદ્દાનું જે મહત્ત્વ ફરી ફરી આવી જાય છે, એનું મૂળ કારણ આ હિંદુ સ્કૂલમાં ગાળેલું મારું જીવન જ છે. જીવતરામ (કૃપાલાની) મને ઘણી વાર કહે છે કે, ટાણે ને કટાણે તું નીતિની જ વાતો કર્યા કરે છે તેથી માણસો તારાથી સહેજે દૂર થઈ જાય છે. એનું કારણ પણ આ મૂળમાં જ હોવું જોઈએ.

ન્યાયાધીશ થયા પછી ચોવીસે કલાક હું નીતિ અને ઇન્સાફનો જ વિચાર કરવા લાગ્યો. મારી બાલોચિત સ્વાભાવિકતા નષ્ટ થઈ. ન્યાયાધીશ તરીકે વિદ્યાર્થીઓને હું હુકમ કરવા લાગ્યો. એકાદ તોફાની છોકરો હુકમ માને નહિ એટલે મનમાં બળ્યા કરું. પણ તે ક્ષણ પૂરતું જ. મનમાં કીનો રહેતો નહિ એટલું જ નહિ, પણ એવો છોકરો ક્વચિત્ ગુનેગાર તરીકે મારી કોર્ટ સમક્ષ આવતો તો ન્યાયપરાયણતા સિદ્ધ કરવા ખાતર જાણીજોઈને એની તરફેણમાં જ હું વધારે ઝૂકતો.

આથી, જોકે મારી પ્રતિષ્ઠા વધી પણ સ્વાભાવિકતા ગઈ. અને એ ભોગ કંઈ નાનોસૂનો નહોતો.

બીજીમાંથી હું ત્રીજીમાં ગયો ત્યારે વામન માસ્તર સાથેનો મારો પરિચય વધ્યો. એમની અસર તો મારા ઉપર આના પહેલાં જ શરૂ થઈ હતી. દર રવિવારે વામન માસ્તર અને હરિ માસ્તર મળીને એક ધાર્મિક વર્ગ ચલાવતા. એમાં સરકારી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પણ આવતા. કાંઈક નૈતિક, ધાર્મિક વિષયો ઉપર પ્રવચન થતું. આગળ જતાં એમણે હરિશ્ચંદ્રાખ્યાન શરૂ કર્યું. ઓવીઓ વાંચતા જાય અને વિવરણ કરતા જાય. હરિ માસ્તરની બોલવાની અને વિવરણ કરવાની છટા બહુ સુંદર હતી. પણ વામન માસ્તરમાં લાગણી (Earnestness) અને ગંભીરતા વધારે હતી. જીવન જેવા પવિત્ર વિષય વિષે આપણે બોલીએ છીએ એનું ભાન એમનામાં સ્પષ્ટ દેખાતું હતું. છતાં એમાં કૃત્રિમતાનો અંશ ન મળે. હું જેમ જેમ તેમનાં પ્રવચનો સાંભળતો ગયો તેમ તેમ, 'આ સામાન્ય માસ્તર નથી પણ કોઈ ભવ્ય પુરુષ છે' એવી મારી ખાતરી થવા લાગી, અને અજાણ્યે હું એમનો ભક્ત થવા લાગ્યો.

એમને પોતાની રોજનીશી લખવાની ટેવ હતી. એક જાડી સરખી નોટ બાંધેલી, તેમાં રોજ લખ્યે જ જાય, લખ્યે જ જાય. તેઓ બધું અંગ્રેજીમાં લખતા. રોજ એ નોંધપોથી વર્ગમાં સાથે લઈ આવતા. અને અમે દાખલા ગણતા હોઈએ તે દરમ્યાન કંઈક ને કંઈક એમાં ઉમેરતા જ હોય. બાલોચિત જિજ્ઞાસાથી ક્વચિત્ અમે એ હાથમાં લઈ એનાં પાનાંમાં ડોકિયું કરીએ, તોપણ અમને એ વઢતા નહિ કે વારતા નહિ. મને તો એક જ દિવસ એ નોંધપોથી હાથમાં લીધાનું સ્મરણ છે. મેં જે પાનું ફેરવ્યું એમાં ગ્રહણનું ચિત્ર હતું અને ગ્રહણ વિષે કંઈક લખેલું હતું.

વામન માસ્તર અંગ્રેજી સરસ ભણાવતા. મરાઠી કવિતા પણ એમની સાથે વાંચતાં અમને ખૂબ રસ આવતો. અમને ત્રીજી ન્યૂ રૉયલ રીડર ચાલતી. એમાં બીજો જ પાઠ માતાના હેત વિષેની કવિતાનો હતો. તે દિવસે વામન માસ્તર વર્ગમાં આવ્યા. હાથમાં ચોપડી હતી નહિ. ખુરશી ઉપર બેસવાને બદલે વર્ગમાં તેઓ આંટા મારવા લાગ્યા, અને એમણે એકાએક સરસ વર્ણન શરૂ કર્યું. 'એક

મોટું જંગલ છે. ધોધમાર વરસાદ વરસે છે; વરસાદ સાથે હિમ પણ છે. એક બાઈ પોતાના બાળકને છાતી સરસો ચાંપી ઉતાવળે ઉતાવળે એ જંગલમાંથી જાય છે. બરફ વધારે પડવા લાગ્યો; ચાલવું મુશ્કેલ થઈ ગયું. માને બીક પેઠી કે બાળકથી આટલી ટાઢ ખમાવાની નહિ. એટલે ઝટ એણે પોતાનો ઓઢવાનો મોટો ડગલો ઉતાર્યો અને બાળકને એમાં વીંટાળી દીધું, અને પોતે ટાઢમાં ધ્રૂજતી ધ્રૂજતી આગળ ચાલી.'

આવું કાવ્યમય અને અંતઃકરણને પિગળાવી નાખે એવું વર્ણન એમણે અમને આપ્યું. અમારામાંના એકેએક જણનું હૃદય દ્રવી રહ્યું હતું. ત્યાર પછી એમણે, અમે સમજી શકીએ એવી અત્યંત સહેલી ભાષામાં, એ જ વાર્તા અંગ્રેજીમાં કહી સંભળાવી. એમાં બે ચાર જે નવા શબ્દો આવ્યા એના અર્થ ત્યાં ને ત્યાં જ કહી દીધા. આટલું કર્યા પછી તેઓ ખુરસી ઉપર જઈને બેઠા અને કહ્યું, 'ચાલો હવે પાઠ શરૂ કરીએ.' પાઠમાં શું છે એ જોવાની તો અમે તસ્દી લીધી હતી જ નહિ! જ્યારે કવિતા શરૂ થઈ ત્યારે અમને એ સાવ સહેલી જણાઈ. જોતજોતામાં અમે એ કવિતાના પ્રવાહ પર તરવા અને તણાવા લાગ્યા, અને જ્યારે

'Oh God!' She cried in accents wild,
'If I must perish, save my child.'

આ લીટીઓ આવી ત્યારે તો વર્ગ આખો કરુણ રસમાં ડૂબી ગયો. આ વર્ગ ચાલે છે અને પાઠ શીખીએ છીએ એ ભાન પણ કોઈને ન રહ્યું!

એ જ પ્રમાણે 'The Blind Boy'ની કવિતા એમણે અમને ભણાવેલી. એમની વાંચવાની છટા એવી તો સરસ હતી કે, શબ્દો ન જાણીએ તોયે અર્થ મનમાં ઠસી જાય. છતાં એમના વાંચવામાં નાટકી હાવભાવ હોતા નહિ.

કવિતાઓ સાથે નીતિનો બોધ પણ તેઓ અમને આપતા. આજકાલના શિક્ષકો અને સાહિત્યસેવકો નીતિના બોધથી હમેશાં કંટાળે છે. પ્રત્યક્ષ બોધ એ નીરસ અને નિષ્પરિણામી વસ્તુ છે, એવી આજની સાર્વત્રિક માન્યતા છે. મને જરાયે શંકા નથી કે, આ માન્યતાનું કારણ બોધ આપનારની લાગણીનું છીછરાપણું છે.

વામન માસ્તરે અમારા ઉપર એવી તો છાપ પાડી કે સત્યયુગના Knight (ધુરંધર) જેવો ઉત્સાહ અને પુરુષાર્થ અમારામાં આવી ગયો.

એક દિવસ નીચલા વર્ગનો એક છોકરો કંઈ કારણસર અમારા વર્ગમાં આવ્યો. એ સાવ ગામડિયો હતો. એનાં કપડાં બહુ અવ્યવસ્થિત હતાં. પહેરણ વગર જ એણે કોટ પહેર્યો હતો; ને એ કોટની અંદર એની છાતી માતી નહોતી, એટલે એનાં બટન પણ ખુલ્લાં હતાં.

પ્રસન્નતાથી હસતો એ છોકરો અમારા વર્ગમાં આવ્યો. વામન માસ્તરે એને કોટનાં બટન ભીડવાનું કહ્યું. માસ્તરની આમન્યા રાખવા ખાતર એણે જરાક પ્રયત્ન કર્યા જેવું કર્યું; પણ એ જાણતો જ હતો કે, ગમે તેટલો પ્રયત્ન કરવા છતાંયે બટન ગાજ સુધી પહોંચવાનાં નથી. અમે બધા હસવા લાગ્યા. કામ પતાવીને છોકરો પાછો ગયા પછી વામન માસ્તરે અમને સૌને ઠપકો આપીને કહ્યું, 'એ છોકરાની તંદુરસ્તી કેવી હતી તે તમે જોયું? એના જેવો નિર્દોષ અને આરોગ્યવાન તથા ઊછળતા લોહીવાળો તમારામાં કોણ છે? એની એ ઉઘાડી છાતીની તો અદેખાઈ જ આવે. ઘરમાં એ સખત મહેનત કરતો હશે અને સાદું જીવન ગાળતો હશે. અને કેટલી નિખાલસતાથી એ હસતો હતો! એ છોકરાને મન તો આજે પણ સત્યયુગ જ ચાલે છે. આરોગ્ય અને શક્તિ ઘી દૂધ કે બદામ પિસ્તાંમાં નથી, પણ આવા શુદ્ધ, સ્વતંત્ર અને મહેનતુ જીવનમાં છે.' અમને વસ્તુનું ખરું મહત્ત્વ માપવાની નવી દૃષ્ટિ મળી.

અમે ત્રણેક જણ સરકારી અમલદારના દીકરાઓ હતા. ભણવામાં પણ અમે ત્રણ જણ કંઈક વિશેષ. આમ બુદ્ધિમત્તા અને સામાજિક પ્રતિષ્ઠામાં શ્રેષ્ઠ હોવાથી, અમારામાં અજાણ્યે ને અસ્પષ્ટ એવો ભાવ હતો કે, અમે જ સૌથી સારા છીએ; જોકે મનમાં અહંકાર પેદા થાય એટલું સ્પષ્ટ એ ભાન ન હતું, કેમકે આખરે અમે મુગ્ધ તો ખરા જ. બધા સાથે સમાનતાથી જ વર્તતા. પણ આજે જ્યારે એક સાવ અશિષ્ટ ગામડિયો છોકરો અમારાથી શ્રેષ્ઠ ઠર્યો ત્યારે સારાનરસાની એક નવી જ કસોટી અમારા હાથમાં આવી: અમે 'ડેમોક્રસી' શીખ્યા.

૫૬

સિંહનાદ

'ઘણાં વરસો થઈ ગયાં છે; આપણે કુલદેવને દર્શને ગયાં નથી. કેટલીયે માનતાઓ પૂરી કરવાની રહી ગઈ છે; કુલસ્વામીનો કોપ થશે.'— એમ આઈને કહેતાં મેં સાંભળ્યાં હતાં. અને દર વખતે પિતાશ્રી કહેતા કે, "રજા મળે કે તરત જ 'ઘાટાખાલી' જઈશું." ઘાટાખાલી એટલે ઘાટ તળે કોંકણમાં અમારા કુલદેવ મંગલેશ અથવા મંગેશનું સ્થાન છે તે.

ગોવામાં પોર્ટુગીઝ લોકોનું રાજ્ય થયું ત્યારે ધાર્મિક જુલમનો પાર ન રહ્યો. એ લોકોએ અસંખ્ય બ્રાહ્મણો અને ઇતર હિંદુઓને જબરદસ્તીથી વટલાવ્યા. મંદિરો તોડીને એની 'ઇગરજીઓ' (ખ્રિસ્તી દેવળ) બનાવી. અમુક હદની અંદર ખ્રિસ્તી દેવળ સિવાય કોઈ પણ મંદિર હોઈ જ ન શકે. કોઈ બાંધવા જાય તો તે ગુનો ગણાય. સરઘસો તો કઢાય જ નહિ. એવા એવા કાયદાઓ કરવામાં આવેલા. આમાંના ઘણાખરા કાયદા તો અત્યાર સુધી પળાતા. હમણાં હમણાં પોર્ટુગાલમાં જ્યારે રાજ્યક્રાંતિ થઈ અને પ્રજાસત્તાક રાજ્ય નિમાયું, ત્યારે આ ધાર્મિક જુલમ અને હાડમારીઓ બંધ થઈ. હાલની સરકાર ધર્મશૂન્ય નાસ્તિક છે. એની દૃષ્ટિએ બધા જ ધર્મો વહેમનાં સ્વરૂપો છે. બધા જ ધર્મો પ્રત્યે આજની ત્યાંની સરકારની સરખી ઉપેક્ષા છે.

ધાર્મિક જુલમોના એ દિવસોમાં, અમારી ન્યાતના કેટલાક ગોવાના આગેવાનોએ, પોતે ભ્રષ્ટ થઈએ પણ કુલદેવની મૂર્તિને ભ્રષ્ટ ન જ થવા દઈએ, એવો વિચાર કરી રાતોરાત મંદિરમાંથી કુલદેવને ખસેડ્યા, અને કાયદાની હદ બહારને સ્થાને એમની સ્થાપના કરી. આ નવું સ્થાન આજે મંગેશીને નામે પ્રસિદ્ધ છે. મહાદેવને બચાવનાર પોતે તો બચી શકે એમ હતું જ નહિ. વાડીવજીફા, સગાંવહાલાં બધાંને છોડીને એ ક્યાં નાસી જાય? એટલે એમણે ક્રમને અને

બળતા હૃદયે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો; નિયમિત રીતે ચર્ચમાં જવા લાગ્યા; પણ ઘરમાં તો સોમવાર, એકાદશી, શિવરાત્રી એ બધું બરોબર ચાલે, પરંતુ પાદરીને એની ખબર પડવા ન દે. કન્યાઓ પરણાવવી હોય ત્યારે પણ પોતાની ન્યાતમાંથી જ ખ્રિસ્તી થયેલા ગોત્રપ્રવર જોઈને પછી આપે.

આખરે ઈ. સ. ૧૮૯૯માં અમે મંગેશી ગયા. દક્ષિણ તરફનાં ઘણાં મંદિરો અમુક ન્યાતનાં જ અથવા અમુક કુટુંબોનાં જ હોય; એટલે કે, એ કુટુંબના લોકો જ ત્યાં પૂજા કરવા આવે. આવાં મંદિરોની આવક સારી હોય છે અને એ આવકની વ્યવસ્થા એ ન્યાતનાં પંચોના હાથમાં જ રહે છે. ગોવામાં અમારી ન્યાતનાં આવાં પાંચ છ મંદિરો જુદે જુદે ઠેકાણે છે. અમે મંગેશી જઈ લગભગ એક મહિના સુધી રહ્યા. ચારે બાજુ ઊંચી ઊંચી ટેકરીઓ; ઠેકઠેકાણે નાળિયેર, સોપારી અને કાજુનાં ઝાડ; ખેતી મુખ્યત્વે ડાંગરની; કેળનાં ઝાડ તો દરેક ઘરના આંગણામાં હોય જ; અને જંગલમાં જ્યાં જુઓ ત્યાં પિટકુળીનાં લાલ સુંદર પણ ગરીબ ફૂલો. અમે જઈએ એટલે અમારા ગોરના મોટા પ્રશસ્ત ઘરમાં જ રહીએ. મંગેશીમાં અમારે કેટલાયે લઘુરુદ્ર, મહારુદ્ર વગેરે અભિષેક કરવાના હતા.

મંગેશીનું મંદિર જોવા લાયક છે. મંદિર, મસ્જિદ અને ચર્ચ ત્રણેની શોભા એમાં ભેગી થયેલી છે. અને મંદિરનો વૈભવ તો નાનકડા દેશી રાજા જેવો. મંદિર આગળ મિનારા જેવી એક ઊંચી દીપમાળ અને તેની અંદરથી ઉપર જવાનાં પગથિયાં. રોજ રાત્રે દીપમાળની ટોચે મોટું ફાનસ દીવાદાંડીની પેઠે બળતું રહે, જે પરથી અંધારી રાત્રે મુસાફરો જાણી શકે કે અહીં મંગેશીનું મંદિર છે. મંદિર બહાર ચારે બાજુઓથી ઘાટ બાંધેલું રૂપાળું તળાવ. મહાદ્વાર ઉપર અષ્ટોપ્રહર ચોઘડિયાં વાગે. મંદિરની અંદર પણ નગારાં વાગે. મહાદેવની બે બાજુ કોડીબંધ નંદાદીપ અખંડ બળ્યા કરે. અને રહી રહીને ગોર તથા ભક્તોનાં મોંમાંથી મહાદેવનો જયજયકાર સંભળાયા કરે.

મારી ઉંમર નાની એટલે મને પૂજામાં તો કોઈ બેસવા ન દે. મેં સંકલ્પ કર્યો કે, 'મંગેશીમાં છું ત્યાં સુધીમાં મહાદેવને રોજ સો

ઘડા પાણીનો અભિષેક કરું.' કૂવામાંથી સો ઘડા પાણી ખેંચી કાઢવું એ મારે માટે એ ઉંમરે સહેલી વાત ન હતી. પણ સંકલ્પ કર્યો તે કર્યો. થોડા દિવસ પછી મારી કેડમાં દુખાવો શરૂ થયો. બેસતાં કે ઊઠતાં ભારે કળતર થાય. દીવાલની ખીંટીએ દોરી બાંધી એને પકડીને ઊઠું, ને એ જ રીતે બેસું. છતાં પાણી ખેંચવાનું તો ચાલુ જ રહેતું. એ દિવસો મારા કર્મકાંડી મુગ્ધ ભક્તિના હતા. આખો દિવસ અને રાત્રિના પણ કેટલાયે કલાક હું મંદિરમાં જ ગાળતો.

એક દિવસે અમારા ગોર ભિક્કમ્ ભટજીએ મને કહ્યું કે, 'અભિષેક ચાલતો હોય અને જો મહાદેવ સેવાથી પ્રસન્ન થાય, તો મહાદેવના લિંગમાંથી સિંહનાદ સંભળાય છે.' મેં પૂછ્યું, 'સિંહનાદ એટલે શું?' ભટજીએ કહ્યું, "ભમરો બોલે છે અથવા ભમરડો બોલે છે ને, તેવો ઘોર ગંભીર घुडङ्ङ् એવો અવાજ. મહાદેવની 'પિંડી'-માંથી એ નીકળે છે." પ્રથમ તો મને એનો વિશ્વાસ જ ન બેસે. કળજુગમાં એવી વસ્તુ બને જ કેમ? પણ ભટજીએ મને ફરી ફરી કહીને એની ખાતરી આપી.

તે દિવસે રાત્રે મને ઊંઘ ન આવે. સો ઘડાના સંકલ્પથી શું મહાદેવ મારા પર પ્રસન્ન ન થાય? મેં એવાં તે કેટલાંક પાપો કર્યાં હશે કે મારી સેવા છેક જ એળે જાય? હું જૂઠું બોલ્યો હોઉં, ચોરીને ખાધું હોય, જાનવરોને અને જીવડાંને પીડ્યાં હોય, તે બધું યાદ કરી કરીને મેં મંગેશ મહારુદ્રની ક્ષમા યાચવા માંડી. 'એક વાર જો સિંહનાદ સંભળાય તો મરણ સુધી તારો ભક્ત થઈને રહીશ. પછી તને ન ગમે એવું એકે કર્મ નહિ કરું,' એવી મહાદેવને ખાતરી આપવા લાગ્યો. છતાં સિંહનાદ સાંભળવાને આપણે ભાગ્યશાળી થઈશું એવી પોતાના મનને કેમે કરીને ખાતરી ન થાય. આપણી ભક્તિ જ મોળી; આપણી શ્રદ્ધા જ કાચી; સિંહનાદ સાંભળવાનું તો કોઈ ભાગ્યવાનને લલાટે લખાયું હોય; એમ વિચારી હું પોતાને નિરાશાનું આશ્વાસન આપતો. આમ કેટલાક દિવસો વીતી ગયા.

એક દિવસે મારો સોમો ઘડો જળાધારીમાં રેડી હું બહાર નીકળતો હતો એટલામાં 'ઘુડ્ડડ્ડ્' એવો અવાજ સંભળાયો. પ્રથમ તો મારા કાન પર મારો વિશ્વાસ જ ન બેસે. मनीं वसे तें स्वप्नीं ॥

દિસે,' એમ મેં માન્યું. પણ એવો ભ્રમ હોય તો કેટલો વખત ચાલે? સિંહનાદ તો વધ્યો અને સ્પષ્ટ સંભળાવા લાગ્યો. મેં ગોંદુને બોલાવીને કહ્યું, 'નાના, સાંભળ; તને સિંહનાદ સંભળાય છે?' વિસ્મયથી આંખો વિકસાવીને ઉઘાડે મોંએ એ સાંભળતો રહ્યો. આખરે એ બોલ્યો, 'દત્તુ, સાચે જ તને દેવ પ્રસન્ન થયા છે.'

મારી ધન્યતાનો તો પાર ન હતો: નાનપણથી જ ભક્તિ કર્યાનું, પૂજાસેવા અને નામસ્મરણ કર્યાનું આજે ફળ મળ્યું! હવે તો આપણે આખી જિંદગી સેવામાં ગાળવાના. બળ્યો બધો દુન્યવી વહેવાર. મહાદેવ પ્રસન્ન થયા! સિંહનાદ સંભળાયો! હવે એથી વધારે શું જોઈએ? ઈશ્વરનો વરદ હસ્ત આપણે માથે છે.

જમતી વખતે ગોંદુએ બધાંને સિંહનાદની વાત કહી દીધી. આઈ રાજી થયાં. પિતાશ્રી કશું બોલ્યા નહિ, પણ એમનોયે આનંદ ચોખ્ખેચોખ્ખો દેખાતો હતો. હું તો વિજયી મુદ્રાથી દરેકના મોં તરફ જોવા લાગ્યો અને દરેક જણ પાસેથી અભિનંદનનો કર ઉઘરાવવા લાગ્યો. તે દિવસે રાત્રે અને બીજે દિવસે સવારે મેં મારો નામસ્મરણનો સમય બમણો કર્યો. આસપાસ બીજા સૂતા હોય એનો જરાય વિચાર કર્યા સિવાય ઘાંટો પણ ચડાવી દીધો: 'सांब सदाशिव, सांब सदाशिव, जय हरशंकर, जय हरशंकर॥' આમ કેટલાયે દિવસ ગયા. એટલામાં ફરી બે વાર સિંહનાદ સંભળાયો. આ જ સ્થિતિમાં હું કાયમ રહેત તો કેવું સારું!

અમારા ગોંદુમાં નાનપણથી વિજ્ઞાનદૃષ્ટિ કાંઈક વિશેષ હતી. કોઈને કશું કહ્યા વગર એ સિંહનાદનું મૂળ શોધવા લાગ્યો. એણે મન સાથે નક્કી કરેલું કે આમાં કાંઈક ભેદ હોવો જોઈએ. રોજ કલાકો સુધી એ ગર્ભાગારમાં જઈ અભિષેકપૂજા ચાલે તે જોવા બેસતો. એક દિવસે અચાનક એ મારી પાસે આવી મને કહે, 'દત્તુ ચાલ, તને એક મજા બતાવું.' હું એની સાથે મંદિરમાં ગયો. મંગેશીના મહાદેવ એટલે એક પુરાણપ્રસિદ્ધ ખરબચડી શિલા. પ્રાચીન કાળમાં એક ગાય એ શિલા ઉપર પોતાનું દૂધ છોડી એને પયસ્નાન કરાવતી, તે દિવસથી એ શિલાનું માહાત્મ્ય પ્રગટ થયેલું. એ શિલા ઉપર જળાધારીમાંથી પાણી પડે એટલે શિલા ઉપરનાં ફૂલો આમતેમ ખસી જાય. શિલા ખરબચડી હોવાથી તેમાં વચ્ચે વચ્ચે

એક એક તસુ ઊંડા ખાડા હતા. ગોંદુએ શિલાના થાળામાંથી પાણી બહાર જતું હતું ત્યાં પોતાનો હાથ મૂકી પાણી રોક્યું અને જળાધારી બીજા હાથ વડે જરા ખેંચી. ધારા બરોબર અમુક ઠેકાણે પાડવા માંડી કે તરત જ સિંહનાદ શરૂ થયો !

મને જ્ઞાનાનંદ થવાને બદલે ભારે દુઃખ થયું. મારી એક આખી સૃષ્ટિ ભાંગી પડી. ગોંદુએ કહ્યું કે, 'આજે સવારે ઘણાં ફૂલ થાળાના આ છેડા ઉપર ભેગાં થયેલાં ને પાણી વહેતું અટક્યું હતું તથા જળાધારી ઝોલા ખાતી હતી ત્યારે મેં સિંહનાદ સાંભળ્યો. બરાબર આ જ ઠેકાણે પાણીની ધારા પડે એટલે અવાજ થાય; ધારા ખસી જાય એટલે અવાજ બંધ. એટલે લાગલા જ મેં મારા પ્રયોગો શરૂ કર્યા અને એક કલાકની અંદર સિંહનાદ હાથ આવ્યો. હવે તું કહે ત્યારે અને કહે તેટલો લાંબો સમય તને સિંહનાદ સંભળાવી શકું.'

ગોંદુના હાથમાંથી જળાધારી લઈ મેં પણ એ પ્રયોગ અનેક વાર કર્યો. દરેક વખતે સિંહનાદ બરોબર સંભળાય ! મનની ખાતરી થઈ કે, આમાં દૈવી ચમત્કાર નથી; ભૌતિક નિયમોનો એ ખેલ છે.

આની અસર મારા જીવન પર શી થઈ તે હું ન લખું એ જ સારું. મારા એક મુરબ્બીએ મારી આ વાત સાંભળી કહેલું, 'તારી વાત તો દયાનંદ સરસ્વતી જેવી લાગે છે.' ત્યાર પછી જ દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર મેં વાંચ્યું, અને તે પણ સમભાવ અને આદરપૂર્વક.

૫૭

શિક્ષકની ઈર્ષ્યા

નાનપણથી મને 'કૉપી' કરવા બાબતની ભારે ચીડ હતી. બીજા છોકરાની પાટી કે ચોપડીમાં જોઈને જવાબ લખ્યાનો એકેય દાખલો મારા જીવનમાં નથી. પરીક્ષા વખતે પડોશના છોકરાને પૂછવું અથવા છાની ચોપડી રાખી એમાંથી જવાબ જોઈ લેવો, પહેરણની બાંય ઉપર પેનસિલથી ઉપયુક્ત માહિતી લખી રાખી પરીક્ષામાં તેનો ઉપયોગ કરવો, શાહીચૂસ પર એક ખૂણે ઇતિહાસના સન લખી રાખવા, પડોશના છોકરા સાથે કાગળની અદલબદલ કરવી, વગેરે ચૌર્યશાસ્ત્રનાં તત્ત્વો હું બરાબર જાણતો, છતાં એકેય દિવસ મેં એનો ઉપયોગ કર્યો નથી. જે જે નિશાળે ગયો છું (અને મેં કંઈ ઓછી નિશાળો નથી જોઈ; કોઈ પણ નિશાળમાં એકસામટું એક વર્ષ તો મેં પૂરું કર્યું જ નથી.) તે તે નિશાળમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં મારી પ્રામાણિકતા સંશયાતીત રહેતી. શિક્ષકની ગેરહાજરીમાં વર્ગમાં કંઈ બનાવ બને અને શિક્ષક સુધી તકરાર જાય, તો બંને પક્ષના વિદ્યાર્થીઓ મારી સાક્ષી ટાંકે. અનેક વાર તો હું સાક્ષી આપવાની જ ના પાડું. પણ જેટલું કહું તેટલું સાચેસાચું.

એક વખતે કારવારમાં મારા એક દિલોજાન દોસ્ત વિષે કંઈક કહેવાનો પ્રસંગ આવ્યો. હરિ માસ્તરે મને એક મુદ્દાનો સવાલ પૂછ્યો. મારી શાખ વટાવીને જૂઠું બોલવાનું અને સહેજે મિત્રને બચાવવાનું મન થઈ આવ્યું. મનમાં જવાબનું વાક્ય પણ ગોઠવાયું. હિંમત કરી અને શરૂઆત કરવા ગયો ત્યાં હિંમત ભાંગી પડી. અરધીએક ક્ષણ મન સાથે લડ્યો અને સાચેસાચું કહી દીધું. ભલા માસ્તરની દુષ્ટ આંખોએ મારું મનોમંથન બરાબર જોઈ લીધું. તેઓ હસી પડ્યા. મારો માનસિક ગુનો ઉઘાડો પડ્યો. હું શરમાયો. પણ આખરે મારી લાગણી સમજી શિક્ષકે મારા મિત્રને નહિ જેવી

સજા કરી. તે દિવસથી શિક્ષક આગળ મારી શાખ ઘટવાને બદલે વધી, એ તો હું પાછળથી જોઈ શક્યો.

કૉપી કરવામાં હિચકારાપણું છે એ તો સ્વાભાવિકપણે મારી રગેરગમાં હતું; પણ કૉપી આપવી એમાં તો બહાદુરી છે, દાનશૂરતા છે એમ તે વખતે લાગતું. અને એથીયે વધારે તો, ચોકીદારની આંખે આમતેમ ફરનાર શિક્ષકો સામે વેર વાળવાની એક સરસ તક છે એમ પણ હું માનતો. પણ એ બહુ નાનપણની વાત. જરાક મોટો થયો એટલે એ પણ મેં છોડી દીધું હતું. કોઈ છોકરો કૉપી માગે તો બહુ જ સૌમ્ય રીતે હું ના પાડતો. ફરી ફરીને અને કરગરીને કૉપી માગે ત્યારે શિક્ષકને કહી દેવાની એને બીક બતાવતો. છતાં કોઈ કાળે મેં કોઈને આવી રીતે ઉઘાડા પાડ્યાનું સ્મરણ નથી. માત્ર એક દિવસે આબાદ કૉપી આપ્યાનો દાખલો હજી બરાબર યાદ છે.

ગોખલે માસ્તર નવાસવા બી. એ. પાસ થઈને અમારી નિશાળમાં આવ્યા હતા. એમનું ગોળ માથું, લીંબુ જેવી કાંતિ, ધૂર્ત આંખો, ઠીંગણું શરીર,—બધું જ આકર્ષક હતું. એમના અંગ્રેજીના ડાવકા ઉચ્ચારો અને છોકરાઓ પ્રત્યેનો વિવેક એ એમની ખાસિયત હતી. 'ઇંડિયા'ને બદલે તેઓ 'ઇંડિય' ઉચ્ચાર કરતા. તેઓ હસતા હસતા છોકરાઓને કહેતા કે, 'તમારી બધી યુક્તિઓ હું જાણું છું. મને તમે છેતરી ન શકો. હું પણ તમારામાંનો જ એક છું એમ માનજો.' ગોખલે માસ્તર પ્રત્યે અમારો બધાનો સદ્ભાવ ખરો, પણ અમારાથી એ ન છેતરાઈ જાય એનો અર્થ શો? એ તો વિદ્યાર્થીઓનું હડહડતું અપમાન. શું અમે આટલા મોળા થઈ ગયા? શિક્ષકોમાં જો આવો આત્મવિશ્વાસ વધવા દઈશું તો જોતજોતામાં એ આપણને પામી જશે, અને પછી તો એમનું આખું રાજ્ય સહીસલામત ચાલશે. ના, આ માસ્તરને તો પહોંચી વળ્યે જ છૂટકો.

અમારી સત્રાંત કે વાર્ષિક પરીક્ષા હશે. શાહપુરની નિશાળમાં અમે અંગ્રેજી બીજી ભણતા. ગોખલે ભૂગોળની પરીક્ષા લેવાના હતા. મને તો પચાસમાંથી પચાસ મળવાના છે એ ખાતરી. પણ આજે ગોખલે માસ્તરને જરૂર છેતરવા, એવો મેં મન સાથે સંકલ્પ કર્યો.

લેખી પરીક્ષાનો શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને કંટાળો હોય છે, અને જબાની પરીક્ષામાં બધાને સરખા જ અઘરા સવાલો નથી પુછાતા. આ અગવડને પહોંચી વળવા ગોખલે માસ્તરે એક ઉપાય શોધી કાઢયો. પરીક્ષ્ય વિદ્યાર્થી બધાઓને બહાર કાઢયા અને એક ઓરડીમાં બેસવાનું કહ્યું. પરીક્ષા માટે જુદી ઓરડી રાખી એમાં એકેક વિદ્યાર્થીને બોલાવે. આ ઓરડી સાથેની વચલી ઓરડી ખાલી રાખેલી. એમાં બીજા નંબરનો વિદ્યાર્થી આવીને બેસે. પહેલાની પરીક્ષા પૂરી થાય એટલે એ બારણું ખોલી નંબર બેને બોલાવે. નંબર બે અંદર આવતા પહેલાં બહારની ઓરડીમાં બેઠેલા નંબર ત્રણને બૂમ પાડી વચલી ઓરડીમાં આવી બેસવાનું કહે, અને પછી પોતે કતલખાનામાં દાખલ થાય. જેની પરીક્ષા થઈ ગઈ તે તો પરીક્ષાની ઓરડીમાં જ આખર સુધી પુરાઈ રહે. માસ્તરના હાથમાં પચીસ સવાલો લખેલો એક કાગળ હતો. એમાંથી જ દરેક વિદ્યાર્થીને સવાલ પૂછે અને દોકડા મૂકતા જાય.

આવા સજ્જ કિલ્લામાંથી ચોરી કરીને પરીક્ષાના સવાલો બહાર ફોડવા એ સહેલી વાત ન હતી. વર્ગના વિદ્યાર્થીઓ કહેવા લાગ્યા કે આપણે હાર્યા છીએ. મેં કહ્યું, 'આમ તો લાજ ન જ ગુમાવાય, હું જઈને સવાલો તમને ચોક્કસ લખી મોકલીશ.' પરીક્ષાની ઓરડી મેડા પર હતી. મેં એક વિદ્યાર્થીને કહ્યું, 'તું બારી નીચે જઈને બેસજે. હું સવાલોનો કાગળ ઉપરથી ફેંકી દઈશ તે ઝટ લઈને ત્યાંથી નાસી જજે. ઊભો રહ્યો તો આપણે બંને માર્યા ગયા જાણજે.'

મારો વારો આવ્યો. મેં ઝટ ઝટ જવાબો આપ્યા અને પચાસમાંથી ૪૮ દોકડા મેળવ્યાનું સમાધાન લઈને એક ખૂણામાં ઢાળિયા (ડેસ્ક) આગળ જઈને બેઠો. પછી ગજવામાંથી ત્રણ કાગળ કાઢયા. એક કાગળ પર કેટલીક મરાઠી કવિતાઓ લખી, બીજા પર ભૂગોળના સવાલો, અને ત્રીજા પર કેટલાક રમૂજી ટુચકા. કવિતાનો કાગળ તો ઢાળિયા પર જ રાખ્યો. ભૂગોળના સવાલવાળો કાગળ વાળી, એની અંદર એક કાંકરો મૂકી, એ તૈયાર રાખ્યો. પછી ટુચકાવાળો કાગળ ફાડીને એના નાના નાના દસબાર ટુકડા કર્યા. અને પછી કાંકરાવાળો કાગળ તેમ જ પેલા નાના કકડા હાથમાં લઈ સીધો ચાલતો બારી આગળ ગયો અને બારી બહાર ફેંકી દીધા. શિક્ષકનું

ધ્યાન મારી તરફ ન જાય એવું તો હતું જ નહિ. મેં તો શાહુકારની પેઠે સીધા ચાલતા બારી સુધી જઈ કાગળો ફેંક્યા હતા. કાંકરાવાળો કાગળ તો ઝટ નીચે પડી ગયો. પડી ગયો શાનો? મારા મિત્રે અધ્ધરથી જ ઝીલી લીધો અને એ ત્યાંથી નાઠો.

શિક્ષકને મારી હિંમત જોઈને જ મારા પર શક આણવાનું નહિ રુચ્યું હોય. એક જ ક્ષણ અનિશ્ચિતતામાં ગાળી તેઓ ઝટ ઊઠ્યા. દોડતા દોડતા બારી પાસે આવ્યા ને જુએ છે તો બારીમાંથી કાગળના કકડા નીચે ઊડતા પડે છે. મને પૂછ્યું, 'તેં નીચે શું ફેંક્યું છે?' મેં કહ્યું, 'નકામા કાગળના કકડા.' બારી આગળ ધ્યાન રાખી એમણે હાળિયા પરનો મારો કાગળ જોયો. એના પર તો મરાઠી કવિતા જ હતી, એટલે શંકાનિવૃત્તિ થઈ. છતાં ઔરંગઝેબ કંઈ વિશ્વાસથી ચાલે? માસ્તરે પોતે બારીમાં જ ઊભા રહી વર્ગના મૉનિટરને નીચે મોકલ્યો અને પડેલા બધા કાગળોના કકડા ભેગા કરી આણવાનું કહ્યું. મૉનિટરને દોડતા જઈ દોડતા આવવાનું કહેતાં તેઓ ભૂલ્યા નહોતા; કેમકે રસ્તામાં એ જ સવાલો કહી દે તો?

મૉનિટર ગયો. બધા કકડા વીણી લાવ્યો. શિક્ષકે કંઈક પ્રયાસથી એ બધા કકડાના આકાર તપાસી તપાસીને મેજ પર ગોઠવ્યા, ને વાંચી જોયું તો એના પર રમૂજી ટુચકા સિવાય કશું હતું નહિ! એમણે મને એટલું કહ્યું, 'ફરી કાગળ ફેંકીશ નહિ. જો કેટલો વખત નકામો ગયો?' મેં પણ ડાહ્યા થઈને કહ્યું, 'હા જી.'

પછી જેમ જેમ વિદ્યાર્થીઓ આવવા લાગ્યા તેમ તેમ સવાલોના તેમના જવાબ સાચા પડવા લાગ્યા. શિક્ષકને શક ગયો. દરેક આવનાર વિદ્યાર્થીને પૂછવા લાગ્યા કે સવાલો બહાર ફૂટ્યા છે? પણ કબૂલ કોણ કરે? આખરે એક છોકરો આવ્યો. અમારા વર્ગનો એ ઠોઠ નિશાળિયો. એ તો એક્કેય વિષયમાં પાસ ન થાય, એટલે એને કોઈએ સવાલો કહ્યા ન હતા. પોતાનો આવો બહિષ્કાર એને બહુ સાલ્યો. એને જ્યારે શિક્ષકે પૂછ્યું, 'કેમ નારાયણ, સવાલો બહાર ફૂટ્યા છે?' ત્યારે એણે કહ્યું, 'હા જી.' હું તો એઠેલે ઠેકાણે ઓગળી જ ગયો! પગમાં પહેરેલા બૂટ પણ ભારે થઈ ગયા. છાતી ધડકવા લાગી. અત્યાર સુધીની શાખ ધૂળમાં

મળશે. ગોખલે માસ્તર ઘણી વાર મારા ભાઈને મળે. એટલે આબરૂનું નિશાળમાં જ નહિ, પરંતુ ઘરમાં પણ દેવાળું નીકળવાનું! મને ક્યાંથી એ કુબુદ્ધિ સૂઝી? ગયું, બધું ગયું. હવે ગમે તેટલો સાચો થઈશ તોયે ડાઘો કાયમને માટે રહેવાનો. ક્યાં આ શિક્ષકની ઈર્ષ્યા કરવા ગયો!

ઈશ્વરને ઘેર કેવો કાયદો છે એ જણાતું નથી. કોઈક વખતે ઘણા અપરાધ કર્યા છતાં માણસને સજા થતી જ નથી. એ અપરાધમાં વધ્યે જ જાય છે અને છેલ્લી ઘડીએ અપરાધનું સાટું વળાય છે. કેટલીક વાર પહેલી ઘડીએ જ એવી તો સખત સજા થાય છે કે, ફરી એ અપરાધ કરવાનું નામ જ ભૂલી જાય છે. આને હું ઈશ્વરની કઠોર કૃપા કહું છું. કોઈક વાર માણસનો પશ્ચાત્તાપ એ જ એને પૂરતી સજા છે એમ સમજી ઈશ્વર એને બચાવી લેતો હશે. આ છેલ્લો પ્રસંગ મહા કઠિન. બચી જવામાં જો એ ઈશ્વરની દયા ઓળખી શકે તો ફરી ગુનો ન કરે. પણ જો બચી જવામાં પોતાના ભાગ્યની જ મહત્તા ગણે અથવા નીતિના નિયમની શિથિલતાનું અનુમાન કરે, તો તો એ વધારે ને વધારે અંધારા ખાડામાં ડૂબી જવાનો. ઈશ્વર ગમે તે નીતિ અખત્યાર કરે તોયે ઈશ્વર ન્યાયી છે, તેથી જ દયાળુ છે અને એને સુનીતિ પ્રિય છે, એટલું જો આપણે ધ્યાનમાં રાખીએ અને એ વિચારને જ દૃઢતાથી વળગી રહીએ, તો જ આપણે બચી જવાના.

શિક્ષકે પૂછ્યું, 'જવાબો ક્યાંથી બહાર પડ્યા?' નારાયણે કહ્યું, 'મૉનિટર પટવેકરે ફલાણા ભાઈને કહ્યું, ફલાણાએ ઢીંકણા ભાઈને કહ્યું, એમ સવાલો બધે ફેલાઈ ગયા છે. મને કોઈએ કહ્યું નહિ; મારો બધાએ બહિષ્કાર કર્યો છે.'

કમબખ્ત મૉનિટરે બારણું ખોલતાં એકએ સવાલો હળવેથી કહી દીધા હતા, ને મારા કાગળો લાવવા નીચે ગયેલો ત્યારે પણ એકએ કહી દીધેલા. એની દુર્બુદ્ધિની ઢાલ પાછળ હું બચી ગયો. બચી ગયો એટલે કે શિક્ષક આગળ ઉઘાડો ન પડ્યો. વર્ગમાં કોઈની સાથે મારે દુશ્મનાઈ ન હતી, એટલે મારું નામ બહાર ન આવ્યું.

વર્ગના છોકરાઓ તો એ પ્રસંગ ભૂલી પણ ગયા હશે. પણ એ છેલ્લી ચાર પાંચ ક્ષણમાં મેં જે માનસિક વેદના વેઠી છે અને મારી જાતને જે શિખામણ આપી છે તે તો મારા જીવનના કીમતી પ્રસંગ તરીકે યાદગાર રહેશે. એ હું કદી નહિ ભૂલી શકું.

જેને મેં સવાલનો કાગળ આપ્યો હતો એ વણકરનો છોકરો હતો. એણે મને સૂતરના પડીકાની બે બાજુ વપરાતાં જાડાં પૂઠાંમાંથી એક સરસ પૂઠું ભેટ દાખલ આપી દીધું. કેટલાંય વરસ સુધી એ પૂઠું મારી પાસે હતું અને દરેક વખતે તે દિવસની વાતનું મને સ્મરણ કરાવતું.

૫૮

શરાબી વાંચન

ઍરેબિયન નાઇટ્સ અથવા અરબી ભાષામાંની સુરસ કથાઓ એ દુનિયાના સાહિત્યમાં મશહૂર ચીજ છે. એક હજાર ને એક રાત્રિની આ વાર્તાઓ જેણે નથી વાંચી એવો ભણેલો માણસ ભાગ્યે જ મળે. દરેક જીવનમાં એવી એક ઉંમર હોય છે કે જ્યારે આવી કાલ્પનિક વાતો વાંચવાનો ને તેમનું ચિંતન કરવાનો રસ વધારેમાં વધારે હોય. આ ગ્રંથ જોડે મારો પરિચય કેવી રીતે થયો એનું સ્મરણ આપવા જેવું છે.

મોટાભાઈ પૂને ભણવા ગયા હતા. એ જ વખતે પ્રખ્યાત વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરના પિતા કૃષ્ણશાસ્ત્રીએ ઍરેબિયન નાઇટ્સનું મરાઠી ભાષાંતર કર્યું હશે. (અથવા મોટાભાઈની જાણમાં એ પહેલવહેલું આવ્યું હશે.) એ ભાષાંતર અનુવાદની કળાનો અપ્રતિમ નમૂનો ગણાય છે. ભાષાંતર જેવું જરાયે લાગતું નથી; અને ભાષા એવી તો સરસ વાપરી છે કે, આખું પુસ્તક મરાઠી ભાષાનું સુંદર ઘરેણું થઈ પડ્યું છે.

આ પુસ્તક પોતાની પાસે હોય તો ઠીક એવી અભિલાષા મોટાભાઈને થઈ આવી. પણ આવડી મોટી ચોપડી ખરીદવા જેટલા પૈસા ક્યાંથી લાવે? પિતાની પાસેથી પૈસા આવતા એનો પાઈએ પાઈ હિસાબ આપવો પડતો. [એ પણ એક આશ્ચર્યની વાત છે. આગળ જતાં હું જ્યારે ભણવા પૂને જઈ રહ્યો ત્યારે પિતાશ્રીએ મારી પાસેથી કોઈ કાળે હિસાબ માગ્યો નહિ. મારી મેળે હિસાબ મોકલું તોયે પિતાશ્રી જોતા નહોતા. એક જમાનો વીતી ગયો એની એ અસર હશે. અથવા નાનપણથી પિતાશ્રી સાથે રહી એમની દેખરેખ તળે ઘરની વ્યવસ્થા હું જોતો હતો, તેથી ક્યાં ખર્ચ કરવો અને ક્યાં ન કરવો એ વિષેની મારી વિવેકબુદ્ધિ ઉપર એમને વિશ્વાસ બેઠો હશે. મારી પાસેથી એમણે

હિસાબ માગ્યો હોત તો મને હિસાબ લખવાની ટેવ પડત. હિસાબ લખવાની ટેવને અભાવે મેં મારી જિંદગીનો આર્થિક વ્યવહાર બહુ સંકુચિત રાખ્યો. ગમે તે થાઓ, અગવડ વેઠવી પણ ઉછીના પૈસા લેવા જ નહિ, કરજનું તો નામ સરખું લેવું નહિ. કોઈને પૈસા આપવા કે ધીરવા નહિ; અને જ્યારે આપવા ત્યારે ગયા સમજીને જ આપવા એવું ધોરણ જિંદગીને માટે મેં ઘડી રાખ્યું. તેથી મને હમેશાં સંતોષ રહ્યો છે. જાહેર કામમાં પડ્યા પછી પણ મેં કોઈ કાળે પૈસાની જવાબદારી મારે માથે રાખી નથી. આ રીતે સમાધાન તો રહ્યું, પણ જીવનના એક મહત્ત્વના અંગની મારી ખિલવણી થઈ નથી.]

કોણ જાણે કઈ રીતે, પણ મોટાભાઈએ ગમે તેમ કરી ચોપડીઓ ને ખોરાકીના બજેટમાં કાપકૂપ કરી એ ચોપડી ખરીદી. જે વસ્તુ મહામહેનતે મળે છે તેનાં કિંમત ને રસ અસાધારણ હોય જ. અમારા ઘરમાં ને મોટાભાઈના મિત્રમંડળમાં આ ઍરેબિયન નાઇટ્સની વાતો ખૂબ થતી. હું તે વખતે બહુ જ નાનો. સમુદ્રમંથન કરી દેવોએ અમૃત મેળવ્યું તેવું જ કંઈક મોટાભાઈએ મેળવ્યું છે એવું તે વખતે મને થતું.

પછી હું મોટો થયો. મોટાભાઈ પીઢ ગણાવા લાગ્યા. તેમને હવે જણાયું કે, ઍરેબિયન નાઇટ્સ એ અમૃત નથી પણ મદિરા છે. એટલે એમણે એ ચોપડી પોતાના કબાટમાં તાળાકૂંચીમાં રાખી. અમારો હાથ એના પર ન પડે એ વિષે તેઓ બહુ સાવચેતી રાખતા.

પણ ગોંદુએ એક દિવસ લાગ જોઈ એ હાથ કરી, એમાંથી એક બે વાર્તાઓ વાંચી, ને પોતાના પરાક્રમની પ્રસાદી તરીકે એ જ રાત્રે મને એ વાર્તાઓ સંભળાવી. પછી તો મારું કુતૂહલ પણ જાગ્યું. મેં બાબાનો (મોટાભાઈનો) આખા દિવસનો કાર્યક્રમ તપાસ્યો, કયા કયા કલાકો સુરક્ષિત છે એ નક્કી કર્યું, અને નક્કી વખતે અચૂક એમની ઓરડીમાં ઘૂસી જઈ એ ચોપડી વાંચવા લાગ્યો. જનક રાજાના દરબારમાં શુક મુનિ દૂધથી ભરેલું પવાલું જેમ યોગયુક્ત થઈ હાથમાં લઈ ફરેલા તેમ મારે આ ચોપડીનું વાચન કરવું પડતું. વાર્તાનો રસ એવો તો જામતો કે જાણે જાદુઈ

દુનિયામાં જ વિહાર કરીએ છીએ. ઘડીકમાં ચીન દેશમાં, તો ઘડીકમાં ખલીફ હારૂન અલ રશીદના દરબારમાં; ઘડીકમાં સિંદબાદ સાથે, તો ઘડીકમાં પેલા હજામ સાથે; એમ રાક્ષસો, પરીઓ, જાદુઈ ફાનસો અને ઘોડાઓની દુનિયામાં કલ્પનાના ઘોડા દોડતા. પણ બાબાનો પાછા આવવાનો વખત બરાબર ધ્યાનમાં રાખવો પડતો. જરાક ગાફલ રહ્યો તો સપડાઈ જવાય.

ઘણા દિવસ સુધી આવું વાચન ચાલ્યું. પણ આખરે એક દિવસ હું સપડાયો. બાબા ક્રોધે ભરાશે અને મારશે નહિ તો વઢશે તો ખરા જ, એમ ધાર્યું હતું. મોઢું તો ઊતરી ગયું હતું. અદ્‌ભુત વાર્તાના બાહોશ રાજપુત્રને બદલે બાબાનો કાવ્યહીન ચોર થઈને હું તો ઊભો હતો. પણ બાબા તો ચિડાયા નહિ. એમને કદાચ પોતાનું નાનપણ યાદ આવ્યું હશે. દુઃખી હૃદયે અને ગંભીર અવાજે એમણે એટલું જ કહ્યું કે, ' તું પોતાનું નુકસાન કરે છે. આ તો ઝેર છે; ઝેર કરતાંય ખરાબ શરાબ છે. એને અડીશ મા. ' બાબાની આ દર્દભરી સલાહની મારા ઉપર અસર થવી જોઈતી હતી, પણ હું વાર્તાના કેફમાં હતો. હું તો એટલું જ જોઈ શક્યો કે, બાબા ચિડાયા નથી એટલે વઢવાના નથી. વિષયનો માર્યો માણસ નફટ બને છે તે જ રીતે રસનો માર્યો હું નફટ બન્યો. હવે હું કાંઈ મુગ્ધ બાળક નથી એવે અવાજે મેં બાબાને કહ્યું, ' બાબા, તમે કહો છો એ વાત સાચી છે. પણ મેં લગભગ પોણી ચોપડી પૂરી કરી છે. હવે બાકીનો પા ભાગ મને પૂરો કરવા દો તો શું ઝાઝું નુકસાન થવાનું હતું ?' બાબા પીગળ્યા કે નિરાશ થયા તે કોણ જાણે, પણ એમણે કહ્યું, ' ત્યારે હવે એ ચોપડી પૂરી કરી નાખ.' એ પ્રસંગે બાબાએ શું કરવું જોઈતું હતું એનો આજે પણ હું નિર્ણય નથી કરી શકતો. મેં ચોપડી પૂરી કરી. ઘણા દિવસ સુધી એ વાર્તાઓની અસર મગજ પર રહી.

પણ પ્રમાણમાં બહુ જ નાની ને નિર્દોષ ઉમરમાં મેં એ ચોપડી પૂરી કરી એથી હશે, અથવા ઝપાટાભેર જાણે એક જ બેઠકે આખી ચોપડી પૂરી કરી એથી હશે; પણ માણસને ચક્કર આવે અને પછી શું થયું એ બધું માણસ ભૂલી જાય, તેમ એ આખી ચોપડી લગભગ હું ભૂલી ગયો છું. વીજળીને વેગે મોટી મુસાફરી કરી દિવસના

પાંચ પાંચ દસ દસ શહેરોમાં એથીયે બમણાં વ્યાખ્યાનો આપતા ફરવું પડે. અને પછી જેમ કયે ઠેકાણે શું જોયું, કેમ મળ્યા અને શું કહ્યું, એ બધું જ ભૂલી જવાય છે, તેવું જ કંઈક થયું હશે. અલીબાબાની વાર્તા અને સિંદબાદની મુસાફરીઓ ફરી એક વાર સંક્ષિપ્ત રૂપમાં અંગ્રેજીમાં વાંચવી પડી હતી, એટલે એ વાર્તાઓ સહેજ-સાજ મગજમાં ચોટી ગઈ છે. બાકીનું તો બધું શૂન્યવત્ છે.

ઍરેબિયન નાઇટ્સની વાર્તાઓ તો હું ભૂલી ગયો, પણ એના વાચનથી કલ્પનામાં વિહાર અને વિલાસ કરવાની મેલી ટેવ તો ઘણા લાંબા વખત સુધી રહી ગઈ હતી. કલ્પનાને આટલી જબરદસ્ત વિકૃત કેળવણી મળી, એની અસર આખા જીવન પર પડી. અને તે બહુ માઠી હતી. ઍરેબિયન નાઇટ્સ વાંચવામાં ન આવી હોત તો, મને લાગે છે કે, કલ્પનાની કેટલીયે અશુદ્ધિમાંથી હું બચી જાત. દુઃખમાં સુખ એટલું જ છે કે, એ ચોપડી મેં નાની ઉંમરે વાંચી તેથી એનો ઘણોખરો શૃંગાર મગજમાં ઘૂસવાને બદલે — માથાને વીંધવાને બદલે — માથા ઉપરથી પસાર થયો.

ઘણાં શિક્ષકો ને માબાપો માને છે કે. ઍરેબિયન નાઇટ્સનો શૃંગાર એ એનું ભારેમાં ભારે ઝેર છે. હું માનું છું કે, એ શૃંગાર તો જીવનને બગાડે છે જ; પણ એથીયે વધારે, આવી ચોપડીઓ વાંચવાથી સદ્‌ગુણ ને પુરુષાર્થ પરની શ્રદ્ધા મોળી પડી, દૈવ, અકસ્માત, સંજોગો ને કશા નિયમ વગરની માણસની અભિરુચિ, એના ઉપર આધાર રાખવાની જે ટેવ પડી જાય છે, એ માણસને મારી નાખે છે. એથી માણસ નિર્વીર્ય દૈવવાદી બની જાય છે; લાયકાત વગર, મહેનત વગર, દુનિયાના બધા ઉપભોગો પોતાને મળે એવી ઇચ્છા કરતો થાય છે; અને મેં જોયું છે કે, કેટલાક તો આશા પણ બાંધતા થાય છે. મગજની નબળાઈ અને પ્રયત્નમાં થાક એ આનું પ્રથમ પરિણામ છે.

આવી ચોપડીઓ એ માણસજાતિ ઉપર ચડાઈ કરનાર પ્લેગ ને ઇન્ફ્લ્યુએન્ઝા જેવી છે. આજે ઘરની એ ચોપડી મારે હાથ આવે તો એને હું બાળી નાખું, પણ કોણ જાણે આજે એ કોના હાથમાં હશે. આવું સાહિત્ય ખેતરના ઘાસની પેઠે જીવવામાં પણ જબરું. સારી ચોપડીઓ કબાટમાં ને પુસ્તકાલયોમાં ધૂળ ખાતી પડે

છે; આવી ચોપડીઓને એક દિવસની પણ નવરાશ કે રજા નહિ મળતી હોય. રોગના જંતુઓ જેમ જ્યાંત્યાં પહોંચી જાય છે, તેમ આવું સાહિત્ય સમાજમાં બધે પ્રવેશ કરે છે. રસના ઘેલા લોકો એનો પ્રચાર કરે છે અને બેજવાબદાર ઉન્મત્ત સાક્ષરો આવી વસ્તુઓનો બચાવ પણ કરે છે. સાચે જ,

पीत्वा मोहमयीं प्रमादमदिराम् उन्मत्तभूतं जगत् ।

૫૯

ધારવાડનું શાકબજાર

કારવારમાં રહી કાનડી ભાષા હું કંઈક સમજતો થયો હતો; પણ એ તો શિષ્ટ પુસ્તકી ભાષા. ત્યાં અંગ્રેજીનો અનુવાદ મરાઠીમાં પણ થાય અને કાનડીમાં પણ થાય. અને પાઠ્યપુસ્તક સમજાવતી વખતે છોકરાઓ આ બંને ભાષામાં પણ બરાબર ન સમજે એટલે શિક્ષક કોંકણીમાં ચલાવે. આમ મારું ત્રણે ભાષાનું જ્ઞાન વધતું હતું.

એટલામાં અમારે ધારવાડ જવાનું થયું. ત્યાં રોજ બજારમાં જવું પડતું. પ્લેગને લીધે શહેર બહાર દૂર જઈને રહ્યા પછી તો બપોરે જમીને બજારે જઈએ તે રાત્રે પાછા આવીએ. હવે અમારે જોઈતી ચીજોનાં કાનડી નામ અમે ક્યાંથી જાણીએ? એટલે સોદો કરતાં ઘણી મુશ્કેલી પડતી. આખા બજારમાં એક જ દુકાનદાર એવો હતો કે જે અમારી સાથે મરાઠીમાં બોલી શકે. અમે જઈને એને પૂછતા કે, 'ચણાની દાળને શું કહે છે?' એ કહે, 'કડલી બ્યાળી.' બસ 'કડલી બ્યાળી' 'કડલી બ્યાળી' ગોખતા ગોખતા અમે આખું બજાર ફરી વળતા. સારો માલ પસંદ કરી ખરીદીએ ત્યાં સુધી ખાધા વગર જ કડલી બ્યાળી મોઢે ચડતી.

પછી ફરી પેલી દુકાને જઈએ અને પૂછીએ કે, 'મરચાંને શું કહે છે?' પેલો કહે, 'મેનશિનકાઈ.' અમે મેનશિનકાઈની શોધમાં ઊપડતા. મેનશિનકાઈ ખરીદતા પહેલાં કેટલીયે છીંકો ખાવી પડતી. કર્ણાટકના લોકો મરચાં ખાવામાં બહાદુર. તે એટલે સુધી કે, કેટલાક લોકોની અટક જ મેનશિનકાઈ હોય છે! પછી વારો આવે નાળિયેરનો. કાનડીમાં એને કહે, 'તંગિનકાઈ'. તંગિનકાઈના ભાર સાથે એ શબ્દ પણ ઉપાડી અમે આગળ જતા.

ગાયનમાં જેમ ગવૈયો ગમે તેટલા આલાપ લે તોયે વખતસર સમ પર આવી જાય, તેમ અમારે ફરી ફરી દર વખતે પેલા દુકાનદાર પાસે જવું પડતું. એક કાગળના કકડા પર બધાં નામ લખીને

ગોખી કાઢવાં એ સહેલો રસ્તો, કોણ જાણે શાથી, અમને સૂઝ્યો નહિ. અમે તો દર વખતે અમારા જીવતા કોશ પાસે જતા. પેલો ભાઈ પણ જરાક હસી પડીને અમને પૂછેલા શબ્દનો જવાબ સ્પષ્ટ ઉચ્ચારે કહી દેતો. કોક વાર એમ પણ ઉમેરતો કે, 'કાઈ કહેશો તો કાચું ફળ મળશે. હણ્ણુ કહેશો તો પાકું ફળ મળશે.'

શાકબજાર આ દુકાનથી બહુ દૂર. ત્યાં તો અમારે પોતાની જ અક્કલ ચલાવવી પડતી. શાક વેચનાર મોટે ભાગે તો સ્ત્રીઓ જ હોય. એમના ઉચ્ચાર છેક ગામડાના. અનેક વાર સાંભળીએ તોયે શબ્દ ઝટ ધ્યાનમાં ન આવે. ફરી પૂછીએ એટલે એ બાઈઓ અમારી મશ્કરી કરી હસી પડે. એ લોકો હસી પડે એટલે પાકા તડબૂચનાં બી જેવા એમના કાળા દાંત જોઈ મને હસવું આવતું. એ બાજુએ એક જાતનું દંતમંજન લગાડવાની પ્રથા છે. ધોળા દાંત સ્ત્રીઓને શોભે નહિ. સ્ત્રીઓના રૂપને હાડકાં જેવા દાંત કેમ શોભે? નખે મેંદી, દાંતે 'દાંતવણ' (દાંતવણ એ પેલા દંતમંજનનો ત્યાંનો શબ્દ.) અને ગાલે હળદર, એ કર્ણાટકી રમણીની ખાસ શોભા. સ્ત્રીઓ કોઈને ત્યાં બેસવા જાય એટલે હળદરની પીઠી સામે મૂકેલી હોય જ. એ પીઠી બંને હાથ પર ચોળી બંને ગાલે ચોપડી દે. એ સુવર્ણ જેવી કાંતિ ત્યાં ખૂબ વખણાય છે.

શાક વેચનાર સ્ત્રીઓ જોડે ભાવ નક્કી કરવા એ અમારું અઘરામાં અઘરું કામ હતું. એક વાર ભાઉ બદનીકાઈ (રીંગણાં)ને બદલે 'બદનીહણ્ણું' બોલી ગયો. આખું બજાર હસી પડ્યું. ભાઉ શરમાયો, અને એ શરમની મૂંઝવણમાં પેલી બાઈને બદનીકાઈના પૈસા આપતાં ભૂલી ગયો. અમે તો ભૂલ્યા, પણ પેલી બાઈ પણ એ હાસ્ય-રસમાં પૈસા લેતાં ભૂલી ગઈ.

અમે ત્યાંથી પાસેના બીજા બજારમાં ગયા. ત્યાં અમે 'બેલ્લા' (ગોળ) ખરીદતા હતા. એટલામાં અચાનક પેલી બાઈ દોડતી આવી. એણે ભાઉના ધોતિયાની પાટલી પકડી અને કાનડીમાં ગાળો દેવા લાગી. ભાઉનો મિજાજ તેજ હતો. પણ અહીં કરે શું? ઠીક હતું કે, અમે એ ગાળોનો અર્થ જાણતા ન હતા. પેલી બાઈ મિનિટના દોઢસો શબ્દને વેગે ગાળો દેતી હતી, અને ભાઉ મરાઠીમાં પૂછતો હતો, 'અરે, પણ થયું શું?' પૈસા આપ્યા

નથી એ વાતની એને સરત પણ નહોતી. ભાઉ કરતાં મને કાનડી વધારે આવડે, કેમ કે હું કારવારમાં વધારે રહેલો. મેં ભાઉને કહ્યું 'એ રીંગણાંના પૈસા માગે છે.' આપણે પૈસા આપ્યા છે કે નહિ એનો ભાઉ વિચાર કરવા લાગ્યો. મને એની ભારે ચીડ ચડી. ભરબજારમાં આપણી આમ ફજેતી થાય છે! લોકો ટગર ટગર જુએ છે! આ દશ્ય એક ક્ષણ પણ કેમ ખમાય? મેં ભાઉને કહ્યું, 'અત્યારે તો એને પૈસા આપી જ દે; ભલે એને એક વાર પૈસા આપ્યા હોય.' ભાઉની લાગણી કાંઈક બુઠ્ઠી અથવા ન્યાયબુદ્ધિ વધારે તીવ્ર. એ મારી વાત શાનો માને? એ તો યાદ જ કરતો રહ્યો. આખરે મેં એના ગજવામાં મારો હાથ નાખ્યો અને દસ પૈસા કાઢી પેલી બાઈ આગળ ફેંકી દીધા. અમારો બંનેનો છુટકારો થયો.

પાછા આવતાં, આવે પ્રસંગે શું કરવું યોગ્ય છે એ વિષે અમારી ચર્ચા ચાલી. ભાઉ કહે, 'એ દસ પૈસાનો સવાલ નથી, સિદ્ધાંતનો સવાલ છે. ધારો કે દસ પૈસાને બદલે સો રૂપિયાનો સવાલ હોત, તો શું ડરી જઈને આપી દેત?' મેં કહ્યું, 'જેવી પરિસ્થિતિ તેવો સિદ્ધાંત.' ભાઉ કહે, 'સિદ્ધાંત એ સિદ્ધાંત છે, ત્યાં રકમનો સવાલ હોય નહિ.' અને હું કહું કે, 'પરિસ્થિતિથી નોખો એવો નાગો સિદ્ધાંત હોઈ જ ન શકે. સો રૂપિયાનો સવાલ હોય ત્યારે આપણે સહેજે ભૂલી જતા નથી; અને એ વખતે આવી કાછિયણ જોડે પ્રસંગ પણ પડતો નથી.' આ અમારો મતભેદ અને એની ચર્ચા દસ દિવસ સુધી ચાલ્યાં.

આજે જેમ ટૂંકામાં અને સ્પષ્ટ શબ્દોમાં મેં એ બે પક્ષ રજૂ કર્યા છે, તેમ તે દિવસે કરવાની શક્તિ ક્યાંથી હોય? એટલે બધો ગોટાળો થતો. એક દલીલ કરવા જતાં એ જ વિવાદનો વિષય થઈ પડતો. તેનું ખંડનમંડન કરવા જતાં એમાંથી નવો ઝઘડો ઊભો થતો. આગળ જતાં કોણે શું કહ્યું હતું એ પણ અમે ભૂલી જતા. હું એને કહું, 'તેં આમ કહ્યું હતું.' ભાઉ કહે, 'ના, મેં આવું તો કહ્યું જ નહોતું.' હું ફરી કહું, 'હતું'; એ કહે, 'નહોતું.'

આમ કેટલાયે દિવસ સુધી વાગ્યુદ્ધ ચાલ્યું. પિતાશ્રી જમીને ઓફિસે જાય; અને અમે યુદ્ધ જમાવીએ. ગોંદુ અમારી ચર્ચામાં ભાગ લે, પણ એથી એકેનો પક્ષ પોષાય નહિ, અને અમારે બંનેને

મળીને એને પ્રથમથી સમજાવવું પડતું. મારી ખાતરી છે કે, અમારું આ યુદ્ધ શાસ્ત્રોક્ત અઢાર દિવસ લેત. પણ અમને આમ લડતા જોઈ આઈને ભારે દુઃખ થયું. અમે શા માટે લડીએ છીએ એની અમને જ ખબર ન હતી, તો પછી આઈને તો એનો ખ્યાલ ક્યાંથી જ આવે? અમને રોજ ઘાંટો પાડી લડતા જોઈ આઈ વિમાસણમાં પડતી. જ્યારે એનાથી પોતાનું દર્દ ખમાયું નહિ ત્યારે અમારી પાસે આવી ગળગળે સાદે આઈએ કહ્યું, 'અરે દત્તુ, કેશુ, તમને આજે આ શી દુર્બુદ્ધિ સૂઝી છે? જન્મારામાં તમે કદી લડયા નથી. સરસ ખાવાનું મળ્યું હોય તો મોઢામાં નાખેલો કોળિયો પણ બહાર કાઢી તમે એ વહેંચી લેતા. તમે આમ લડો તો હું ક્યાં જાઉં? હું સાંજે એમને કહી દેવાની.' અમે બંને હસી પડયા. ભાઉ કહે, 'અમે લડતા નથી, અમારી તાત્ત્વિક ચર્ચા ચાલે છે. અમે દ્વેષથી બોલતા નથી, પણ અમારે તત્ત્વનો નિર્ણય કરવો છે.'

આ ખુલાસાથી આઈને સમાધાન ન થયું. આઈના સાદે મારા દિલને વીંધ્યું હતું. મેં ભાઉને કહ્યું, 'જા, તારી બધી વાત સાચી. મારે ચર્ચા નથી કરવી.' ભાઉ સમજી ગયો. પણ ગોંદુ એકદમ બોલી ઊઠ્યો, 'કેવો હાર્યો! કેવો હાર્યો! હું કહેતો નહોતો?'

૬૦

ગુપ્તમંડળ

દોઢ વરસે તિલક મહારાજ જેલમાંથી છૂટયા. જેલ જતાં પહેલાંનો પુષ્ટ અને જેલમાંથી છૂટયા પછી તરતનો નબળો પડેલો એવા તિલકના બે ફોટા ઘેર ઘેર દીવાલો પર ચોડાયા. બધે આનંદ આનંદ થઈ રહ્યો. અમે મરાઠી માસિક 'બાલબોધ' વાંચતા હતા. એમાં તિલક વિષે લખતાં કવિ મોરોપંતની આર્યાની એક લીટી મથાળે મુકાઈ હતી :

तेव्हां गंधर्वमुखीं जिकडे तिकडे हि तननननम् तननम् ।

ઉત્સવ પછી અમે ત્રણ નાના ભાઈઓ વિચાર કરવા લાગ્યા : તિલક જેવા દેશભક્તને સરકાર જેલમાં પૂરી દે છે એનું કારણ એ જ છે કે, તેઓ જાહેરમાં ભાષણો કરે છે અને લખે છે. બધું કામ ગુપ્ત રીતે કરવામાં આવે તો સરકારને ખબર જ ક્યાંથી પડે? શિવાજી શું ક્યાંય ભાષણ કરવા ગયા હતા? અમારો ત્રણનો નિર્ધાર થયો કે ગુપ્તમંડળ કાઢવું!

એ જ અરસામાં, અમારું ઘર પાછળની બાજુ લંબાવવાનું હતું. એને માટે પાયો ખોદાતો હતો. ત્યાંથી મ્યાન સાથેની એક તલવાર જડી આવી. એના પર સહેજ કાટ ચડ્યો હતો; મ્યાન ખવાઈ ગયું હતું. વિષ્ણુએ કડિયા મજૂરોને વાત છાની રાખવાનું કહી એ તલવાર ઘરના છાપરામાં સંતાડી દીધી. અમારું ત્રણ જણનું ગુપ્તમંડળ સ્થપાયા પછી મેડે જઈ અમે એ તલવાર કાઢતા, એના પર ફૂલ ચડાવતા, અને પછી એ હાથમાં લઈ ફેરવતા! તલવાર ભારે ન હતી, પણ હુંયે કંઈ મોટો ન હતો. મેં એ તલવારથી આવેશમાં બે ત્રણ વાર ઘરના થાંભલા પર ઘા કરેલા. થાંભલો કપાત તો તો આખું છાપરું માથા પર તૂટી પડત. પણ થાંભલો કંઈ કાચો કેળના ઝાડનો ન હતો, અને મારા કાંડામાં કોઈ કાળે તાનાજી માલુસરે જેવું જોમ હતું પણ નહિ, એટલે એ પ્રયોગ હમેશને માટે સલામત હતો.

ઘણાં વરસ સુધી એ તલવાર અમારા ઘરમાં હતી. પછી પિતાશ્રીને એની જાણ થતાં એમણે મારી પાસે એના કકડા કરાવ્યા; કકડાની મેં લુહાર પાસે છરીઓ કરાવી; અને તલવારની મૂઠ શહેર બહાર એક ગરનાળામાં ફેંકી આવ્યો. તે દિવસે મને ખાવાનું ભાવ્યું નહિ અને ઊંઘ પણ ન આવી. અમે નિઃશસ્ત્રી થયા એનું કંઈ નહિ, પણ દૈવવશાત્ હાથ આવેલું શસ્ત્ર પોતાને હાથે તોડવું પડ્યું એ મને વસમું લાગ્યું. પણ બીજો ઇલાજ ન હતો. અને તે કાળનું રાજકીય વાતાવરણ પણ ડહોળાયેલું હતું.

પણ આ બધી આગળની વાત થઈ. અમારા ગુપ્તમંડળમાં કોઈ ચોથાને દાખલ કરવાનું અમારાથી ન બન્યું. અમે તો જંગલમાં જઈ ત્યાં કઈ રીતે કિલ્લાઓ સર કરી શકાય એના વિચારો કરતા હતા.

૬૧

કુસંસ્કારનો પાશ

હિંદુ સ્કૂલનું પવિત્ર વાતાવરણ લઈ હું શાહપુર આવેલો. વર્ગના બધા છોકરાઓથી હું જુદો પડતો. મને એનું ભાન હતું અને અભિમાન પણ હતું. વર્ગમાં ખાનગી વખતમાં નીતિમય જીવનની ઘણી વાર વાતો કરતો. અને વર્ગના કોઈ પણ વિદ્યાર્થીમાં અસત્ય, અશ્લીલ ભાષણ અથવા અન્યાય જોઉં, ત્યારે કડવી ભાષામાં એના મોઢા પર એને ધિક્કારતો.

એક વાર વર્ગના એક વિદ્યાર્થીના દેખતાં એને વિષે મેં કહ્યું કે, 'એ ભાઈ હલકટ છે.' બધા છોકરાઓ ચકિત થયા. એ ભાઈ ચિડાયો તો ખરો, પણ શો જવાબ આપવો એ એને સૂઝયું નહિ. થોડુંક રહીને એ બોલ્યો, 'શું તમારા બાપનું મેં કંઈ ખાધું છે કે તમે મારે વિષે આવો અભિપ્રાય જાહેર કરો? તમારો ઓશિયાળો હોઉં તો ભલે મારી નિંદા કરો. પણ અમસ્તું કોણ સહન કરે?' મેં તો ધાર્યું હતું કે એ મને મારવા જ દોડશે.

એના જવાબથી હું શરમાયો. મેં એની માફી માગી અને એ પ્રકરણ ત્યાં જ પત્યું.

વર્ગના છોકરાઓ, કંઈક આદરથી પણ મોટે ભાગે મારી ફજેતી કરવા ખાતર, મને 'સંત કાલેલકર' કહેતા. પણ હું તો આથી ફુલાયો અને આખી નિશાળનો કાજી બન્યો. મારા દેખતાં છૂટથી ફાવે તેવું બોલવાની કોઈની હિંમત ન હતી. બેચાર જણ વાતો કરતા હોય અને હું ત્યાં જઈ ચડું કે બધા એકદમ વાત બદલી નાખતા. મને એ બધું યથાયોગ્ય લાગતું. એટલો આપણો અધિકાર છે જ એ વિષે મને શંકા નહોતી!

પણ આવું સાસુપણું ઝાઝા દિવસ સુધી કેમ ચાલે? અમારા વર્ગમાં...કરીને એક મોટી ઉંમરનો છોકરો હતો. ગામના એક પ્રતિષ્ઠિત પણ અસંસ્કારી ઘરનો એ એકનો એક છોકરો. એને

ભણતરની પડી ન હતી. ઘરના લોકોને પણ એ ભણે એની ગરજ ન હતી. કાંઈ જ ઉદ્યોગ નહિ એટલે ભાઈ નિશાળે આવતા. ઉંમરે ઠીક મોટા અને કદાવર, એટલે શાળાના માસ્તરો એમનું નામ લેતા જ નહિ. એ નિયમિત ફી આપતો, એટલે જ્યારે આવવાનું મન થાય ત્યારે વર્ગમાં બેસવાનો એનો હક સ્પષ્ટ હતો. રસ પડે ત્યારે વર્ગના વિષયો તરફ ધ્યાન દેતો, નહિ તો અલકમલકની વાતો ચલાવતો.

નિશાળના નાના છોકરાઓ હમેશ એનાથી ડરે. અને એ પણ છોકરાઓને બરાબર ડરાવે. આવે પ્રસંગે નાના છોકરાઓ માટે આત્મરક્ષણનો એક જ ઉપાય હોય છે. શિક્ષક પાસે તો જવાય જ નહિ. ત્યાં કશી સહાનુભૂતિ ન મળે. ઊલટું ખોટી ફરિયાદ કર્યાની સજા પણ થાય. અને પેલા ભાઈની સતામણી વધે એ તો વળી વધારાનું. તેથી નાના છોકરા હમેશ એની ખુશામત કરતા. એણે મને ઠેકાણે લાવવાનું બીડું ઝડપ્યું. મને મારવાની કે બીજી રીતે પજવવાની તો એની હિંમત ન હતી. સજ્જન અને હોશિયાર વિદ્યાર્થી તરીકે શિક્ષકોમાં મારી પ્રતિષ્ઠા બંધાઈ ચૂકી હતી. પશ્ચાત વિદ્યાર્થીઓને ભણાવવામાં હું મદદ કરતો, એટલે વર્ગમાં પણ મારા પ્રત્યે સામાન્ય આદર બરાબર હતો. પરિણામે પેલાએ નવો જ રસ્તો શોધી કાઢ્યો. એ બેઠો હોય ત્યાં હું જાઉં એટલે એ અચૂક ગંદી વાતો બોલવાનું શરૂ કરે. હું એને ધિક્કારું તો જરાક હસી પડે, અને વધારે ગંદી વાતો છેડે. હું કંટાળીને ત્યાંથી ઊઠી જાઉં.

આથી તો ભાઈસાહેબની હિંમત વધી. હું બેઠો હોઉં ત્યાં આવીને પડોશના વિદ્યાર્થીઓ સાથે ગંદી વાતો ચલાવે. વર્ગના વિદ્યાર્થી સામે શિક્ષક આગળ ફરિયાદ કરવી એ મારી નીતિની ભાવનામાં હીન કર્મ હતું. પેલાને એની ખબર હતી, એટલે એ સુરક્ષિત હતો. હું ખૂબ અકળાયો, પણ મને કંઈ ઉપાય જડ્યો નહિ. મને ઉદ્દેશીને એ કંઈ બોલત તો મિત્રમંડળ ભેગું કરી હું એની સામે યુદ્ધ જમાવત. પણ એ તો જાણે ગંદી ભાષાનો શબ્દકોષ મોઢે કરતો હોય તેમ બોલ્યે જતો હતો. જે વસ્તુનો ઉપાય નથી તે સહન કર્યે જ છૂટકો. એટલે મેં એને વિષે પૂરી તટસ્થતા ધારણ કરી. છતાં એ વિરમ્યો નહિ. વર્ગમાંથી શિક્ષક જરાક બહાર જાય એટલે આખા વર્ગને અશ્લીલ વાતો વિગતવાર વર્ણનપૂર્વક સંભળાવવાનું

એ શરૂ કરે. પછી તો એણે અભિનય પણ ઉમેર્યો. પહેલાં પહેલાં મને ખૂબ અકળામણ થતી, પણ ધીમે ધીમે કાન ટેવાઈ ગયા. એની વાતોમાં છાનો રસ પણ પડવા લાગ્યો. મોઢા પર હું તિરસ્કારની છટા બતાવતો, પણ અંદરખાનેથી રસના ઘૂંટડા પીતો થયો. પ્રતિષ્ઠા પણ સચવાય અને રસ પણ મળે, એ પરિસ્થિતિ મને બહુ ફાવતી આવી.

છેક નાનપણમાં જે ગંદી વાતો સાંભળેલી કે વાંચેલી તે સ્મરણમાં તો હતી; છતાં તે વેળા એની હૃદય પર અસર થઈ ન હતી. આ વખતની મારી ઉંમર તેવી ન હતી. ગોવામાં શિવરામ કરીને એક પડોશી હતો. એની ઓળખાણ તો પંદર દિવસની જ; પણ એણે કેટલીક ગંદી વાતો સમાજના ચિતાર તરીકે સંભળાવેલી. ત્યાર પછી ધારવાડમાં એક કાનડી વિદ્યાર્થીએ, એની ભાગીતૂટી અંગ્રેજીમાં, એવી જ કેટલીક વાતો શાસ્ત્રીય માહિતી તરીકે સંભળાવેલી. હમેશાં નીતિમત્તાનો ડોળ કરનાર છોકરો આવી વાતોમાં કોઈની સાથે ચર્ચા તો કરે જ નહિ, એટલે મનમાં જ અનેક જાતના વિચારો કરે અને રહસ્ય સમજવાનો પ્રયત્ન કરે. જ્યાં સીધી પ્રત્યક્ષ માહિતી કે અનુભવ ન હોય ત્યાં મન વિચિત્ર કલ્પનાઓ ચલાવે છે. વર્ગમાં ચાલતી આ બધી વાતોથી મારા કાન અને મારું મન ભરાઈ ગયાં હતાં. એકાંતમાં હું એ વસ્તુ પર કેટલોયે વિચાર કરતો. ધીમે ધીમે દિવસરાત એ જ વસ્તુની વિચારણા મનમાં ચાલવા લાગી. બહારથી અત્યંત નીતિનિષ્ઠ અને પવિત્ર ગણાતો હું મનોરાજ્યમાં નરક સંઘરવા લાગ્યો.

જેમ જેમ મન વધારે ને વધારે મેલું થતું ગયું તેમ તેમ બહારની ડાહ્યાઈ અને વિવેક વધવા લાગ્યાં. મારી પ્રતિષ્ઠામાં પણ ઉમેરો થયો. મેં ('The Good Company') 'ધ ગુડ કંપની' નામનું એક મંડળ સ્થાપ્યું. એમાં અમે અનેક વિષયોની ચર્ચા કરતા, શિક્ષકોને બોલાવતા, પરોપકારની યોજનાઓ ઘડતા, અને આત્મોન્નતિનું વાતાવરણ રચતા. એની સાથોસાથ મારું ગંદુ મનોરાજ્ય પણ ચાલુ જ રહ્યું. એ કેમ શક્ય થાય છે એ માનસશાસ્ત્રનો સવાલ છે. પણ શક્ય છે એ તો મારો પોતાનો અનુભવ જ કહે છે.

પેલો વિદ્યાર્થી થોડા જ દિવસમાં નિશાળ છોડીને ઘેર બેઠો અને લાંચ ખાવાના અનેક માર્ગો શોધવા લાગ્યો. એને ભણવું હતું જ નહિ; નિશાળ તો છોડવી હતી જ. પણ એકાદ વરસ નિશાળમાં કાઢી નાખીએ એ વિચારે નિશાળમાં આવેલો. વરસદહાડો વહેલું નિશાળ છોડવાનું એને સૂઝત તો કેવું સારું થાત! જાણે મારા દુર્ભાગ્યે જ એને એક વરસને માટે નિશાળમાં રાખેલો.

કાન મારફતે મનમાં મેલ રેડવો અને સંઘરવો એ સહેલી વાત છે; પણ ત્યાંથી એ ધોઈ કાઢવો એ લગભગ અશકય જેવું છે. આગળ જતાં અસાધારણ સંજોગો મને ન મળ્યા હોત, ઉપરાઉપરી પ્રવાસ, દેશભક્તિની દીક્ષા, કૉલેજની કેળવણી અને શિક્ષક તરીકેની જવાબદારી—એટલી વસ્તુઓ મારી મદદે ન આવી હોત, તો હું નથી ધારતો કે એ કુવિચારના પરિપોષમાંથી હું બચવા પામત.

જેને ભણવું નથી, શુભ સંસ્કારોની જેને કદર નથી, સમાજમાં હડકવા ફેલાવતાં જેને શરમ નથી, એવાઓને નિશાળે જવાની બુદ્ધિ ઈશ્વર ન આપે તો કેવું સારું! શાળાઓ પણ આવા રખડેલ છોકરાઓને સંઘરવાની બેદરકારી ન બતાવે, એટલી જવાબદારી એમના પર નથી શું? બગડેલાને સુધારવા એ નિશાળનું એક કર્તવ્ય છે ખરું; પણ શિક્ષકોએ એવા છોકરાઓ ઓળખી કાઢવા જોઈએ, એમના હૃદય સુધી પ્રવેશ કરવો જોઈએ, આરોગ્યભવનમાં માંદાઓને રાખે તેમ એમને રાખવા જોઈએ, અને તેમના ચેપમાંથી મુગ્ધ જણાતા બાળકો બચી જાય એનો ઉપાય ન જડે તોયે એની ઇન્તેજારી તો રાખવી જ જોઈએ.

...બાઈ! તારું વિષાદમય સ્મરણ મને આખો જન્મારો રહેશે.

૬૨

ફોટાની ચોરી

નાનપણમાં ટાઈપની ચોરી કર્યા પછી મેં મન સાથે નક્કી કર્યું હતું કે હવે પછી આવું આપણાથી ન થાય. છતાં ચોરીની ખાસ ઇચ્છા રાખ્યા વગર મારે હાથે એક ચોરી તો થઈ જ ગઈ.

મુધોળમાં અમે સરકારી પરોણા તરીકે રહેતા હતા. વ્યંકટેશના મંદિરમાં અમારો ઉતારો હતો. ત્યાંથી ઘણી વાર અમે ફરવા જતા. એક દિવસ અમે યુરોપિયન મહેમાનોને માટે ખાસ બનાવેલું ગેસ્ટ-હાઉસ જોવા ગયા. તેમાં જોવા જેવું શું હોય? બંગલા જેવો બંગલો. રાચરચીલું ખૂબ હોય. કેટલાંક ચિત્રો ટીંગાડેલાં હોય. સૌંદર્ય કે કળાની દૃષ્ટિએ એમાં કશું ન મળે. બંગલાના ખાનસામાએ યુરોપિયન લોકો કેવી રીતે રહે છે, કેવી રીતે ખાય છે, કેવી રીતે નહાય છે, એ બધું કહ્યું. મને તો એ આખા બંગલામાં ત્રણ જણ ત્રણ દિશાએ મોઢું રાખીને બેસી શકે એવી મોટી ખુરશી જ આકર્ષક લાગી. ત્રિકોણી સ્વસ્તિક જ સમજોને.

અમે એ બંગલા તરફ જતા તે એની આસપાસનો બગીચો જોવા. ત્યા ચમેલીનાં એટલાં બધાં ઝાડ હતાં કે, આઈએ ત્યાંથી રોજ ફૂલ મંગાવી ઘરના મહાદેવને એક લાખ ફૂલ ચડાવ્યાં. રોજ ફૂલો ગણવામાં મારી બે ભાભીઓ, મારી સ્ત્રી, અને હું, બધાં જ આખી સવાર ખર્ચી નાખતાં

એ બંગલામાં એક નાનકડી ઓરડીના ખૂણામાં એક સુંદર વેંતિયું અભરાઇયું હતું, ને એના પર એક ગોરી બાઈનો નાનકડો ફોટો રાખેલો હતો. એ બંગલામાં રહી ગયેલી કોઈ બાઈનો હશે. બાઈ ખૂબ જાડી હોવી જોઈએ. એના માથાના ઓળેલા વાળ પણ એવા વિચિત્ર હતા કે આપણને ગમે નહિ. પણ એ ફોટા તરીકે પાડેલો હતો બહુ સુંદર. ઉતાવળમાં એને હું બરાબર જોઈ ન શક્યો, અને છતાં એ નજરમાં ઠરી ગયો.

બીજી વાર જ્યારે એ જ બંગલા તરફ પિતાશ્રી સાથે હું ફરવા ગયો ત્યારે એ ફોટા જોવો છે એટલું મગજમાં રહી ગયેલું. ત્યાં ને ત્યાં જ ઊભો રહીને જોવા માંડું તો પિતાશ્રીનું ધ્યાન જાય. તેઓ માને કે સ્ત્રીરૂપ નિહાળવા જેટલો દત્તુ અવિવેકી થયો છે. પણ મારે તો એ ફોટા પરનું 'રિટચિંગ' જોવું હતું, અને છાતીનો નીચલો ભાગ વાદળાંના આકારમાં વ્હાઇનેટ કરી નાખ્યો હતો તે જોવું હતું. જોવાનો લોભ છૂટે નહિ અને પિતાશ્રીના દેખતાં જોવાની હિંમત થાય નહિ. મેં એ ફોટા ઉપાડીને હાથમાં લીધો,—એ આશાએ કે બંગલામાં ફરતાં ફરતાં એ જોઈ લઉં, અને બહાર નીકળતાં પહેલાં ખાનસામાના હાથમાં આપી દઉં. ખાનસામા, પટાવાળાઓ અને સાથેનો કારકુન, બધા જ પિતાશ્રીને ખુશ કરવામાં મશગૂલ હતા. પણ પિતાશ્રી તો, હું પાછળ ન રહી જાઉં, એ વિષે ઇંતેજાર હતા. એટલે ફોટા પાડનારની કળા ધરાઈને જોવાની મને તક જ ન મળી. ને ફોટા પાછો આપવાનો પ્રસંગ હું જોઈ ન શક્યો. પેલો નાલાયક ખાનસામા જરા પણ પાછળ રહેત તો એને હું ફોટા સોંપી દેત. પણ એ શાનો પાછો રહે!

હવે શું કરવું? પિતાશ્રી મારા હાથમાં ફોટા જુએ તો તો માર્યા જ ગયા. તો તો તેઓ જરૂર માને કે, યુરોપિયન રમણીનો ફોટા જોઈ એણે એ હાથમાં લીધો છે અને આટલા ફેરવે છે. શું કરવું એનો વિચાર કરવા જેટલો પણ વખત રહ્યો ન હતો. મૂંઝાયેલા માણસને જ્યારે છેલ્લી ઘડીએ કંઈક નક્કી કરવાનું હોય છે ત્યારે એ અચૂક અવળું જ નક્કી કરી બેસે છે. મેં ફોટા મારા ગજવામાં મૂકી દીધો, અને આવેલો પ્રસંગ ટાળ્યો. ફોટા છાતી પરના ગજવામાં હતો. આખે રસ્તે મને એ મણના ભાર જેવો લાગ્યો.

ઘેર આવ્યો ત્યાં બીજી ચિંતા મનમાં પેઠી. જો પેલો ખાનસામા પિતાશ્રી પાસે આવીને ફોટા ગૂમ થયાની વાત કરશે તો? આવી નજીવી વસ્તુ માટે પિતાશ્રી સુધી આવવાની ખાનસામાની હિંમત નહિ જ ચાલે એવો વિચાર પણ મારા મનમાં ન આવ્યો, ચોર તો બીકણ જ હોયને? વિચાર કરીને મેં નક્કી કર્યું કે, આપણે એટલા તો કાદવમાં ઊતરી ગયા છીએ કે પાછા જવામાં માલ નથી. હવે રહેલો કાદવ ખૂંદીને સામે કાંઠે ગયે જ છૂટકો. મુદ્દામાલનો નાશ કર્યો

એટલે આપણે નિશ્ચિંત થયા. ફોટો ફાડી નાખું અને એનો કકડો ક્યાંયથી જડે તો? ચૂલામાં બાળવા જાઉં અને અચાનક બાઈ એ જુએ અને 'શું છે' કરીને પૂછે તો? ફાડીને એના કકડા શૌચ-કૂપમાં ફેંકી દઉં અને સવારે ભંગીનું એ તરફ ધ્યાન જાય તો? બહાર દૂર સુધી ફરવા જાઉં અને ખેતરોમાં એ કકડા ક્યાંય દાટી આવું તો બને એમ હતું. પણ ફરવા જઈએ — અરે ઘર બહાર જરા દૂર જઈએ — તો એકાદ પટાવાળો સાથે હોય જ. રોજ પટાવાળાને સાથે રાખવાને ઇંતેજાર હું આજે જ એકલો જવા માગું તોયે એ તરફ વહેમ જાય.

ત્યારે આ ફોટાનું કરું શું? લેડી મેકબેથને જેમ પેલા લોહીના ડાઘા વળગ્યા તેવી મારી સ્થિતિ થઈ. એ ફોટો અમર છે અથવા રક્તબીજ છે એવું જ મને થઈ ગયું. આખરે એક આબાદ ઉપાય સૂઝ્યો. એ ફોટાને લઈને હું શૌચ ગયો. ત્યાં એને પાણીમાં સારી પેઠે પલાળ્યો, અને પછી એના કકડા કરી એક એક કકડો બે આંગળી વચ્ચે ચોળી ચોળીને એનો માવો બનાવ્યો, અને આખરે એનો સુકાઈને ભૂકો થઈ ગયો ત્યારે માટીમાં ભેળવી ફેંકી દીધો.

એ રાત સુધી મને ઊંઘ આવી નહિ. આપણે શું કરવા ગયા ને શું થયું એ જ મનમાં આવવા લાગ્યું. ફોટાનો નાશ થયો એટલે મને થયું હતું કે, હવે આપણી ચિંતાનો નાશ થયો. પણ એટલેથી પતે એમ ન હતું. ફરી વાર જ્યારે એ ગેસ્ટ-હાઉસ તરફ અમે ફરવા ગયા ત્યારે એ ખાનસામા મારી સાથે જ ફરે, મારો કેડો મૂકે નહિ. ગુનેગાર મન જોઈ શક્યું કે, ખાનસામાની આંખમાં આદર કે ખુશામત ન હતાં, પણ પૂરેપૂરો વહેમ હતો. મને થયું કે, એક ચોરી કરીને હું કેટલો દીન થયો છું કે આ ખાનસામા પણ મારાથી મોટો માણસ થઈ ગયો છે! એ મારા પર ચોકી રાખે છે! મેં ઉતાવળે ઉતાવળે બગીચામાં ફરી લીધું. ત્યાંથી પાછા ફરતાં આખરે ખાનસામાએ મને કહ્યું જ કે, 'સાહેબ અમારો એક ફોટો ખોવાય છે.' મારી આંખે અંધારાં આવ્યાં. શો જવાબ આપવો એ મને સૂઝ્યું નહિ. મારે પ્રતિષ્ઠાની ઢાલ આગળ કરવી હતી. હું ચિડાઈને એટલું જ બોલી શક્યો કે, 'હું પિતાશ્રીને કહીશ.' પણ મારો અવાજ નક્કર શાનો નીકળે?

પાછા ફરતાં આમાંથીયે નવું સંકટ મેં જોયું. કારકુન પટાવાળાના દેખતાં હું બોલી ચૂક્યો કે, 'હું પિતાશ્રીને કહીશ.' હવે ન કહું તો મારી ચોરી સિદ્ધ થવાની. એટલે હિંમત કરી મેં પિતાશ્રીને કહ્યું કે ખાનસામા આવું બોલ્યો. પિતાશ્રીના સ્વપ્નામાંયે એ વાત ન આવી શકે કે દત્તુ ફોટાની ચોરી કરે. પિતાશ્રીના બે કેમેરા હતા; નાનાના બીજા ત્રણ. અને ઘરમાં ફોટાનો તો ઢગલો પડેલો. એટલે પિતાશ્રીએ મારું ઉપરાણું લીધું અને માણસને મોકલી ખાનસામાને બોલાવ્યો. એની સારી પેઠે ઝાટકણી કાઢી અને કહ્યું કે, 'હમણાં ને હમણાં કારભારીને ચિઠ્ઠી લખી તને બરતરફ કરાવું છું.' ખાનસામા ડરી ગયો. બળિયા જોડે એના જેવા ગરીબથી બાથ કેમ ભિડાય? એણે મારી પાસે આવી મારી માફી માગી. મારું મોઢું ફિક્કું પડી ગયેલું એ પણ મારા ધ્યાનમાં હતું. પિતાશ્રીએ પણ મારા તરફ જોયું. એમને થયું હશે કે, વગર કારણે આવા તુચ્છ માણસને હાથે થયેલું અપમાન અસહ્ય થવાથી મારું મોઢું ઊતરી ગયું છે.

હું ભલે સરકારી અમલદારનો દીકરો હોઉં, અને પેલો ખાનસામા ભલે દેશી રાજ્યના ગેસ્ટ-હાઉસનો ગરીબ નોકર હોય. પણ હૃદયનાં ત્રાજવાંમાં અમે બંને સરખા માણસો જ હતા. એની ખાતરી હતી કે હું ગુનેગાર છું. અને હું પણ જાણતો હતો કે મારે જ એની માફી માગવી જોઈએ. પિતાશ્રી જો સાચે જ કારભારીને ચિઠ્ઠી લખે તો તો મારે વાંકે એ બિચારાની રોજી જવાની અને એનાં બાળબચ્ચાં રખડવાનાં. અમારી બેની આંખો જ્યારે મળી ત્યારે મારી શી દશા થઈ હશે એની કલ્પના નિર્દોષ હૃદયોને તો આવે જ નહિ. મેં ઉતાવળ કરી એ પ્રકરણ ત્યાં જ પૂરું કરાવ્યું. પણ ફરી કદી ગેસ્ટ-હાઉસ તરફ ફરવા ગયો નહિ.

આ આખા પ્રકરણમાં એક પણ પગથિયે સત્ય કહી દેવાની હિંમત મારામાં આવી હોત તો કેવું સારું થાત! પણ તેમ બનવાનું ન હતું. આજે એ બધી વસ્તુનો એકરાર કરી કંઈક સમાધાન મેળવી લઉં છું.

૬૩

અમલદારનો દીકરો

અણ્ણુ કરીને એક સિપાઈ અમારે ત્યાં રહેતો. દેશી રાજ્યમાં બ્રિટિશ અમલદાર જાય તો એના દમામનું તો કહેવું જ શું? પિતાશ્રીને દોરદમામ ચલાવવાની ટેવ હતી જ નહિ; પણ સ્થાન-માહાત્મ્ય કંઈ ઓછું થાય? અણ્ણુ હતો તો રાજ્યનો પોલીસ; પણ આજે એને બ્રિટિશ પ્યાદાની મહત્તા પ્રાપ્ત થઈ હતી. ગમે ત્યાં જાય અને ગમે તેને ધમકાવે. પણ અમને તેની ખબર ક્યાંથી પડે?

એક દિવસે અણ્ણુ મારી પાસે આવી મને કહે, 'અપ્પાસાહેબ, અહીંનો પોસ્ટમાસ્તર બહુ મિજાજ કરે છે. હું ટપાલ લાવવા જાઉં તો ઝટ આપતો નથી. એ તો વાત જવા દઈએ; પણ એ રહેણીકરણીમાં પણ બહુ ખરાબ છે. જ્ઞાતે 'કોમટી' દેખાય છે. એવો ગંદો કે એની પાસે ઊભા રહેવાનું મન ન થાય. રહે છે એક મંદિરમાં, છતાં ત્યાં મરઘાં મારીને ખાય છે અને ઈંડાંનાં કાચલાં જ્યાં ત્યાં ફેંકી દે છે. એને ઠેકાણે લાવવો જોઈએ. તમે સહેજ મદદ કરો તો આપણે તેને સીધો કરીશું.' મેં કહ્યું, 'વારુ.' એક બે કારકુનોને ખાનગી રીતે મેં પૂછી ખાતરી કરી લીધી કે વાત સાચી છે. પછી રોજ પોસ્ટમાસ્તર વિષે કાંઈ ને કાંઈ ફરિયાદ પિતાશ્રી આગળ કરતો.

એક દિવસે ભોગજોગે અમારી ટપાલની બાબતમાં એ ગફલતમાં સપડાયો. મેં તરત જ પિતાશ્રી પાસે પોસ્ટમાસ્તર ઉપર સખત ચિઠ્ઠી લખાવી. પોસ્ટમાસ્તર ગભરાયો. પોસ્ટમૅને તો આવીને મારી પાસે સાષ્ટાંગ દંડવત કર્યા, છ ફૂટ બે ઇંચ ઊંચો બૂઢો પોસ્ટમૅન વિંધ્યાદ્રિની જેમ મારી આગળ પડેલો જોઈ મને દયા છૂટી. મારે એના પર શરસંધાન કરવું જ ન હતું. મારે તો પેલો પોસ્ટ-માસ્તર જોઈતો હતો. મેં એને ચોખ્ખું કહી દીધું કે, 'વાંક પોસ્ટ-માસ્તરનો જ છે; એ આવીને વાતો કરે તો હું સમજી શકું.'

બિચારો પોસ્ટમાસ્તર આવ્યો. મેં વાતમાં ને વાતમાં એને એમ જણાવી દીધું કે, ‘નાડકર્ણી પોસ્ટલ સુપરિન્ટેન્ડન્ટની મારે ઠીક ઠીક ઓળખાણ છે.’ પછી તો બીચારાના હાંજા જ ગગડી ગયા. એની સાથે બીજો એક કારકુન આવ્યો હતો. એણે મારી ખુશામત કરતાં કહ્યું કે, ‘સાહેબ ગમે તેટલા ગરમ થયા હોય તોયે એમને ઠંડા કરવાની કુનેહ દીકરા પાસે હોય જ છે. તમારે પિતાશ્રીને જરાક સમજાવી દેવું એટલે તેમનો કોપ ઊતરી જશે.’ મેં ઝટ કહ્યું, ‘મને શી પડી છે? આના વતી સિફારસ કરવાની? મંદિરમાં તો કૂકડા મારી ખાય છે.’ પેલા કારકુને કહ્યું, ‘પણ હું કહું છું કે હવે પછી એમ નહિ થાય.’ મારે આટલું જ જોઈતું હતું.

મેં ઝટ અંદર જઈ પિતાશ્રીને કહ્યું કે, ‘પોસ્ટમાસ્તર બહાર આવ્યો છે. માણસ ભલો દેખાય છે. એની ભૂલ એણે કબૂલ કરી છે.’ મરઘાની વાત તો પિતાશ્રી જાણતા જ ન હતા. એ તો અમારું ખાનગી કાવતરું હતું. પિતાશ્રી બહાર આવ્યા. પોસ્ટમાસ્તર કહે, ‘અમે તો આપના નોકર છીએ. આપ હુકમ કરો તે ખરો.’ પિતાશ્રીએ સાદાઈથી કહ્યું, ‘તમારું ખાતું જુદું, અમારું ખાતું જુદું. અમે થોડા જ તમારા ઉપરી છીએ? ટપાલની બાબતમાં ગફલત ન થાય એટલે બસ.’ પોસ્ટમાસ્તર બિચારો રાજી થઈને ઘેર ગયો.

મારે વિષે એણે કેવો અભિપ્રાય બાંધ્યો હશે તે એ જ જાણે! અથવા એણે મારે વિષે કશો જ અભિપ્રાય નહિ બાંધ્યો હોય. એને થયું હશે કે, દુનિયા તો આમ જ ચાલવાની; નીતિ અનીતિ એ બહાર બતાવવાની ભાષા છે. જબરદસ્ત આગળ નમવું અને દૂબળા ભોળા લોકોને નિચોવવા એ જ જીવનનું સાચું શાસ્ત્ર છે. મારે વિષે એ ઊતરતો ખ્યાલ બાંધત તો કંઈ ભારે બગડત નહિ. આટલાં વરસ થયાં એનો અને મારો કોઈ પણ જાતનો પ્રસંગ આવ્યો નથી અને હવે પછી આવશે એમ લાગતું નથી. એણે તો જીવનની ફિલસૂફી વિષે જ ઊતરતો અભિપ્રાય બાંધ્યો હશે. એટલે, એક માણસને નાસ્તિક બનાવવામાં મેં ભાગ લીધો કહેવાય. પ્રતિષ્ઠા, અમલ અને લાગવગની દહેશત બતાવવી એ શું મરઘાં ઈંડાં ખાવા કરતાં ઓછું હીન છે?

૬૪

ખચ્ચરગાડી

મુધોળમાં ઘણી વાર અમે ઘોડદોડ તરફ ફરવા જતા. એક દિવસ દરબાર તરફથી અમને ફરવા લઈ જવા માટે ખચ્ચરનો ટાંગો આવ્યો. ખચ્ચર એટલે અર્ધું ગધેડું! ખચ્ચરના ટાંગામાં બેસાય જ કેમ? મેં ચિડાઈને કહ્યું, 'આવા ટાંગામાં અમારે નથી બેસવું. પાછો લઈ જાઓ.' બાપુરાવ ખાડિલકરે મને મનાવ્યો: 'અહીં ટાંગાને ખચ્ચર પણ જોડે છે. રાજાસાહેબ પણ કોક કોક વાર ખચ્ચરની ગાડીમાં ફરવા જાય છે.' તોપો ખેંચવા માટે ખચ્ચરો જોડેલાં બેલગામ તરફ મેં જોયેલાં, એટલે મેં માની લીધું કે ખચ્ચર છેક અસ્પૃશ્ય નથી.

અમે ટાંગામાં બેઠા અને ઘોડદોડ તરફ ઊપડ્યા. ખચ્ચરો કેમે કરી ચાલે નહિ. ટાંગાવાળાની અને બે પટાવાળાની સખત મહેનત પછી એક કલાકે જેમ તેમ અમે ઘોડદોડ પર પહોંચ્યા. હું તો સાવ કંટાળી ગયો હતો. ઘોડદોડની આસપાસ ખરસાણીની ઊંચી વાડ હતી. અંદર જવા માટે એક ગાડી માંડ જાય એવું છીંડું હતું. એ છીંડામાં જ માટીનો ઊંચો ઢગલો હોવાથી એના ઉપર થઈને ટાંગો અંદર લેવો પડ્યો. મને થયું કે આપણે અહીં ક્યાં આવ્યા? આવાં દુષ્ટ ખચ્ચરના ટાંગામાં ફરવાનો તે શો સ્વાદ હશે? બાપુરાવને મેં કહ્યું, 'આજે મુહૂર્ત સારું નથી લાગતું. રોજના ઘોડા આજે કેમ જોડ્યા નથી?' ટાંગાવાળાએ કહ્યું, 'ઘોડા સરકારી કામસર ક્યાંક ગયા છે, એટલે ખાનગી કારભારીએ મને આ ખચ્ચર લઈ જવાનું કહ્યું.'

અંદર ગયા પછી એક બેતરવા ખચ્ચરો ગયાં હશે ત્યાં એમણે નિશ્ચય કર્યો કે, ગમે તેટલો માર ખાઈએ પણ ડગલું આગળ ન ભરીએ. ખચ્ચર અહિંસાવાદી થોડાં જ હતાં? ટાંગાવાળો જેમ એમને મારે તેમ પાછળના પગ ઉછાળી ટાંગાના પાટિયાને લાતો મારે.

પાટિયું કંઈક ભાંગ્યું પણ ખરું. કંટાળીને મેં કહ્યું, 'ચાલો ત્યારે પાછા જઈએ.' ટાંગો વળાયો. ખચ્ચરોને થઈ ગયું કે હવે ઘેર જવાશે. પછી તો એમણે એવી આંધળી દોટ મૂકી કે વાડનું છીંડું પણ એમને ન જડે. મોટરને વેગે ખચ્ચરો દોડ્યાં. દસ મિનિટ થઈ, વીસ મિનિટ થઈ, પણ એ તો ગોળ ગોળ દોડ્યાં જ કરે. તોફાની મોજાં પર જહાજ ઝોલાં ખાય તેમ ટાંગો ઝોલાં ખાવા લાગ્યો. મને એવી તો મજા પડી કે હસીને પડખાં દુખવા લાગ્યાં.

વીસેક મિનિટ પછી એ બેવકૂફોને વહેમ પડ્યો કે કંઈક બગડ્યું છે. બંને એકદમ થોભ્યાં. તડાતડ લાતો શરૂ કરી. અધૂરું ભાંગેલું પાટિયું તેમણે પૂરું ભાંગ્યું, અને પાછાં ફર્યાં. એમને થયું કે હવે બરાબર ઘેર જવાશે. બસ, ફરી દોડ શરૂ થઈ. આ ઊલટી પ્રદક્ષિણાઓ પણ વીસેક મિનિટ ચાલી. પછી તો એમનો નિયમ જ થયો: દોડે, થોભે, લાતો મારે, અને ફરી દોડે. અંધારું થવા આવ્યું. બંને ખચ્ચર પરસેવે રેબઝેબ થઈ ગયાં. અમે પણ હસી હસીને અધમૂઆ થયા હતા.

આખરે ટાંગાવાળાએ પેલું છીંડું પાસે આવતાં ખચ્ચરનો વેગ ઓછો કર્યો અને હળવે રહીને એમને બહાર કાઢ્યાં. પછી તો ખચ્ચરો એવાં દોડ્યાં કે સાત મિનિટની અંદર અમને ઘેર મૂકી દીધા.

મેં ટાંગાવાળાને કહ્યું, 'કાલે આ જ ખચ્ચર લાવજે, હવે ઘોડાની જરૂર નથી. કારખાનામાં ટાંગો દુરસ્ત થશે જ.' બાપુરાવે ઉમેર્યું, 'અને ચામડાની કેટલીક પટ્ટીઓ પણ ટાંગામાં રાખજે. ખચ્ચરો લગામ તોડી નાખે કે પોલ ભાંગે તો એ કામ આવે.' એ સૂચનામાં મને ચેતવણી હતી એ હું સમજી ગયો. એટલે મેં જોરથી કહ્યું, 'હા હા, એ બધું લાવજે. હવે તો રોજ ઘોડદોડ તરફ જ આપણે જવાના. અને ખચ્ચર તો આ જ.'

૬૫

કાવ્યમય જાન

પહેલી સાઇકલ મેં જોઈ તે ડૉ. પુરુષોત્તમ શિરગાવકરની. આખા બેલગામમાં કે શાહપુરમાં બીજી સાઇકલ હતી જ નહિ. જ્યાં જુઓ ત્યાં લોકો સાઇકલની જ વાતો કરતા. એક જણ કહે, 'આપણે પાન ખાઈએ એટલામાં આ પાયગાડી (એ વખતે સાઇકલ શબ્દ પ્રચલિત ન હતો; બધા એને પાયગાડી જ કહેતા. હજીયે મને સાઇકલ કરતાં પાયગાડી શબ્દ વધારે પસંદ છે.) બેલગામ સુધી પહોંચી જાય છે.' બીજો કહે, 'પણ એ પડતી કેમ નથી?' ત્રીજો પોતાને કાંઇક અક્કલવાળો માનતો તે એનો જવાબ વાળે કે, 'જેમ દોરી પર ચાલનાર નટ હાથમાં વાંસ રાખે છે તેમ પાયગાડીવાળો એ હાથમાં પેલો ચળકતો લાંબો હાથો પકડી રાખે છે તેથી એ પડતો નથી.' એક ડોસાએ એક વખત હિમ્મત કરી ખુદ ડૉક્ટરને જ પૂછેલું કે, 'તમે પડી કેમ નથી જતા?' ડૉક્ટરે સામો પ્રશ્ન પૂછ્યો: 'સાડા ત્રણ હાથ ઊંચા તમે ઊભા ઊભા ચાલો છો, તો તમે કેમ નથી પડી જતા?' બધે હસાહસ થઈ અને ડોસો ભોંઠો પડ્યો.

તે વખતે હું બહુ જ નાનો; નિશાળે પણ જતો નહોતો. પરંતુ તે દિવસથી, આપણી પણ એક પાયગાડી હોય તો કેવું સારું, એવી વાસના હૈયામાં ઘર કરી બેઠી. પણ સાઇકલ જેવી કીમતી વસ્તુ આપણા ઘરમાં ક્યારે આવવાની હતી એવો વિચાર મનમાં આવી સાઇકલની ઝંખના મનમાં વિલીન થતી.

પછી તો ધીમે ધીમે સાઇકલો વધતી ગઈ. જ્યાં જુઓ ત્યાં સાઇકલો. પાયગાડી શબ્દ પણ પાછળ પડ્યો અને તેને બદલે બાઇસિકલ શબ્દ શિષ્ટ ગણાવા લાગ્યો. થોડા દિવસો પછી એ શબ્દ પણ વાસી થયો અને પ્રતિષ્ઠિત લોકો બાઇક શબ્દ વાપરવા લાગ્યા. પણ જ્યારે દ્વિચક્રીએ અમારા ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે તે સાઇકલ શબ્દ બાઇક સાથે હરીફાઈ કરતો થયો હતો.

પણ એ બાઇક ઘરમાં આવી ન હતી તે વખતે એનું ધ્યાન વધારે થતું. ત્રણસો–ચારસો રૂપિયા ખર્ચીને આપણને સાઇકલ કોણ ખરીદી આપવાનું હતું? એટલે મનમાં વિચાર આવતો કે સાઇકલ મેળવવાનો ઉપાય એક જ છે. આપણે પરણતી વખતે રિસાઈને બેસીશું; સસરાને કહીશું કે, 'મારે નથી જોઈતી કંઠી (સેર) કે નથી જોઈતી પહોંચી; આપણને તો સરસ સાઇકલ જોઈએ.'

નાનપણથી મનમાં ઠસી ગયું હતું કે, પરણવું એ ખરાબ વસ્તુ છે. પરણાવશે એ બીકથી ઘરમાંથી નાસી પણ ગયો હતો. પરંતુ સાઇકલે બુદ્ધિ બગાડી! સાઇકલ તુરત મેળવવાનો એ એક જ ઉપાય લાગવાથી સાઇકલના લોભે મન પરણવા પણ તૈયાર થયું. પછી તો કલ્પનાના ઘોડા — અરે નહિ! ચૂક્યો! કલ્પનાની સાઇકલો — દોડવા લાગી. એક દિવસે પરણવાના વિચાર અને સાઇકલના વિચાર અદ્ભુત રીતે ભળી ગયા, અને વિચાર થયો કે, આખી જાન સાઇકલ ઉપર કાઢીએ તો કેવું સારું! વરવધૂ તો સાઇકલ ઉપર હોય જ; પણ બધા જાનૈયા — અરે શરણાઈતાસાંવાળા, દારૂખાનું ફોડનારા, ગોર મહારાજ, ભટભિક્ષુકો, બધા જ — સાઇકલ ઉપર બેસી જો શહેરમાં ફરે તો કેવું મજાનું દેખાય? દરેક જણ સાઇકલની જે ઘંટડી અને ભૂંગળું વગાડે તેમાં પણ સા રી ગ મ ની ગોઠવણ હોય. આવી જાન તો ઉતાવળે જ પસાર થવાની; લોકોને પૂરતું જોવાનું પણ ન મળે; એટલે આખા શહેરમાં એણે તો દસ વાર ફેરા ફરવા જોઈએ. વળી જેમને એ મજા ખાસ જોવાનો શોખ હોય એમણે પણ ભાડાની સાઇકલો આણી જાન સાથે ફરવું જોઈએ.— એવી એવી મજાની કલ્પનાઓ મનમાં વધવા લાગી.

આટલી અદ્ભુત કલ્પના કાંઈ એકલપેટે સેવાય? મેં ગોંદુને એની વાત કરી. એણે એ જ દિવસે ઘરમાં બધાંને હસતાં હસતાં કહી દીધું. થોડા જ દિવસમાં એ વાત ઘરની બહાર ફેલાઈ. અને દરેક જણ મને સાઇકલની જાન વિષે પૂછી પૂછીને ખીજવવા અને હેરાન કરવા લાગ્યું.

ઠીક થયું કે તે જ વરસે હું ન પરણ્યો; નહિ તો કોઈ મને સુખેથી પરણવા પણ ન દેત. હું પરણ્યો ત્યારે બધા એ વાત ભૂલી ગયા હતા, એકલો હું ભૂલ્યો ન હતો. પણ રોજ મનમાં ઈશ્વરની

પ્રાર્થના કરતો કે, 'આ કાર્ય પૂરું થાય ત્યાં સુધી કોઈને એ સાઇકલની જાનનું સ્મરણ ન થાઓ.' લગનમાં રિસાવાનો સમય આવ્યો ત્યારે પણ મનમાં તીવ્ર ઇચ્છા હોવા છતાં, મેં સાઇકલનું નામ ન લીધું;—રખેને એટલાથી જ ભાઈને સાઇકલની જાનનું સ્મરણ થઈ આવે!

પછી જ્યારે સાચે જ ઘરમાં સાઇકલ આવી અને હું સાઇકલ પર બેસતો થયો ત્યારે મેં ભાઈને કહ્યું, 'નાના, (હવે હું ગોંદુને નાના કહેતો હતો.) મારો સાઇકલ સાથે એક ફોટો પાડને?' એ કહે, 'એમાં તે શી મોટી વાત? પણ શરત એ કે, ફોટા નીચે હું લખવાનો કે સાઇકલ પરની જાન.' એ શરત માફ કરવા માટે મારે નાનાને કેટલીયે આજીજી કરવી પડી.

૬૬

ચોરોની પાછળ

પ્લેગના દિવસોમાં શાહપુર બહાર ઝૂંપડાંમાં રહેવાનું એવું તો નિયમિત થઈ ગયું કે, લોકોએ ઝૂંપડાંને બદલે કાચાં ઘર બાંધવાનું પસંદ કર્યું. છતાં એને 'ઝૂંપડાં' જ કહેતા. અમારા ઝૂંપડાની ભીંતો વાંસની હતી; વાંસની ઉપર અંદર બહાર ગાર કરી હતી. છાપરા પર નળિયાં હતાં. આ ઝૂંપડું થયા પછી હું હમેશ ત્યાં જ રહેવાનું પસંદ કરતો. અંગ્રેજી પાંચમી ભણતો હઈશ. આસપાસ આઠ દસ ઝૂંપડાં હતાં તેમાં પણ અમારી ન્યાતના લોકો જ રહેતા. માત્ર અમારે પડખે એક લિંગાયત કુટુંબ રહેતું. એની પાછળ એક ખેડૂત રહેતો. આ તરફ ચોરો ઘણી વાર આવતા.

એક વાર ચોરો બીચારા ખેડૂતને ત્યાં ખાતર પાડી એની ચાળિસેક રૂપિયાવાળી પોટલી લઈ ગયા. ખેડૂત ઊઠીને ચોરોને પકડવા દોડ્યો. પણ ચોરોએ એના માથા પર કુહાડીનો ઘા કર્યો. ઘા એની ભમર પર વાગ્યો. જરાક વધારે વાગ્યો હોત તો બીચારાની આંખ જાત.

એના ઘરમાં બૂમ પડી ત્યારે અમારા ઘરમાંથી આઈએ એને હિંમત આપવા બૂમ પાડી, 'અરે ડરો મા; અમારે ત્યાં ઘણા મહેમાનો આવ્યા છે. હમણાં મદદે આવીએ છીએ.' સાચી વાત એ હતી કે, ઘરમાં પુરુષ હું એકલો જ હતો. હું બંદૂક ભરેલી રાખતો. બંદૂક લઈને હું બહાર નીકળ્યો. પણ ચોરોને મારી રાહ જોવા જેટલો વખત નહોતો.

બીજે એક વખતે અમારી કોઢમાં સાંકળ તૂટ્યાનો અવાજ થયો. અમારી ભેંસને અને ગાડીના બળદોને અમે લોઢાની સાંકળોથી ખીલે બાંધતા. બંદૂક લઈને હું ઊપડ્યો. મધરાતનો સમય હતો. મેં બારણું ખોલ્યું અને આઈ જાગી. આઈ મને જવા ન દે. મેં કહ્યું, 'ચોર કોઢમાં ભરાયા છે. ઢોરને કેમ જવા દેવાય?'

હું બહાર નીકળ્યો. આઈ કહે, 'ઢોર જાય તો ભલે જાય. તારે જોખમમાં ન ઊતરવું.'

'નાનપણમાં તારી શિખામણ આવી નહોતી,' એમ કહી હું દોડ્યો. કોઢમાં જોઉં તો ભેંસ ન મળે. બંને બળદો ચમકી ગયેલા ઊભા હતા. ભેંસને ન જોવાથી મારા હૈયામાં શું થયું હશે એની કલ્પના તો જેણે ઢોર પાળ્યાં હોય તે જ કરી શકે. ભેંસને નવડાવવાનું કામ મારું, દોહવાનું કામ મારું. મારી સાઇકલની ઘંટડી સાંભળે કે તરત જ મને દૂરથી ઓળખીને રણકાથી એ મારું સ્વાગત કરે. હવે એ ભેંસને કોઈ કાળે નહિ જોઈ શકું, એ કાયમની ગઈ, એ ખ્યાલ અસહ્ય થયો. ચોરો જો અંત્યજો હશે તો ભેંસને મારી પણ ખાશે! હવે શું કરવું?

ચોરો રસ્તા પર થઈને તો જાય નહિ. આથમણી બાજુ અને ઉત્તર તરફ ઝૂંપડાં હતાં, એટલે એ બાજુ પણ તેમનો જવાનો સંભવ નહોતો. ઉગમણી બાજુ ખેતરો હતાં. ત્યાં હું દોડ્યો. ભેંસ નજીક હોય તો એને આશ્વાસન આપવા મેં એના જેવો જ રણકો કર્યો. બે ખેતર વટાવ્યાં. ત્રીજું નીચાણમાં હતું. પાસે એક કૂવો હતો અને રસ્તા તરફ 'સોનાનો' પીપળો હતો. એ ખેતરમાં ઘાસ પણ ખૂબ ઊગેલું. ઉઘાડે પગે અંધારામાં ઊતરવાની મારી હિંમત ન ચાલી. મેં ફરી રણકો કર્યો. સામે જવાબ મળ્યો. એક ક્ષણમાં મારી ચિંતા દૂર થઈ અને મને હિંમત આવી. હું ખેતરમાં કૂદી પડ્યો. ભેંસ મારા હાથમાં બંદૂક જોઈ જરા ચમકી અને દોડી. પાસે જઈને મેં ભેંસનો કાન પકડ્યો અને એને લઈ આવ્યો. સવારે આઈએ ભેંસને જાર બાફીને ખવડાવી અને મને શીરો મળ્યો.

૬૭

આપણો સંસાર

અમારી ઝૂંપડી પાસે જ એક લિંગાયત ભાઈ રહેતા હતા. એક દિવસ એમને ત્યાં એમનો જમાઈ આવેલો. હું એને જોવા ગયો. સાવ નાનો છોકરો. સસરા પાસે પાન ચાવતો બેઠો હતો. સસરાએ મને કહ્યું, 'મારી દીકરીને ભાણો આવ્યો છે, એટલે એના પિતાને આજે બોલાવ્યા છે.'

મારી આગળ બેઠેલા એ છોકરાનો પિતા તરીકેનો પરિચય સાંભળતાં પણ મને શરમ આવી. પણ ભાઈ 'પિતાશ્રી' તો ઠાવકું મોં રાખીને પાન વાગોળતા હતા. પુત્રોત્સવની ખાંડ ખાઈને હું પાછો આવ્યો. થોડા જ દિવસમાં એ બાળક ગુજરી ગયાનો ખરખરો કરવા પણ મારે જવું પડયું એવું અસ્પષ્ટ સ્મરણ છે.

પણ એ લિંગાયત કુટુંબનું સ્મરણ તો મને બીજે જ કારણે રહ્યું છે. થોડા મહિનામાં અમારા પડોશી — પેલા 'પિતાશ્રી'ના સસરા — ગુજરી ગયા. એ પૈસાદાર હોવાથી ઘણા લોકો ભેગા થયા હતા. લિંગાયત લોકોના રિવાજ પ્રમાણે, શબને ઓટલે પલાંઠી વળાવીને અને ભીંત સાથે અઢેલીને બેઠું કર્યું હતું. શબની સામે દહીંભાત મૂકવામાં આવ્યાં હતાં. સગાંવહાલાંમાંથી એક એક જણ આવે, એક કોળિયો હાથમાં લઈ શબના મોઢા તરફ લઈ જાય, અને કોળિયો નીચે મૂકી પોક મૂકે, 'ઉંડિલ્લા!' (જમ્યા નહિ!)

બીજો રિવાજ વધારે ધ્યાન ખેંચે એવો હતો. શબ પાસે એક સાડી મૂકવામાં આવી હતી. લિંગાયતોમાં પુનર્વિવાહનો વિરોધ નથી. પણ શબ ઉપાડતી વખતે જો એની સ્ત્રી પેલી સાડી લઈને પહેરી લે, તો એનો અર્થ એવો થાય છે કે એણે જીવન પર્યંતનું વૈધવ્ય સ્વીકાર્યું છે. એ નિશ્ચય ન હોય તો સ્ત્રી સાડીને અડે નહિ. મરનારની સ્ત્રી જુવાન હતી. બધા એમ જ માનતા હતા કે એ ફરી પરણશે. એ શું કરે છે તે જોવા હું ત્યાં ગયેલો. ઘરમાં

સૌ રોતાં હતાં; ફક્ત એ બાઈ રોતી નહોતી. એની આંખમાં ભીનાશ સરખી પણ નહોતી દેખાતી. ઘણા લોકોને એથી આશ્ચર્ય થયું; મને પણ આશ્ચર્ય થયું. એની શૂન્યમનસ્ક આંખોની ચમક જોઈને મને શંકા તો ગઈ કે, બાઈએ આ દુનિયામાંથી પોતાનો જીવનરસ પાછો ખેંચી લીધો છે; આંસુ વાટે એ પોતાનું દુઃખ હળવું કરવા નથી માગતી. શબ પાસે સાડી મુકાઈ કે તરત એણે એ ઉપાડીને પહેરી લીધી!

લોકો દુઃખ સાથે આશ્ચર્યમાં મગ્ન થયા. મરેલાને સ્મશાનમાં દાટી પાછળ રહેલાં બધાં સગાં શહેરમાં રહેવા ગયાં. બીજે દહાડે ખબર આવી કે મરનારની વિધવાએ અન્નત્યાગ કર્યો છે. મારા સ્મરણ પ્રમાણે, આઠ દસ દિવસની અંદર જ વિધવાએ દેહ છોડ્યો. કશા રોગ વગર, દુઃખના ભારથી જ એ સતી શરીરથી પ્રાણ જુદા કરી શકી. આજે પણ એની એ આંખો દૃષ્ટિ આગળ તરે છે.

६८

ઘરઘરની રમત

અમારી ઝૂંપડી પાસે અમારી ન્યાતના કેટલાક લોકોનાં ઝૂંપડાં હતાં. હું એ લોકોમાં ભળતો નહિ. પણ એક ડોશી અમારે ત્યાં આત્યાને મળવા આવતી. આત્યા તે આઈનાં ફઈબા. એટલાં ઘરડાં કે, ઢીંગણાં થવા આવ્યાં હતાં; વળી ચાલે ત્યારે ટટાર પણ ન રહી શકે. મને રાંધીને ખવડાવે, અને આખો દિવસ રૂ તથા નાનકડું કામઠું લઈ રૂ પીંજે અને આરતી માટે ફૂલ-વાટો બનાવે. પડોશીની ડોશીએ એક દહાડો મને પૂછ્યું, 'અમારી મનુ (મણિકર્ણિકા) તમારે ત્યાં પોતાની બહેનપણીઓને લઈને ઘરઘર રમવા માગે છે. તમારી રજા છે?'

છોકરીઓની ધૃષ્ટતા મને જરાયે ગમતી નહિ; પણ વિવેકને વશ થઈ મેં ના ન પાડી. મેં એટલું જ કહ્યું, 'એમાં મને શું પૂછવાનું? આત્યા કહે તે ખરું.'

બપોરે છોકરીઓ આવી. કલાકો સુધી એમની રમત ચાલી. મને પણ રમત જોવામાં ખૂબ રસ પડ્યો. મનુ શાંત, મહેનતુ ને દક્ષ છોકરી હતી. બહેનપણીઓને રાજી રાખી તેમના પર કાબૂ મેળવવો, તેમની પાસેથી કામ લેવું, અને સૌનો રસ જાગતો રાખવો, એ બધું એને આવડતું. છોકરીઓ જાતજાતની રમતો રમી. પછી એમણે રાંધ્યું. એક થાળી પીરસીને મારી આગળ મૂકવામાં આવી. બપોરે જમવાનો સ્વાદ કોને હોય? છતાં મેં થોડું ખાધું. સાંજ પડતાં પહેલાં છોકરીઓ ઘેર ગઈ.

બીજે દિવસે મનુની દાદી મારી પાસે આવીને કહે, 'અમારી મનુ નાની હતી ત્યારે એક પડોશણે એને હાથમાંથી નીચે પાડી તે દિવસથી એનું કાંડું તૂટી ગયું છે. પણ તમે જુઓ છો કે રાંધવા કરવાનું બધું એ કરી શકે છે. તમે એને પરણવા તૈયાર છો? તમારી આઈને પૂછું તો એ ના જ પાડશે. પણ આજના તમે છોકરાઓ જાતે જ વહુ પસંદ કરવામાં માનો છો, એટલે તમને પૂછું છું. તમારી હા હોય તો તમારી આઈને મનાવવાનું કામ મારું.'

હવે કાવતરાનો ભેદ મારી આગળ ખુલ્લો થયો. બાઈની ધૃષ્ટતા જોઈ હું તો આભો જ બની ગયો. મેં કહ્યું, 'પણ મારે પરણવું જ નથી તે?'

ડોશીએ એક જ સવાલ પૂછ્યો, 'પણ તમને છોકરી પસંદ છે?' મનુની દાદી સાવ ભોળું માણસ. એનામાં કૂડકપટ નહોતું. આંધળા પ્રેમે તેમની પાસે આ બધું કરાવ્યું હતું. એમને હું ઠીક ઠીક ઓળખતો હતો. મને એમના પર દયા છૂટી. એમને માઠું ન લાગે એવો જવાબ મેં ખૂબ શોધ્યો, પણ એ શાનો જડે? મેં એમને એટલું જ કહ્યું, 'મારે પરણવું જ નથી, એટલે ઝાઝા વિચારો મારા મગજમાં આવતા જ નથી.'

'થયું ત્યારે; આટલી જ એક આશા રાખેલી,' એમ કહીને ડોશી ચાલતાં થયાં.

તે દિવસે રાત્રે કેટલોય વખત હું વિચારમાં પડ્યો હતો. પરણવાની ઉત્સુકતા મારા મનમાં હતી જ નહિ. છતાં એ ડોશીના છેલ્લા શબ્દોની મારા પર ભારે અસર થઈ. બીચારી છોકરીનો હાથ ભાંગ્યો એમાં કંઈ એનો વાંક? અવ્યંગ રૂપાળી છોકરીઓ હોય તોયે હજાર દોઢ હજારની પરઠણ (વરદક્ષિણા) વગર પરણી શકતી નથી, ત્યાં આ બીચારીને કોણ સ્વીકારશે? સંસ્કારી યુવાનોનું શું એ કર્તવ્ય નથી કે બહાદુરી બતાવી તેઓ આવી છોકરીને લેવા તૈયાર થાય? રૂપ ઉપર શા માટે લોકો મોહી પડતા હશે? વહુને ક્યાં નાચવા લઈ જવાની હોય છે? ઘરસંસાર સરસ રીતે ચલાવે એના કરતાં માણસને વધુ શું જોઈએ? આવા આવા વિચારો તો ઘણા આવ્યા. પણ મારે પરણવું જ ન હતું. અને અમારા સમાજમાં વરને સીધું પૂછવાનો રિવાજ પણ નહોતો. એટલે એ પ્રકરણ ત્યાં જ પૂરું થયું.

નવા જમાનાને સમજવા જેટલી પણ કેળવણી જેમને મળી નથી, તેઓ પણ જ્યારે લાચાર થાય છે ત્યારે ગરજના પ્રેર્યા નવા જમાનાનો નવો રંગ સમજતા થાય છે, અને જૂની મર્યાદા છોડી નવા પ્રકારોને કંઈક અંશે વશ થાય છે. એ વસ્તુસ્થિતિ માત્ર મને દયામણી લાગી. એ સ્થિતિમાં આવકારપાત્ર કેટલાક અંશો છે, પણ એની કદર મને નહોતી.

૬૯

પડોશની પીડા

અમે ત્રીજી કે ચોથી વાર સાવંતવાડી ગયા હતા. આ વખતે રહેવાનું સરકારી ગેસ્ટ-હાઉસમાં રાખ્યું હતું. અર્ધો બંગલો અમારા તાબામાં આપેલો હતો. આ બંગલામાં અમે ત્રણ ભાઈઓ ખૂબ રમતા.

સાવંતવાડીમાં અમારા એક ઓળખીતાના ઘરમાં આક્કા કરીને છોકરી હતી. ઘરમાં એને આકલ્યા કહીને બોલાવતા હતા. એ અમારે ત્યાં થોડા દિવસ રહેવા આવી. ઘરમાં કોણ આવે છે ને કોણ જાય છે એની અમને શાની પરવા હોય? પણ બપોરે અમે શેતરંજના પટ પર વાઘબકરી રમતા હોઈએ અથવા કંઈ વાંચતા હોઈએ, ત્યારે અમારી વચ્ચે આવીને બેસવાની આ છોકરીને ટેવ હતી. સ્ત્રી એ કંઈક ઊતરતું પ્રાણી છે એવી માન્યતા નાનપણથી બંધાઈ હોવાથી, એ છોકરી અમારી વચ્ચે આવીને બેસે એ અમને અપમાન જેવું લાગતું. પણ મહેમાન તરીકે આવેલી લાડકી છોકરી. એને અમારી વચ્ચેથી ઉઠાડાય પણ કેમ? અમે ધીરજથી એની હાજરી સહન કરતા. પણ એ તો અમારી વાતોમાંયે ભળતી; અમને સવાલો પૂછતી. અમે તોછડો જવાબ આપીએ તો વળી કહેતી, 'કેમ ભાઈ, આવો જવાબ કેમ આપો છો?' આટલું પૂછી, જાણે કશું થયું જ ન હોય એમ, ફરી અમારી વાતોમાં ભળતી.

ત્રણ ચાર દિવસ તો અમે આ સહન કર્યું. પછી ભાઉએ એક યુક્તિ કરી. એ સાંભળી શકે એવી રીતે આઈને કહે, 'આઈ, આજે આક્કા પાછી એને ઘેર જવાની છે ને? એને એમ ને એમ ન મોકલાય. એને એકાદ સારો ખંડ આપીને મોકલજે. જોઈએ તો હું જ બજારમાંથી મંગાવી લઉં.' અને આઈનો જવાબ સાંભળ્યા પહેલાં જ ભાઉએ પટાવાળાને કહ્યું, 'અરે ધોંડી, આજે આક્કા ઘેર જવાની છે. ત્રણ વાગ્યે ઘેર આવજે અને હમણાં બજારમાં જઈને આઈ કહે તેવો ખંડ લઈ આવજે.'

આ યુક્તિ આબાદ નીવડી, અને કેશુએ હાશ કહી.

પણ બકરી ગઈ ત્યાં ઊંટ ઘરમાં પેઠું. તે જ દિવસે કોઈ યુરોપિયન મહેમાન એ બંગલામાં આવ્યાં. સરકારી મહેમાન અને સરકારી બંગલો. અમારાથી એમાં હા ના થાય જ કેમ? અર્ધો બંગલો ખાલી હતો એમાં પેલાં આવીને રહ્યાં. ધણીધણિયાણી બે જ હતાં. સાથે એમના બે ઘોડા હતા. બંને જણ ઘોડે બેસનાર જબરાં. સાહેબ કંઈક શાંત સ્વભાવનો હતો; પણ મડમ તો વાઘણ જોઈ લો. આખો દિવસ નોકરોને વઢે. ઘોડા માટે ચણાનું જોગાણ પોતે તૈયાર કરી, બે હાથે બે ડોલ ઉપાડી, પોતે જ ઘોડાને ખવડાવતી; અને ઘોડા ખાઈ રહે ત્યાં સુધી ત્યાં જ ઊભી રહેતી.

બાઈ થાકીને બપોરે સૂતી હશે. પાસેના ખંડમાં ટેબલ પર અમે વાઘબકરી રમતા હતા. રમતાં રમતાં વિવાદે ચડયા. અમારો ઘાંટો સારી પેઠે વધ્યો. બાઈની ઊંઘ ભાંગી. નાગણ જેવો ફૂંફાડો કરતી એ ઊઠી, અને અમારા બે ઓરડા વચ્ચેનાં બંધ બારણાં પર જોરથી મૂક્કો મારી અંગ્રેજીમાં ગરજી ઊઠી: 'અરે છોકરાઓ, શું તોફાન માંડયું છે? જરા સૂવા દેશો કે નહિ?' અમે ઉંદરની જેમ ચૂપ થઈ ગયા. ભાઉએ કહ્યું, 'થેંક યુ.' અને અમે એ ઓરડો છોડી દીધો. અમને થયું કે આ બલા ક્યારે જશે?

અમારી મૂંઝવણ આ પ્રકારની હતી, જ્યારે પિતાશ્રી બીજી રીતે ચિંતાગ્રસ્ત હતા. અમે જમવા બેઠા ત્યારે પિતાશ્રી આઈને કહે, 'આ ગોરાંઓ આપણા ઘરમાં આવીને રહ્યાં છે; માંસમચ્છી ખાશે. જે ઘરમાં પરધર્મી વસે છે અને માંસાહાર ચાલે છે ત્યાં પાણી પીએ તોપણ અભડાઈએ.'

આઈએ સમાધાન સૂચવ્યું: 'આપણે ક્યાં એક જ ઘરમાં છીએ? એમનો ભાગ જુદો છે ને આપણો જુદો છે.'

પિતાશ્રીએ કહ્યું, 'એમ મનને ન મનાવાય. આખા બંગલાનો મોભ તો એક જ છે ને? એ તો એક જ ઘર કહેવાય. આટલા વરસ નોકરી કરી, પણ આવો પ્રસંગ આવ્યો નહોતો. આનો કશો ઇલાજ દેખાતો નથી. એટલે એ સંકટ ખમ્યે જ છૂટકો. દેવને ખબર છે કે આમાં આપણો ઇલાજ જ નથી.'

બે રાત રહી બંને ઘોડેસવાર ત્યાંથી વિદાય થયાં અને અમે બીજી વાર હાશ ભણી.

૭૦

વિઠુ અને ભાનુ

વિઠુ અમારે ત્યાંનો એક નોકર. બેળગુંદીમાં અમારું ઘર બંધાતું હતું ત્યારે મજૂર તરીકે તે અમારે ત્યાં આવતો. તે વખતે તેની ઉંમર આશરે બાર તેર વર્ષની હશે. એક દિવસ મજૂરો કૂવામાંથી કાદવ કાઢતા હતા, ત્યારે તેમની બેદરકારીથી એક દેગડો દોરડામાંથી વછૂટી ગયો, અને કૂવાની અંદર વિઠુ કામ કરતો હતો તેના માથા પર પડ્યો. કહેવાની જરૂર નથી કે, વિઠુ એકદમ બેભાન થઈ ગયો અને મહા મહેનતે અમે તેને બહાર કાઢી શક્યા. અમારે ત્યાં બે ત્રણ મહિના દવા ને મલમપટ્ટી સારુ તેને રહેવું પડ્યું.

જુવાન લોકોનું હૃદય ભાવનાપ્રધાન હોય છે. ત્રણ મહિનાના સહવાસથી વિઠુ અમારા ઘરનો જ એક માણસ થઈ ગયો. તેને રીતસર પગાર મળતો, પણ કોઈ તેને ઘરના નોકર તરીકે ગણતું નહિ. સવાર સાંજ નાસ્તો કરવાનો વખત થાય એટલે આઈ અમને બધાને ખાવાનું આપતાં. દરેકની રકાબીમાં ખાવાનું રાખેલું હોય. ગામડાના રિવાજ પ્રમાણે નોકરોને નાસ્તો આપવાનો નથી હોતો, અને કોઈ આપે તોપણ જેવું તેવું કંઈક આપે. પણ વિઠુને વિષે તેમ ન હતું. વિઠુ અમારી રકાબીમાંથી ગમે તે એક લઈને ખાતો; અમારા પહેલાં પણ ખાઈ જતો. બ્રાહ્મણના ઘરમાં આટલી છૂટ આશ્ચર્યકારક ગણાતી.

વિઠુ મોટો થયો ને અમારી ખેતીનું બધું કામકાજ કરવા લાગ્યો. અમે ખેતી વધારી. બળદ, ગાયો, ભેંસો ઘરમાં રાખવાં પડ્યાં. તેને માટે બીડ રાખવું પડ્યું. જંગલમાંથી ઘાસલાકડાં લાવવા માટે મોટાં ગાડાં તૈયાર કરવાં પડ્યાં. કારખાનું વધ્યું. વિઠુ તેમાં કામ કરતો. મારા મોટાભાઈ કારખાના પર દેખરેખ રાખતા. નાનપણથી જ વિઠુની સત્યપ્રિયતા ને ન્યાયનિષ્ઠા જબરી હતી.

સામાન્ય રીતે આપણાં ગામડાંઓમાં ગરીબાઈ એટલી બધી હોય છે કે, બીચારા ખેડૂતોને ન્યાયનિષ્ઠ રહ્યું પાલવતું નથી; ચોવીસે કલાકના જીવનકલહમાં સ્વાર્થ ખોળવો પડે છે. ગામડાનો વાણિયો, શાહુકાર, પટેલ, તલાટી તેમ જ ગોર, બધા એટલા બધા સ્વાર્થી હોય છે કે — સ્વાર્થથી આંધળા હોય છે કે — આખા ગામને તેઓ નર્યો સ્વાર્થનો જ પાઠ ભણાવે છે.

ઘરમાં મોટું કારખાનું, એટલે દરરોજ કોઈ ને કોઈ સાથે અથડા-અથડી તો થવાની જ. તેમાં બીજા નોકરો તો અમારો સ્વાર્થ જોઈને જ અમારી વતી લડે. પણ વિઠુને અમારા સ્વાર્થ કરતાં અમારી શાખ, અમારી આબરૂ વધારે વહાલી હતી, અને અમારી આબરૂ કરતાંયે ઇન્સાફ વધારે વહાલો હતો. મારા મોટાભાઈનું બતાવેલું કંઈક કામ વિઠુને ગેરવાજબી જણાયું હોય તો વિઠુ લાલચોળ થઈને મોટાભાઈને કહેતો: 'होयगा बाबा! माज खोटु काम करुस सांगत्यास होय?' (મને ખોટું કરવાને તું કહે છે કાં?) વિઠુને કહેલું કામ સ્વચ્છ છે એવી તેની ખાતરી કર્યે જ છૂટકો. મારા પિતાશ્રી રજા લઈને જ્યારે બેળગુંદી જતા ત્યારે પ્રથમ વિઠુને જ મળતા. વિઠુ કારખાનાની આખા વરસની બધી વિગત જેવી હોય તેવી કહી દેતો અને આગળ શું કરવું જોઈએ એની સૂચનાઓ પણ આપતો. વિઠુ પાસે છાનું રાખવા જેવું કશું રહેતું જ ન હતું. છતાં અમુક વસ્તુ છાની રાખવા જેવી છે એમ તેને કહેવામાં આવે તો મધ્યયુગીન વફાદારીથી તે તેને છાની રાખતો. વિઠુ અમારા ઘરમાં રહ્યો ત્યારથી તે ભાગ્યે જ પોતાને ઘેર જતો. વરસનું ચાર કુડવ (બેલગામ તરફ ૧ કુડવ એટલે આશરે ૧૦ મણ થાય છે) અનાજ અને વીસ રૂપિયા ઘેર આપી આવતો. એટલું અનાજ એક નાના કુટુંબને એક વરસ માટે બસ થાય છે.

સન્તુ કરીને વિઠુનો એક ભાઈ હતો. તેને પણ અમારે ત્યાં ઘણી વાર મજૂરી કરવા અમે રોકતા. પણ સન્તુનું ચારિત્રબળ ઓછું હતું. સન્તુની રાંક વૃત્તિ જોઈ વિઠુ અધમૂઓ થઈ જતો. પોતાને લીધે સન્તુને અમારે ત્યાં આશ્રય મળતો એ જોઈ તે મનમાં

સહેજ અકળાતો પણ ખરો, અને પોતાને હાથે સન્તુ પ્રત્યે કાંઈ પક્ષપાત ન થાય એની ખાસ કાળજી રાખતો.

જોતજોતાંમાં વિઠુએ આખા કારખાનાનો ભાર ઉપાડી લીધો. વિઠુની શાખ અમારા ગામડામાં ખૂબ બંધાઈ હતી. એની ન્યાયનિષ્ઠા ને અમારી પ્રતિષ્ઠા બંને એના મૂળમાં હતાં. કેટલાયે ગામડિયાઓ પોતાની બચત એની પાસે થાપણ તરીકે રાખવા લઈ આવતા. મારા મોટાભાઈ ગામડામાં ધર્માવતાર તરીકે પ્રસિદ્ધ હતા. વિઠુ અને મોટાભાઈ જ્યાં હોય ત્યાં ગમે તેટલી મોટી રકમ સલામત છે એવો લોકોને વિશ્વાસ રહેતો. અમારે ત્યાં ગામડાના શાહુકાર લોકો ગરીબ ખેડૂતોને કઈ રીતે પજવે છે ને છેતરે છે એની જેને કલ્પના હોય તે જ આ વિશ્વાસની અલૌકિકતા સમજી શકે. થાપણોની રકમો જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તેમાંથી નાની નાની રકમો લોકોને ઉછીની આપવાનો રિવાજ મારા ભાઈએ શરૂ કર્યો. થાપણોને માટે વ્યાજ આપવાલેવાપણું નહોતું; તેમ જ પૈસા ઉછીના આપવામાં પણ વ્યાજનો સંબંધ ન હતો. ફક્ત વિઠુનો જે માણસ પર વિશ્વાસ હોય તેને જ રૂપિયા ધીરવામાં આવતા. કેટલાક ખેડૂતો પોતાનાં ઘરેણાં સલામતીને માટે અમારે ત્યાં રાખતા. કોઈ પણ માણસને ત્યાં લગ્નપ્રસંગ હોય તો મૂળ માલિકની સંમતિથી વિઠુ તે ઘરેણાં લગ્નમાં વાપરવાને આપતો. ઘણા ખેડૂતો પોતાના સ્વચ્છ વ્યવહારથી વિઠુ પર સારી છાપ પાડવાનો પ્રયત્ન કરતા.

વિઠુ અમારે ત્યાં રહેતો, પણ એણે કોઈ કાળે પોતાના ઘરનો સ્વાર્થ સાધ્યો નહિ. જેમ મહાદેવ દુનિયાને વર આપે છે પણ પોતે કશો સંગ્રહ રાખ્યા વિના ભભૂત લગાવીને બેસે છે, તેવી વિઠુની વૃત્તિ હતી. જતે દહાડે વિઠુ, મારા મોટાભાઈની આજ્ઞા અવગણીને પણ, તેને ઠીક લાગે તે જ કરતો. અમારે બેળગુંદીથી બેલગામ જવું હોય તો વિઠુ આપે તો જ અમને બેસવાને ગાડું મળતું. વિઠુ જો કહે કે, આજે ખેતીનું કામ છે અથવા બળદ થાકી ગયા છે તો અમને ગાડું ન મળે. મારી માને પણ બહુ જરૂરનું કામ હોય, તો વિઠુને અંદર બોલાવી કામની અગત્ય તેના મન પર ઠસાવવી પડતી. મા એને બેચાર ગાળો પણ આપે, પણ વિઠુની ખાતરી થાય તો જ તે હા પાડે!

ઘરેણાં પૈસા ઘરમાં એમ ને એમ રાખવાં સુરક્ષિત નથી એમ જોઈ મારા ભાઈએ એક તિજોરી મંગાવી. પણ અમુકના ઘરમાં એક તિજોરી આવી છે એટલી બાતમી ફેલાયાથી જ ઘર પર ધાડું આવતું. એટલે વિઠુએ બાબાને કહ્યું, 'તમે કોઈને કહ્યા વિના પૂનેથી તિજોરી મંગાવજો. હું બેલગામ સ્ટેશનથી રાતોરાત મારા વિશ્વાસુ દોસ્તો સાથે તે ગાડામાં મૂકીને લઈ આવીશ; અને બીજા કોઈને પણ ખબર પડે તે પહેલાં તો ઘરની વચલી ઓરડીમાં જમીનમાં દાટી રાખીશ; ફક્ત એનું મોઢું ખુલ્લું રહેશે. તેના પર પાટ રાખી તમે તમારી પથારી કરજો.' વિઠુએ આવી વ્યવસ્થા પોસ્ટ ઑફિસોમાં જોયેલી.

વિઠુના દોસ્તો એટલે વિશ્વાસની મૂર્તિ. પરસ્યા, ગિડચા, ધુમડચા અને સુબ્યા જાણે શિવાજીના માવળા! હોશિયારમાં હોશિયાર અને વફાદારમાં વફાદાર. મોટાભાઈએ પરસ્યાને એક વાર આંગણામાં વાંસડાની વાડ તૈયાર કરવાને કહેલું. બે દિવસમાં કામ પૂરું થાય એટલું હતું. પરસ્યાએ જરા ઢીલ કરી, એટલે મોટાભાઈએ વિઠુના દેખતાં પરસ્યાને સહેજ ઠપકો આપ્યો. તે વખતે રાતના આઠ વાગ્યા હશે. બીજે દિવસે સવારે ઊઠીને પાછળના આંગણામાં જઈએ તો વાડ તૈયાર! પરસ્યાએ રાત્રે બગીચામાં જઈ વાંસડા તોડી જમીનમાં ખાડા ખોદી વાડ તૈયાર કરી હતી અને તે પણ કોઈને બોલાવ્યા વિના — એકલાએ જ!

બેળગુંદીમાં જ્યારે પહેલવહેલો પ્લેગ આવ્યો ત્યારે ગામડા બહાર એક ટેકરીના ઢોળાવ પર ઝૂંપડી બાંધીને અમે રહ્યા. ઢોરોને માટે પણ એક અલાયદી ઝૂંપડી બાંધી. વિઠુને બધાના રક્ષણની ચિંતા, એટલે રોજ રાત્રે અમારી ઝૂંપડીની આસપાસ સૂવાને માટે તે પંદરવીસ જુવાનોને ભેગા કરતો. ઓઢવાપાથરવાને માટે પરાળ તો જોઈએ તેટલું હતું. ફક્ત અમારે ચાર પાંચ શેર તમાકુ ત્યાં રાખવી પડતી, અને આખી રાત ધૂણી રહે એટલાં છાણાંની ગોઠવણ કરવી પડતી. વિઠુને ગાતાં આવડતું ન હતું, પણ તે બીજા પાસે ગવડાવતો. આમ રાત આખી અમારી ઝૂંપડીની આસપાસ ચોકી રહેતી. વિઠુએ વિચાર કર્યો કે, પારકા લોકોનાં ઘરેણાં આપણે ગામડાના ઘરમાં રાખીએ તેના કરતાં છાનામાના આ ઝૂંપડીમાં જ

લાવીને રાખીએ તો શું ખોટું! એણે મારી માને કહ્યું, 'તમે એ ન સમજી શકો.' એક નાનકડી કોથળીમાં બધાં ઘરેણાં મૂકી વિઠુએ તે કોથળી, ઢોરોને માટે જે ઝૂંપડી બાંધી હતી તેમાં, બળદને જ્યાં ઘાસ નાખે છે તેની નીચે દાટી દીધી ને ગૌશાળાની વ્યવસ્થા પોતાના હાથમાં રાખી. વિઠુનો ઢોર પર પ્રેમ અપાર; એટલે વિઠુ ગૌશાળામાં કેમ સૂએ છે એવી શંકા કોઈના મનમાં શાની આવે? અમારી ઝૂંપડીની સલામતી જોઈ અમારાં સગાંવહાલાંમાંથી કેટલાંકોએ અમારી ઝૂંપડી પાસે જ પોતાની ઝૂંપડીઓ બાંધી. વિઠુને એ બધું ગમ્યું નહિ. તે એટલું જ કહેતો, 'આ લોકો નથી સારા.' પણ તેમને સહન કર્યે જ છૂટકો હતો. તેઓ મારા મોટાભાઈ કે મા પાસે કંઈ સગવડ માગવા આવતા ત્યારે વિઠુ મહાપરાણે તેમની પ્રત્યેનો પોતાનો તિરસ્કાર છુપાવી શકતો.

મારા મોટાભાઈ બેળગુંદીમાં ખેતી કરતા અને પિતાશ્રી બેલગામમાં કલેક્ટરની કચેરીમાં હિસાબખાતા પર દેખરેખ રાખતા. બેલગામમાં પણ વારંવાર પ્લેગ થતો હોવાથી અમારે બેલગામથી ત્રણ ચાર માઈલ પર એક પાકી ઝૂંપડી બાંધીને રહેવું પડ્યું હતું. ઝૂંપડીથી કચેરી સુધી જવા માટે બે બળદવાળી એક ડમણી રાખવી પડી હતી. આ ડમણીઓ અમદાવાદની ઘોડાગાડી કરતાં વધારે સગવડવાળી અને સુંદર હોય છે.

ડમણી ચલાવવા માટે અને ઘરનું કામકાજ કરવા માટે અમે એક નોકર રાખેલો. તેનું નામ ભાનુ. ભાનુ શરીરે કદાવર, ને ઉંમરે લગભગ ૩૦-૩૫ વરસનો હતો. એ મૂળ રહીશ કોંકણનો. સવારના છ વાગ્યાથી રાતના આઠ દસ વાગ્યા સુધી કામ કરે. અમે એને નાનકડી ઝૂંપડી બાંધી આપી હતી તેમાં એ રહેતો ને હાથે રાંધીને ખાતો. ભાનુ વાસણ ઊટકે, પુરુષોનાં કપડાં ધુએ, ગાડી હાંકે, રોજ ગાડી ધુએ, બળદને સાફ રાખે, ક્યાંયે સંદેશો લઈ જવો હોય તો જઈ આવે, કચરો કાઢે, પથારીઓ કરે, ફાનસમાં તેલ પૂરે. ભાનુને ખાવાનું આપવાને અમે બંધાયેલા ન હતા. તેને રોકડો પગાર જ મળતો. એને ઘેર એની થોડી ખેતી હતી ને માથા પર થોડું દેવું પણ હતું. એટલે અમારે ત્યાં નોકરી કરી પગારના લગભગ બધા જ

પૈસા મનીઑર્ડરથી ઘેર મોકલતો અને ત્રણ સાડાત્રણ રૂપિયામાં પોતાનું ગુજરાન ચલાવતો.

એક દિવસ હું તેની ઝૂંપડીમાં ગયો. તેનો વૈભવ એટલે બેચાર માટલાં અને એક તાવડી. તેની કડછી નાળિયેરની કાચલીને વાંસનો હાથો બેસાડીને બનાવેલી હતી. મારી પાસેથી તેના ઘરની હકીકત સાંભળીને મારી ભાભીનું અંતઃકરણ પીગળ્યું. તે દિવસથી રોજ સાંજની રસોઈ વધતી જ અને ભાનુને અથાણું ને રોટલો લગભગ નિયમિત મળતાં. ભાનુ એટલે પક્ષપાત. ભાનું ઘરના બીજા પુરુષોનાં કપડાં સામાન્ય રીતે ધોતો, પણ પિતાશ્રીનાં કપડાં પાછળ કેટલી મહેનત લેવી એની મર્યાદા તેની પાસે હતી જ નહિ. મારાં કપડાં પ્રત્યે પણ એની સહેજ મહેરનજર હતી. પણ હું નથી માનતો કે મારી જાત પ્રત્યે એનું વધારે આકર્ષણ હતું. મારા કરતાં મારાં કપડાં પ્રત્યે જ ભાનુની બહાલ મરજી હોવાનું કારણ એક દિવસ મને અચાનક સૂઝ્યું :

હાઈસ્કૂલે ભણવા ઘણી વાર હું પિતાશ્રીની સાથે તેમની ગાડીમાં બેસી જતો. પિતાશ્રીની ઑફિસમાં પણ જઈને બેસતો. એટલે ભાનુને થતું કે, મારાં કપડાં મેલાં રહે તો કલેક્ટરની કચેરીમાં ને હાઈસ્કૂલમાં કામ કરતા તેની ન્યાતના દેવોમાં — ચપરાશી ને પટા-વાળાઓમાં — તેની કિંમત ઘટશે. ભાનુ અમલદારોને ત્યાં જ કામ કરવા સરજાયેલો. પટાવાળાઓની ભલામણથી જ અમલદારોને ત્યાં એને નોકરી મળવાની. અમારે ત્યાં પણ દશરથ નામના પટાવાળાની ભલામણથી તે આવેલો. મારાં કપડાં જોઈ જો ભાનુને ઠપકો મળે તો ભાનુનો ભવ બગડે. ભાનુની દુનિયામાં મારા પિતાશ્રી એ મધ્યવર્તી. આખી દુનિયાએ એમની આસપાસ ફરવું જોઈએ. પિતાશ્રીની તે સેવા કરતો હોય ત્યારે બીજા કોઈને ગણકારે નહિ. તેને મન બધા જ પિતાશ્રીના આશ્રિત. હું નાહવાને તૈયાર થયો હોઉં એટલામાં પિતાશ્રી નાહવા આવે, તો એ પિતાશ્રીને કહે નહિ કે દત્તુ બાપ્પા નાહવા ઊતર્યા છે. તે મને જ કહેવાનો : ‘ સાહેબ નાહવા આવે છે માટે તમે ખસો ! ’

ભાનુ ઘરમાં આવ્યો ત્યારથી અમે પણ પિતાશ્રીને ‘ સાહેબ ’ કહેવા લાગ્યા. નાનપણમાં અમે તેમને ‘ દાદા ’ કહેતા. ભાનુને

લીધે ઘરનાં બધાં પિતાશ્રી પ્રત્યે વધારે અદબ રાખતાં શીખ્યાં. તે પહેલાં સ્વાભાવિક પ્રેમ ને આદર તો હતાં જ, પણ અદબની વિગતો અમારી પાસે ન હતી. પિતાશ્રીની થાળી તથા તેમનો લોટો સાફ કરવાની માટી જુદી. સૌથી પહેલાં પિતાશ્રીનાં વાસણો જ તે ઊટકતો અને અલગ ધોઈ અલગ સ્થાને રાખતો. પિતાશ્રીની સગવડ સાચવીને જેટલું બીજું કામ થાય તેટલું જ કરવાને પોતે બંધાયેલો છે એવી ભાનુની માન્યતા હતી. પિતાશ્રી પ્રત્યે અમારી બધાંની લાગણી પ્રેમ અને આદરની હોવાથી ભાનુની આ વૃત્તિનું અમે કૌતુક જ કરતા. ભાનુ બિલકુલ આળસ કરતો ન હતો. મહેનત કરવામાં એને ખૂબ રસ પડતો હોય એમ જ લાગતું. એના બોલવા ચાલવાનો હમેશનો એક જ વિષય:—ઘરની વ્યવસ્થા અને પિતાશ્રીની સગવડ. એના બોલવા ચાલવા પરથી આ દુનિયામાં એનું બીજું કોઈ પણ હશે એવો ભાસ સરખોયે થતો નહિ.

છતાં એને દોસ્તદાર ન હતા એમ ન હતું. બેલગામમાં જુદે જુદે ઠેકાણે કામ કરનાર, એના જ મુલકના ને એની જ ન્યાતના, કેટલાયે એના દોસ્તદાર હતા. મહિનામાં એક દિવસ તે બધાને મળવા જતો. પણ એ દોસ્તદારો વિષે એક દિવસ પણ તેના મોઢામાંથી કશો ઉદ્‌ગાર નીકળે નહિ. જાણે કોઈ કાવતરાબાજ ગુપ્ત સંસ્થાનો તે સભાસદ ન હોય! તેના નિયમિત જવા પરથી મેં અનુમાન કાઢ્યું કે, એ બધાનો મળવાનો એક મુકરર દિવસ હોય છે. પછી તો તેની પાસેથી વધારે વિગતો મેળવી. એ લોકો સાચે જ માસની અમુક તારીખે ભેગા થતા, એકત્ર રાંધીને ખાતા, પોતપોતાનાં સુખ-દુઃખની વાતો કરતા, કોઈ કામ વિનાનો હોય તો તેને નોકરી ક્યાં મળી શકે એની ખબર આપતા, કોઈના પર તેનો સાહેબ નારાજ થયો હોય તો તેનો બીજો દોસ્તદાર પોતાના સાહેબ મારફતે તેના સાહેબને સમજાવવાનું પોતાને માથે લેતો. ટૂંકામાં કહીએ તો, ફ્રી-મેસનની પેઠે આ નોકરોની, તે નામ વગરની, એક સંસ્થા જ હતી. કયો તહેવાર તે હું ભૂલી ગયો છું, પણ તે દિવસે બધા મળીને દારૂ પણ પીતા. છતાં તેમને દારૂનું વ્યસન નહિ. વરસમાં એક જ દિવસે તેઓ શરાબ પીએ, ને તે એવો કે બેહોશ થઈને પડે.

આ નોકરો જેટલા દિવસ સુધી જે ધણીની પાસે રહે તેટલા દિવસ સુધી તેની સાથે પૂરેપૂરા વફાદાર. ઘરની વાત બિલકુલ બહાર જવા ન દે. બહાર બધે ધણીનાં વખાણ જ કરે. એકની નોકરી છોડી બીજાને ત્યાં રહે તોપણ પહેલા ધણીની વાતો ત્યાં ન કરે. રહસ્ય એ એમને માટે રહસ્ય જ. માત્ર એમની માસિક સભામાં બધા નોકરો ભેગા થાય ત્યાં કશી વાત છાની ન રહે. શહેરના મોટા લોકોની બધી નાની વાતો ત્યાં ચર્ચાય. આજે મને એમ લાગે છે કે, જો કોઈ રીતે એમની એ માસિક સભાનો વિશ્વાસપાત્ર સભાસદ થવાય તો સમાજશાસ્ત્રનું અધ્યયન કરવાને માટે કેટલોયે અસાધારણ મસાલો ત્યાંથી મળી આવે.

ભાનુ ઈમાનદાર હતો અને પોતાની ઈમાનદારી વિષે મગરૂર પણ હતો. તે વિવેક ખૂબ જાણતો અને પાળતો. પણ શહેરનો નોકર એટલે એનો આત્મા કંઈ વિવેકી નહિ. શહેરનો વિવેક એટલે અંદરની હલકાઈ ઢાંકવા માટેનું ઉપરનું અસ્તર.

એક દિવસ એક સાબુનો મોટો કકડો એક જ દિવસમાં ખલાસ થયેલો જોઈ મેં ભાનુને પૂછયું, 'આટલો સાબુ એક દિવસમાં શી રીતે વપરાઈ ગયો?' ભાનુથી મારો સવાલ સહન ન થયો. વિવેકનું પડ ઊડી ગયું ને તે બોલ્યો, 'શું હું તમારો સાબુ ગળી ગયો છું?' એટલામાં પિતાશ્રી ત્યાં આવ્યા. તેમણે ભાનુનો જવાબ સાંભળ્યો. તેમણે કહ્યું, 'ભાનુ, શું કહે છે?' ભાનુ ગુસ્સામાં ને ગુસ્સામાં જ હતો. એણે ફરી કહ્યું, 'મેં કંઈ એમનો સાબુ ખાધો નથી. તમારાં ને એમનાં કપડાંમાં વાપરી નાખ્યો.' પિતાશ્રીએ કહ્યું, 'આવો જવાબ આપનાર નોકર ઘરમાં કેમ ચાલે?' તેને કાઢી મૂકવાનો કોઈનો વિચાર હતો જ નહિ; પણ તેને લાગ્યું કે આપણને રજા મળી છે, એટલે કપડાં પહેરીને ચાલતો થયો.

ઘેર ગયો ને પસ્તાયો. બીજે દિવસે દશરથ આવીને પૂછવા લાગ્યો, 'ભાનુની શી કસૂર હતી? એને તમે કેમ બરતરફ કર્યો?' પિતાશ્રીએ કહ્યું, 'અમે તો કાંઈ કાઢી મૂક્યો નથી. એને આવવું હોય તો ભલે આવે.' બીજે દિવસે ભાનુ પાછો આવ્યો અને પહેલાંની પેઠે કામ કરવા લાગ્યો. ભાનુને કોનાં વધારે કપડાં ધોવાં પડેલાં એ જાણવાને માટે જ મેં એને સાબુ વિષે પૂછેલું. ભાનુને

અમે ઘરમાં જે રીતે રાખતા તે પરથી એણે જાણવું જોઈતું હતું કે એના પર કોઈને શક ન હતો. તે દિવસથી ભાનુ કોઈ કાળે પેલી સાણુવાળી વાતનો ઉલ્લેખ પણ થવા દેતો ન હતો. જાણે કશું થયું જ નથી એમ એ બતાવવા માગતો હતો.

આપણા નોકરો પોતાની ભૂલની ક્ષમા આ જ રીતે માગે છે. એણે વચનથી ક્ષમા માગી ન હતી. પણ વચન કરતાં તેની આ વૃત્તિ વધારે અર્થપૂર્ણ હતી.

ભાનુ પણ ઘરની વ્યવસ્થામાં ફેરફાર સૂચવતો. અમુક ઠેકાણે બચત કરી શકાય એવી યોજનાઓ મૂકતો. પણ તેની પાછળ પિતાશ્રીની સગવડનો ખ્યાલ મુખ્ય રહેતો. બીજા કોઈને અગવડ વેઠવી પડે તો તે તરફ તેનું બિલકુલ ધ્યાન રહેતું નહિ. આટલી બચત થાય છે ત્યાં બીજાઓએ અગવડ વેઠવી જ જોઈએ. એકલા પિતાશ્રી એના અર્થશાસ્ત્રને અપવાદરૂપ હતા; અને કંઈક અંશે આઈ. બાકી બધા એની દૃષ્ટિએ કેવળ આશ્રિત.

ધીમે ધીમે ઘરમાં ભાનુનું જોર વધ્યું. બજારમાંથી વસ્તુઓ લાવવાનું, પરચૂરણ હિસાબ રાખવાનું, ધોબીને વઢવાનું, હજામને વખતસર બોલાવવાનું, વગેરે કામ તેનાં થયાં. ભાનુ કહે ત્યારે કપડાં બદલવાં જ જોઈએ. ભાનુ કહે ત્યારે હજામત માટે બેસવું જોઈએ. તે લાવે તે જ શાક ખાવું જોઈએ. અમને ભાવે કે ન ભાવે, અમે મંગાવ્યાં હોય કે ન હોય, પણ અમુક જાતનાં ફળ ઘરમાં આવવાનાં જ. ભાનુથી અમને સૌને સંતોષ હતો.

સરકારી નોકરીને અંગે પિતાશ્રીને બહારગામ જવું પડ્યું. સાવંતવાડી સંસ્થાનમાં અંગ્રેજ સરકાર તરફથી રાજ્યવહીવટ ચાલતો હોવાથી એક વરસે પિતાશ્રીને અન્વેષક તરીકે સાવંતવાડી બે મહિનાને માટે જવાનું હતું. સ્વાભાવિક રીતે ભાનુની ઇચ્છા તેમની સાથે જવાની હતી. પણ દેશી રાજ્યોમાં સરકારી તપાસનીસોની સેવામાં એટલા બધા નોકરો રાખવામાં આવે છે કે ભાનુની ત્યાં જરૂર ન હતી. આથી મોટાભાઈએ કહ્યું કે, 'ભાનુને બેળગુંદી મોકલો તો મને ખૂબ મદદ થશે. ભાનુ હોશિયાર છે, વફાદાર છે, મહેનતુ છે. મારે ત્યાં તેનો ઉપયોગ ખૂબ થશે.' વિઠુને પણ એમ જ લાગ્યું. ભાનુને ગામડામાં રહેવાનો આનંદ જોઈતો ન હતો એમ

ન હતું, એટલે કશી તકરાર વિના મોટાભાઈનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર થયો.

હું પિતાશ્રી સાથે સાવન્તવાડી ગયેલો. ત્યાંથી એક મહિના પછી પાછો બેળગુંદી આવીને જોઉં તો ભાનુ ને વિઠુને બનતું ન હતું. બંને લાગણીવાળા, બંને વફાદાર, પણ બંનેના આદર્શ જુદા.

પિતાશ્રીને સાવન્તવાડીથી પાછા આવવા માટે ગાડીની જરૂર હતી. સાવન્તવાડીથી બેલગામ બાસઠ માઈલની ડુંગરી મુસાફરી છે. રસ્તો સુંદર રળિયામણો છે. વિઠોબાએ મોટાભાઈને કહ્યું, 'ખેતરનું કામ બહુ જરૂરનું છે. હું મારા બળદિયા આપવાનો નથી. સાહેબને લખો કે ત્યાંથી ભાડાની ગાડી કરીને આવે. ભાડું સહેજ વધારે પડે તો વાંધો નહિ. પણ મારું કામ ખોટી થવા નહિ દઉં.'

ભાનુએ ચિડાઈને કહ્યું, 'મોટો આવ્યો છે કારભારી! માલિકની ભીડ વધારે કે ખેતીની? માલિકને માટે ખેતી કે ખેતીને માટે માલિક? હું તો બળદ ને ગાડી લઈ જ જવાનો છું. સાહેબનો કાગળ આવ્યો છે તે નથી જોતો?'

બંને જણ મોટાભાઈ તરફ જોવા લાગ્યા. મોટાભાઈ આગળ ત્રીજો જ સવાલ હતો: નાહકનું ભાડું બચાવવું અથવા ખેતીની ભીડ સાચવવી એના કરતાં એ બે વફાદાર સેવકોની મરજી સાચવવી એ મોટી વાત હતી. તુરતમાં શું કરવું જોઈએ એનો વિચાર કરવાને બદલે બંને પોતપોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવા લાગ્યા. મોટાભાઈ મોટા તત્ત્વજ્ઞાની હતા; ધર્મ, સમાજશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રોની દુનિયામાં હંમેશાં રહેતા.

તેમની ચર્ચા ચાલતી હતી એટલામાં હું બહાર જઈ, ગામમાંથી બે બળદ ભાડે લઈ આવ્યો ને કહ્યું, 'ભાનુ, આ લે બળદ. વિઠુના બળદિયા તને નહિ મળે. ઘરની ડમણી છે તે લઈને જા. સાથે વિઠુનો ભાઈ પણ આવશે.' ઘરમાં હું સૌથી નાનો ભાઈ, પણ મને આવી રીતે હુકમ કાઢવાની સત્તા હતી. મારો હુકમ તે છેલ્લો, કેમ કે નાનપણમાં આવી બાબતમાં હું વ્યવહારચતુર ગણાતો. કૉલેજમાં ગયા પછી મારું તે ચાતુર્ય ઓગળી ગયું.

બંને વચ્ચેની અથડામણ ટળી, પણ પડેલી તડ સંધાઈ નહિ તે નહિ જ. વિઠુ કુટુંબનો વિચાર કરે ને ભાનુ માલિકનો કરે, જોકે અમારા ઘરમાં માલિક અને કુટુંબ વચ્ચે કશો ભેદ ન હતો.

આસપાસનાં ગામડાંમાં ધીરેલા પૈસાની ઉઘરાણીમાં ભાનુ જાય ત્યારે રૈયતો પર તે ખૂબ સખતાઈ કરતો અને રકમ સાથે બેચાર કોળાં, પતકાળાં, કે પાંચ દસ શેર રીંગણાં લાવ્યા વિના રહેતો નહિ. વિઠોબાને આ બિલકુલ ગમતું નહિ. ભાનુ કહેતો, 'બધા શાહુકાર એમ લે છે. તે તો આપણો દસ્તૂર છે. દસ્તૂરની વાત કેમ જવા દઈએ?' વિઠોબા કહેતો, 'મોટો પટેલ આવ્યો છે મને ભણાવવા. હું કાંઈ તારી પેઠે કોંકણમાંથી આવ્યો નથી. આ જ ગામમાં જન્મ્યો છું અને આ જ ગામમાં મારાં હાડકાં દટાઈ રહેવાનાં. બધા દસ્તૂર લે છે તે હું નથી જાણતો? પણ બાબાએ તે રિવાજ બંધ કર્યો છે. લોકો બાબાને નાહક ધર્માવતાર નથી કહેતા. પાંચ શેર રીંગણાંથી બે વખતનું શાક થાય ખરું? આપણા શાહુકારને નાહક શા માટે બદનામ કરે છે?' ભાનુ મારી પાસે આવીને કહેતો, 'જોયું દત્તુ આપ્પા? આ વિઠોબાને માલેકના લાભગેરલાભની છે કંઈ ફિકર? ખેડૂતો તો આખરે એના ન્યાતભાઈ જ રહ્યા ને?'

એક દિવસ ખેતરમાં લણણી ચાલતી હતી. પરાળ વાઢી લીધા પછી તેનાં નીચલાં ઠૂંઠાં જમીનમાં ઊભાં હતાં. તેના પર જો પગ પડે તો લોહી જ નીકળે. એટલે મજૂરો ખેતરમાં સહેજ સાચવીને ચાલતા. ભાનુને થયું કે, આમ સાચવીને ચાલતાં વખત નકામો જાય છે અને કામ ઓછું થાય છે. જો ચંપલ પહેરીને કામ કરીએ તો ઝપાટાબંધ કામ થાય. ભાનુ ચંપલ પહેરીને કામ કરવા લાગ્યો. વિઠુએ તે જોયું કે તરત જ તેનો પિત્તો ઊછળ્યો. ગામડાંઓમાં લણણી ચાલતાં ખેતરમાં ચંપલ પહેરીને જવું એ ભારે અશુભ ગણાય છે; ભૂમિમાતાનું તેથી અપમાન થાય છે; ખેતરમાં ભેગી થયેલી લક્ષ્મીનો અનાદર થાય છે; અને ખેતરના ધણીનું અશુભ થાય છે. વિઠુના મોઢામાંથી બેઅખત્યાર ગાળ નીકળી. તે ભાનુને મારવા દોડ્યો. બંને સારી પેઠે લડત, પણ હું વચમાં પડ્યો. વિઠુને મેં ખૂબ ઠપકો આપ્યો અને ભાનુને મારું ખાવાનું ઘેરથી લઈ આવવાને મોકલી દીધો.

સાંજે મોટાભાઈ બંનેને સમજાવવા બેઠા. સમાજવ્યવસ્થાના અને લોકરૂઢિના મૂળભૂત સિદ્ધાંતોની તેઓ ચર્ચા કરતા હતા અને સેવકધર્મની મીમાંસા કરતા હતા. રીંછની પેઠે ઘૂરકી રહેલા ભાનુ અને વિઠુ શ્રદ્ધાપૂર્વક ધર્માવતારનું પ્રવચન સાંભળતા હતા. પણ એ બધું ઊંધા ઘડા ઉપર પાણી રેડવા જેવું હતું. બંને જણ જ્યાં હતા ત્યાં જ હતા.

રોજ તેઓ દિવસમાં ચાર ચાર વાર લડતા. દરેક વખતે યુક્તિ યોજવા હું હાજર ન હોઉં અને ધર્મચર્ચા કરવાને મોટાભાઈ ન હોય, એટલે બંને વચ્ચેની કડવાશ વધવા લાગી. બધા અકળાયા. એ બંનેને પણ થવા લાગ્યું કે, આ ઘરમાં આપણી પ્રતિષ્ઠા રહી નથી. પણ ઘર છોડી જવાનું મન એકેકને થાય નહિ; બંને દુઃખી ને દુઃખી રહે.

સાવંતવાડીથી આવ્યા પછી પિતાશ્રીએ ત્રણ મહિનાની રજા લીધી. એટલે અમે બધા બેળગુંદીમાં જ રહેતા, જેથી ભાનુ ને વિઠુને જુદા પાડવાની પણ મારી યુક્તિ ત્યાં ચાલે એમ ન હતી. એટલામાં ભાનુની મા ગુજરી ગયાનો કાગળ કોંકણથી આવ્યો. ઘરની ખેતી તરફ જોઈ શકે એવું તેને ત્યાં કોઈ ન હોવાથી તેને અમારે ત્યાંથી રજા લેવી પડી. અમને છોડી જતાં ભાનુને બહુ દુઃખ થયું. વિઠોબાને પણ ભાનુ જાય છે એનું ખોટું લાગ્યું. વિઠોબાએ ભાનુને બધું ભૂલી જવાનું કહ્યું. તેને ત્રણ દિવસ પોતાને ત્યાં મહેમાન તરીકે રાખ્યો ને ગળગળા થઈ બંને એકબીજાથી છૂટા પડ્યા.

ભાનુના ગયા પછી વિઠોબા કેટલીયે વાર ભાનુનું ગુણવર્ણન કરતો. ભાનુ પાસેથી હું આ શીખ્યો ને તે શીખ્યો એમ કબૂલ કરતો. પોતાના દોસ્તદારોને ભાનુ જેવો વિવેક કેળવવા સમજાવતો ને ભાનુ સાથે નાહક લડ્યાનો પશ્ચાત્તાપ કરતો. છતાં કહેતો કે, ‘ભાનુ આખરે તો શહેરમાં રહેનાર માણસ. ગમે તેટલો હોશિયાર તોયે શું? અમારા જેવો તે નહિ. આજે હોય ને કાલે જાય. અમે તો ઘરના માણસ.’

આ પછી છ આઠ મહિનામાં જ વિઠુ પ્લેગથી ગુજરી ગયો. તેની સ્ત્રી નાતરું કરીને બીજે ગામ ગઈ. તેને બાલબચ્ચાં ન હતાં.

૭૧

દાઝેલો ભગત

એક વાર સાવંતવાડીમાં એક ઘરને આગ લાગી. આખા લત્તામાં હોહા થઈ ગઈ. અમે એ વાત સાંભળી અને શું છે તે જોવા દોડ્યા. પટાવાળો વિઠુ સાથે હતો. બે ચાર શેરી ફરીને અમે આગની જગ્યાએ પહોંચ્યા. ઘર તો બેસી જ ગયું હતું; માત્ર ભીંતો ઊભી હતી. એ ઘરમાં જોવા જેવું તો શું હોય? છાપરાનાં લાકડાં બળતાં હતાં. ઘરનો સામાન રસ્તા પર વેરણછેરણ પડ્યો હતો. એક ડોસી રસ્તા પર માથું કૂટતી હતી. કેટલાક લોકો ઘરના ઢગલામાંથી હજીયે કંઈ બચી શકે એવી લાગતી વસ્તુઓ બહાર ખેંચી કાઢતા હતા. બીજા કેટલાક દૈવવાદીઓ હાથ જોડીને ઊભા રહી કેવળ ખરખરો જ કરતા હતા.

અમને ત્યાં ઝાઝું ઊભવું ગમ્યું નહિ. અમે પાછા ફરતા હતા એટલામાં એક જણે કહ્યું, 'બળતા ઘર પર એક ભલો માણસ ચડ્યો હતો. પગ લપસી જવાથી તે અંદર પડ્યો ને સારી પેઠે દાઝી ગયો. લોકોએ મહા મુસીબતે એને બહાર કાઢ્યો. એને ઇસ્પિતાલમાં લઈ ગયા છે.' એનું નામ સાંભળતાંવેંત વિઠુ બોલ્યો, 'અરે, એ તો આપણો ભગત. કેટલો ભલો માણસ!'

અમને હવે એ ભગતને જોવા જવાનું મન થયું. અમે વિઠુને કહ્યું, 'ચાલ ઇસ્પિતાલ તરફ.'

'જમ્યા પછી બપોરે જઈએ તો?'

'ના, હમણાં જ ચાલ. બિચારાને જોઈએ તો ખરા.'

'પણ સાહેબ વઢશે તો? ઘેર જતાં અસૂર થશે.'

'ના, સાહેબ નહિ વઢે. હું તને ખાતરી આપું છું.'

અમે ઇસ્પિતાલે ગયા. ત્યાં અનેક માંદાંની વચ્ચે ભગતનો ખાટલો હતો. બિચારાને કેટલેય ઠેકાણે પાટા બાંધ્યા હતા. વિઠુ એને ઓળખતો હતો. એણે ભગતને કહ્યું, 'અમારા સાહેબના

દીકરા તમને જોવા આવ્યા છે.' ભગત બેઠો થયો. અમે એને બેસતાં વાર્યો.

મારા મનમાં વિચાર આવ્યો: આ માણસે આટલી બહાદુરી કરી છે એની આપણે કદર કરવી જોઈએ. એને લાગવું જોઈએ કે દુનિયામાં આપણા જેવા કદરદાન લોકો છે. એને સારું લગાડવા ખાતર ચુનંદાં વચનો પણ બોલી જવાં જોઈએ. પણ શું બોલવું એ સૂઝે નહિ. કૃત્રિમ વિવેકે કહ્યું, ' કંઈક સારું બોલી નાખ.' પણ કંઈક વાક્ય મનમાં ગોઠવું તે પહેલાં હૃદય કહેતું, ' આ બધું પોલું પોલું લાગે છે.'

આ ગડમથલમાં હું કંઈક બોલી તો ગયો. પણ એવું તો અડવું નીવડ્યું કે એથી અમે બધા મૂંઝાઈ ગયા. ભગત જરા ગભરાયેલો લાગ્યો. એને ખાતરી થઈ ગઈ હતી કે હવે પોતે જીવવાનો નથી. એણે કહ્યું, ' ભગવાને મારું હમેશાં ભલું કર્યું છે. આજે ઘેર બોલાવશે તો તે રૂડું જ છે તો!'

મેં કહ્યું, ' ભગત, ગભરાશો મા. પાંડુરંગ તમને સાજા જ કરશે. તમારી મહેનત એળે નહિ જાય.'

ભગતને ખુશામત સૂઝી: ' તમારા જેવા મોટા લોકો મને જોવા આવ્યા એમાં જ મને બધું મળી ગયું.'

હવે ત્યાં ઝાઝું ઊભા રહેવા જેવું ન હતું. મહિના પછી ભગત સાજા થયા, અને ભગવાનને નહિ પણ પોતાને જ ઘેર ગયા, એમ વિઠુ પાસેથી મેં સાંભળ્યું. ભગતે ઘર બચાવવામાં સૌથી વધારે મહેનત કરી હતી એમ સૌ કહેતા હતા.

૭૨

તેરદાળનું મૃગજળ

પરણ્યા પછી થોડે જ દિવસે અમે જમખંડી ગયા. પિતાશ્રી અમારા પહેલાં પહોંચી ગયા હતા. અમારી જોડે સામાન ઘણો હતો, તેથી કૂડચી સ્ટેશન પર મારે લગેજના બમણા પૈસા આપવા પડેલા એ મને યાદ છે. રાત્રે જ અમે બળદગાડીમાં બેસીને ઊપડચા. બંને બળદ ધોળા અને કદાવર હતા. રંગ, શીંગડાનો આકાર, મુખમુદ્રા અને ચાલવાની ઢબ, એ બધાંમાં બંને સરખા હતા. અમારે ત્યાં આવી જોડને ખિલ્લારી કહે છે. આ બળદોએ અમને ચોવીસ કલાકની અંદર ૩૫ માઈલ પહોંચાડી દીધા.

જમખંડી જતાં રસ્તામાં તેરદાળ આવે છે. તેરદાળ પાસે અમે પહોંચ્યા ત્યારે મધ્યાહ્નનો સમય થયો હતો. જમણી બાજુ ખેતરો દૂર દૂર સુધી પથરાયેલાં હતાં. ઘણે દૂર, લગભગ ક્ષિતિજ પાસે એક મોટી નદી વહેતી હતી. પાણી પર સખત તડકો પડતો હોવાથી એ ચળકાટ મારતું હતું અને પાણી કેટલા જોરથી વહે છે એનો પણ કંઈક ખ્યાલ આવતો હતો. આવી સુંદર નદીને કાંઠે ઝાડ કેમ ઓછાં, એ હું સમજી ન શક્યો. મેં ગાડીવાળાને પૂછ્યું, ‘આ નદીનું નામ શું? કેવડી મોટી દેખાય છે? એ કૃષ્ણા નદી તો ન હોય?’ ગાડીવાળો હસ્યો: ‘અહીં વળી નદી કેવી? એ તો મૃગજળ કહેવાય. પાણીના આ દેખાવથી બિચારાં હરણો છેતરાય છે, અને તડકામાં દોડી દોડી તરફડિયાં મારીને મરી જાય છે, તેથી એને મૃગજળ કહે છે.’

મૃગજળ વિષે મેં વાંચેલું તો હતું. મૃગજળમાં ઉપરનાં ઝાડનું પ્રતિબિંબ પણ દેખાય છે, રણમાં ચાલતા પડછાયા પણ દેખાય છે, વગેરે માહિતી અને એનાં ચિત્રો મેં ચોપડીમાં જોયેલાં. પણ હું માનતો કે ઝાંઝવાં તો આફ્રિકામાં જ દેખાતાં હશે. સહરાના રણની એકવીસ દિવસની મુસાફરીમાં જ એ અદ્ભુત દૃશ્ય

જોવા મળતું હશે. હિંદુસ્તાનમાં પણ મૃગજળ હોય એવી મને કલ્પના હોત તો, હું આટલી સહેલાઈથી અને આટલો આબાદ છેતરાઈ ન જાત.

હવે હું જોઈ શક્યો કે, અમે જેમ જેમ ગાડામાં આગળ જતા હતા તેમ તેમ પાણી પણ જોડે જોડે આગળ ખસતું જતું હતું. મેં એ પણ જોયું કે, પાણીની આસપાસ લીલોતરી નહોતી, અને પાણીનો પટ આસપાસની જમીનથી નીચાણમાં નહોતો; જમીન ઉપરથી જ પાણી વહેતું હતું. ઉપરની હવામાં પણ તડકાની અસર દેખાતી હતી. પછી તો ઝાંઝવાંની મજા જોવામાં અને એનું સ્વરૂપ સમજવામાં ભારે આનંદ આવવા લાગ્યો. બિચારા બળદો આંખો અર્ધી મીંચીને પોતાની ગતિના તાલમાં એકસરખા ચાલતા હતા. એકાદ બળદ ચાલતાં ચાલતાં મૂતરે તેનો આલેખ જમીન પર પડતો, તે થોડી જ વારમાં સુકાઈ જતો. અમે અર્ધે અર્ધે કલાકે કૂજામાંથી પાણી લઈને પીતા, તોયે તરસ છીપતી નહિ.

આમ કરતાં તેરદાળ આવ્યું. ધર્મશાળા પથ્થરની બાંધેલી હતી. દેશી રાજ્યનું ગામ એટલે ધર્મશાળા સરસ બાંધેલી હતી; પણ ધૂમ તડકાને લીધે એ પણ અળખામણી લાગી. મુકામે પહોંચ્યા પછી હું તળાવમાં નાહી આવ્યો. સાથે પૂજાના દેવો હતા. એમને નેતરની પેટીમાંથી બહાર કાઢી પૂજા માટે ગોઠવ્યા. દેવોમાં એક શાલિગ્રામ હતો. એ તુલસીપત્ર વગર જમે નહિ, એટલે દદડતે ધોતિયે, પણ ઉઘાડે પગે હું તુલસીપત્ર લેવા ઊપડ્યો. એક ઘરના આંગણામાં ધોળી કરેણનાં ફૂલ પણ જડ્યાં ને તુલસીપત્ર પણ મળ્યાં. બપોરનો વખત, પેટમાં ભૂખ, પગ દાઝે, માથું તપી ગયેલું,—આવા ત્રિવિધ તાપમાં હું પૂજા કરવા બેઠો. દેવો કંઈ ઓછા ન હતા. ઈશ્વર એક છે ખરો, પણ તેથી બધાના વતી એક જ દેવની પૂજા કરું તો ચાલે એમ ન હતું. પૂજા કરતાં આંખે અંધારાં આવ્યાં. માંડ માંડ પૂજા પૂરી કરી અને જમીને સૂઈ ગયો.

સ્વપ્નામાં હરણાંનું એક મોટું જૂથ દડાની જેમ દોડતું મૃગજળનાં પાણી પીવા જતું હતું.

૭૩

જીવનપાથેય

મારા પાંચ ભાઈઓમાંથી એક જ બી. એ. સુધી પહોંચી શક્યો. બાકીના બધા વચમાં જ ક્યાંક ક્યાંક અટકી ગયા. અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યા છતાં પોતાની ઉમેદ બર ન આવી એમ જોઈ પિતાશ્રી ખૂબ નિરાશ થયા હતા. એમણે પહેલેથી જ નક્કી કરેલું કે દત્તુને કૉલેજમાં નથી જ મોકલવો. હું મનમાં ચિડાતો : વાંક બીજાનો અને સજા મને થાય છે! પણ મેં કશું કહ્યું નહિ. જ્યારે પહેલે જ વર્ષે હું મૅટ્રિક પાસ થયો ત્યારે મારી કંઈક શાખ જામી. તે જ વરસે શાળાની આબરૂ જાળવવા અમે મૅટ્રિકના ત્રણ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી સ્કૂલ ફાઈનલ માટે પણ બેઠા હતા. એ પરીક્ષાનું પણ એ છેલ્લું વર્ષ હતું. એમાં પણ હું પાસ થયો એટલું જ નહિ, પણ મારો નંબર ઠીક ઠીક ઊંચો આવ્યો. આ બે પરીક્ષાને જોરે મેં કૉલેજમાં જવાની માગણી કરી. છતાં પિતાશ્રી એકના બે ન થાય. આખરે મેં એમને કહ્યું, 'તમે જાણો છો કે મારું અંગ્રેજી અને ગણિત બંને સારાં છે. મને ઇજનેરી લાઈનમાં જવા દો. પ્રિવિયસની પરીક્ષા પાસ થયા વગર એંજિનિયરિંગ કૉલેજમાં જવાય જ નહિ. એટલે એક જ વરસ હું આર્ટ્સ કૉલેજમાં જઈશ.' મારી આ દલીલથી પિતાશ્રી પીગળ્યા અને એમણે મને કૉલેજમાં જવાની રજા આપી.

બી. એ. એલએલ. બી. છોડી એલ. સી. ઈ. પસંદ કરવા પાછળ મારી જે વિચારશૃંખલા હતી તેનું સ્મરણ કરતાં પણ મને શરમ ઊપજે છે. મેં મનમાં વિચાર કરેલો કે, 'આપણી પાસે કંઈ એવી મૂડી નથી કે આપણે વેપાર કરી પૈસાદાર થઈ શકીએ. અને વેપારમાં પ્રતિષ્ઠા ક્યાં છે? નોકરી કરતાં પગાર કેટલો મળવાનો હતો? લોકો પૈસાદાર થાય છે તે લાંચ લઈને જ. બી. એ. એલ-એલ. બી. થઈશું તો મામલતદાર કે મુનસફ થવાશે. એ લાઈનમાં

લાંચ ખૂબ મળે છે, પણ તેને માટે પ્રજાને કનડવી પડે છે અને અન્યાય કરવો પડે છે. એ તો આપણને ગમે નહિ. એના કરતાં એલ. સી. ઈ. થઈશું અને પહેલા ત્રણ નંબરની અંદર આવીશું તો જોતજોતામાં એંજિનિયર થઈ શકીશું. મોટાં મોટાં આલેશાન મકાનો બાંધવાં, જંગલમાંથી રસ્તા કાઢવા, પુલો બાંધવા, એ મજા તો આખો જન્મારો મળશે. ઘોડા પર બેસી સવારથી સાંજ સુધી ફરવાનો લહાવો લેવાશે. અને કોંટ્રાક્ટર લોકો પાસેથી લાંચ લઈશું તો તેમાં સરકાર છેતરાશે. પ્રજાને કનડવાનું એમાં નહિ હોય.' અધર્મમાં પણ ધર્મબુદ્ધિ હું સાચવું છું એ ખ્યાલથી જ હું મગરૂર રહેતો. આ વિચારો અનેક વાર મનમાં આવતા, પણ કોઈની આગળ એ બોલવાની મારી હિંમત ન હતી.

જે દિવસે હું કૉલેજમાં દાખલ થવા જવાનો હતો તે જ દિવસે પિતાશ્રી સાંગલી રાજ્યના ટ્રેઝરી-ઑફિસર તરીકે ત્રણેક લાખ રૂપિયા પૂને લઈ જવાના હતા. પૂનેથી રાજ્ય માટે પ્રૉમિસરી નોટો ખરીદવાની હતી. સાંગલી સ્ટેશન પર અમે ભેગા થયા. પિતાશ્રી પૂને શા માટે જાય છે તેનું કારણ મેં જાણ્યું. મેં પિતાશ્રીને કહ્યું, 'નોટોના ભાવ રોજ બદલાય છે. આપણે કંઈક મહેનત કરીશું તો જાહેર ભાવો કરતાં કંઈક સસ્તે ભાવે નોટો ખરીદી શકીશું. રાજ્યને તો જાહેર ભાવ જ બતાવીશું અને વચમાં જે નફો મળશે તે આપણે લઈશું. કોઈને ખબર નહિ પડે ને સહેજે ભારે નફો થશે.'

પિતાશ્રીએ મારી વાત શાંતિથી સાંભળી એમ મને લાગ્યું. મેં મારી વાતથી એમને કેટલો આઘાત પહોંચાડ્યો હતો એની એ ક્ષણે મને કલ્પના સરખી ન આવી. મેં માન્યું કે મારી સૂચનાની શક્યા-શક્યતાનો પિતાશ્રી વિચાર કરે છે.

થોડી વાર પછી પિતાશ્રીએ ગળગળા થઈને કહ્યું, 'દત્તુ, મેં માન્યું નહોતું કે તારામાં આવી હીનતા હશે. તારી વાતનો અર્થ એ જ છે કે મારે મારા અન્નદાતાને છેતરવા! તારી કેળવણી પર ધૂળ છે. આપણી કુળદેવતાએ આપણને જે રોટલો આપ્યો છે તેટલાથી જ સંતોષ માનવો. લક્ષ્મી તો આજે છે ને કાલે નથી. આબરૂથી રહેવું એ જ મોટી વાત છે. મરીને ઈશ્વર આગળ ઊભો થઈશ ત્યારે શો જવાબ આપીશ? તું કૉલેજમાં જાય છે ત્યાં ભણીને

તું એવું જ કરવાનો ને? એના કરતાં અહીંથી જ પાછો જાય એ શું ખોટું?'

હું સડક થઈ ગયો! ગાડીમાં આખી રાત મને ઊંઘ ન આવી. સવારે પૂના પહોંચ્યો તે પહેલાં મન સાથે નિશ્ચય કર્યો કે, હરામના ધનનો લોભ કોઈ કાળે નહિ કરું, પિતાશ્રીનું નામ નહિ લજવું. પિતાશ્રીને શહેરમાં છોડી, એ નિશ્ચય સાથે જ હું કૉલેજ તરફ ગયો. કૉલેજની મારી સાચી કેળવણી મને સાંગલી અને પૂના વચ્ચે ટ્રેનમાં જ મળી ચૂકી.

संस्मरणोनी पार्श्वभूमि

[૧૮૯૨ થી ૧૯૦૩ સુધીની]

હું ક્યારે જન્મ્યો એ ચોક્કસ ન કહી શકું. જોશીએ જન્મ-પત્રી કરી આપી હતી તે મારા હાથમાં આવી કે તરત ક્યાંક ખોઈ નાખી. નક્કી વર્ષ ધ્યાનમાં ન રહ્યું. પણ હમણાં જ સાતારાના એક સ્નેહીએ પ્રયત્ન કરી મારો જન્મકાળ નક્કી કરી આપ્યો છે. તે પ્રમાણે સને ૧૮૮૫ના ડિસેમ્બરની ૧લી તારીખે મહારાષ્ટ્રની રાજધાની સાતારામાં જન્મભૂમિની હવા પહેલવહેલી મેં પેટમાં લીધી. દેશી તિથિ પ્રમાણે શકે ૧૮૦૭ના કાર્તિક વદી ૧૦ ને મંગળવારે મારો જન્મદિવસ આવે છે. ફલજ્યોતિષ પ્રત્યે મારી ખાસ આસ્થા ન હોવાથી તિથિ અને કાળનું મારે મન બહુ મહત્ત્વ નથી. હું જન્મ્યો ત્યારે સવારના દસ વાગ્યાનો સમય હતો અને પિતાશ્રી પૂજામાં બેઠા હતા, એ બીના મારાં દાદી પાસેથી સાંભળી ત્યારે મને ખૂબ આનંદ થયો.

કાલેલકર કુટુંબ મૂળે સાવંતવાડી તરફનું. સાવંતવાડી પાસે માણગાંવ કરીને એક કસબો છે. એની પાસે જ કાલેલી ગામડું આવ્યું છે, એ ઉપરથી અમારી અટક પડી. અમારી અસલી અટક રાજાધ્યક્ષ હતી એમ કહેવાય છે. સાવંતવાડી તરફ બળવો-બહારવટું ચાલતું જોઈ અમારા પૂર્વજો કોંકણ પ્રદેશ છોડી, ઘાટ ઓળંગી, દેશ ઉપર બેલગામ તરફ નાસી આવ્યા.

કહે છે કે, પૈસા કઢાવવા માટે બહારવટિયાઓ છાતી ઉપર અને નાક ઉપર મોટા મોટા પથરા આણીને મૂકતા. સરકારી અમલદારની પજવણી પણ કોક કોક વખતે બહારવટિયાના ત્રાસને આંટી જતી. તે વખતનું વર્ણન કરતાં એક જણે કહેલું કે, ગામડામાં લોકો આવા ત્રાસથી એવા તો ટેવાઈ ગયા હતા કે ભાત માટે ચૂલા ઉપર દેગ ચડાવે તેને બે બાજુ બે મોટાં કડાં રાખે; બહારવટિયા

આવવાના સમાચાર મળે કે એ કડાંમાં વાંસ ઘાલી લોકો દેગ ઊંચકીને જંગલમાં ભાગી જતા. રોજ રોજ ભરેલા દેગ પાછળ છોડીને ભાગી જવું ક્યાં સુધી પાલવે? જંગલમાં નવો ચૂલો બનાવી, અર્ધો ચડેલો ભાત પૂરો પકવી નિરાંતે આરોગતા.

મારા દાદા બેલગામ નજીકના એક ગામડે આવી, કોઇ શાહુકારને ત્યાં નોકરીએ રહ્યા. સામાન્ય રીતે શાહુકારના કારકુનોએ શેઠને ફોલી ખાધાના જ દાખલા હોય છે. મારા દાદાની બાબતમાં એથી બરાબર ઊલટું થયું હતું. એમણે શેઠ સાથે અભેદબુદ્ધિ કેળવી, પોતાની બધી કમાણી હિસાબ વગર શેઠને ત્યાં જ રાખી હતી. શેઠના ગુજરી ગયા પછી એમાંનું કશું હાથ આવ્યું નહિ.

પરિણામે મારા પિતાશ્રીએ અત્યંત ગરીબાઈમાં દિવસ ગુજારી થોડુંક અંગ્રેજીનું જ્ઞાન મેળવ્યું. પ્રખ્યાત વૈદિક વિદ્વાન શંકર પાંડુરંગ પંડિતના હાથ તળે તેઓ થોડા દિવસ ભણ્યા હતા. નાની ઉંમરે જ તેઓ લશ્કરી ખાતામાં દાખલ થયા. એ ખાતામાં જ રહ્યા હોત તો, કોણ જાણે, અમારો જીવનક્રમ જુદો જ થયો હોત. ફોજની છાવણી હાલના વિજાપુર જિલ્લામાં આવેલા કલાદગીમાં હતી. ફોજના વડાએ સ્વદેશ જતાં પિતાશ્રીની મુલકી ખાતામાં ભલામણ કરી. વિજાપુર તરફના પ્રખ્યાત દુકાળમાં પીડિતોને સરકારી મદદ અપાતી ત્યારે તે કામમાં પિતાશ્રીએ ખૂબ મહેનત લીધી હતી. તે વખતના દુકાળનાં વર્ણનો પિતાશ્રી પાસેથી સાંભળતો ત્યારે રુવાંટાં ઊભાં થતાં.

શાહપુરના ભિસે કુટુંબ સાથે અમારો સંબંધ જૂનો હતો. મારાં ફોઈ એ કુટુંબમાં અપાયેલાં. મારાં માતાજી પણ ભિસે કુટુંબનાં જ. આગળ જતાં મારા બે ભાઈઓ પણ એ જ કુટુંબમાં પરણેલા. બે કુટુંબો વચ્ચે ફરી ફરી શરીરસંબંધ થાય એ, આરોગ્યની દૃષ્ટિએ, માનસિક વિકાસની દૃષ્ટિએ, અને સામાજિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ હિતકારક નથી, એવી મારી માન્યતા બંધાયેલી છે.

એ જમાનાનું સામાજિક જીવન સામાન્ય કોટિનું ગણાય. રાજકીય અસ્મિતા, સામાજિક સુધારણા, ઔદ્યોગિક જાગૃતિ અથવા ધર્મવિચારણાની દૃષ્ટિએ લગભગ અંધારું જ હતું. જેમ તેમ કરીને કમાણી વધારવી અને છોકરાંછૈયાંને સુખી કરવાં — એના કરતાં વ્યવહારનો વિશેષ આદર્શ સામાન્ય કુટુંબોમાં હતો જ નહિ. આજે

પણ એ સ્થિતિમાં ભારે ફેર પડ્યો છે એમ તો ન કહેવાય; પણ જ્યાં ત્યાં વિચારજાગૃતિ દેખાય છે ખરી. સમાજના સારા લોકોનો ઠપકો આવે નહિ એવી રીતે વર્તવું, એટલું જ સામાન્ય માણસનું નીતિશાસ્ત્ર. 'ચોરી, ચુગલી અને છિનાળી ન કરી હોય એટલે બસ. બાકી, સ્વાર્થ ખાતર માણસ ગમે તે ભલે કરે,' એમ વ્યવહારમાં બોલાતું.

ધર્મમાં તો રૂઢિનું સામ્રાજ્ય હતું. પ્રાર્થનાસમાજનું તો કોઈએ નામ પણ સાંભળ્યું ન હતું. સુધારાવાળાનું નામ કોક વખતે સંભળાતું, પણ તે સમાજદ્રોહી, ધર્મભ્રષ્ટ તરીકે જ. સુધારાવાળા એટલે માંસ ખાનાર, શરાબ પીનાર, ઈશ્વરને નહિ માનનાર, વિધવાઓ સાથે પરણનાર, લગભગ ખ્રિસ્તી થઈ ગયેલા, એવો જ સામાન્ય લોકોનો ખ્યાલ હતો. ધર્મ એટલે પરાપૂર્વથી ચાલતી આવેલી રૂઢિઓ, ન્યાતજાતનું ઉચ્ચનીચપણું, ખાવાપીવાના નિયમો, અનેક દેવદેવીઓના અને ભૂતપ્રેતના કોપની બીક, એમના લાગાઓ, વ્રતો, તહેવારો અને ઉત્સવો, એટલું મુખ્યત્વે હતું. આ બાબતમાં બાવા-વૈરાગીઓ અને ગોર લોકો જેમ દોરે તેમ સમાજ દોરાતો. મારા નાનપણમાં મેં બહુ સંન્યાસીઓ જોયેલા નહિ. તેઓ તો તીર્થ-ક્ષેત્રમાં જ ભેલટતા. તીર્થયાત્રા એ ધાર્મિક જીવનના કળશરૂપે હતી. જીવનનો એ ઉત્સવ પણ ખરો. આજે એ જ સ્થિતિ કાંઈક પ્રવર્તતી હોય તોયે, એ દરેક વસ્તુ વિષે સમાજમાનસ જ્યાં ત્યાં સાશંક થયું છે. સાથે સાથે વ્યક્તિગત તેમ જ સામાજિક ધર્મજીવનનો ઉચ્ચ આદર્શ સમાજ આગળ વધતો જાય છે. સુધારાનો તેમ જ નાસ્તિકતાનો આદર્શ પણ આજે ઉચ્ચ કોટિએ પહોંચવા લાગ્યો છે.

✓ દરિદ્રી લોકો ઘરમાંથી નકામું રાચરચીલું ફેંકી દેવાની જેમ હિંમત નથી કરતા અને એને લીધે અનેક જાતની અગવડો વેઠે છે, તેમ ધર્મમાં રૂઢિઓ અને વહેમોનું છે. બીકણુ અને લાલચુ લોકો દાંડ કે જબરદસ્ત માણસ આગળ જેમ વર્તે છે, તેમ જ પ્રાકૃત માણસ દેવદેવીઓ અને ધાર્મિક રિવાજો વિષે વર્તે છે. કશું તોડવાની કે કાઢી નાખવાની હિંમત થાય જ નહિ. કાંઈ કરતાં કાંઈક થઈ જાય, એ આંધળી બીક દરેકના મનમાં વસે છે. એટલે, જૂનું તો બધું રહેવાનું જ. અને એમાં જો કોઈને બીક અને લાલચ

ઉપર જ રચાયેલું કોઈ નવું તૂત ઉમેરવાનું સૂઝે તો એની સામે થવાની પણ સમાજની હિંમત નહિ. 'સંઘર્યો સાપ કામનો' એમ કહીને, દરેક વસ્તુને આવકાર આપ્યે જ છૂટકો.

મારું નાનપણ ઘરના બધા રિવાજો, વ્રતો અને ઉત્સવો, વહેમો, માન્યતાઓ અને લાગાઓ શ્રદ્ધાપૂર્વક પાળવામાં ગયેલું. આવી રૂઢિનિષ્ઠામાંથી ભોળી ભક્તિ કેળવાઈ. ભક્તિ સામે તાર્કિકતા જાગૃત થતાં શંકાશીલતા વધી. શંકાશીલતાએ અને ઉન્મત્ત જુવાનીએ થોડા દિવસ માટે નાસ્તિકતાનું રૂપ પકડ્યું. આ નાસ્તિકતામાંથી શુદ્ધ જિજ્ઞાસા પ્રગટ થઈ અને હું કેવળ બુદ્ધિવાદી બન્યો. બુદ્ધિવાદના છેડાનું દર્શન થયા પછી વૃત્તિ પાછી વળી અને શ્રદ્ધાના ક્ષેત્રની ઝાંખી થઈ. પરિણામે, ધર્મના શુદ્ધ, ઉજ્જવળ, સનાતન સ્વરૂપનો કાંઈક સાક્ષાત્કાર થયો. આમ બધી વૃત્તિઓ તે તે કાળે અને ક્રમે કેળવેલી હોવાથી, ધર્મજીવનની બધી બાજુઓ સમભાવપૂર્વક પણ તર્કશુદ્ધ દૃષ્ટિએ તપાસવાની મને તક મળી છે.

જૂનામાં રહેલાં સંસ્કારસમૃદ્ધિ, કલારસિકતા અને સાર્વત્રિક સમાધાન, ત્રણે વસ્તુઓ મેં અનુભવી છે. છતાં મને લાગે છે કે, જેમ દેવતા ઉપરની રાખ ખંખેરવાની હોય છે અથવા ઘરમાંથી નકામું રાચરચીલું અને 'લંબર' કાઢી નાખવાની જરૂર હોય છે, તેમ જ ધર્મવૃક્ષને પણ વખતોવખત ખંખેરવાની જરૂર હોય છે. લોકવાર્તાના વાણિયાએ સાપ સંઘર્યો હતો ખરો, પણ તે મરી ગયેલો અને છાપરા પર પડી સુકાતો હતો. એ જીવતો કે કહોવાઈને ઝેર ફેલાવતો ન હતો. આપણે પરંપરાગત સનાતન ધર્મને નામે રત્નો પણ સંઘરીએ છીએ અને કાંકરા પણ સંઘરીએ છીએ, હળાહળ પણ સંઘરીએ છીએ અને અમૃત પણ સંઘરીએ છીએ. આપણા સંઘરેલા સાપોમાંથી કેટલાક જીવતા અને ઝેરીલા છે અને કેટલાક કહોવાઈને મરકી ફેલાવે છે, અને તેથી આપણો શુદ્ધ, ઉદાત્ત, સનાતન આર્યધર્મ ગૂંગળાઈ ગયેલો છે. નીંદામણ વગર ધર્મક્ષેત્રમાંથી સારો ફાલ મળે નહિ.

મારા જન્મ વખતે પિતાશ્રી સાતારામાં કલેકટરના હેડ ઍકાઉન્ટન્ટ હતા. તે દિવસોમાં રેલવે ન હતી. મુસાફરી બળદગાડીમાં થતી. ટપાલ માટે ખાસ ઘોડાગાડીઓ વપરાતી. રેલગાડી પ્રથમ ચાલુ

થઈ ત્યારે લોકો દૂર દૂરથી એને જોવા અને હાથમાં નારિયેળ લઈ પૂજવા આવતા, એમ મેં પિતાશ્રી પાસેથી સાંભળેલું.

*　　　　*　　　　*

અમે છ ભાઈઓ અને એક બહેન. હું સૌથી નાનો. સૌથી મોટાભાઈ બાબા. મારા સ્મરણની શરૂઆત થાય છે તે વખતે તેઓ અને તેમનાથી નાના ભાઈ અણ્ણા બન્ને પરણેલા હતા. બન્ને બહુ નાની ઉંમરે પરણ્યા હતા. ત્રીજા ભાઈ વિષ્ણુ પરણ્યા ત્યારે અમે સાતારાથી બળદગાડીમાં બેસી શાહપુર-બેલગામ ગયાનું મને સ્મરણ છે. વિષ્ણુના લગ્નમાં સરઘસનો ઘોડો ખૂબ તોફાન કરતો હતો અને વિષ્ણુને ઘોડા ઉપરનું પોતાનું સ્થાન સાચવતાં મુશ્કેલી પડતી હતી, એ ચિત્ર આજે પણ નજર આગળ તાજું છે. સાતારામાં અમે સમાજમાં બહુ ભળતા નહિ. અમારી ન્યાતના લોકો સાતારામાં બહુ નહિ હોય. બેત્રણ સરકારી અમલદારો અને એમના કુટુંબીઓ જ અમારે ત્યાં આવતા.

અમે શાહપુર જઈએ એટલે અમારું આખું વાતાવરણ બદલાતું. શાહપુર તો અમારું વતન, ત્યાંની ચારેક મોટી શેરીઓમાં અમારી ન્યાતના જ લોકો રહે. એ બધાનો સંબંધ એક મોટા અવ્યવસ્થિત કુટુંબ જેવો. દરેક ઘરમાં શું રંધાયું અને કેવો ઝઘડો થયો એના સમાચાર સાંજ પહેલાં ચારે શેરીઓમાં ફેલાય. અવારનવાર ન્યાત-ભોજન, વસંતોત્સવ, કોઈ કલાવંતણનો નાચ, સીમોલ્લંઘન જેવા સાર્વજનિક ઉત્સવો, અને ઉનાળામાં ‘પન્હા’નું પાન,—એવે એવે પ્રસંગે બધા ભેગા થાય. અમારી ન્યાતનાં મોટાં મોટાં મંદિરો એ જ અમારી મહાજનવાડી.

અમે શાહપુરના ખરા, પણ મોટે ભાગે અમે બહારગામ જ રહીએ. તેથી અને અમે બધા જ ભાઈઓ ભણવામાં ઉત્સાહી એ કારણે પણ, અમારી ન્યાતમાં અમને જ્યાં ત્યાં આવકાર મળતો. પોતાની ન્યાતના કોઈ પણ માણસ સરકારી નોકરીમાં આગળ વધે, તો ન્યાતવાળાઓને એ મોટું ભૂષણરૂપ જણાય છે. એ રીતે પણ અમારી પ્રતિષ્ઠા હતી. તેથી શાહપુરમાં આવતાંવેંત અમારે સમાજમાં ભળવું પડતું.

ભળવાની કળામાં હું બિલકુલ ફાવ્યો નહિ. જ્યાં ત્યાં અડવું અડવું લાગે. માણસને કાં તો સામાજિક વિવેક આવડવો જોઈએ

અથવા એની લાગણી બુઠ્ઠી હોવી જોઈએ. મારી પાસે ડાવકા વિવેકનો અભાવ અને બાળાપણું હદ કરતાં વધારે; એટલે મેં ભળવાના પ્રસંગો ટાળવાનું શરૂ કર્યું. જમવાનું આમંત્રણ આવે; બધા જાય અને હું ન જાઉં, એટલે સગાંવહાલાં બધાં જ મને વઢે. અંતે મેં એક તૂત ઊભું કર્યું. ઘરડા લોકો અને ભારે પ્રતિષ્ઠાવાળા લોકો એક બાધા લે છે કે પરાયે ઘેર જમવું નહિ. મેં એ જ ઢાલ મારે માટે વાપરી અને સામાજિક જીવનની એક બાજુ કાયમને માટે નબળી કરી મૂકી. આજે પણ જાહેર પ્રસંગે લોકોમાં ભળતાં મને અડવું અડવું લાગે છે. અજાણ્યા માણસને મળતાં હમેશાં ક્ષોભ રહે છે. જેને જાહેર સેવા કરવી છે એને માટે આ ભારે દોષ ગણાય.

વરસો સુધી અમારું આવવાજવાનું સાતારા અને શાહપુર વચ્ચે જ થતું. બેલગામ સાથેનો અમારો સંબંધ કેવળ શિરગાંવકર ડૉકટર પૂરતો જ. કુટુંબોમાં કોઈ ને કોઈ માંદું પડવું જ જોઈએ એવો જાણે અમારે ત્યાં રિવાજ હતો. મારાં બહેન આક્કા સુવાવડમાં જ નવજ્વરથી ગુજરી ગયાં તે વખતે હું બહુ નાનો. નાનપણની મારા પર એવી છાપ છે કે, સ્ત્રીવર્ગમાંથી ભાગ્યે જ કોઈ માંદું પડતું; માંદા તો પુરુષો જ પડે. અમે છોકરાઓ અવારનવાર માંદા પડીએ ત્યારે અમારાં લાડ ખૂબ થતાં. તેથી અને માંદા પડવામાં જવાબદારી પોતાની હોય છે એમ કોઈ તે વખતે નહિ માનતું હોવાથી, માંદા પડવાની અમને શરમ હતી નહિ. ઊલટું, હકપૂર્વક નિશાળમાંથી બચી જઈએ છીએ અને આખો દિવસ પથારીમાં પડ્યા રહીએ તોયે કોઈ વઢે નહિ; એવાં એવાં કારણસર માંદા પડવામાં લહાવો જ લાગતો.

શાહપુર જઈએ એટલે ત્યાંથી સાત આઠ માઈલ ઉપર આવેલા બેળગુંદી ગામડે જવાનું તો એક વાર હોય જ. ત્યાં અમારા મામા રહેતા. માસી પણ ત્યાં જ રહેતી. બેળગુંદીનાં બાળપણનાં સ્મરણો જામફળ, કેરી, જાંબુ, શકરિયાં, કરવંદી, ફણસ વગેરે ફળો ખાવા અને શેરડી ચૂસવા સાથે જ છે. બેળગુંદીનાં ખેતરોમાં અને જંગલોમાં ખૂબ રખડ્યો છું, ગ્રામજીવનનો ઉત્તમમાં ઉત્તમ લહાવો મેં ત્યાં જ લીધો છે. પણ એ બાળપણમાં નહિ.

૪ અમારાં બંને કુટુંબોમાં સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક કે રાજકીય સુધારાનું વાતાવરણ ક્યાંયે ન હતું. હું જન્મ્યો તે પહેલાં

પિતાશ્રીને સતાર વગાડવાનો શોખ હતો. પણ એ પણ એમણે છોડી દીધો હતો. વ્યસનના નામે તો ઘરમાં કશું જ નહોતું. પિતાશ્રી પાન સરખુંયે ન ખાય. તહેવારને દિવસે બ્રાહ્મણો જમવા બોલાવ્યા હોય ત્યારે જ બજારમાંથી પાનસોપારી લઈ આવીએ. એનું બીડું તૈયાર કરીને પિતાશ્રીને આપીએ તો કોઈક દિવસે ખાય અને કોઈક દિવસે ગજવામાં મૂકી ભૂલી જાય. વ્યસનમુક્ત, નિર્દોષ અને વિદ્યાપરાયણ તરીકે અમારા કુટુંબની તે વખતે શાહપુરમાં ઠીક ઠીક ખ્યાતિ હતી.

પિતાશ્રીની સાતારાથી કારવાર બદલી થઈ. પગાર વધ્યો, પણ મુસાફરીનું ખર્ચ પણ વધ્યું. કારવાર જવાથી હું સહ્યાદ્રિની શોભા જોઈ શક્યો, સમુદ્ર અને સમુદ્રયાત્રાનો અનુભવ થયો, છડેચોક માછલી ખાનાર સમાજનો જરાક પરિચય થયો, અને એકલો એકલો પોતાના મન સાથે વિચાર કરતાં અને કલ્પનાના ઘોડા ચલાવતાં પણ હું શીખ્યો. અમે કારવાર પાંચેક વરસ રહ્યા હોઈશું. ત્યાર પછી પિતાશ્રીની બદલી ધારવાડ થઈ. કારવારમાં મુખ્ય ભાષા કોંકણી, પણ અધ્યયન કાનડીમાં થતું. ધારવાડમાં તો કેવળ કાનડી ભાષા. દેશસ્થ, લિંગાયત, વકુર વગેરે નાની મોટી કોમો સાથે નવો પરિચય થયો. પ્લેગનો અનુભવ થયો. અમે જંગલમાં ઝૂંપડાં બાંધીને રહેતાં શીખ્યા. હું છેક નાનો હતો ત્યારે મારી એકની એક બહેન ગુજરી ગઈ હતી. ધારવાડમાં મારો ભાઈ વિષ્ણુ પ્લેગથી ગુજરી ગયો. ધારવાડથી અમે બેલગામ આવ્યા. પિતાશ્રીએ અહીંથી જ પેન્શન લીધું. અને પછી નજીકના સાંગલીના દેશી રાજ્યમાં ટ્રેઝરી-ઑફિસર તરીકે નોકરી લીધી. ત્યાં ડૉ. દેવ અને એન્જિનિયર અમૃતલાલ ઠક્કરને રાજના નોકર તરીકે મેં જોયેલા. પણ તે વખતે તો હું કૉલેજમાં પહોંચ્યો હતો. આગળ જતાં બન્ને ભારતસેવક સમાજમાં જોડાયાં. ડૉ. દેવ અમારે ત્યાં ઘણી વાર આવતા. બાપા સાથેનો પરિચય ગુજરાતમાં જ થયો.

અમે કારવાર ગયા ત્યારથી અંગ્રેજ સરકાર તરફથી દક્ષિણ મહારાષ્ટ્રનાં કેટલાંક દેશી રાજ્યોના હિસાબો તપાસવા અનેક વાર મારા પિતાશ્રીને જવું પડતું. જે રાજ્યનો રાજા નાનો હોય તે રાજ્યનો વહીવટ સરકારી ઍડમિનિસ્ટ્રેટર મારફતે ચાલે છે. એવે વખતે સરકારના એક ખાસ ઑડિટર દર વરસે હિસાબ તપાસી આવી એના

ઉપર રિપોર્ટ કરે છે. આ રીતે અમે સાવંતવાડી, મીરજ, જત, રામદુર્ગ, મુધોળ, જમખિંડી અને કર્ણાટક તરફનું સાવનૂર, એટલે સ્થાને ગયા. સાવંતવાડી તો અનેક વાર ગયા છીએ.

દેશી રાજ્યોમાં રાજધાનીની શોભા ઉપરાંત અમુક કળારસિકતા અને જૂની ઢબની ખાનદાની જોવાને મળે છે. દેશી રાજ્યોમાં આજે જેને આપણે સડા તરીકે ઓળખીએ છીએ તે બધો મૂળે સડો ન હતો, પણ તે જમાનાની જરૂરિયાત અને જૂના આદર્શની આવશ્યક એવી એ વાતો હતી. કાળ બદલાયાથી જે વસ્તુની ઉપયોગિતા મટી જાય છે તે ટકાવવાનો આગ્રહ રાખવાથી એ સડારૂપ થઈ જાય છે. દેશી રાજ્યોનું વાતાવરણ અંદરખાનેથી અને સમભાવપૂર્વક જોયેલું હોવાથી, એમાં કડકાઈથી અને આમૂલાગ્ર સુધારા કરવાના પક્ષનો હું હોવા છતાં, દેશી રાજ્યો, એના રાજાઓ અને એના અમલદારો પ્રત્યે હું ચીડ સેવી શકતો નથી.

સાવંતવાડી સંસ્થાનની પ્રાકૃતિક શોભા અનેરી છે. ત્યાંના લોકો રજોગુણી અને હિકમતી છે. મીરજ, જમખિંડી અને રામદુર્ગમાં પેશ્વાના વખતની બ્રાહ્મણશાહીનું વાતાવરણ પૂરેપૂરું જામેલું દેખાય છે. એ બ્રાહ્મણશાહીની અસર આજના બ્રાહ્મણો ઉપર સારી રહ્યાનું મેં જોયું નથી. જતમાં રાજનું ધોળું નિશાન હિંદુ-મુસ્લિમ-ઐક્ય દ્યોતક છે. મુધોળના જૂના રાજાની બહાદુરી અને એ બહાદુરીનો નાશ કરનાર એની એબો વિષે મેં ઘણું સાંભળ્યું હતું. સાવનૂર તો નવાબી રાજ્ય. કર્ણાટક અને દક્ષિણના મુસલમાનો ધર્મથી ભલે ઉત્તરના મુસલમાનો સાથે એક ગણાય, પણ તેમની રહેણીકરણી અને દરેક સવાલ તરફ જોવાની એમની નજર તો ખાસ દ્રાવિડી ઢબની જ હોય છે. દેશી રાજ્યોમાં મકાનનું સ્થાપત્ય, રસ્તાઓ, પુલો વગેરે પ્રજાહિતનું બાંધકામ હમેશાં ચાલતું હોવાથી અમુક જાતની કેળવણી લોકોને સહેજે વિશેષ મળે છે.

પિતાશ્રીને આમ રખડવું પડતું હોવાથી મારા મોટા ત્રણ ભાઈઓ ભણવા માટે પૂને જઈને રહ્યા. મેં પણ મારી મરાઠી બીજી ત્યાં જ નૂતન મરાઠી વિદ્યાલયમાં પૂરી કરી. પૂનેથી પછી હું કારવાર ગયો. કારવાર અમે ૧૮૯૮-૯૯માં છોડયું. ત્યાર પછી કારવાર હમણાં હમણાં સુધી હું ગયો ન હતો.

ખાસ ભણતરને અંગે પૂનાનો નિવાસ, પિતાશ્રી સાથે સાતારા, શાહપુર, કારવાર, ધારવાડ, બેલગામ અને સાંગલી, એટલાં સ્થાનોનો પરિચય; અને ઉપર બતાવેલાં દેશી રાજ્યોની રાજધાનીઓનું દર્શન; એટલો અનુભવ અઢાર વરસને માટે ઓછો ન કહેવાય. અમારા દાદા ભિસેની જમીન બેળગુંદીમાં હતી. એમની દેખરેખનો લાભ મળે એટલા ખાતર સ્વાભાવિક રીતે પિતાશ્રીએ પણ ત્યાં જ જમીનો ખરીદી. શાહપુરમાં ઘરો ખરીદ્યાં અને બેળગુંદીમાં એક બાંધ્યું.

આ ઉપરાંત યાત્રાને કારણે પણ નાનપણમાં હું ખૂબ ફરેલો. કારવારની દક્ષિણે ગોકર્ણ; સાંગલીમારજ પાસે નરસોબાચી વાડી અને કુરુંદવાડ; જતથી આગળ પંઢરપુર; સાતારા પાસે જરંડા, પરળી; ગોવામાં મંગેશી, શાંતાદુર્ગા, જૂના ગોવા, પણજી વગેરે રમણીય સ્થાનો ખૂબ શ્રદ્ધાભક્તિપૂર્વક નિહાળ્યાં હતાં. ગોકર્ણ દક્ષિણ તરફનું કાશી ગણાય છે.

સમુદ્રકિનારે આવેલાં તીર્થસ્થાનોની ખાસિયત કંઈક જુદી જ હોય છે. ભારતવર્ષની દક્ષિણે રામેશ્વર અને કન્યાકુમારી; લંકાની દક્ષિણે દેવેન્દ્ર; પૂર્વમાં જગન્નાથપુરી; અને પશ્ચિમે દ્વારકાં તથા સોમનાથ; એ સ્થાનોનું માહાત્મ્ય શાસ્ત્રોમાં ન લખ્યું હોય તોયે નોખું જણાયા વગર રહે નહિ.

નરસોબાચી વાડી એ ગુરુ દત્તાત્રેયનું સ્થાન, મરજાદી કર્મકાંડ માટે પંકાયેલું. જેને ભૂત વળગ્યું હોય એ નરસોબાચી વાડીએ જઈ વળગાડમાંથી મુક્ત થવાનો. જેને કર્મકાંડનું ભૂત વળગ્યું તેને વળગવાની બીજાં ભૂતો હિંમત નહિ કરતાં હોય. પંઢરપુર એ મહારાષ્ટ્રની ધાર્મિક રાજધાની; મહારાષ્ટ્રના સંતોનું પિયર. ત્યાં ભક્તિનો મહોત્સવ અખંડ ચાલે. વર્ણાભિમાનને લીધે પતિત થયેલા પ્રદેશમાં એકલું પંઢરપુર જ માણસની સમાનતા અને ઈશ્વર આગળ બધાંનો અભેદ કાંઈક અંશે જાળવી શક્યું છે. જરંડા એ હનુમાનનું સ્થાન. અને પરળી એ હનુમાનના અવતારરૂપ સમર્થ રામદાસ સ્વામીનું સ્થાન. રામદાસીઓ ધારે તો પરળીને આજે પણ ધર્મ-જાગૃતિનું ઉગમસ્થાન બનાવી શકે. પણ તીર્થસ્થાનો, કોણ જાણે શાથી, જૂની મૂડી ઉપર નભનારાં કુટુંબોની પેઠે, ક્ષીણતેજ અને વાસી થઈ જાય છે.

કોંકણગોવામાં આવેલા મંગેશી અને શાંતાદુર્ગા એ બન્ને ક્ષેત્રો અમારી ન્યાતના કૌટુંબિક દેવોનાં હોઈ, એમાં કૌટુંબિક શ્રદ્ધા અને વૈભવનું વાતાવરણ જ વધારે દેખાઈ આવે છે. કુળદેવનું વાતાવરણ જુદું જ હોય છે. અંગ્રેજીમાં જેને 'ગાર્ડિયન ડીટી' કહે છે તે જ સ્થાન આ કુળદેવનું હોય છે. આજે પણ આ બધાં તીર્થસ્થાનો જીવતાં છે એમ હું માનું છું.

તીર્થયાત્રા એ માણસ માટે કીમતી કેળવણી છે. ધાર્મિક સમાજની નાડ પારખવી હોય તો તેને માટે આ જ સ્થાનો છે.

આમ મારું નાનપણ ઠરીઠામ એક ઠેકાણે બેસી ભણવાને બદલે રોજ નવે ઠેકાણે જઈ નવા અનુભવ લેવામાં ગયું. પરિણામે, મારા ભણતર તરફ કોઈએ ખાસ ધ્યાન આપ્યું જ નહિ અને મને પણ સ્થિરતાથી કોઈ એક કામ કરવાની ટેવ સરખી ન પડી.

પિતાશ્રી ખૂબ પ્રેમાળ, પણ એમણે પ્રેમની ભાષા ખાસ કેળવેલી નહિ. મારી પ્રકૃતિની હમેશ કાળજી લે, જોઈતું કારવતું હોય તે આપે, કોડ પૂરા કરે; પણ મને કયો ખોરાક અનુકૂળ આવે છે, હું કસરત કરું છું કે નહિ, નિશાળમાં બરાબર ભણું છું કે નહિ, અને નિશાળમાં કેવા સાથીઓને મેં પસંદ કર્યા છે, એ તરફ તેમણે કશું જ ધ્યાન ન આપ્યું.

આપણા ખાનદાનમાં અમુક જ કરાય અને અમુક ન કરાય, એ જાતની લાગણીઓ પેદા કરી એ વાટે નીતિની કેળવણી આપવાનું કામ મારી માતાએ ઘણું કર્યું. પિતાશ્રીમાં ન્યાયબુદ્ધિ અને ઈશ્વરથી ડરીને ચાલવાની વૃત્તિ વધારે હતી. એમનામાં મહત્ત્વાકાંક્ષાની ગંધ સરખી ન મળે. માતાને સામાજિક પ્રતિષ્ઠાની હોંશ વધારે: કાલેલકરનું કુટુંબ સદાચારી છે, સંપીલું છે, પરોપકારી છે, ઘરમાં આણેલી વહુઓ સુખી છે, એ જાતની કીર્તિ મેળવવાની તીવ્ર ઇચ્છા. પિતાશ્રીને મોજશોખ અને રસિકતાની સાધારણપણે બીક જ હતી. એ વાટે કુટુંબનું વહાણ ખરાબે ચડશે એમ તેઓ માનતા. એમનો એકમાત્ર વિનોદ ફોટોગ્રાફીનો.

અમારાં નાનપણમાં ફોટોગ્રાફી આજના કરતાં વધારે અટપટી હતી. આજની પેઠે પ્લેટ્સ અને ફિલ્મ્સ તૈયાર મળતાં નહિ. હાલની પ્લેટ્સ પહેલવહેલી આવી ત્યારે એને ડ્રાય (કોરી) પ્લેટ્સ

કહેતા. સાતારામાં જ્યારે પિતાશ્રી ફોટો પાડતા ત્યારે સાદો કાચ લઈ એના ઉપર કલોડિન રેડી તરતોતરત પ્લેટ તૈયાર કરતા. એ પ્લેટ સુકાય તે પહેલાં ફોટો પાડી એ 'ડેવેલપ' કરવો પડતો. તે વખતે ફોટોગ્રાફી પાછળ ખૂબ મહેનત લેવી પડતી. આ શોખ પાછળ પિતાશ્રી ઠીક ઠીક પૈસા ખરચતા.

અમે સાંગલી ગયા અને મારા ભાઈ નાનાને સતારનો શોખ લાગ્યો. એમાંથી મેં પણ સંગીત સાંભળવાનો શોખ કેળવ્યો. મારા સૌથી મોટા ભાઈ બાબા સાહિત્યના શોખીન — ખાસ કરીને સંસ્કૃત સાહિત્યના અને જ્ઞાનેશ્વરીના. બીજા ભાઈ અણ્ણા. એમને જાતજાતના પ્રયોગ કરવાનો પ્રથમ શોખ હતો. પાછળથી એમણે ઘરમાં વેદાન્ત ઘાલ્યું. વિષ્ણુને સરસ ગાતાં આવડતું. એને ગણપતિ-ઉત્સવ, શિવાજી-ઉત્સવ વગેરે સાર્વજનિક કામોમાં ભાગ લેવાની હોંશ ઘણી. ઘરમાં ભાઈઓમાં મારો આગેવાન તો કેશુ. એ શીઘ્રકોપી અને ભોળો. ભણતરમાં ખૂબ ખંતીલો. એના ઉપર નેપોલિયનની છાપ વધારે હતી. ગુપ્તમંડળ સ્થાપન કરી, લડાઈની તૈયારી કરવી, અંગ્રેજોને હાંકી કાઢવા મોટું લશ્કર ઊભું કરવું, ઇત્યાદિ મહત્ત્વાકાંક્ષા એના મનમાં. પણ કૉલેજમાં ગયા પછી એ અર્ધાંગવાયુથી માંદો પડ્યો અને એની બધી મહત્ત્વાકાંક્ષાઓ કરમાઈ ગઈ. ગોંદુ અથવા નાના એ મારો સૌથી નજીકનો મોટો ભાઈ. બાળપણના ખરા સાથી તો અમે બે જ. ગોંદુને કેમિસ્ટ્રી, ડ્રૉઇંગ અને ફોટોગ્રાફીનો છંદ વધારે.

હું પિતાશ્રીનો ભક્ત હતો. સૌથી મોટા ભાઈને સત્પુરુષ તરીકે પૂજતો હતો. કેળવણી વિષે મારા નાનપણના વાલી મારા બીજા ભાઈ અણ્ણા. પણ હું અનુયાયી તો કેશુનો જ. કેશુને અને વિષ્ણુને ઓછું બનતું, એટલે કેશુના પક્ષકાર તરીકે વિષ્ણુ સાથે મારે ઘણી વાર લડવાનું રહેતું. અને ગોંદુ મારો ગોઠિયો. એના મનોરાજ્યની વાતો મારે દિનરાત સાંભળવાની. આવી જાતનો અમારો ભાઈઓનો સંબંધ રહેતો. અમે બધા જ ભાઈઓ મિત્રપ્રેમ માટે પંકાયેલા. બાબા સાહિત્યરસિક હોવાથી અને એમને ઘેર ભણાવવા માટે ભિસે માસ્તર અને શાસ્ત્રી બુવા આવતા હોવાથી, બાબાની ઓરડી એ કેળવણીની પરબ થઈ ગઈ હતી. અણ્ણામાં અહંપ્રેમ વધારે, એટલે એમના

મિત્રો એ એમના અનુયાયીઓ જ હોય. ખરો પ્રેમાળ સ્વભાવ વિષ્ણુનો. પણ એ ભણતરમાં કાચો. એ સામાજિક વિવેક સૌથી વધારે જાણે. બીજા માટે વસ્તુઓ ખરીદવી, લોકોને બોલાવવા, જમાડવા ખવડાવવા, એ બધું એને આવડે. કેશુને નાનપણમાં તાણો ખૂબ આવતી. તેથી બધાને એનો મિજાજ સાચવવો પડતો. એના સ્વભાવ ઉપર એ વસ્તુની અસર ખૂબ થયેલી. કેશુ સ્વભાવે તરંગી, જક્કી અને દિલદાર હતો. એના રાગદ્વેષ બહુ જ તીવ્ર પણ ક્ષણજીવી હતા. ગોંદુમાં એના શાસ્ત્રીય શોખ ઉપરાંત બીજી કશીયે ખાસિયત નહિ. એનામાં અહંપ્રેમની ગંધ સરખીયે ન મળે. અમે બધા જ ભાઈઓ ઓછાવત્તા આળસુ ખરા.

હું સૌથી નાનો, એટલે ઘરમાં આવેલી ભાભીઓ સાથે મારે ખૂબ દોસ્તી અને સમભાવ. એમને પોતાના પતિથી કેમ ડરીને રહેવું પડતું, સાસુ સસરા આગળ તેઓ જૂઠું કેમ બોલતાં હતાં, પિયર પ્રત્યેનું એમનું આકર્ષણ કેટલું અને કેવું રહેતું, એ બધું બધી બાજુથી નિહાળવાની મને તક મળેલી. તેથી કૌટુંબિક જીવનના અનેક પ્રશ્નો મારી આગળ નાનપણથી સ્પષ્ટ થયા હતા. કૌટુંબિક જીવન એ એક જાતનું સ્વર્ગ છે અને બીજી રીતે અખંડ ચાલતી એક 'ટ્રૅજેડી'* છે એ હું બહુ વહેલો જોઈ શક્યો. માતપિતાના ગુજરી ગયા પછી તરત જ શાહપુર-બેલગામનું અને કુટુંબનું વાતાવરણ છોડી મહારાષ્ટ્રને બીજે છેડે ગુજરાતમાં આવીને હું રહ્યો, એમાં આ એક કારણ ખરું; જોકે એ ગૌણ કહેવાય.

*　　　*　　　*

જાહેર બનાવો સાથેનો મારો બાળ પરિચય બહુ જ ત્રુટિત છે. અમે પૂનામાં હતા ત્યારે ત્યાં હિંદુ મુસલમાન વચ્ચે ભારે રમખાણ થયું હતું. નજીવા કારણસર એ બંને કોમો લડી પડી અને ઠીક ઠીક મારામારી થઈ. મોટી ઉંમરના લોકો ગાંડા થઈ સામસામા માર મારે છે એમ પહેલી વાર જાણી મને બહુ આશ્ચર્ય થયું હતું. આ રમખાણ પછીની સભામાં બાલ ગંગાધર તિલકે એક ભાષણ કર્યું હતું અને વાંક સરવાળે મુસલમાનોનો વધારે છે એમ

* અંગ્રેજી શબ્દ 'ટ્રૅજેડી' માટે એટલો જ નાનો ગુજરાતી શબ્દ કયો? કરુણિકા અથવા શોકાન્તિકા વપરાય?

એમણે જાહેર કર્યું હતું. તે વખતે તિલક લોકમાન્ય પદવીએ પહોંચ્યા ન હતા.

આના પછીનો જાહેર બનાવ સાંભળ્યાનું સ્મરણ છે તે ચીન અને જાપાનના યુદ્ધ વિષે. જાપાને ચીનનું એક મોટું જહાજ ડુબાડ્યાનું તે વખતે સાંભળ્યું હતું. આ પછીના અદ્‌ભુત ખબરો તે ગોવામાં ચાલતા રાણા લોકોના બળવા વિષેના. એ વખતે સાંભળેલી વાતો ભેગી કરી હોય તો વીરરસનું એક મોટું પ્રકરણ થાય. રાણાઓ જંગલમાં જઈને રહેલા. જંગલમાં લુહાર બેસાડી બંદૂકો અને દારૂગોળો તૈયાર કરતા, અપ્રતિમ નિશાનબાજ હોઈ 'પાકલા' (પોર્ટુગિઝ સોલ્જર) લોકોને વીણી વીણીને મારતા, એ લોકોના આગેવાનને ગોવાના ગવર્નરે દગો કરી ઠાર કર્યો, વગેરે ઘણી વાતો સંભળાતી. તે વખતના દાદારાણા, દીપુરાણાના નામે ગોવામાં લોકકાવ્યો ગવાતાં હશે.

પણ આખા સમાજને કુતૂહલથી ઉશ્કેરી નાખનાર બનાવ તો મહારાણી વિક્ટોરિયાના હીરક મહોત્સવને દિવસે પૂનાના પ્લેગ-ઑફિસર રૅન્ડનું ખૂન હતું. પ્લેગ એ ખરેખર તે વખતે મોટી રાષ્ટ્રીય આપત્તિ હતી. લોકોને પ્લેગ કરતાં પ્લેગ સામેના ઉપાયોની હેરાનગત વધારે હતી. રૅન્ડ અને આયર્સ્ટના ખૂન પછી તિલકને રાજદ્રોહ માટે સજા થઈ, સરદાર નાતુભાઈઓ રાજકેદી તરીકે બેલગામમાં રખાયા, ચાફેકર બંધુઓનું કાવતરું પોલીસ ખાતાએ ઉઘાડું પાડ્યું, ચાફેકર બંધુઓને ફાંસી થઈ, એમને પકડાવી આપનાર તેમના સાથીઓ દ્રવિડ બંધુઓનું પણ ખૂન થયું. આવા બધા બનાવો પછી સમાજમાં એકબીજાની શંકા, અવિશ્વાસ અને સરકાર વિષેની બીક વધ્યાનું તે કાળમાં પણ મેં સ્પષ્ટ જોયું. લોકોમાં દેશ અને દેશભક્તિના વિચારો પણ સાથે સાથે વધ્યા એમ પણ મેં જોયું. મુડદાલ શાંતિ તો તૂટી જ ગઈ.

આના પછી જાહેર ચર્ચા કાન ઉપર અથડાઈ તે ખેડૂતોને દેવામાંથી મુક્ત કરવાના કાયદા વિષેની. આ કાયદાથી શાહુકારો તૂટી જશે અને ખેડૂતો તો તરવાના જ નથી એ જાતની ટીકા ખૂબ સંભળાતી. અંગ્રેજ સરકાર પ્રજાને કેવળ ફોલી ખાવા માગે છે એ ખ્યાલ તો પ્રજામાં સર્વત્ર હતો. આ એક લાગણીની બાબતમાં

બીજા પ્રાંતો કરતાં મહારાષ્ટ્ર હમેશાં આગળ છે. અંગ્રેજ સરકારના હેતુ વિષે મહારાષ્ટ્રી પ્રજાને કોઈ કાળે વિશ્વાસ બેઠો જ નથી. તેથી જ્યારે દક્ષિણ આફ્રિકામાં ભારે યુદ્ધ જામ્યું ત્યારે પ્રજાની સહાનુભૂતિ બોઅર લોકો તરફ જ હતી. દક્ષિણ આફ્રિકામાં કેટલાક હિંદીઓ અંગ્રેજ સરકારને મદદ કરે છે, મુડદાં-ફરાસનું કામ કરે છે, એમ સાંભળી એ બધા બેવકૂફો છે એમ અમને બધાને તે વખતે થતું. જોબર્ટ, ક્રોન્જે, ડિલારે, ડિવેટ, ક્રુગર વગેરે નામો જાણે રાષ્ટ્રીય વીરોનાં જ નામો હોય નહિ તેમ અમને પ્રિય થઈ પડ્યાં હતાં. આના પછીનો બનાવ તે રૂસો-જાપાની યુદ્ધનો. પણ તે વખતે હું કૉલેજમાં પહોંચ્યો પણ ગયો.

છેક નાનપણમાં કૉંગ્રેસનું નામ એક જ વાર સાંભળેલું. મારા મામાના દીકરાએ કેટલાક મિત્રોની મદદથી સંભાજી નાટક ભજવ્યું હતું, અને એની ઊપજ કૉંગ્રેસને આપી હતી. કૉંગ્રેસ શું છે એ નહિ જાણતો હોવાથી રામાએ નાટકની આવક નાહક વેડફી નાખી એવી જ મારા પર તે વખતે છાપ પડી. સુરેન્દ્રનાથ બેનરજી કરીને કોઈ જબરો ભાષણકાર કૉંગ્રેસ માટે પૂનામાં આવ્યો હતો એટલી જ તે વખતની માહિતી.

* * *

લોકોમાં ભળવાની શરમ અને પાંચ મોટા ભાઈઓનું દબાણ એ બે કારણે મારો સ્વાભાવિક વિકાસ ઘણો અટક્યો. પણ એક બાજુથી રૂંધાયેલી શક્તિ બીજી બાજુ પ્રગટ થઈ. હું મનોરાજ્યો સેવતો થયો. અનેક કલ્પનાઓ કરતો, પણ કલ્પનાઓ વ્યવહારની કસોટી ઉપર કસવી જોઈએ તે મારાથી ન બન્યું. તેથી મારી યોજનાઓ ગગન-વિહારમાં જ ખપતી.

આ અંતર્મુખ વૃત્તિ સાથે કુદરતનો શોખ પણ નાનપણથી જ કેળવાયો. નદી, નાળાં, તળાવો, બગીચા અને ખેતરો જોઈ હું ખૂબ પ્રસન્ન થતો. નદીનાં પાત્ર ઉપર મીટ માંડી નાનપણથી મેં કેટલુંયે ધ્યાન કર્યું છે. પહાડો, કિલ્લાઓ, મોટાં મોટાં મંદિરો અને ઘનઘોર જંગલો નાનપણથી જોવાને મળેલાં. એટલે નિર્દોષ આનંદ લૂંટવાની કળા અનાયાસે મારે હાથ આવી હતી. નદીના ઘાટ, નદી પરના પુલ, હોડીઓ અને જહાજો જોઈ માણસ અને કુદરતનું સખ્ય મગજ

પર ઠસતું. આજે પણ પુલ અને હોડી જોવાનું કુતૂહલ મારામાંથી ઓસરી ગયું નથી. હજી પણ ફૂલો અને તારાઓ મારે માટે વાસી થયાં નથી. નદીમાં રેલ આવે, આકાશમાં તારાઓ ખરે, ભૂકંપ થાય, જંગલોમાં આગ લાગે, ધોધમાર વરસાદથી ચારે કોર પાણીપાણી થઈ જાય, એવે વખતે મારી વૃત્તિ દબાઈ નથી જતી પણ એની મસ્તી અનુભવે છે.

કુદરતના શોખ સાથે મ્યૂઝિયમ જોવાની ભૂખ ઊઘડવી સ્વાભાવિક છે. મેં પહેલવહેલું મ્યૂઝિયમ જોયું સાવંતવાડીનું. એમાંથી હું ખૂબ કેળવણી પામ્યો. મીરજ અને જમખિંડી (રામતીર્થ) નાં મ્યૂઝિયમ તો પ્રમાણમાં સાવ નાનાં. પણ નાનપણની એ ભૂખને કારણે આગળ જતાં મુંબઈ, વડોદરા, કલકત્તા, જયપુર, મદ્રાસ, લખનૌ, લાહોર, કરાંચી, સારનાથ, નાલંદા, શ્રીનગર, કોલંબો ઇત્યાદિ સ્થાનોનાં ઓછાંવત્તાં પ્રખ્યાત મ્યૂઝિયમો જોવાની દૃષ્ટિ મને મળી. ત્યાર પછી મોહન-જો-દડો પણ જોઈ આવ્યો છું.

સદ્ભાગ્યે મારા નાનપણમાં મને પગપાળા અને બળદગાડીમાં મુસાફરી કરવાની ખૂબ તક મળી. ત્યાર પછી રેલની અને મોટરની હજારો માઈલની મુસાફરી મેં કરી છે. એ મુસાફરીના લાભો પણ હું જાણું છું. પણ બળદગાડીની અને પગપાળા મુસાફરીની તોલે એ કોઈ કાળે નહિ આવે.

* * *

માણસના ઘડતરમાં એનાં માબાપ અને ભાઈભાંડુનો જેટલો હિસ્સો હોય છે તેટલો જ નિશાળના ગોઠિયાઓ અને શિક્ષકોનો હોય છે. નાનપણનાં આ બાર વરસમાં કોઈ પણ ઠેકાણે એક આખું વરસ મેં સળંગ ગાળ્યું નથી. તેથી નાનપણની ગાઢ મૈત્રીનો મને અનુભવ નથી. શિક્ષકોનાં ઘણાં નામો સંસ્મરણોમાં મેં આપ્યાં છે. સૌથી મોટા બે ભાઈઓ એ મારા પ્રથમ શિક્ષક. કારવારની હિંદુ સ્કૂલના દુભાષી અને કામત એ બે શિક્ષકોએ તો મારા ઉપર કાયમની અસર પાડી. વિદ્યાની અભિરુચિ લગાડનારામાં પવાર, ચંદાવરકર, કિત્તુર, ગોખલે, અને રાવજી બાળાજી કરંદીકર હતા. પવાર માસ્તર ન્યાતે મરાઠા, પ્રાર્થના-સમાજ પ્રત્યે એમની ભક્તિ વખતે હશે. એમને અંગ્રેજીનો શોખ વિશેષ

હતો. નિયમિતતા, શિસ્ત, વ્યવસ્થા વગેરેના હિમાયતી, પણ હોશિયાર વિદ્યાર્થીઓ પ્રત્યે, સહેજે ઉઘાડો પડે એવો એમનો પક્ષપાત રહેતો. ચંદાવરકર માસ્તર વિદ્યારસિક. એમને એમનો જ કહેવા પ્રમાણે ત્રણ 'એમ'નું વ્યસન હતું: મ્યૂઝિક, મેથેમેટિક્સ અને મેટેફિઝિક્સ (સંગીત, ગણિત અને તત્ત્વજ્ઞાન). એમની સજ્જન ડાહ્યાઈની મારા ઉપર ખૂબ અસર થઈ. પણ એમના ઉપરી નાડકર્ણી માસ્તરની નિખાલસતાને હું વધારે પૂજતો. કિત્તુર માસ્તર જૂની ઢબના દેશસ્થ બ્રાહ્મણ. એમની વિદ્યાર્થીવત્સલતા એમની કડકાઈ તળે પણ દબાઈ જતી નહિ. મને જે કંઈ થોડું સંસ્કૃત આવડે છે તે એમને આભારી છે. ગોખલે માસ્તર સાવ નવા જમાનાના શિક્ષક કહેવાય. સંસ્મરણોમાં આવેલા ગોખલે તે આ નહિ. પણ એમના જ કુટુંબી હશે એમ હું માનું છું. ગોખલે અમને અંગ્રેજી પણ ભણાવતા અને સાયન્સ પણ ભણાવતા. એમનામાં ગુરુપણું જરાયે નહોતું. વિદ્યાર્થીઓના જાણે મિત્ર જ. હોશિયાર વિદ્યાર્થીઓનાં એવાં તો સૂક્ષ્મ વખાણ કરે કે વિદ્યાર્થીઓ એમના પ્રત્યે સમભાવ રાખવા બંધાઈ જતા. રાવજી બાળાજી કરંદીકર એક સમર્થ વ્યક્તિ. જ્યાં જાય ત્યાં પોતાની છાપ પાડે. આગળ જતાં એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર થયા હતા. પાઠ્યપોથીની સમિતિમાં પણ હતા. એમણે મરતા પહેલાં પોતાની બચતના એક લાખ રૂપિયા ગરીબ વિદ્યાર્થીઓની કેળવણી માટે આપ્યા. નાનપણમાં માધુકરી માગીને શીખેલા. સાને હેડમાસ્તર પણ કાવ્યેતિહાસના નિષ્ણાત. પણ એમની અસર તળે હું બહુ ન આવ્યો. હાઇસ્કૂલ કે કૉલેજમાં કોઈ અંગ્રેજ અધ્યાપક મને ન મળ્યો. મળ્યો હોત તો સારું થાત એમ કોક કોક વાર થાય છે. ગોરાઓ પાસેથી ખાસ સંસ્કારો મળત એ આશાએ નહિ, પણ સંસ્કારોની વિવિધતા ખાતર જ.

* * *

કળાનો પ્રેમ મેં પ્રથમ કુદરતમાંથી અને ધાર્મિક સંસ્કારોમાંથી કેળવ્યો હતો. પણ સદ્ભાગ્યે કળાનું રીતસરનું ભાન તો બહુ મોડું જાગ્યું. ઘરમાં નોકરો હોવા છતાં રોજનો લોટ દળવાનું કામ મારી બા અને ભાભીઓ જ કરતી. હું તે વખતે માના ખોળામાં માથું મૂકી સવારની મીઠી ઊંઘ લેવાને ટેવાયેલો હતો. આઈ, આક્કા

અથવા વહિની દળતાં જાય અને ગીતો ગાતાં જાય. કાવ્ય અને સંગીત સાથેનો મારો એ પ્રથમ પરિચય.

ફોટોગ્રાફીએ કળાની બીજી બાજુ ખોલી. ચૈત્ર મહિનામાં જ્યારે ગૌરીની પૂજા ચાલતી ત્યારે ગૌરીની આસપાસ 'આરાસ' (શણગાર) કરવામાં આવતો. એક આખી ઓરડી સુંદરતાના અનેક નમૂનાઓથી શણગારવી એમાં ઓછી કેળવણી નથી. ઢીંગલીઓના પ્રદર્શનથી માંડીને કૃત્રિમ બગીચો અને પાણીના કૃત્રિમ ફુવારા સુધી બધી વસ્તુઓ એ આરાસમાં આવતી. પછી અમે ઘેર ઘેર જુદા જુદા આરાસ જોવા જતા. ગણેશચતુર્થીનું પણ એમ જ. પૂજા સાથે પુષ્પરચનાનો રસ કેળવાયો. મંદિરોમાં જઈએ એટલે ગાયન, નર્તન, કાવ્યશ્રવણ, કથાકીર્તન, પૌરાણિક ચિત્રો અને નાટકો, ઉત્સવોના આકર્ષક વિધિઓ અને સ્વાદિષ્ટ પ્રસાદો, એ બધું મળીને સાત્ત્વિક કલારસિકતાની કીમતી કેળવણી થતી. ઘરમાં તહેવારો અને ઉત્સવો ઉત્સાહભક્તિપૂર્વક પળાતા. ગણેશચતુર્થી આવે એટલે ચોમાસાનાં પતંગિયાંની પેઠે ઘેર ઘેર ગણપતિ ઊભરાય, અને ત્રણથી દસ દિવસના મહેમાન રહી નિજધામ જાય. તે વખતથી મને થતું: 'ખરેખર, આ ગણપતિ ડાહ્યા; પોતાનું કામ પતી ગયું અને મુદત પૂરી થઈ એટલે ચાલ્યા. માણસે વખતસર કેળવણી આટોપી લેવી જોઈએ, વખતસર નોકરીમાંથી પેન્શન લેવું જોઈએ, વખતસર ધંધામાંથી નિવૃત્ત થવું જોઈએ, અને જીવનમાંથી વિદાય પણ વખતસર લેવી જોઈએ.'

ઋષિપંચમીને દિવસે બળદની મહેનતનું કશું ન ખાવાનું અને વરસમાં એક દિવસ પશુદ્રોહમાંથી બચી જવાનું વ્રત મને આકર્ષક લાગતું. એ વ્રત કેવળ બહેનો માટે જ ન હોવું જોઈએ એમ મેં હમેશ માન્યું છે. હરિતાલિકા અને વટસાવિત્રી એ તો સ્ત્રીઓના ખાસ તહેવાર. એમની પાછળ કેવડું મોટું પૌરાણિક કથાકાવ્ય સરજાયું છે! નાગપંચમીને દિવસે અમે ઘરમાં હાથે જ નાગ બનાવતા અને પૂજતા. ચીકણી માટીનો ફેણ ચડાવેલો ખાસ્સો નાગ બનાવીએ, એની આંખને ઠેકાણે બે ચણોઠી બેસાડીએ, ધરોમાંથી નાગની બે જીભો તૈયાર કરીએ. ગોકુળઆઠમને દિવસે અમે એક મોટા પાટલા ઉપર આખું ગોકુળ બનાવતા. ચારે બાજુ કિલ્લાની નાનકડી

દીવાલો ચણતા; દીવાલો ઉપર કડબની સળીને છેડે કાગડાઓ બેસાડતા; ચારે બાજુ ચાર મહાદ્વાર, અંદર નંદ, યશોદા, કૃષ્ણ, એનો સમોવડિયો પેંદ્યા, ગોર મ્હાબળ ભટ્ટ, ગાયો, વાછરડાંઓ, બધાં બનાવીને ગોકુળની અંદર અમે બેસાડી દેતા. તે દિવસે રોમ બાંધનાર રોમ્યુલસ અને રિમસ અને માટીના ગારામાંથી ફોજ તૈયાર કરનાર શાલિવાહનના જેટલું અમારું હૈયું ફુલાઈ જતું. રામનવમી અને જન્માષ્ટમી, તુલસી-વિવાહ અને હોલિકા, દરેકનું વાતાવરણ જુદું. ગોપાલકાલાને દિવસે કૃષ્ણલીલા ભજવી અમે દહીં ચોરતા. શિયાળામાં પોહ ફાટે તે પહેલાં નદી ઉપર નાહી આવી મંદિરે કાકડ-આરતી જોવા જતા. ભાદ્રપદ મહિનામાં પિતરોનું સ્મરણ કરતા. મહાશિવરાત્રિ આવે એટલે કોરા ઉપવાસ કરી મહાદેવને અભિષેક કરતા. આમ કર્મકાંડ, ઉત્સવ, ભક્તિ, વ્રતવૈકલ્ય, વેદાંત, પુરાણશ્રવણ વગેરે જાતજાતના સંસ્કારોથી હૃદય કેળવાતું.

ધાર્મિક વાચનમાં છેક નાનપણમાં શનિમાહાત્મ્ય વાંચ્યું હતું, સ્વપ્નાધ્યાય વાંચ્યો હતો. એક શકુનવંતી અમારા હાથમાં આવી હતી. એના આંકડા ઉપર આંગળી મૂકી ભવિષ્ય જાણવાનો અમે પ્રયત્ન કરતા. ત્યાર પછીનું અમારું ધાર્મિક અધ્યયન તે પાંડવપ્રતાપ, રામવિજય, હરિવિજય, ભક્તિવિજય, ગુરુચરિત્ર, સંતલીલામૃત, શિવલીલામૃત, ગજેન્દ્રમોક્ષ ઇત્યાદિ ગ્રંથોનું. સત્યનારાયણની કથા તો શીરા સાથે જ સેવાતી. કર્મકાંડ સાથે ભક્તિયોગનું મિશ્રણ થવાથી ધાર્મિક જીવનમાં પણ એકાંગીપણું લાગતું ન હતું. અમે જરાક મોટા થયા અને ઘરમાં સ્વામી વિવેકાનંદનાં લખાણો આવી પહોંચ્યાં. એમાંથી ભગવદ્‌ગીતાનું અધ્યયન જામ્યું. 'પ્રબુદ્ધ ભારત' અને 'બ્રહ્મવાદિન્' એ બે માસિકોમાં વેદાંતનો સંદેશો અંગ્રેજીમાં આવતો. અણ્ણા પાસેથી એનો સાર અમને મળતો. બાબાએ તુકારામ આદિ સંતોની વાણીનો પરિચય કરાવ્યો.

*　　*　　*

સંસારસુધારામાં પ્રથમ તો કેવળ દાઢીના વાળ ઉતારવાથી શરૂઆત થઈ. મારા બે ભાઈઓ કૉલેજમાંથી પાછા આવ્યા ત્યારે માથાના વાળ એમને એમ રાખી એમણે કેવળ દાઢી પૂરતી હજામત કરાવી હતી. ઘરમાં મોટો હાહાકાર થઈ ગયો. છોકરાઓ ખ્રિસ્તી

થઈ ગયા એવી ટીકા ચાલી. મોટા ઝઘડાને અંતે એમને માથાના વાળ રીતસર અસ્ત્રા વતી ઉતારવા પડ્યા. એ જ અરસામાં પૂનેથી એક તાર આવ્યો કે, તમારો દીકરો વિષ્ણુ ખ્રિસ્તી થવાનો છે; એને બચાવવો હોય તો પૂને તરત આવી જાઓ. પિતાશ્રી ગભરાયા, પૂને ગયા. ત્યાં જોયું તો એપ્રિલની પહેલી તારીખની એ મશ્કરી હતી. તે વખતનો ઘરનો ગભરાટ જોતાં ધર્માન્તરની બીક મરણની બીક કરતાં હજાર ગણી વધારે હતી એમ કહી શકું છું. પાછળથી અબોટિયું ન પહેરવાનો સુધારો ઘરમાં દાખલ થયો. પ્રથમ અમારે ત્યાં કોઈ ડુંગળી સરખી ખાતું ન હતું. ડુંગળીનો શોખ મોટાભાઈ લઈ આવ્યા. પણ તે રાત્રે જ વપરાતી. ઘાસલેટના દીવા પણ મારા દેખતાં જ ઘરમાં દાખલ થયા. ત્યારે પણ આપણે કંઈક વટલાયા છીએ, આપણે ધર્મ છોડ્યો છે, ગૃહલક્ષ્મી તો તલના તેલની દીવીઓ રાખવાથી જ રાજી થાય એમ અમે માનતા. અમે કારવાર ગયા અને ચા-કૉફી વાપરવા જેટલા અધાર્મિક થયા. કારવાર ગયા પછી ઘરમાં બ્રાહ્મણેતરોનું પાણી પણ સહેજસાજ વાપરતા થયા,— પીવામાં કે રસોઈમાં નહિ, પૂજામાં તો નહિ જ નહિ, પણ નાહવા પૂરતું. અસ્પૃશ્યતાનું ભૂત તો કાયમ જ હતું. મોટા ભાઈઓ જે કંઈ ફેરફારો ઘરમાં દાખલ કરતા તે નવા જમાનાની છૂટ તરીકે, નહિ કે ઇરાદાપૂર્વક દાખલ કરેલા ઇષ્ટ ફેરફાર તરીકે. મારી ધર્મનિષ્ઠાને કારણે મેં જેટલા ફેરફારો કર્યા તે બધાનાં કારણો આપવાની મને ટેવ પડી. હાઈસ્કૂલમાં જ્યારે સ્નેહભોજનનો પ્રસંગ આવ્યો ત્યારે કિત્તુર માસ્તર જોડે હું ખૂબ લડ્યો. અમે સારસ્વતો બ્રાહ્મણેતરો જોડે ભળીએ નહિ અને દ્રાવિડ બ્રાહ્મણો અમારી સાથે ભળે નહિ. એટલે અમારી દશા મહારાષ્ટ્રના સમાજમાં જરા વિચિત્ર ખરી. તેથી જ મને લાગે છે કે, મારામાં ધાર્મિક અને સામાજિક ઉદારતા વહેલી પ્રગટ થઈ. કોઈ આપણને ઊતરતું લેખે એટલે આપણને કેટલું માઠું લાગે છે, એનો પ્રત્યક્ષ અનુભવ હોવાથી બીજા પ્રત્યે સમભાવ કેળવતાં હું સહેજે શીખ્યો. અને એ જ વૃત્તિને લીધે મુસલમાનો, પારસીઓ, સિંધીઓ અને ગુજરાતીઓ વગેરે દૂરના લોકો પ્રત્યે એક યા બીજા કારણે હું સહેજે આકર્ષાવા લાગ્યો. આ બધી તૈયારી સાથે મેં કૉલેજમાં પ્રવેશ કર્યો.